ધર્મજીવનનાં
અજવાળાં

- ચિત્રભાનુ



ધર્મજીવનનાં અજવાળાં

ચિત્રભાનુ

'ધર્મરત્ન પ્રકરણ' વિશેનાં પ્રવચનો

સંકલન - સંપાદન
જમુભાઈ દાણી
ભાષાવિશારદ

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ ૪૦૦ ૦૦૨.

પહેલી આવૃત્તિ ૨૦૧૮
બીજી આવૃત્તિ ૨૦૧૯
ત્રીજી આવૃત્તિ ૨૦૨૪
ચોથી આવૃત્તિ ૨૦૪૩
પાંચવી આવૃત્તિ ૨૦૪૫

કિંમત
ચાલીસ રૂપિયા

પ્રાપ્તિસ્થાન
પ્રકાશક ધનજીભાઈ પી શાહ

નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ,
મુંબઈ ૪૦૦ ૦૦૨.
ફોન નં. ૩૧૭૨૧૩

નવભારત સાહિત્ય મંદિર
મહાવીર સ્વામીના દેરાસર પાસે,
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન નં. ૩૮૦૨૫૩

(© ચિત્રભાનુ)

ડિવાઈન નોલેજ સોસાયટી,
ઈ/૧, પાંચમે માળે,
ક્વિન્સ વ્યૂ,
વાલકેશ્વર રોડ,
મુંબઈ-૪૦૦ ૦૦૬

● પ્રકાશકીય ●

વર્તમાન યુગમાં માનવજીવન વિક્ષુબ્ધ બન્યું છે. ભૌતિક સમૃદ્ધિની વચ્ચે જીવતો માનવી બધું હોવા છતાં હૃદયભેદક ખાલીપો અનુભવે છે. વિજ્ઞાનની સિદ્ધિઓ જગતમાં નવાં નવાં પરિમાણો રચે છે ત્યારે જ માનવીને માટે ધર્મ કે અધ્યાત્મની સૌથી વિશેષ આવશ્યકતા છે. વિશ્વમાં ઉન્નત આદર્શો અને પ્રેરણાદાયી ભાવનાઓનો સ્રોત વહાવનાર પૂ. ચિત્રભાનુજીનું એક સુવાક્ય સહુએ અંતરમાં સંઘરી રાખવા જેવું છે. તેઓ કહે છે:

'ધર્મની જીવનમાં શી જરૂર છે? એ ક્યાંય દેખાય છે ખરો? એમ તો વૃક્ષનાં મૂળિયાં પણ બહાર ક્યાં દેખાય છે? પણ વિચારો કે મૂળિયાં ન હોય તો વૃક્ષ હોય ખરું? તો જીવનના મૂળમાં જો ધર્મ ન હોય તો જીવન ક્યાંથી હોઈ શકે? જેમ વૃક્ષ માટે જીવનદાતા મૂળિયાં છે, તેમ માનવનો જીવનદાતા ધર્મ છે. ધર્મનું એ મૂલ્ય અમૂલ્ય છે.'

કેવી સરળ ભાષામાં ગહન વાત પ્રગટ કરી છે! આવો ધર્મ આપણા જીવનમાં કઈ રીતે અજવાળું પ્રગટાવે એની વાત આ ગ્રંથમાં એકવીસ ગુણોને લક્ષમાં રાખીને કરી છે. માનવી એક પછી એક ૨૧ સોપાનો પર આરોહણ કરે ત્યારે એના જીવનમાં કદી ન બુઝાતો કે કદી ન લોપાતો, અવર્ણનીય આનંદ આપતો પ્રકાશ પ્રગટે છે.

પૂજ્ય શ્રી ચિત્રભાનુજીએ આચાર્યશ્રી દેવેન્દ્રસૂરિજીના 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથને આધારે આ ઉચ્ચ ભાવનાઓની ચર્ચા કરી છે. પૂજ્યશ્રી ચિત્રભાનુજીનું વિચારજગત એટલું વ્યાપક છે કે એમાં કોઈ પણ વાત સાંકડા વર્તુળમાં કે સાંપ્રદાયિકતામાં બદ્ધ બનવાને બદલે સમગ્ર વિશ્વને મૈત્રી અને પ્રેમનો સંદેશ આપનારી બની રહે છે.

એમની દૃષ્ટિ એટલી વિશાળ છે કે એમનું લક્ષ સતત જગબંધુત્વ અને માનવકલ્યાણ રહ્યું છે. આને પરિણામે આ પુસ્તક ૨૧ સુવાસિત પુષ્પોનો ગુલદસ્તો બની ગયું છે કે જેનો અનુભવ આપણા જીવનમાં શાંતિ અને સૌરભ પ્રગટાવનારો બની રહેશે.

આ પુસ્તકની અગાઉની ત્રણ આવૃત્તિ 'ધર્મરત્નનાં અજવાળાં'ને નામે પ્રગટ થઈ હતી. ઘણા લાંબા સમયથી આ માર્મિક અને પ્રેરક પુસ્તક અપ્રાપ્ય હતું. આજે એની ચોથી આવૃત્તિ 'ધર્મજીવનનાં અજવાળાં'ને નામે અનેક સુધારાવધારા સાથે પ્રગટ થઈ રહી છે તેનો અમને આનંદ છે. પૂજ્યશ્રી ચિત્રભાનુજી તથા શ્રી જમુભાઈ દાણી પુનરપિ આ પુસ્તકને જોઈ ગયા અને એમાં નવા સુધારાવધારા કરીને એને નવા સ્વરૂપે તૈયાર કર્યું. આજે વિશ્વભરમાં શ્રી ચિત્રભાનુજીનું ચિંતન પ્રસરી રહ્યું છે. એમની પ્રેરણાના પ્રતાપે અમેરિકનો માંસાહારનો ત્યાગ કરીને શાકાહાર તરફ વળી રહ્યા છે. વિદેશમાં વસતા જૈન-જૈનેતરો સહુને એમની પાસેથી ધર્મજીવનનું અજવાળું સાંપડી રહ્યું છે. આ નવીન પરિપ્રેક્ષ્યમાં સાચા શ્રાવકના ૨૧ ગુણોનું માર્મિક વિશ્લેષણ કરતું આ પુસ્તક નવપથપ્રદર્શક બની રહે એ જ અભ્યર્થના.

અજવાળાની આરાધના

[સંપાદકીય]

પ્રકૃતિના કો મંગળ અને મનહર પ્રભાતે, આકાશના પૂર્વ-પ્રાંગણે ગુલાબની પાંદડીઓ વેરતી અને સ્મિતથી અજવાળાં પાથરતી ઉષા આછે પગલે જઈ રહી હોય, સરિતાનાં નિર્મળ નીર કલકલ કરતાં વહી રહ્યાં હોય, અદૃશ્ય કો વનરાજિમાંથી કોકિલાનો મધુર કુંજનાદ કર્ણને પુલકિત કરી દેતો હોય અને આંખથી અદીઠ પણ સૌરભથી સ્પર્શીને પ્રફુલ્લેલાં પુષ્પો એના પરિમલથી અંતરમાં ઊતરી જઈ અનેરો આહ્‌લાદ જગવી, મીઠડી સ્મૃતિથી હૈયું ભરી દે અને અંગેઅંગમાં ચેતનનો ચિર ચમકાર જગવી જાય – એવું કાંઈક, સ્પષ્ટ-અસ્પષ્ટ, મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીના પ્રથમ દર્શન-પરિચયે મેં અનુભવ્યું; સ્મૃતિની એ આછી રેખાઓ અંતરમાં ઊંડી જડાઈ ગઈ. મને લાગ્યું કે આ છે કોઈ આદર્શઘેલા અવધૂત, ભાવનાના મસ્ત, ક્રાન્તિના કોડીલા, મનના મુનિરાજ.

પાંચ-છ વર્ષ પહેલાંનો એ પ્રસંગ છે. જૈનોના મંદિરનગર સમું પાલિતાણાનું ગામ. પ્રાતઃકાળનો સમય હતો. ઝડપે દોડતી જીપમાં બેસી અમે ગામમાં પ્રવેશ્યા. એક સામાન્ય દેખાતા ગૃહમાં પગ મૂક્યો. ઉપલે માળે જઈ જોયું તો જૈન સાધુની મંડળી પ્રાતઃકર્મમાં પરોવાયેલી બેઠી હતી. અન્યને છોડી, અમારી આંખ બે જણ ઉપર ઊતરી અને અંતર નમ્યું. એમાંના એક હતા, થોડા જ વખત પહેલાં કાળધર્મ પામેલા વૃદ્ધકાય પણ યૌવનસુલભ ઉત્સાહે તરવરતા, મુનિશ્રી ચન્દ્રકાન્તસાગરજી, અને બીજા હતા યૌવનકાય અને અલખના અલગારી શા મુનિશ્રી ચન્દ્રપ્રભસાગરજી.

પ્રથમ મુનિશ્રીએ હૈયાનું હેત વહાવી અમારું આતિથ્ય કર્યું; બીજા મુનિશ્રીએ જ્ઞાનની મીઠી ગોઠડીમાં અમને રંગી દીધા. સાધુતાનો એમનો સ્વાંગ છતાં આટલી સ્નેહભીની આત્મીયતા! આટલો સદ્‌ભાવ!

અમારો આત્મા પ્રસન્ન અને પુલકિત બની ગયો. અનૌપચારિક પરિચયની એ પ્રથમ પળોમાંય, સત્સંગની અને સાધુતાની ઠીક ઠીક ગાઢતા ને ઋજુતા અમને સ્પર્શી ગઈ. સાધુમિલનની ધન્યતાની અમે ત્યારે મધુર અનુભૂતિ પામ્યાં.

પછી તો દિવસો બાદ અમે જાણ્યું કે સાધુની એ બેલડી એટલે સંસારક્ષેત્રના પિતાપુત્ર અને સાધુક્ષેત્રના ગુરુભાઈઓ ! માયાનો રાગ તજી બેઉએ ત્યાગનો પંથ સ્વીકાર્યો. સંસારની સગવડો તજી સાધુતાએ દિલને રંગી દીધું, એકે ધર્મક્રિયાની આરાધના આદરી; બીજાએ જ્ઞાન-પૂજાની પરબડી માંડી. બેલડીની કેવી એ સુસંવાદી ધર્મસાધના ! પ્રેમ અને પ્રકાશનો કેવો દૈવી, સુલભ અને વિરલ સુમેળ ! સંસારનાં સ્વજનો આમ ધર્મપંથે સહકલ્યાણયાત્રા આદરે એ કેવું રંગીલું ને મસ્તી-ભર્યું સ્વપ્નચિત્ર છે !

પ્રથમ ભાવનગર અને પછી ગુજરાતના પાટનગર અમદાવાદને ધર્મજીવનનો રંગ લગાવી મુનિશ્રી મુંબઈ પધાર્યા. ૧૯૬૦ના મે માસમાં હું એમને અહીં મળ્યો. શિક્ષણક્ષેત્રની મારી તાજી નિવૃત્તિ બાદ, હું કાર્યની શાંત પ્રવૃત્તિમાં વિહરતો હતો. મેં સાંભળ્યું કે મુનિશ્રી ચાતુર્માસ કરવા નેમિનાથજીના દેરાસરમાં પધારવાના છે અને પ્રાતઃપ્રવચનો આપવાના છે. સાંભળીને મને અતિ આનંદ થયો.

સૌ સંગે હું પણ ત્યાં જવા લાગ્યો. સંવત ૨૦૧૬ના ચાતુર્માસ પ્રવચન-સ્વાધ્યાય માટે, સાડા સાતસોએક વર્ષ જૂનો સર્વધર્મ-પથિકને પ્રેરક એવો એક ગ્રંથ 'ધર્મરત્નપ્રકરણ' પસંદ કરવામાં આવ્યો હતો. પ્રતિપ્રભાતે, પ્રાર્થના અને મૈત્રીભાવના બાદ, મુનિશ્રી પ્રવચન આપતા અને વિશાળ સમુદાય ત્યાં ઊભરાતો. જૈન અને જૈનેતર સર્વ એમાં સરખો રસ માણતા. પ્રવચન બાદ હું જોતો કે શ્રોતાઓનાં અંતરમાં ઊગેલાં અજવાળાં એમની આંખો અને મુખે આવી આવી ચમકી જતાં.

એમના જ્ઞાન-અનુભવના શ્રવણનો મારે માટે આ પ્રથમ પ્રસંગ હતો. મને શ્રવણમાં અપૂર્વ આનંદ આવવા લાગ્યો. વર્ષોજૂની ટેવ મુજબ,

પ્રવચનમાં કોઈ વિચારો તો કોઈ દૃષ્ટાંતો, કોઈ અવતરણો તો કોઈ કાવ્યમય કલ્પના, હું મારે કાજે નોંધતો ને આનંદતો. કયારેક મારા મિત્રો અને મુનિશ્રીના ભક્તો એ જોઈ જતા અને વાંચીને આનંદ વ્યક્ત કરતા. કેટલાકોએ સૂચન કર્યું : 'જેઓ સાંભળવા આવી શકતા નથી એવા જિજ્ઞાસુઓને પણ લાભ મળી શકે તે માટે તમે પ્રવચનોની પૂરી નોંધ લો તો ? કયારેક છપાવી પણ શકાય.' મને તો આમાં મારા નિવૃત્તિ સમયનો સદુપયોગ લાગ્યો અને મારી પૂરી પાત્રતા વિચાર્યા વગર મેં ઝુકાવ્યું.

મારામાં નહીં લઘુલિપિમાં લખી શકવાની આવડત, કે નહીં દીર્ઘલિપિમાં પહોંચી વળવાની ગતિ! છતાં આદર્યું હતું તે અધૂરું રાખવાનું ઠીક ન લાગ્યું અને અન્ય શ્રોતાની નોંધોની સહાયથી રોજે-રોજનાં પ્રવચનો મહારીતે મેં તૈયાર કરવા માંડયાં, પણ અંદરનો ઊંડો ક્ષોભ ન ગયો. મને થતું, કયાં મુનિશ્રીનું દર્શન અને જ્ઞાન, કયાં એમની પ્રાસાદિક વાણી, કયાં એમના વિચારોનું ઓજસ, કયાં એમનાં દૃષ્ટાન્તોની રસિકતા અને કયાં મારી કંપતી કલમ !

બીક લાગતી કે મુનિશ્રીના વિચારોને ન્યાય મળશે ખરો ? અત્યંત ક્ષોભ સાથે બેત્રણ પ્રવચનો મેં એમને બતાવ્યાં. જ્ઞાનીઓ તો બાહ્યાકારને નહીં, પણ અંદરના ભાવને જ વધુ જોતા હોય છે ને ? મુનિશ્રીએ પણ ઉદાર દિલે એમાં, કાંઈ નહીં તો આ ભાવ જોયો ને સ્મિતવદને મને સંમતિ આપી. એમનાં એ પ્રોત્સાહન અને સંમતિદાન અર્થે હું અને શ્રોતા-વાચકો ખૂબ જ અભારી છીએ.

પ્રત્યેક ચાતુર્માસે જૈન દેરાસરોમાં થતું ધર્મગ્રન્થનું વાચન, ભાવિક શ્રમણોમાં અને શ્રદ્ધાળુ શ્રાવકોમાં ભક્તિની પુનઃસ્મૃતિ જગવી જાય છે, અને ઝીલતાં આવડે તેને, નવસંજીવનીથી ભરી દે છે. પણ મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજીના પ્રવચન-સ્વાધ્યાયમાં કંઈક વિશેષતા અને કલ્યાણકારી સુંદરતા હતી. વર્ષો પહેલાંના આ ગ્રંથમાંના વિચારો, આદર્શો અને ભાવનાને એમણે નવયુગની ભાષા, નવનિરૂપણ, નવીન વિચારધારાની રંગાવલિ તથા કલ્પનાની કાવ્યમય શૈલીથી નૂતનતા બક્ષી. એ પ્રાચીન

ગ્રંથને. એમનાં પ્રવચનોએ નવયુગના નવજીવનની એક યુગગાથા બનાવી દીધી; ધર્મભાવનાને સર્વાંગી જીવનમાં મૂર્તિમંત કરવાની તમન્ના અને ઝંખના શ્રોતાભક્તોમાં જગવી દીધી.

'ધર્મરત્ન પ્રકરણ'ના આ ગ્રંથને, એના સંદેશાને મુનિશ્રીએ નવલો, સર્વધર્મપ્રિય, સદા પ્રેરક અને ચેતનવંતો બનાવી જ્વલંત અને જીવંત કરી દીધો. એમનાં એ પ્રવચનોમાં સર્વધર્મસમન્વયભાવ છે, માનવમાત્ર પ્રત્યેની સ્નેહભરી કરુણા છે. અંધારામાં અટવાતી માનવપ્રજા માટેનાં અશ્રુ છે, સર્વને સર્વકાળે સહાયક થવાની તાલાવેલી છે. એમના તપસંદેશમાં નવનીતની કોમળતા છે; એમના ત્યાગસંદેશમાં હૈયાની ભીનાશ છે. શ્રોતાવર્ગને, વાચકવર્ગને એમની આ ઊર્મિઓ સ્પર્શી જાય છે, હૈયામાં વસી જઈ ધર્મજીવનની ઝંખના પ્રગટાવે છે.

મુનિશ્રી પોતે પ્રવક્તા સંગે મનોવૈજ્ઞાનિક પણ જણાય છે. કયા શ્રોતાવર્ગને કેમ, ક્યારે, કેટલું, કયે સ્વરૂપે ધરવું એની સુંદર હથોટી એમને છે. એટલે ક્યારેક રમ્ય કલ્પનાથી, ક્યારેક કાવ્ય-પંક્તિઓથી, ક્યારેક મનહર દૃષ્ટાંતથી તો ક્યારેક ક્રાંતિકારી પણ ભ્રમપૂર્ણ પ્રહારથી, ક્યારેક કારુણ્યભાવે તો ક્યારેક કટાક્ષભાવે, ક્યારેક સાહિત્યની પાંડિત્યભરી ભાષામાં તો ક્યારેક તળપદી બોલીમાં, ક્યારેક જીવનની કરુણતાનાં દર્શન કરાવી – રડાવીને તો ક્યારેક અંતરનાં અજવાળાં દાખવી હસાવીને, સૌને એ ધર્મરત્નમંદિરને સોપાને ચડાવે છે અને ધર્મના અને જીવનના અઘરા પાઠો સરળતાથી ભણાવે છે; આત્મીયતાની એકતાથી સૌને આનંદમસ્ત કરી દે છે.

સ્વાધ્યાયનો આ ગ્રંથ દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપનું રસિક અને પ્રેરક આલેખન જ માત્ર નથી કરતો, પણ એમાં બતાવેલા એક-વીશ સદ્ગુણ-સોપાનના સૌંદર્યમય અને કલ્યાણકર દર્શનથી, ધર્મી માનવી માટે એ આચારની એક ઋચા ઉચ્ચારે છે.

ગ્રંથનું દર્શન દાખવે છે કે જે સાચો ધર્મ છે તે તો માનવીના પ્રત્યેક આચારમાં, વિચાર, વાણી અને વર્તનમાં પ્રતિબિંબિત થાય છે. ધર્મ એ કાંઈ વાંચવાનો કે બોલવાનો વિષય નથી, પણ એ તો

પળેપળના આચારની ભાવપૂજા છે. ગ્રંથનું પ્રત્યેક સોપાન, જીવનનું વિશિષ્ટ અને વિષદ તથા સર્વજન-માંગલ્યકારી સ્વરૂપ બતાવે છે અને ધર્મરત્નથી સુશોભિત મંગળ મંદિર પ્રત્યેકના પ્રયાણની, દરેક ભક્તમાં નવી શ્રદ્ધા અને ઝંખના પ્રગટાવે છે; નવાં અજવાળાં પાથરે છે.

આજે જ્યારે માનવજીવનનાં ઝરણાં સુમાર્ગ ત્યાગી વિમાર્ગે વળી રહ્યાં છે ત્યારે એને સુપથગામી કરવાની આશા બે મંડળી ઉપર અવલંબે છે: એક છે ધર્મોપદેશકોની અને બીજી છે શિક્ષાગુરુઓની.

સંસ્કૃતિઓનો ઇતિહાસ, અનુભવથી ઉદ્બોધે છે કે માનવસમાજને પ્રગતિનું નવદર્શન અને નવપ્રેરણા આપવાનું કાર્ય આજ સુધી ધર્મે અને ધર્મોપદેશકોએ, તથા શિક્ષણે અને આશ્રમગુરુઓએ કર્યું છે, અને એમ કરી માનવની પ્રગતિમાં પ્રોત્સાહન પૂર્યું છે. આજના સંક્રાન્તિકાળમાં એ બેઉ મંડળનો આ વિશેષ ધર્મ બની જાય છે.

વ્યક્તિની સંગે આખું વિશ્વ આજે અભૂતપૂર્વ ઝડપથી વિકસી રહ્યું છે. આજનો નવો ધર્મ માત્ર મંદિરોમાં ને મૂર્તિપૂજામાં, પૂજા-અર્ચનામાં અને ક્રિયાકાંડોમાં, કથાઓમાં અને આખ્યાનોમાં, વાચનમાં અને શ્રવણમાં પૂર્ણ થઈ શકવાનો નથી. જૂના કાળમાં ભક્તો મંદિરે જઈ ધર્મ પામી આવતા, આજે હવે કદાચ મંદિરોએ અને સાધુ-ઓએ ધર્મની એ મંગળમયી ભાવનાને, માનવીને ગૃહમંદિરે – કર્મ-મંદિરે પહોંચાડવા માટેની પદયાત્રા આરંભવાની રહેશે; માનવજીવનને વિવિધ ક્ષેત્રે પહોંચી ધર્મનાં વહેણને વહેતાં રાખવાં પડશે. આજનો આ કાળધર્મ છે, આપદ્ધર્મ છે.

મુનિશ્રીનાં કલાત્મક અને રસપૂર્ણ પુસ્તકોએ એક અતિ વિશાળ વાચકવર્ગ ઊભો કર્યો છે. છેલ્લાં નવ-દસ વર્ષમાં એમણે ગુજરાતના કરાંબુજમાં ગ્રંથસપ્તકની પ્રેમપ્રસાદી ધરી, ગુજરાતી સાહિત્યને અને ધર્મભાવનાના સાહિત્યને સુસમૃદ્ધ બનાવ્યું છે.

જીવનના વિવિધ પ્રસંગપુષ્પનો પરિમલ પાથરતું 'સૌરભ', ધર્મપથના યાત્રિકોને દૃષ્ટિ દેતું 'ભવનું ભાતું', ક્ષણિક ને માયાવી સુખમાં પડેલાઓને સાદ કરતું 'હવે તો જાગો'. માનવમાત્રની

અપ્રગટ છબી બતાવતું 'કથાદીપ', જીવાત્માને પરમાત્માનાં દર્શન કરાવતું 'બિંદુમાં સિંધુ', વિચારરત્નોથી હૈયાને ઠારતું 'પ્રેરણાની પરબ' અને હૃદયસ્પર્શી વિચારધારાથી ઓપતું 'જીવનમાંગલ્ય'– એમના આ સપ્તકની નામાવલિમાં આ નવા ગ્રંથનો ઉમેરો થતાં, ધર્મકાર્યનું એક 'મંગલાષ્ટક'* પૂરું થાય છે.

અને ત્યારે પ્રાર્થું ? મુનિશ્રી ! પ્રૌઢોને આપે ઘણું આપ્યું છે અને ઘણાંનાં હૈયાંને ઠાર્યાં છે, પણ હવે આપણા દેશની ભાવિ આશા સમાં બાળકોને અને યુવક-યુવતીઓને સંસ્કારબોધક અને સહકારપોષક કથાસાહિત્ય આપ નહીં આપો ? એમનાં હૈયાં ને હાથ શું આપના સંજીવનસાહિત્ય વગર ખાલી રહેશે ? ભાવનાઝંખી સૌ ભાવિકો વતી, હું આપની પાસે, આજના મંગળ શુભ દિને આ હૈયા-ટહેલ નાખું છું.

અને, અજવાળાની આ આરાધનાના અંતરમાં બેચાર હાર્દિક આભાર-શબ્દો 'પ્રેરણાની પરબ'નાં પાણી પીને પ્રફુલ્લતા અનુભવતા વિશાળ ભક્તમિત્રસમુદાયના પ્રોત્સાહનથી, મુનિશ્રીનાં પ્રેરક અને પ્રકાશવંત પ્રવચનોનો, મારી અપૂર્ણતાને કારણે કદાચ અધૂરો, પણ મુનિશ્રીનાં પ્રાણ-પ્રવચનોથી મધુરો બનેલો આ ગ્રંથ રજૂ કરતાં મારો આત્મા પુલકિત થાય છે. આ ગ્રંથની ક્ષતિઓનો અધિકારી હું છું; એમાંની સુંદરતાનો અને પ્રેરકતાનો યશ મુનિશ્રીને છે. ચાતુર્માસના એ વિદાય-પ્રવચનમાં એમણે ઉચ્ચારેલું તેને જરાક બદલીને હું એટલું જ કહું છું કે મુનિશ્રીના ધર્મજ્ઞાનભંડારમાંથી લોટી ભરીને પાવાનું જ મેં તો આમાં પુણ્ય લીધું છે, અને એવી વિરલ ને ધન્ય તક માટે ઉપકૃત છું.

કહેવાય છે કે અરુણોદય પહેલાંનો અંધકાર ગાઢો હોય છે, માનવજાતિના ઇતિહાસમાં આજે આ અંધકાર, જીવનનાં સર્વ ક્ષેત્રે ઉગ્ર રીતે પ્રસરી રહ્યો છે. આજે જ્યારે માનવીની આંખ માયાના રંગમાં ખૂંચી રહી છે, જ્યારે મન અસ્વસ્થતામાં અટવાતું નાઠાબારી

* ગ્રંથના ઉપર બતાવેલા 'મંગલાષ્ટક' ઉપરાંત ચાર નવા ગ્રંથોનો ઉમેરો થયો છે : ૧. બંધન અને મુક્તિ, ૨. ચાર સાધન, ૩. ઊર્મિ ને ઉદધિ, ૪. પૂર્ણિમા પાછી ઊગી.

ઓસરી રહ્યું છે, જ્યારે હૈયાના હેતનું પાવનકારી ઝરણું સુકાઈ રહ્યું છે, જ્યારે માનવીની માનવતા પરવારી રહી છે, જ્યારે જ્ઞાનની જડતા અને અંતરનો અહમ્, આત્માના અવાજનેય રૂંધી રહ્યો છે, જ્યારે માનવી વામણો ને દયામણો બની શાંતિ, સંવાદિતા અને સ્નેહની તૃષાથી તડફડી રહ્યો છે, જ્યારે વિજ્ઞાનસંશોધનના વિષાણુઓ માનવજાતને ભરખવા, પ્રલયને આરે આવી ઊભાં છે, ત્યારે ધર્મનું આ કલ્યાણકારી અને સંજીવનદાયી ઝરણું જ માનવીનું એક આશાકિરણ રહ્યું છે. અંધારામાં અટવાતા માનવીને, ધર્મનાં અજવાળાં જ નવચેતના અર્પી શકે એમ છે; સંહારના સંતાપમાં સર્જનની સુંદરતા દાખવી શકે એમ છે. આજનું જગત આવા ધર્મપંથપ્રદર્શકોને, પ્રેરણાદાતા સંમિત્રને ઝંખે છે. આજના સંતો, ઉપદેશકો, ફિલસૂફો અને શિક્ષાગુરુઓને આજે અનાથ બનેલાં માનવબાલોની આ એક ઊંડી આરઝૂ છે.

ધર્મરત્નની પ્રાપ્તિ માટે સાધના અને આરાધના આવશ્યક છે. જેને હૈયે શ્રદ્ધાનો આવો પ્રદીપ પ્રજ્વળે છે અને જ્યાં ભક્તિના સ્નેહનું સિંચન છે તે પ્રત્યેક ધર્મજિજ્ઞાસુને આમાંથી ધર્મરત્નનાં, જ્ઞાનપિપાસુને જ્ઞાનરત્નનાં તો અન્યને જીવનનાં કંઈ કંઈ અજવાળાં લાધશે એની મને શ્રદ્ધા છે. આ ગ્રંથની પ્રાણપ્રતિષ્ઠા સર્વધર્મી જનને એના આદર્શની સિદ્ધિ પ્રતિ, ધર્મમંદિર પ્રતિ લઈ જાઓ એ જ ભક્તિભરી, સ્નેહભરી મારી આરાધના છે.

કાર્તિક પ્રતિપદા, ૨૦૧૮ | જયભાઈ દાણી
તા. ૯ : નવે. '૬૧

પૂજ્યશ્રી ચિત્રભાનુજીની
ચિંતનપ્રેરક સાહિત્યસમૃદ્ધિ

પ્રાપ્ય પુસ્તકો

૧.	જીવનમાંગલ્ય (પ્રવચનો)	૧૫-૦
૨.	પ્રતિબિંબ	૫-૦
૩.	ત્રીસ દિવસની ત્રીસ વાતો	૫-૦
૪.	ધર્મજીવનનાં અજવાળાં	૪૦.૦

અપ્રાપ્ય પુસ્તકો

૧ સૌરભ (ચિંતન)
૬ હવે તો જાગો (પ્રવચનો)
૭ ઊર્મિ અને ઉદધિ (પ્રાર્થના)
૮ પૂર્ણિમા પાછી ઊગી (પ્રવચનો)
૯ ભવનું ભાતું (ધર્મકથાઓ)
૧૦ ચાર સાધન (પ્રવચનો)
૧૧ બિંદુમાં સિંધુ (પ્રસંગો)
૧૨ રત્નત્રયી (પ્રવચનો)
૧૩ બંધન અને મુક્તિ (પ્રવચનો)
૧૪ પ્રેરણાની પરબ (રત્નકણિકાઓ)
૧૫ મનની કેળવણી (પ્રવચનો)
૧૬ આંતરવૈભવ (પ્રવચનો)
૧૭ કણમાં મણ (ચિંતન)
૧૮ જીવન અને દર્શન (પ્રવચનો)
૧૯ સમયનો સંદેશ (પ્રવચનો)
૨૦ જીવનમાં ધર્મ (પ્રવચનો)
૨૧ મધુસંચય (સુવાક્યો)

હિંદી

१. जीवन मांगल्य
२. जीवन पाथेय
३. बंधन और मुक्ति

અંગ્રેજી

1. To The citizens of To-morrow
2. Fountain of Inspiration
3. Bondage and Freedom
4. Lotus Bloom
5. Beacon Light
6. Realize What you are :
   Dynamics of Jain Meditation
7. Psychology of Enlightenment :
   Meditations on Seven Centres
8. Twelve Facts of Reality :
   The Jain Path to Freedom
9. Philosophy of Soul and Matter
10. Ten Days Journey Into the Self
11. Parable A Day
12. Reflections
13. Miracle Is You
14. Gurudev Shree Chitrabhanu
    a man with a Vision — Clare Rosen field
15. Dr. Jagdish Chandra Jain
    Seven Pearles of Wisdom

કલ્યાણ-ભાવના

મૈત્રી

મૈત્રીભાવનું પવિત્ર ઝરણું, મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

પ્રમોદ

ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,
એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનો અર્ઘ્ય રહે.

કારુણ્ય

દીન, ક્રૂર ને ધર્મવિહોણાં, દેખી દિલમાં દર્દ રહે,
કરુણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્રોત વહે.

માધ્યસ્થ

માર્ગભૂલેલા જીવનપથિકને, માર્ગ ચીંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ માર્ગની, તોય સમતા ચિત્ત ધરું.
મૈત્ર્યાદિ આ ચાર ભાવના, હૈયે ચંદ્રપ્રભ લાવે
વેરઝેરનાં પાપ તજીને, મંગળ ગીતો એ ગાવે.

—'ચિત્રભાનુ'

અનુક્રમ

૧.	પૂર્વભૂમિકા	૩
૨.	ધર્મકથા	૮
૩.	ધર્મનો આરાધક	૧૨
૪.	ધર્મનો અધિકારી	૧૭
૫.	ગંભીરતા	૨૮
૬.	ગંભીરતા દ્વારા આત્મદર્શન	૩૨
૭.	ક્ષુદ્રતાનો ત્યાગ	૩૭
૮.	સંપૂર્ણ અંગોપાંગ	૪૧
૯.	પ્રકૃતિ-સૌમ્યત્વ	૪૬
૧૦.	સૌમ્યત્વનાં સાથી	૫૩
૧૧.	જીવનનું પરિવર્તન	૫૯
૧૨.	લોકપ્રિયતા	૬૩
૧૩.	લોકપ્રિયતાની કેળવણી અને પ્રાપ્તિ	૬૭
૧૪.	વિચાર-ઔદાર્ય	૭૪
૧૫.	વિનય-દર્શન	૮૧
૧૬.	શાશ્વત શું ?	૮૯
૧૭.	અક્રૂર	૯૮
૧૮.	પાપભીરુતા	૧૦૫
૧૯.	પાપ પરાજય	૧૧૩
૨૦.	અશઠ એટલે સુરીલી સંવાદિતા	૧૧૬
૨૧.	ધર્મી જીવનનું સાફલ્ય	૧૨૩
૨૨.	સુદાક્ષિણ્ય	૧૩૧
૨૩.	દાક્ષિણ્યમયી દાનભાવના	૧૩૮
૨૪.	લજ્જાળુતા	૧૪૯
૨૫.	મંગળમંદિરને પંથે	૧૫૭

૨૬.	**દયાનું ઝરણું**	૧૫૯
૨૭.	દયાના બે સ્રોત	૧૬૬
૨૮.	વિશ્વ-એકાત્મભાવ	૧૭૨
૨૯.	**માધ્યસ્થ**	૧૭૯
૩૦.	માધ્યસ્થનું માધુર્ય	૧૮૬
૩૧.	**ગુણાનુરાગ**	૧૯૨
૩૨.	સદ્‌ગુણની ઉપાસના	૧૯૮
૩૩	**સત્કથા**	૨૦૨
૩૪.	અખંડ જીવન	૨૦૯
૩૫.	**સુપક્ષ**	૨૧૪
૩૬.	જીવનમાં સુપક્ષતા	૨૧૮
૩૭.	**દીર્ઘદર્શી**	૨૨૨
૩૮.	વસ્તુના હાર્દનું દર્શન	૨૨૮
૩૯.	**વિશેષજ્ઞ**	૨૩૪
૪૦.	**વૃદ્ધાનુગામી**	૨૪૦
૪૧.	અનુભવની એરણ	૨૪૮
૪૨.	**વિનય**	૨૫૪
૪૩.	**કૃતજ્ઞતા**	૨૬૨
૪૪.	ઉપકાર-ચતુષ્ટક	૨૬૭
૪૫.	કૃતજ્ઞતાનો સંદેશો	૨૭૨
૪૬.	**પરહિતનિરતઃ**	૨૭૮
૪૭.	સમષ્ટિની ભક્તિમાં મુક્તિ	૨૮૧
૪૮.	**લબ્ધલક્ષ**	૨૮૩
૪૯.	ધ્યેયદૃષ્ટિ	૨૮૬
૫૦.	ધ્યેયયાત્રા	૨૮૯
૫૧.	લક્ષ્યબિંદુ	૨૯૨

બ્લેકમાં દર્શાવેલાં પ્રકરણો
૨૧ સદ્‌ગુણ દાખવે છે.

ધર્મજીવનનાં અજવાળાં

●

'ચિત્રભાનુ'

ચેતનામાં આ અજબ શક્તિ છે. એ ક્ષણને યુગો સુધી લંબાવી શકે અને યુગોને એક ક્ષણમાં સમાવી શકે, પણ તે શરીર નહીં, ચેતના. શરીર અને ચેતના એ જુદાં છે. ચેતના જાય એટલે શરીર નિર્જીવ ખોખું માત્ર બની જાય છે. આ ચેતના એટલે આનંદઘન.

આપણા બધાની અંદર પણ એ જ આનંદઘન સૂતેલો છે. એને શ્રવણ અને ધ્યાન દ્વારા જાગ્રત કરવાનો છે; પોઢેલાને જગાડવાનો છે.

[૧]

પૂર્વભૂમિકા

આજના યુગનો સૂર એ છે કે માનવી, માત્ર માનવજીવી ન રહે, પણ ધર્મજીવી બને; એની ચેતના સંકુચિત નહીં, પણ વિશ્વચેતનામય બને. આ મંગળ દૃષ્ટિથી આપણે આ પ્રવચનમાળામાં જીવનની આચારસંહિતા વિચારવાના છીએ.

આ માટે આપણે **'ધર્મ-રત્ન પ્રકરણ'** નામનો ગ્રંથ પસંદ કર્યો છે. આ ગ્રંથ પ્રેરક અને અદ્‌ભુત છે. આચાર્ય શ્રી દેવેન્દ્રસૂરિજીએ એની રચના કરી છે.

ધર્મી માણસ કેવો હોય, એનામાં કયા કયા ગુણો હોય એ આ ગ્રંથમાં સુંદર રીતે બતાવવામાં આવ્યું છે.

આપણે જાણીએ છીએ કે ધર્મી કહેવડાવવું સહેલું છે, પણ જીવનમાં ખરેખર એવા બનવું એ ઘણું મુશ્કેલ છે; એટલે સાચું ધર્મીપણું આપણે આવા ગ્રંથોના અભ્યાસથી અને આચરણથી સિદ્ધ કરવાનું છે.

કોઈ પણ મહાન સર્જનની પાછળ માણસમાં નમ્રતા જોઈએ. એ બતાવવા માટે, શરૂઆતમાં લેખક પ્રભુને

નમન કરે છે. એનામાં અભિમાન નથી, તેથી એ ગ્રંથના સાંભળનારને અને પોતાને પણ તારે છે.

લેખકનું પ્રથમ વંદન, જેમણે જગતને પોતાના જીવનથી 'વિનય' ગુણનો મંત્ર શીખવ્યો છે, જે ફકીરી અને ત્યાગના ધામ જેવા છે તે ભગવાન શ્રીમહાવીર સ્વામીને કરવામાં આવ્યું છે.

જીવનમાં નમ્રતા અત્યંત આવશ્યક છે. કારણ મીણ જેવું જેનું હૃદય ન હોય તે દુનિયાને મીણ જેવી નરમ નહીં બનાવી શકે.

'નમ્રતા' અને 'વિનય' માણસમાં ન આવે તો એનો સંસાર બગડી જાય છે. સર્વ ઘરોમાં માતા-પિતા પ્રત્યે અને કુટુંબની વ્યક્તિઓ પ્રત્યે, મિત્રો પ્રત્યે જો આ નમ્રતા ફેલાય તો જીવનમાં ધીરે ધીરે ધર્મ આવતો જાય છે.

પણ આપણે યાદ રાખવાનું છે કે — સંસારમાં તો "નમન નમનમેં ફેર હૈ, બહુત નમે નાદાન" એવો ઘાટ રચાયેલો છે. તમારી પાસેથી જે માણસ કંઈક પડાવવા માગતો હશે, જે દગલબાજ હશે, એ વધુ નમતો-ભજતો આવશે. એવા લોકોથી ચેતવું. જ્યારે કોઈ તમને વધુ પડતું માન આપે અને સત્કાર કરે ત્યારે જોવું કે એની પાછળ એનો સ્વાર્થ તો નથી ને? સ્વાર્થની ભાવનાથી કરેલું નમન એ નમન નથી પણ એક જાતનો વ્યાપાર છે.

આ ગ્રંથના લેખકનું નમન તો ત્યાગીને છે; ગુણોના ધામને છે; હજારો વર્ષ પહેલાં પાવાપુરી અને રાજગૃહીમાં વિહરેલી ચેતનાને છે. એ ચેતાનથી પાવન થયેલી ધૂળ પણ ધન્ય છે. આ દિવ્ય ચેતનામાં આજે પણ એવી શક્તિ

છે કે અધિકારીને ક્ષણમાં યુગોનું દર્શન કરાવી શકે, આંખના પલકારામાં જીવનની અનુભૂતિ કરાવી શકે.

જે મહાવિભૂતિ કાળપ્રવાહને 'તરી ગઈ છે, જે ગુણોનો ભંડાર છે, એવા ભગવાન શ્રીમહાવીર પ્રભુને, લેખકનું નમન છે. આવા નમનમાં પણ એક જાતનો આત્મિક ભાવ જરૂરી છે.

આ ગ્રંથમાં આત્માનો અખૂટ ખજાનો પડેલો છે. આ ખજાનાના સાચા સ્વામી એટલે ભગવાન મહાવીર.

એમની પાસે વૈભવ હતો; યૌવન હતું; બંધુ, પુત્રી અને પત્ની સર્વસ્વ હતું, છતાં એમને એ પૂરતું ન લાગ્યું.

નશ્વર વસ્તુ કદી આત્માની તૃષા છિપાવી શકતી નથી. આત્માની તૃષા કાંઈ દુન્યવી વસ્તુથી સંતોષાતી નથી. વર્ધમાનને અમૃતતત્ત્વની પિપાસા લાગી હતી, આથી નશ્વર છોડીને એમણે પ્રેમધર્મનો શાશ્વત માર્ગ લીધો.

આત્માની તૃષા, એ ધન અને સત્તાની તૃષા નથી પણ આત્મિક શાન્તિની, પરમપદની તૃષા છે. એ કાંઈ ભૌતિક વસ્તુથી શાંત નથી થતી.

એમણે આટલા ખાતર સાડા બાર વર્ષ સુધી અડોલ સાધના આદરી, ઘોર ઉપસર્ગોને હસતા મુખે સહન કર્યા અને અંતે એમણે શું મેળવ્યું? ધર્મ-રત્નનો ખજાનો; શાશ્વત વિશ્વમૈત્રીનો પ્રેમ-ખજાનો.

આનંદઘનજીએ પણ કહ્યું છે કે 'હું જે પ્રાપ્ત કરવા માગું છું તે જીવનનું અમૃત છે. મેં જગતના વિષના કટોરા પી લીધા છે, હવે આત્માની તૃષા છિપાવવા માટે મારે અમૃતદર્શનના પ્યાલા પીવા છે.'

ચેતનામાં આ અજબ શક્તિ છે. એ ક્ષણને યુગો સુધી લંબાવી શકે અને યુગોને એક ક્ષણમાં સમાવી શકે, પણ તે શરીર નહીં, ચેતના. શરીર અને ચેતના બે જુદાં છે. ચેતના જાય એટલે શરીર નિર્જીવ ખોખું માત્ર બની જાય છે. આ ચેતના એટલે આનંદઘન.

આપણા બધાની અંદર પણ એ જ આનંદઘન સૂતેલો છે. એને શ્રવણ અને ધ્યાન દ્વારા જાગ્રત કરવાનો છે; પોઢેલાને જગાડવાનો છે.

આપણે આ ગુણ-રત્નો જાણવા અને પામવા, કેડ બાંધવી પડશે. સમય કાઢી આ 'ધર્મ-રત્ન'નાં વાચન અને સમજણની પાછળ સમય ખર્ચવો પડશે, તો જ આ ગ્રંથનાં સૂત્રોમાં શી અમીધારા ભરી છે એ આપણે જાણી અને માણી શકીશું.

સમય પ્રમાણે, ઉપદેશની રીત, તર્કો, દલીલો કદાચ બદલાઈ શકે, પણ મૂળ સૂત્રો કાંઈ બદલાતાં નથી. કેટલાક કહે છે; એ સૂત્રો જૂનાં છે. અમારે તો નવી જાગતી-જીવતી વાતો જોઈએ. પણ એ લોકો જાણતા નથી કે આ સૂત્રો અક્ષર છે, પચીસસો વર્ષે તો શું પણ અઢી લાખ વર્ષે પણ એની ચિનગારી ભક્તને પ્રેરણા આપતી રહેશે.

આ રત્નો, જેઓ શ્રેયાર્થી થવા માગે છે, તેમને માટેનાં છે. જેને આ ઉપદેશની જરૂર છે, તેને જ એ આપવામાં આવ્યાં છે.

આત્માના વિકાસ માટે જ્યાં ધર્મની ધારા વહેતી હોય ત્યાં આપણે જવાનું છે. જે માણસ રત્નો માટે ઝંખે છે, એ જ એની કિંમત કરી શકે છે; બાકી તો જેને

જરૂર નથી એવાને એ દેવા જશો તો એની કિંમત એને કોડીની લાગશે. માટે 'ધર્મ-રત્ન' તો અધિકારીને અને યોગ્ય હોય તેને જ અપાય.

આપણે એવા અધિકારી છીએ. આ ધર્મને રત્નોની ઉપમા આપી છે, કારણ ઉપમા હમેશાં શ્રેષ્ઠની જ હોય. વિશ્વની બધી સ્થૂલ વસ્તુઓમાં રત્ન જેમ કીમતી છે તેમ ધર્મ સર્વ રત્નોથી ઘણુ વધુ કીમતી છે. આ શ્રેષ્ઠ ધર્મને સમજવા આપણે દષ્ટિ કેળવવાની છે, તો જ આપણે એ ધર્મરત્નને પામી શકીશું.

[૨]

ધર્મકથા

શાસ્ત્રમાં રાજકથા, ભક્તકથા, દેશકથા અને સ્ત્રીકથા આ ચાર જાતની કથાને વિકથા કહેવામાં આવી છે.

સ્ત્રીકથામાં પ્રત્યેક માણુસને રસ પડે છે. વૃદ્ધ અને યુવાન, સૌ સ્ત્રીકથામાં મગ્ન બને છે. ભોજનકથામાં પણુ માનવ-સમાજ જીવનનો ઘણો સમય વેડફી નાખે છે.

અને આ જ પ્રમાણે, દેશકથા અને રાજકથા પણુ માનવજાતમાં એટલી જ પ્રચલિત થઈ રહી છે; વેગવાન બની રહી છે. જ્યાં સુધી પૃથ્વી ઉપર માનવી છે અને તેનો સંસાર છે ત્યાં સુધી, સંસારમાં રાગદ્વેષ તો રહેવાના અને તેના પ્રતીક રૂપે રાજ્યો પણુ રહેવાનાં.

રાજકથા અતિ પ્રાચીનકાળથી ચાલી આવે છે. જે માણુસને કાંઈ નથી આવડતું, એ પણુ જગતની અને રાજકારણુની સમીક્ષા કરવા બેસી જાય છે. એ જ રીતે એ દેશકથાની (જુદા જુદા દેશના રીતરિવાજ વગેરે અંગે થતી વાતોં) પાછળ પણુ મનને લગાડીને, માણુસ એનો સમય વેડફી રહ્યો છે; ક્ષણુભરં જીવનની ચિંતા ભૂલવા પ્રયત્ન કરી રહ્યો છે.

પણ આ બધું શું જીવનને સહાયક થવાનું છે!

માણુસને પોતે કોણુ છે, તેની જ ઓળખાણુ રહી નથી; માટે તો એને ધર્મકથાની જરૂર છે. એનાથી જ માણુસને પોતાના આત્માની સાચી ઓળખાણુ થશે.

માનવી આત્માને સમજતો નથી, એટલે પોતે શું ગુમાવી રહ્યો છે એનું એને ભાન નથી, અને દુન્યવી ક્ષણિક સુખોની પાછળ એ ઉતાવળી દોટ મૂકી રહ્યો છે.

માનવી અજ્ઞાન દશામાં રહેલા બાળક જેવો છે. પોતાના પિતા પાસે લાખોની સંપત્તિ છે, એ ન જાણુનાર નાદાન બાળક, જેમ એના રક્ષક પાસેથી એક રૂપિયો મળતાં સંતોષ માને, એવી કરુણુ દશા માનવીની આજે છે. જગતનાં સંસારી સુખો પાછળ એ આત્મિક સંપત્તિ લૂંટાવી રહ્યો છે. થોડાંક ભૌતિક સુખોના મોહમાં એ જીવનનું અમૂલું સર્વસ્વ ગુમાવી રહ્યો છે.

માટે જ્ઞાનીઓએ કહ્યું છે: 'માનવી! તું તારી જાતને ઓળખ; તારી સંપત્તિને ઓળખ.' જો એને જોતાં અને શોધતાં આવડે તો આત્માનો આ ખજાનો અઢળક છે, અમૂલો છે. રાગ-દ્વેષ અને અહંની જંજાળથી જે મુક્ત હોય છે, તેને જ આવું આત્મિક – સાચું સુખ મળે છે. આ રીતે જોતાં, વિષય-કષાયમુક્ત સાધકને જે સુખ હોય છે, તે ચક્રવર્તી રાજાને પણ નથી હોતું. આત્માની સ્વભાવ-દશામાં જે સુખ છે એનો અંશ પણ દુન્યવી સુખમાં નથી એ આપણે સમજી લેવું જોઈએ.

ભૌતિક સુખના આવા વંટોળિયામાંથી સાધુ મુક્ત હોય તો જ તે સાચો સુખી બની શકે. માણુસ જ્યારે

એના જીવનમાં પ્રવેશેલા રાગના કીડામાંથી મુક્ત બને છે, લોક-વ્યવહારમાંથી અલિપ્ત બને છે, ત્યારે એને આત્મા અને પરમાત્માના મિલનના આનંદની ઝાંખી થાય છે અને ખરી શાન્તિની અનુભૂતિ શરૂ થાય છે.

પ્રભુના સ્મરણમાં માનવી પોતાના અહંનો લય કરી પોતાના શુદ્ધ સ્વભાવને જુએ છે ત્યારે જ એને નૈસર્ગિક સુખનો આનંદ મળે છે: બાકી તો આજે જેને લોકો સુખ કહીને લેવા દોડે છે એ સુખ નથી, પણ ક્ષણિક સુખનો આભાસમાત્ર છે.

જગતના સુખમાં જે આનંદ નથી, એ ધર્મ-કથામાં રહેલો છે. ધર્મ-કથાથી આત્માનું કાંચન અને એનો પ્રકાશ બહાર આવે છે. જીવનમાં કદીયે થાક ન લાગે એવું અમૂલું તત્ત્વ, આ ધર્મ-કથામાં રહેલું છે.

આત્માની વાતો એટલે સ્વ-રસની વાતો. એનો આનંદ અલૌકિક છે. ચંદન જેમ જેમ ઘસાતું જાય છે, તેમ તેમ એમાંથી વધુ ને વધુ સુગંધ પ્રગટે છે તેમ, માણસ આવી ધર્મ-કથામાં – આત્મ-કથામાં લીન બને છે ત્યારે એના જીવનમાં નવી સુવાસ પ્રગટ થવા માંડે છે, વધવા માંડે છે.

માણસને ઘણાં પ્રિયજનો અને સ્વજનો હોય છે, છતાં એનું મૃત્યુ થતાં સૌ સગાંવહાલાં એને સ્મશાન-ભૂમિમાં મૂકી આવે છે અને ચિતા સળગાવતાંય, પોતાનો હાથ દાઝી ન જાય એની કાળજી રાખે છે. માનવ-જીવનની આ નિર્દયતા તમે કદી વિચારી છે?

જેને માટે, જેના શરીર માટે સ્વજન આટલી

કાળજી રાખતો એ જ સ્વજનના શરીરને પોતે જ ચિનગારી મૂકી જલાવી દે છે, અને ત્યાં જ એની સાથેનો સંબંધ પૂરો કરી, નાહી નાખે છે. આવો જે દેહ છેવટે તો આપણને છોડીને જવાનો છે, તેને માટે જિંદગીભર પાપ કરવાનાં? ધર્મકથા પાપ કરતાને વિચાર કરતો કરે છે.

આપણી આ કાયા અશુચિથી ભરેલી છે, અને પળેપળ એ ગળી રહી છે. આનું નામ જ પુદ્ગલ છે. પુરાવું અને ગળવું એ તો એનો સ્વભાવ છે. ફૂલોનાં અત્તરથી કે કાયાકલ્પથી પણ એને સદા સુગંધી કે અખંડ રાખી શકાય તેમ નથી. એ કાયાની આટલી માયા!

માટે ભગવાને કહ્યું, 'તું તારા આત્માને સમજ; એટલે તું જગત અને પરમાત્માને સમજી શકીશ.' જગતમાં વખોડવાલાયક કે વખાણવાલાયક કાંઈ જ નથી. વસ્તુમાત્ર પરિવર્તનશીલ છે. પ્રાજ્ઞ માણસનું કામ તો એ છે કે જોયા કરવું અને જાણવું. कर्तृत्वं नान्यभावानाम् साक्षित्वं अवशिष्यते ।। એટલે કે આત્મા, વસ્તુનો કર્તા નહીં, પણ દ્રષ્ટા, સાક્ષીરૂપ છે. આ વાત સમજાય તો જ ધર્મકથા સાંભળીને ધર્મના પંથ પર સમજણપૂર્વક આગળ વધી શકાય.

[૩]

ધર્મનો આરાધક

આ અપાર એવો જે ભવસાગર છે, એમાં સૌથી દુર્લભ મનુષ્યભવ છે. મનુષ્યભવ મેળવવો અત્યંત મુશ્કેલ છે. આ મનુષ્યભવની સાધના શક્ય, તો જીવનમાં બધું શક્ય.

બાળક જન્મે છે ત્યારે એની જન્મોત્રીમાં સૌથી પ્રથમ, એનું આયુષ્ય કેટલું છે તે જોવામાં આવે છે. જો આયુષ્ય હોય તો જ સંસારની કીર્તિ, ધન વગેરેની પ્રાપ્તિનો અર્થ છે.

આપણા આ ભવરૂપી મહાસાગરની ગહનતા, ઊંડાણ એવાં છે કે મોટામાં મોટા તત્ત્વચિંતકો પણ એની પૂરી ગહનતા પામી શકતા નથી.

જન્માંધને પ્રકાશની કલ્પના આવી શકતી નથી, તેમ અજ્ઞાનીને આ માનવભવની મહત્તા સમજાતી નથી. વસ્તુનાં દર્શન વગર, એનું જ્ઞાન થવું ખૂબ જ મુશ્કેલ છે.

માનવજીવનની મહત્તા જ્ઞાની માનવી સમજી શકે છે, પશુઓનું જીવન યાતનામય હોય છે, પણ એની એ વ્યથા એ કોને વર્ણવી શકે? પણ માણસને જરાક કાંઈ

થાય તો એ પોતાનું દુઃખ લંબાણપૂર્વક વર્ણવવાનો. પશુ મૂક બની સહન કરે છે, માનવી ફરિયાદ કરી શકે છે; એનું દુઃખ દૂર કરી શકે છે. માનવને આ કેવી સિદ્ધિ છે? જીવનનું દર્શન કરવું હોય, માનવને સુખનાં જે સાધનો મળ્યાં છે તેની મહત્તા સમજવી હોય તો આપણાં કરતાં જે ઊતરતી કક્ષામાં છે એવાં માણસો કે પશુઓનું જીવન જોઈએ તો આની ખાતરી થશે.

પણ માણસ નીચે જોવાને બદલે ઉપર ધનવાનો પર દૃષ્ટિ રાખે છે અને મનમાં બળ્યા કરે છે. બીજાનું સુખ કલ્પનામાં જોઈ એને બળતરા થાય છે. પરિણામે અત્યારે જીવનમાં જે સુખ મળ્યું છે એને ભૂલી, જીવનને એ દુઃખનું ધામ બનાવી મૂકે છે.

જિંદગી સુખમય બનાવવી છે કે દુઃખમય, તેનો આધાર માનવીની પોતાની દૃષ્ટિ પર રહેલો છે. વસ્તુમાં સુખ કે દુઃખ રહેલાં નથી; જે છે તે મનના ભાવમાં જ છે. એક વસ્તુ એના મનને સુખ આપે છે, અને તે એને પ્રિય બને છે. બીજી એને દુઃખ આપે છે, અને એને તે અપ્રિય ગણે છે. ગઈ કાલે જે મિત્રની વાતો આનંદ આપતી હતી તે મિત્ર સંગે ઝઘડો થતાં આજે એની વાતોથી અંતરમાં ક્રોધની જ્વાળા ભભૂકવા માંડી છે. તમે જોશો કે આમાં વસ્તુ બદલાતી નથી, માનવીના મનનો એ પળનો ભાવ જ બદલાય છે.

જીવનનાં સુખ અને દુઃખ ક્યાં રહેલાં છે તે વિચારો. એ વસ્તુમાં નથી, પણ એને માટે માનવીના મનમાં રહેલા ભાવોમાં છે. મન જો શાંત હોય, વ્યવસ્થિત

હોય તો ફૂલનું સૌંદર્ય જોઈ, એની આંખમાં હર્ષનાં બે આંસુ આવી જાય છે; પણ મનમાં જ્યારે વિષાદ ભરેલો હોય છે ત્યારે આનંદને સ્થાને એ જ વસ્તુથી શોક છવાઈ જાય છે.

કેટલીક વાર આપણે કહીએ : 'હું મૂડમાં નથી.' એટલે કે મન – જીવન – ત્યારે અવ્યવસ્થામાં છે. એવા મનને સ્વસ્થતા ક્યાંથી હોય? જેમ અંદરનું યંત્ર બરાબર હોય તો જ ઘડિયાળના કાંટા યોગ્ય સમય બતાવે, એમ આપણા ચિત્તમાં પ્રસન્નતાની સપાટી હોય તો જ શાંતિ મળે.

જીવનમાં સુખ અને દુઃખ બેઉ આવવાનાં, બેઉને સત્કારો, આવકારો! જીવનમાં સંયોગ અને વિયોગ બેઉ રહેવાનાં છે, માટે મનને બેઉ સમયે યોગ્ય દશામાં રાખો.

દુનિયામાં એક પણ વ્યક્તિ એવી દેખાય છે કે જેને જીવનમાં માત્ર સુખ જ હોય છે! જીવનમાં બંનેનું સ્થાન છે. કેરીના મધુરા રસની સાથે, કારેલાંની કડવાશ જ વધુ આનંદ આપે છે. વધુ પડતાં સુખોથી માણસ ચડી જાય છે અને વધુ પડતાં માનવીએ માનેલાં દુઃખોથી એ નિચોવાઈ જાય છે, સુકાઈ જાય છે. એટલે બેઉને યોગ્ય સ્થાને રાખી, જીવન જીવવા પ્રયાસ કરવો જોઈએ.

મનુષ્યને ખરો આનંદ આપનાર તત્ત્વ, એના અંતરમાં, એના આત્મામાં જ રહેલું છે. મહાન ચિંતક ટૉલ્સ્ટૉયે કહેલું છે કે દુઃખ તો કેરીને પકવી એમાં મીઠો રસ પૂરનાર તાપના જેવું છે, એ તાપથી જ કેરીમાં મીઠાશ પુરાય છે. એ જ પ્રમાણે સુખની સુંદરતા સમજવા માટે દુઃખના અનુભવની આવશ્યકતા છે. કેરીની માફક આપણા

જીવનના ખાટા રસને મીઠા કરવા માટે, દુઃખ પરિસહ સંહાયક છે. સુખ અને દુઃખ બેઉ જીવનનાં પોષક તત્ત્વો છે. માટે એનાથી હારો નહીં, થાકી ન જાઓ; હિંમતવાન બનો.

માનવીના જીવનમાં સંપત્તિ અને વિપત્તિ બેઉને સરખું સ્થાન છે. ચોમાસા પછી શિયાળો અને તેની પછી ઉનાળો આવ્યા જ કરે છે. કુદરતનો એ ક્રમ છે. માનવીના જીવનમાં સીધી કટુતા નહીં તો ખાંડ ચડાવેલી (શુગર-કોટેડ) કટુતા જરૂરી છે. એકલી મીઠાશ તો જીવનને મારી નાખશે. મીઠાશનું ખરું મૂલ્ય સમજવા, કટુતાનો અનુભવ આવશ્યક છે.

કહેવાય છે કે, સુખમાં સોની સાંભરે; દુઃખમાં જાગે રામ. જિંદગીની સંધ્યા જ્યારે આવે છે, જ્યારે વિપત્તિના ઓળા પથરાય છે, ત્યારે અનંત શાંતિના ધામ-સમા પ્રભુ યાદ આવે છે. આમ વિપત્તિ – દુઃખ જ પ્રભુનું સ્મરણ કરાવે છે.

દુનિયામાં સુખ કે દુઃખ કાયમનાં બેસી રહેતાં નથી. જીવનરથના ચક્રનો એક ભાગ ઘડીમાં નીચે જઈ ધૂળમાં રગદોળાય છે અને એ પાછો ફરી ઉપર આવે છે, જિંદગી-નાં સુખ-દુઃખ આવાં જ છે. સુખ અને દુઃખ જીવનનાં બે અંગો છે. જે સિક્કાની બેઉ બાજુ સલામત હોય છે, તે જ ચલણી નાણું બને છે, બેઉ પરિસ્થિતિમાં, માણસે ધીર બનવાનું છે, સમતા કેળવવાની છે, એમાં જ એની મહત્તા છે.

માણસ દોલત પાછળ ગાંડો બન્યો છે. પણ એ જાણતો નથી કે એ દોલત તો માણસના જીવનમાં દો-લાત

મારે છે. દોલત આવે છે ત્યારે એ માણુસને આગળ લાત મારી અકડાઈવાળો બનાવે છે અને માણુસ છાતી કાઢીને ચાલે છે એને પણ દોલત જાય છે ત્યારે બીજી લાત પાછળ વાગે છે અને એને બેવડ વાળી દે છે.

આને માટે વૃક્ષનો દાખલો લ્યો. આવા પ્રખર તાપમાં પણ ઝાડ લીલુંછમ કેમ રહે છે? કારણ. . .એનાં મૂળ ધરતીની શીતળતામાં રહેલાં છે. માનવીના જીવનમાં પણ એ જ પ્રમાણે ઉપરથી જીવનની તપશ્ચર્યા અને અંતરના મૂળમાં ભક્તિની શીતળતા આવશ્યક છે. આમ બને તો માનવજીવન સદાય લીલુંછમ રહે.

જ્યાં મનુષ્ય પોતાના જીવનને જ શાંતિ નથી આપી શકતો, ત્યાં એ વિશ્વને શાંતિ કેમ આપી શકશે? આટલા માટે તો માનવીએ પોતાના જીવનની મહત્તા સૌથી પહેલાં સમજવાની છે.

માનવનું જીવન તો ખૂનીને અને સંતને બેઉને મળેલું હોય છે. પણ એના પ્રકારો ભિન્ન છે, અંગો જુદાં છે, ઉપયોગ ન્યારા છે, માનવીના એ જીવનનું દર્શન કરો. તમે તમારે સ્થાને ઊભા રહીને, તમારાથી નીચા છે તેમની તરફ કરુણા અને પ્રેમ વહાવો; અને તમારાથી ઊંચે છે તેમને માટે સન્માન અને ભક્તિ દાખવો. માનવજીવનનો આ એક સુંદર અધિકાર છે. એને જાણો અને માણો.

*

[૪]

ધર્મનો અધિકારી

અધિકાર : આપણા આ સ્વાધ્યાયગ્રંથના વિચાર મૌલિક છે અને તેમાં માનવજીવનનું રહસ્ય રહેલું છે. આ માનવજીવન એટલે કયું જીવન? આપણે જીવીએ છીએ તે કે મહાપુરુષોએ જેનું દર્શન કર્યું છે તે?

આપણે આ ભેદ સમજવાનો છે. આ ગ્રંથનું વાચન, શ્રવણ અને મનન આપણને મહાપુરુષોનાં જીવન અને આપણાં સામાન્ય જીવન વચ્ચે શો ભેદ છે તે બતાવશે.

સાચું માનવજીવન મેળવવું એ અત્યંત દુર્લભ છે. આપણે પ્રાણી અને માનવના જીવનની સરખામણી કરશું ત્યારે જ માનવજીવનની ઉચ્ચતા બરાબર સમજી શકાશે.

માણસ પૈસાની દૃષ્ટિથી જ પોતાને સુખી માની રહ્યો છે, પણ પાસે દશ લાખ રૂપિયા હોય અને આંખે અંધાપો હોય કે પગે લંગડો હોય તો એનું જીવન કેવું મુશ્કેલ બની જાય છે! એટલે જોશો કે પૈસા કરતાં નયનવિહોણી દશા વધુ વસમી લાગે છે.

જીવનમાં પાંચે ઇંદ્રિયોની પટુતા મળવી દુર્લભ છે;

એ સાથે અહિંસક કુળમાં જન્મ મેળવવો, એ પણ એટલું જ દુર્લભ છે.

અહિંસક સંસ્કૃતિમાં ઊછરેલો માણસ જ્યાં લોહીનો છાંટો જોશે ત્યાં જ એનું હૃદય દ્રવી ઊઠશે. કારણ? આ સંસ્કૃતિ અનુકંપામય છે, અને તે વાતાવરણમાં એ ઊછર્યો છે. પણ આ સંસ્કૃતિની ભાવનાનો જેને ખ્યાલ નથી તે જ ભૌતિક સંસ્કૃતિ પાછળ મુગ્ધ થઈ ને ફરે છે.

એટલે આવું આર્ય અને ઉત્તમ કુળ અને વળી પંચેન્દ્રિયની પટુતા મળે તો જીવનની સાર્થકતાનું એને પ્રથમ પગથિયું ગણવું જોઈએ.

મદ્રાસમાં એક ન્યાયાધીશને ત્યાં ગોરું અને પુષ્પસમ બાળક જન્મ્યું. જોવા આવનાર લોકો એનું મુખ જોઈ ખુશ થતાં પણ ઉપરથી સુંદર લાગતું એ બાળક, એનાં નીચલાં અંગોમાં તદ્દન અપંગ હતું. એનાં આવાં બંધનોથી એનું જીવન નિરર્થક અને યાતનામય બની ગયું હતું. આ દૃષ્ટિએ પંચેન્દ્રિયની પૂર્ણતા અત્યંત આવશ્યક ગણવામાં આવી છે. મનુષ્યજન્મ માટે આ સંપૂર્ણ અંગોપાંગ અને પૂર્ણ પાંચે ઇન્દ્રિયો જીવનની એક શ્રેષ્ઠ મૂડી છે.

મનુષ્યને આ પાંચે ઇન્દ્રિયો સુંદર મળે એટલું જ બસ નથી, એના સદુપયોગ માટેની વિનય-વિવેકની દૃષ્ટિ પણ એનામાં આવે એટલી જ જરૂરી છે.

આટલા માટે જ જ્ઞાની પુરુષોએ આપણને જણાવ્યું છે કે, તમને મળેલાં સાધનોનો જેટલો સારો ઉપયોગ કરશો, તેટલો જ તમારો વિકાસ સારો થશે; દુરુપયોગ

કરશો તો એટલો જ તમારો વિનાશ થશે. આમ જીવનમાં વિવેક એ જ સફળતાની સાચી ચાવી છે.

સુંદર જોવું, સાંભળવું, બોલવું, વિચારવું અને સુકાર્યો કરવાં — એ જીવનનો મુખ્ય આશય છે. પણ માણસ જ્યાં સુધી મૃત્યુનું દર્શન નથી કરતો ત્યાં સુધી આ બધાંનો પૂરો ખ્યાલ એને નથી આવતો: અને પોતાનું જીવન એ બેફામ રીતે વિતાવે છે; ન કરવાનાં કામો કરે છે.

આપણે સમજીએ તો આ મૃત્યુ એક એવો દંડ છે કે જે ન નમનારને પણ નમાવે છે. મૃત્યુ એક એવો શિક્ષક છે જે બેફામને પણ ભાનમાં લાવે છે.

મૃત્યુના રહસ્યને જે સમજે છે તે જાણે છે કે અખંડ જીવનના જન્મ અને મૃત્યુ એ બે છેડા છે. જીવન જન્મ પહેલાં પણ હતું અને મૃત્યુ પછી પણ હશે જ. જે છે તે રહેવાનું જ.

અજ્ઞાન માનવી ભ્રમણા અને ગર્વથી ફુલાય છે, અને વડીલો કે ગુરુજન, કોઈના શબ્દોને એ સન્માનતો નથી. અક્કડ મસ્તકે એ જગતમાં ફરે છે. આવા માણસનું મસ્તક ભલે થોડો વખત ઊંચું રહે, પણ મૃત્યુ એ અહંકારીને ઝુકાવે છે.

આપણે અહીં એક પ્રશ્ન વિચારવા જેવો છે: 'દુનિયામાં મોટું કોણ? માનવી કે એનો પડછાયો?'

માનવીએ એના પડછાયાને માફક આવે એવું જીવન જીવવાનું કે એની અંદરના ચેતનને ઓળખીને જીવવાનું?

જીવનના આવા અણઉકલ્યા કોયડાનો ઉત્તર ઘણો જ ગહન છે.

માનવી અને પડછાયો એ બે જણા આ પ્રશ્નનો નિકાલ ન કરી શકયા, એટલે એક મૂર્તિવિહોણું સૂનું મંદિર હતું ત્યાં તેઓ ગયા. ત્યાં જઈને ઊભા રહ્યા, અને હાથ જોડી કહેવા લાગ્યા: 'દેવ! તમે જ કહો, કોણ મોટું? માનવી કે એનો પડછાયો?'

ત્યાં અવાજ આવ્યો, 'શાંત થાઓ; કોઈ આવે છે.' માનવી અને પડછાયો એક ખૂણામાં છુપાઈ ગયા.

એ વખતે એક ધનવાને પ્રવેશ કર્યો અને અતિ ખિન્ન વદને બોલ્યો, 'પૈસા હતા ત્યારે સૌ મારાં સ્વજન થવા આવેલા; આજે પૈસારૂપી પડછાયો નથી, એટલે સૌ મારાથી દૂર ચાલ્યાં ગયાં છે.'

થોડી વારે એક સત્તાધીશ ત્યાં આવ્યો. આજે એ હવે સત્તાહીન છે, નિવૃત્ત છે. આવીને બબડવા લાગ્યો:

'મારા હાથમાં સત્તા હતી ત્યારે સૌ મારી આસપાસ વીંટળાતા, ઝૂકી ઝૂકીને સલામો ભરતા. આજે મારો એ સત્તાનો પડછાયો જતાં, શું મારી કાંઈ જ કિંમત નહીં? જગત શું માણસને નહીં, એના પડછાયાને જ નમે છે?'

એટલામાં હમણાં જ પૈસાદાર થયેલો એક ધનિક આવ્યો. ગઈ કાલે એને સૌ 'લખો' કહેતા, તે આજે એને 'લક્ષ્મીચંદભાઈ' કહી આગળ બેસાડે છે. અને લોકો તેની વાહ વાહ કરી રહ્યા છે. એણે નમન કરી કહ્યું: 'હે મંદિરના દેવ! તને વીનવું છું કે મારો સંપત્તિનો પડછાયો અમર રાખજે.'

જગતમાં સર્વત્ર આમ બની રહ્યું છે. માનવી એના આસન-સિંહાસનથી મોટો થઈ રહ્યો છે. જ્યારે માણસ

પોતાનું, અંદરનું ખરું અસ્તિત્વ બતાવીને નથી જીવતો ત્યારે આમ, પડછાયો જ એના કરતાં મોટો બની જાય છે.

જીવનમાં જ્યારે માણુસ કરતાં એનો શણુગાર વધી જાય છે, ત્યારે શણુગારના એ પડછાયામાં એ અટવાઈ જાય છે.

સાચી વસ્તુ તો માનવી છે; પડછાયો તો બાહ્ય વસ્તુ છે, માણુસને લઈ ને એનું અસ્તિત્વ છે. પણુ જીવન-માં એનાથી ઊંધું બની રહ્યું છે.

આપણુા જીવનના બે વિભાગ છે: એક બહારની દુનિયા, બીજી અંતરની દુનિયા. બહારનો ખજાનો ગમે તેટલો વધારે હશે છતાં, એથી સાચો આનંદ નહીં આવે, એના ભભકાથી લોકો અંજાશે, પણુ જો આપણુો અંદરનો ખજાનો સમૃદ્ધ નહીં હોય તો આપણુને સાત્ત્વિક સુખ નહીં મળે. કોઈ આપણી પાસેથી ન પડાવી શકે એવી જે વસ્તુ છે, તે આપણું જીવન, સ્વત્વ છે.

માનવી અંદરથી જો ખાલી હશે તો એ બેચેન બનવાનો. એકાંતમાં એકલો પડતાં એ અકળાઈ જવાનો. ખાલી અંતર તો એક ખંડિયેર જેવું છે; જેમાં ભયની ભૂતાવળો જ ભમતી હોય છે.

માટે માણુસે એના અંતરને સભર રાખવાનું છે. અંતરની એની આ સમૃદ્ધિને બતાવે એવી વ્યક્તિની એને જરૂર છે; એવા વાચન અને મનનની એને જરૂર છે; તો જ અંતરનો અનંત ખજાનો એ જોઈ શકે, પામી શકે અને એનો આનંદ એ માણી શકે.

આજે લોકો ભૂતકાળના જ ગુણુ ગાયા કરે છે. પણુ

એની સુંદર વાતોથી અને સંસ્મરણોથી જ આશ્વાસન લઈને બેસી રહેવું, એ તો વાસી ભોજન લેવા જેવું છે. વર્તમાનનું જીવન જ એક ઉપયોગી બાબત છે. પૂર્વજોના સદ્‌ગુણ જરૂર અપનાવો, પણ એમની પાછળ ખોટી ઇજ્જત સાચવવા ખુવાર ન થાઓ.

આપણી પાસેની વસ્તુઓ માગી લાવેલી હશે તો એની ચર્ચા સમાજમાં જરૂર થવાની. પોતાની જરૂરિયાતોને ઘટાડીને જીવનાર જેવો રાજવી જગતમાં બીજો કોઈ નથી.

સાધુ કોઈને કાંઈ દુન્યવી વસ્તુ આપી દેતા નથી, એટલું જ નહીં પણ કોઈનું કાંઈ લેતા નથી, એના જેવી નિશ્ચિંતતાનું સુખ, બીજે ક્યાંય મળવાનું નથી.

માનવીના મનને ક્યાંય શાંતિ નથી, સ્થિરતા નથી. એના મન ઉપર ચિંતાની સમડીઓ આંટા માર્યા જ કરતી હોય છે, કારણ કે માણસ પોતે પોતાની અસ્મિતા વીસરી બેઠો છે અને એના કરતાં એના પડછાયાને વધારી રહ્યો છે.

આમાં ધર્મ જ એક એવી ચીજ છે જે માણસના પડછાયાને નિવારી, માણસના ચૈતન્યને શાંત, સૌમ્ય અને નિશ્ચિત બનાવે છે. જો માણસ પોતે ધર્મનું પાલન કરે છે તો એનું પાલન, ધર્મ પણ કરે છે જ.

દૈહિક પોષણ માટે આપણે કરવો પડે તેટલો પુરુષાર્થ જરૂર કરીએ, પણ વૃત્તિ એવી રાખીએ કે મળે તો ઠીક છે; પણ ન મળે તો નરવસ અને પરવશ ન બનીએ.

જીવનમાં જેમ સાધનો વધારે, તેમ એનું દુઃખ

પણ વધારે જ છે. સાધનોની એષણા ઘટાડો અને જુઓ કે શાંતિ પણ વધે છે કે નહીં? આ દૃષ્ટિ ન રાખે તો માણસના જીવનમાં એનાં સાધનો જ ક્યારેક ખંજર બની જાય છે, અને તેને ચિંતામાં, ભયમાં મૂકી દે છે.

જીવનમાં દુઃખ ક્યાંથી આવે છે? ગયેલું સુખ આંસુથી પાછું આવી શકતું નથી. એટલા માટે તત્ત્વજ્ઞાનીઓએ જીવનમાં ઊંડા ઊતરીને આપણને નવું દર્શન આપ્યું છે, અને તે એ કે દુઃખ આવે ત્યારે રડવાનો કોઈ અર્થ નથી. ત્યારે એટલું જ વિચારો કે ક્યાંથી અને કેવી રીતે આવ્યું? કોણે ઊભું કર્યું? અને વિચાર કરતાં જ જણાશે કે કલ્પેલા સુખમાંથી જ દુઃખનું સર્જન થયું છે. મળેલાં સાધનો ચાલ્યાં જાય છે ત્યારે માણસને દુઃખ થાય છે. કલ્પિત સુખના એ સાધનથી થોડો વખત આનંદ મળે છે, પણ એના અભાવથી દુઃખની સંકલના શરૂ થાય છે. જીવનની આ બેચેની સાધનોમાં માનેલા સુખની પાછળ છુપાયેલી છે અને આપણે એ સૂક્ષ્મ દૃષ્ટિથી જોવાનું છે, સમજવાનું છે.

જીવનમાં આવતાં દુઃખો માટે બીજામાં દોષનું આરોપણ કરવાનો કશો અર્થ નથી. માણસ જ્યારે પોતાની અંદર જ દોષ શોધતો થશે ત્યારે જ એને પ્રકાશ મળી શકશે. ભગવાન મહાવીરે આપણને આ બતાવ્યું છે. તેમના કાનમાં ખીલા ઠોકાયા છતાં એમણે બીજાને દોષિત પણ ન ઠરાવ્યો કે ફરિયાદનો એક શબ્દ પણ ન કાઢ્યો. એમણે તો પોતાના મનને શીખવ્યું કે પૂર્વજન્મમાં તેં આના કાનમાં સીસું રેડાવ્યું તો આજ એ તારા કાનમાં ખીલી મારે છે; તો

આજ તું એનું કર્મ ભોગવી લે. તેં એક વાર બીજાને પજવવામાં સુખ માણ્યું છે, હવે દુઃખ ભોગવી લે; સમતા રાખીને સહન કરી લે; આપણા માટે જીવનનો આ એક મહાન પાઠ છે.

માણુસ સાધનોમાં સુખ માની એના મોહમાં ભમતો હોય તો એનું જીવન શાંતિમય, સમાધિમય ક્યાંથી હોઈ શકે? જીવનમાં ધર્મને સ્થિર રાખવા માટે તો મનમાં એ વાત ઊતરવી જોઈએ.

માનવીના અંતરની ભૂમિનો પાયો જો સધ્ધર ન હોય તો એની ઉપર ધર્મનો પ્રાસાદ ક્યાંથી ટકવાનો છે?

બહારનાં માગી લાવેલાં સાધનો કેવી ફજેતી કરે છે તે પર મને એક દૃષ્ટાંત યાદ આવે છે.

એક રાજાએ પોતાના હજામને એક જરીભરેલી શાલ ભેટ આપેલી. એ જ ગામના એક માણસે એના પુત્રના વરઘોડા વખતે વરરાજાને ઓઢાડવા માટે હજામ પાસેથી એ માગી. પેલાએ હજામને કહ્યું કે કોઈને કહીશ નહીં કે મેં તારી પાસેથી આ માગેલી છે. પણ હજામથી મૂંગા રહેવાય?

ગામના લોકો આ કસબી સાલનાં વખાણ કરવા લાગ્યા, ત્યારે હજામે કહ્યું, 'કોઈને કહેશો નહીં. પણ આ શાલ મારી જ છે. મેં જ આ શેઠને ઉછીની આપી છે.'

કહો આ માગી લાવેલી વસ્તુથી એનું માન વધ્યું કે ઘટયું?

આપણા જીવનની ઘણીખરી વસ્તુઓ આવી ભાડૂતી જ છે. એથી આત્મગૌરવ વધવાનું નથી, અને એ

બધાંને છોડીને આપણે ચાલ્યા જવાનું છે. આને બદલે માણસ જ્યારે સ્વસ્થ બની એના અંતરના ઊંડાણમાં ઊતરે છે ત્યારે એને જિંદગીની ખરી ગૂઢતાનું દર્શન થાય છે. પછી એ સમજે છે કે અંતરની પોતાની સાચી સંપત્તિ જ શાંતિ આપી શકે છે, અને જીવનને નચિંત અને શુદ્ધ રાખી શકે છે.

આત્માની અંદર રહેલાં સત્ય, અહિંસાનો આંતર-પ્રકાશ બહારના ઝાકઝમાળ કરતાં વધુ જરૂરી છે. હીરાની અંદર રહેલાં તેજનાં કિરણો હીરાના પાસાઓમાં રહેલાં છે. એ જ પ્રમાણે માનવીની અંદર આવી મહાન શક્તિ પડેલી છે. આપણું કાર્ય એને કેળવવાનું છે, મેળવવાનું છે.

સામાન્ય માનવી, ઇન્દ્રિયનો દાસ બની જીવે છે, જ્યારે મહાપુરુષો ઇન્દ્રિયોને પોતાનો દાસ બનાવીને જીવે છે. આપણો પણ એવો પ્રયત્ન હશે તો ધીમે ધીમે આપણી અંદર પણ એ શક્તિ પ્રગટશે જ. વાસણને ચળકતું રાખવા એને ઘસવું પડે છે. કાટવાળા વાસણને ચળકતું રાખવા માટે જેટલી શક્તિ વાપરવી પડે છે, એના કરતાં વધુ શક્તિ આપણા મનને ઊજળું બનાવવામાં વાપરવાની જરૂર છે.

કોઈ માણસ જન્મથી મહાન હોતો નથી. પોતાના પુરુષાર્થથી એ મહાન બને છે. અંતરનાં અજવાળાં જીવનમાં બહાર લાવવા માટે આપણે આ પ્રયાસ કરવાનો છે.

મનુષ્યમાત્ર ટેવને આધીન છે. જેવી સંગત–સોબત હોય છે એવી એની ઉપર અસર થાય છે. જીવનનું જ્ઞાન મેળવવા, આત્માની અનંત શક્તિ પામવા માટે પણ એવી

ટેવ પાડવી જરૂરી છે. એ ટેવની પાછળ માણસને જ્યારે ધૂન લાગે છે ત્યારે એને એમાં વિજય જરૂર મળી શકે છે.

આપણે સ્પષ્ટતાથી સમજી લેવું ઘટે કે દેહથી આત્મા ભિન્ન છે. દેહ અને આત્મામાં સામ્ય નથી. સુંદર નિમિત્ત મળતાં અંતરનાં દ્વાર ઊઘડી જાય છે, પોતાના સાચા સ્વરૂપની એને પિછાન થાય છે. અને તે જાણે છે કે પોતે જ શક્તિનો સ્વામી છે. પછી એ પોતાની ઇન્દ્રિયોથી દોરાતો નથી, પણ ઇન્દ્રિયોને પોતે દોરે છે. અપાર એવા આ ભવસાગરમાં પોતાના આત્માની ખરી ઓળખાણ કરાવે એવો માનવજન્મ અત્યંત દુર્લભ છે એમ સમજાય છે.

ધર્મરૂપી રત્નથી જ માણસ આવો મહાન બની શકે છે. પૈસા વગરનો ગરીબ માણસ જેમ હીરા, પન્ના ખરીદી શકતો નથી તેમ, ગુણ વગરનો નિર્ધન પણ ધર્મ-રૂપી રત્ન મેળવી શકતો નથી. જે આત્માની પાસે ગુણોની મૂડી, વિવેકનો ખજાનો અને પુણ્યનો ઉદય હશે તે જ આ 'ધર્મરત્ન'ને સમજી શકશે.

દુનિયામાં આવું પ્રકાશમય તત્ત્વ છે અને માણસ જ્યારે એ પ્રકાશમય તત્ત્વની શોધ કરવા ઇચ્છે છે ત્યારે તેની પાસે બુદ્ધિ, ગુણ અને પુણ્યનો વૈભવ આવશ્યક છે.

કહેવાય છે કે ચિંતામણિ રત્ન બધા હીરાઓમાં સૌથી વધુ મૂલ્યવાન છે. એની પાસે બધા હીરા અને ઝવેરાત નકામાં છે. માનવજીવનમાં ધર્મરૂપી રત્નનું સ્થાન પણ અમૂલ્ય ચિંતામણિ રત્ન જેવું ગણવાનું છે.

દુનિયાની સામાન્ય વસ્તુની પ્રાપ્તિ માટે પણ જેમ

ઇચ્છા અને સંકલ્પ-બળની જરૂર પડે છે, તેમ આ અમૂલ્ય 'ધર્મ-રત્ન' પામવા માટે પણ ઇચ્છા-શક્તિ વાપરવાની જરૂર છે. ઇચ્છા અને સંકલ્પ-બળ બેઉ સાથે નહીં વાપરો તો એકલી ઇચ્છા ફળશે નહીં, વિજય મળશે નહીં.

દુનિયામાં માણસ જો આવી ઇચ્છા-શક્તિ કેળવે તો તેને કશું અપ્રાપ્ય રહેતું નથી; માગેલું મળ્યા વગર રહેતું નથી. જેટલા પ્રમાણમાં આત્માની આ ઇચ્છા-શક્તિ પ્રબળ, તેટલા પ્રમાણમાં એને સફળતા જરૂર મળવાની. આત્મા શક્તિમાન છે, માણસ ધારે તો એના બળ વડે તીર્થંકર બની શકે છે.

પણ આ માટે પાત્રતા જોઈએ. ભરવાડને ચિંતામણિ રત્ન મળ્યું હતું, પણ એનું મૂલ્ય એ ન સમજ્યો અને કાગ ઉડાડવા ફેંકી દીધું. માનવતાનો આ એક વર્ગ; પણ કેટલાક જયદેવ જેવા પણ હોય છે, જે સર્વસ્વનો ત્યાગ કરી આરાધના કરવા માંડે છે, અને ધર્મરત્ન પામે છે. આપણે સૌએ ભરવાડ જેવા નહીં, પણ જયદેવ જેવા થવાનું છે. જીવનમાં આપણે એવી સાધના અને આરાધના કરીએ કે જેથી આ ધર્મરત્નની આપણને પ્રાપ્તિ થાય અને માનવજીવન ધન્યતાપૂર્વક સાર્થક થઈ જાય.

*

[૫]

ગંભીરતા

જીવનમાં ધર્મરૂપી રત્ન મેળવવા ઇચ્છનારે, એ મેળવવાની વૃત્તિ ઉપરાંત પોતાની શક્તિ અને યોગ્યતાનો પણ વિચાર કરવો જોઈએ. આધ્યાત્મિક જીવન માટે અલૌકિક મૂડીની જરૂર રહે છે. જેની પાસે જીવનના આવા સદ્‌ગુણોની મૂડી ન હોય, તે જો અધ્યાત્મજીવનની વાતો કરે તો એ પોતાની જાતને તેમ જ સમાજને છેતરે છે.

ધર્મી આત્માએ જીવનમાં ૨૧ ગુણો કેળવવા જોઈએ. ઘણાખરા માણસો જીવનમાં વધુ પડતા તો કલ્પનામાં જ ઊડનારા હોય છે અને વાસ્તવિકતામાં તેઓ શૂન્ય હોય છે. આવા વેશધારી માણસો આજે જીવનના ઉચ્ચ ધોરણને નીચે પાડી રહ્યા છે.

ધર્મ પાળનારો માણસ, પ્રથમ તો અક્ષુદ્ર હોવો જોઈએ; એના જીવનમાં ગંભીરતા હોવી જોઈએ. જેના જીવનમાં, જેની બુદ્ધિમાં ઉતાવળિયાપણું હોય છે તે ધર્મનો પાલક નથી બની શકતો. માણસે પ્રથમ જીવનમાં પચાવવાની શક્તિ કેળવવાની જરૂર છે. કેટલીક વાતો એવી

હોય છે કે જે વિચારીને પછી જ બોલવી જોઈએ. સત્ય હોય છતાં એને પચાવી પછી જ રજૂ કરવાનું છે. આપણી પાસેની વાતો આપણે વિચાર અને વિવેકના ગળણાથી ગાળી, પછી જ બીજાને જણાવવાની છે.

કેટલાક જણ પોતાને શંકરના ભક્ત કહેવડાવે છે. પણ શંકર એટલે? જે બીજાનું શમ્-ભલું કરે છે તે શંકર. જે માણસ જીવનમાં ઝેર પચાવી શકે, એ શંકરનો સાચો ભક્ત બની શકે. એણે સદાય સમતા ધારણ કરવી જોઈએ. જે ઝેરને પચાવીને દુનિયાને અમૃત આપે છે તેનું નામ શંકર. આપણે આપણી જાતને ભક્ત કહેવડાવતાં પહેલાં એના ગુણો જીવનમાં લાવીએ.

જીવનમાં આપણે પાર વગરની સારી-નરસી વાતો સાંભળીએ છીએ; એટલે માણસે વિચાર કરી, જ્ઞાનથી નિર્ણય કરવો જોઈએ.

એકની એક દવા એક માટે અમૃત બને છે તો બીજા માટે ઝેરરૂપ થઈ છે. માટે સાંભળેલું હોય તે ગળી જઈને પછી વિવેકથી શબ્દોમાં પ્રગટ કરવાનું છે. આ માટે ગંભીરતાથી ક્યારેક પરહિત ખાતર જાણ્યું ન જાણ્યું પણ કરવું પડે છે.

વાણી અને દૃષ્ટિની ગંભીરતા સાથે, હૃદય સાગર જેવું વિશાળ જોઈએ. દુનિયા ગોળ છે અને તેથી તમારી વાતો ફરી ફરીને પાછી તમારી પાસે આવશે. માટે બોલતાં પહેલાં વિચારવું કે જે વાત કોઈને માટે કહું છું, તે વાત ફરતી ફરતી તેને કાને જશે તો તે તેને

કેવી લાગશે? મારે માટે તે શું ધારશે? આમ વિચારીને જે વાણી ઉચ્ચારે છે તે જ મનુષ્ય બની શકે છે.

કોઈ પણ શબ્દ, વગર વિચાર્યે બોલવો ન જોઈએ, નહીંતર ક્યારેક એમાંથી કલહ જાગે. દરેક શબ્દ તમે કયા સંજોગોમાં, કયા રૂપમાં બોલો છો એના ઉપર પણ ઘણો આધાર રહે છે. તમારી પુત્રવધૂ માટે તમે એમ કહો કે "એ મોટા ઘરની છે," એટલે એ ખાનદાન કુટુંબની અને સદ્‌ગુણી છે, એમ પણ અર્થ થાય; અને એ કામની ચોર છે એમ પણ અર્થ ઘટાવાય. પણ માણસ જો સમજણપૂર્વક વિચારે અને ઉચ્ચારે તો જીવનના આવા ઘણા કોયડા ઉકેલાઈ જાય.

ગમે તેવી વાત હોય તોપણ તેને એવા સારા રૂપમાં મૂકવી જોઈએ કે જેથી કોઈને નુકસાન ન થાય, દુઃખ ન થાય. સત્ય બધું જ બોલી નાખવું, એવી બાધા ન હોય. જૂઠું બોલવું નહીં, એ બાધા વધુ જરૂરી છે. વાત કરતી વખતે જાણતા હોઈએ તે બધું સત્ય કહી દેવાની જરૂર નથી; એમાં સંયમ, વિનય અને વિવેક વાપરવો જોઈએ. અને જે બોલીએ તે મીઠું, સારું, સાચું અને બીજાને લાભદાયી હોવું જોઈએ.

જૂના કાળમાં રાજાઓ પાસે એને દોરનાર, માર્ગદર્શક એવા ગુરુઓ અને મહાપુરુષો હતા. પણ પછી રાજાઓએ એ માર્ગદર્શન મેળવવાનું છોડ્યું. તેથી કેટલાક પશુતાની પરાકાષ્ઠાએ પહોંચ્યા અને તેમનું પતન થયું. આવા સમયના નવાબનો એક પ્રસંગ છે.

પરદેશી પાર્લમેન્ટનો એક સભ્ય ભારતીય રાજ્ય-

પદ્ધતિનો પરિચય સાધવા માટે અહીં આવ્યો હતો એ નવાબના દરબારમાં ગયો. નવાબમાં ઝાઝી બુદ્ધિ ન હતી પણ એનો દુભાષિયો ભારે હોશિયાર હતો, કુશળ હતો.

નવાબ તો એની ધૂનમાં હતો પણ ભારતની આબરૂ રાખવાનું કામ પેલા દુભાષિયાના હાથમાં હતું. પેલો નવાબ તો "તમારે ત્યાં તમારો રાજા કેટલી રાણીઓ–બેગમો રાખે છે? એને છોકરાં કેટલાં છે?" આ પ્રશ્નો પૂછે, પણ દુભાષિયો એને બદલે નવા જ પ્રશ્નો રજૂ કરે છે. તમારી ધારાસભામાં કેટલા સભ્યો છે? મતદાનમાં સ્ત્રીઓનો અધિકાર ખરો કે? અને અતિથિને જ્ઞાનભર્યા જવાબ આપે છે, ભારતની પ્રશંસા વધારે છે. આમ દુનિયાની ઊંધી વાતોને સીધી કરે તેનું નામ ડાહ્યો માણસ. જે માણસો બીજાને વાત કરતાં આગ ચાંપતા જાય, તેવાઓ ધર્મના જીવન માટે લાયક નથી.

માટે જીવનનો પ્રથમ આવશ્યક ગુણ એટલે ગંભીરતા અને તેની કેળવણી. ઉતાવળા મનનો માણસ બોલીને પોતાને અને બીજાને નુકસાન કરે છે. કોઈની વાત એની સંમતિ વગર બીજાને કહેવામાં વિશ્વાસભંગ રહેલો છે. જે માણસ કુટુંબમાં, સંસારમાં અને જીવનમાં આવી ગંભીરતા રાખીને વર્તે છે તે જ માનવતાનાં સોપાન ચડી શકે છે.

*

[૬]

ગંભીરતા દ્વારા આત્મદર્શન

ધર્મપ્રાપ્તિના અધિકારી થવા માટે માણસમાં કેવા સદ્‌ગુણો હોવા જોઈએ એની આપણે ચર્ચા કરી રહ્યા છીએ. ધર્મ પોતે એક ઉદાત્ત વસ્તુ છે પણ એ જે માણસની પાસે આવે છે એ માણસ ગુણવાન ન હોય તો જગતને એ છેતરવા મંડી જાય છે. પોતાના જીવનની નબળાઈઓ છુપાવવા, માણસ ધર્મની ઓથ લે છે. જે માણસ ધર્મનું નામ લઈ પોતાના દુર્ગુણોનો નાશ નથી કરતો એ માણસ ધર્મને નામે દંભ સેવે છે; ધર્મને લજવે છે. એવા દંભીઓ ધર્મને બદનામ કરે છે.

સોનાને જેમ પારખવું પડે છે તેમ માણસનેય ચકાસવાની જરૂર રહે છે. જો માણસ એના સોનાને કસોટી ઉપર ચઢાવવાની, એને કાપવાની કે તપાવવાની ના પાડે તો સમજવું કે એનું સોનું અશુદ્ધ હોવાનો સંભવ છે. સોનાની જેમ, ધર્મી માણસમાં પણ ધર્મનો સાચો અંશ કેટલો છે તે જાણવા એવી કસોટી ક્યારેક કરવી પડે છે.

ધર્મ, માણસને દેવ બનાવી શકે છે. માનવીમાં

રહેલી પશુતામાંથી એ ધર્મથી જ દિવ્યતામાં આવે છે, પણ આ ધર્મ એના આખા જીવનમાં વ્યાપક બનવો જોઈએ.

ક્ષુદ્ર એટલે અગંભીર — જેની સમાલોચના, અવલોકન કે દૃષ્ટિબિંદુ છીછરાં છે, જે માણસ જીવનના ઊંડાણમાં ઊતરતો નથી એને જીવનનું ખરું રહસ્ય સમજાતું નથી. ઘણા લોકો માત્ર ઉપર ઉપરથી જ પાણી ડહોળે છે; પણ મોતી લાવવા માટે તો મરજીવાએ સાગરને તળિયે જવું પડે છે. ગંભીરતા માણસની પાસે જીવનનાં સાચાં મૂલ્યોનું પાલન કરાવે છે. એ ગંભીરતા ન હોય તો માણસ સત્તા અને ધનને ખાતર, સત્યને અને પોતાની જાતનેય વેચવા તૈયાર થઈ જાય છે; ભૌતિક સુખ મેળવવા માટે એ જીવનનાં મૂલ્યોને વેડફી નાખે છે.

આ ધર્મ બોલવા માટે નહીં, પણ આચરવા માટે છે. કારણ કે ધર્મના બાહ્ય દેખાવો જીવનને તારી નહીં શકે. માણસની આંખ મૃત્યુ તરફ ઢળવા માંડે છે ત્યારે તેને આશ્વાસન આપી શકે એવું એક જ તત્ત્વ છે, અને તે ધર્મ.

માણસની અંદરની સ્થિતિના હજી ફોટા લેવાતા નથી ત્યાં સુધી ઠીક છે. કારણ કે આપણે બહારથી જેવા દેખાઈએ છીએ એના કરતાં અંદરથી જુદા જ હોઈએ છીએ. માણસ જો સામાનું અંતર જોઈ શકતો હોત તો માણસ માણસની પાસે ન જાત. સારું છે કે હજી આવી શોધ થઈ નથી અને તેમાં જ જગતનું શ્રેય છે.

ક્રોધ અને લોભ વગેરેના રંગો અને તેની થતી અસરો, લેશ્યાને નામે ભગવતી સૂત્રમાં બતાવી છે; અને

ધ.—૩

આધુનિક રીતે એ જ વાતને બિશપ લેડબીટર નામના એક અભ્યાસીએ ચિત્રોમાં બતાવેલ છે. માણસના મનની અંદર જ્યારે લોભના વિચારો સળવળી રહ્યા હોય છે ત્યારે તેનાં આંગળાં મડદાની માફક વળી જાય છે. આ બધી મનની લેશ્યાઓનો, વિજ્ઞાનની દૃષ્ટિએ અભ્યાસ કરવાની જરૂર છે.

સ્વાર્થથી મન દંભી અને લુચ્ચું બની જાય છે. એક જણ પિત્તળના કડા ઉપર સોનાનો ગિલેટ કરાવી સોના તરીકે વેચવા નીકળે છે. તો બીજો, પાણીના માટલામાં, ઉપર ઘી તરતું રાખી ઘીના ઘડા તરીકે વેચવા નીકળે છે. આ આપણો સંસાર!

અને આવું અસત્યમય જીવન ગાળનાર માણસને જ્યારે સમાજમાં આગળ વધવાનું મન થાય છે ત્યારે તે ભક્ત બની સત્યનારાયણપૂજન કે શાંતિસ્નાત્ર કરાવવા મોહમય નગરીમાં વસતા સાધુ પાસે જાય છે. હા, દુનિયાને ખરું સત્ય ગમતું નથી. પણ જ્યાં સુધી સત્યનું દર્શન નહીં થાય ત્યાં સુધી કલ્યાણ શક્ય નથી.

જીવનનું ખરું દર્શન, ગંભીરતા વિના પ્રાપ્ત થઈ શકતું નથી. મસ્ત કવિ આનંદઘનજીની ભક્તિમાં એ તત્ત્વ હતું. એ ભગવાનનાં ગીતો ગાતા અને એમની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી. એમને સાંભળનાર પણ ભક્તિમાં તલ્લીન થઈ જતા. જેમ દૂધને મીઠું બનાવવા માટે સાકરના ગાંગડાએ ઓગળી જવું પડે છે તેમ ધર્મમાં પણ જ્યાં સુધી આપણે તન્મય થઈ ઓગળી ન જઈએ ત્યાં સુધી જીવનમાં મીઠાશ આવવાની નથી.

આ યોગીરાજ શ્રી આનંદઘનજીનાં ગીતોમાં આત્માનું દર્શન છે અને તેથી એ વિશ્વને ભૂલી જઈ એમાં મગ્ન હતા. એ જ રીતે માણસ જ્યારે એના કાર્યમાં મગ્ન બની જાય છે ત્યારે એનું કાર્ય જ એનું ગીત બની જાય છે.

માનવજીવન એટલે પરમાત્મમિલનની યાત્રા. મળવા નીકળ્યા પછી સ્થળ અને સમયનાં બંધન શાં? ભેદભાવને ભૂલીને માણસે એકાગ્રતા કેળવવાની છે. જ્યારે સ્થળ-કાળ અને વસ્તુ(Space, Time and Matter)ના પડદાઓ હટી જાય છે ત્યારે આત્મા અને પરમાત્માનું આવું મિલન થાય છે.

ભગવાનને મળવું એટલે અહંનું ઓગળવું. પ્રભુ કરતાં વધુ આત્મીય આ જગતમાં આપણું બીજું કોણ છે? દુનિયા જ્યારે આપણાં આંસુની ટીકા કરશે, એની તરફ હસશે ત્યારે અંદરનો પ્રભુ એક જ, એ રુદનને સમજશે અને તમને શાંતિ આપશે.

જ્યારે માણસ પોતાના અહંને ભૂલી જાય છે અને આત્મામાં તલ્લીન થાય છે ત્યારે જ એને આત્માનંદ મળે છે. અકબરે એક વાર હરિદાસને એના દરબારમાં બોલાવ્યા. હરિદાસે પણ ત્યાં એના દિલના મસ્ત સૂરો છેડ્યા અને સર્વત્ર આનંદ પ્રગટી ઊઠ્યો. પણ કોઈને એ સાંભળી આહ્લાદનાં આંસુ ન આવ્યાં.

અકબરે હરિદાસને આનું કારણ પૂછ્યું: "એ દિવસે મેં આપને જંગલમાં ગાતા જોયા ત્યારે તો તમારી આંખમાંથી પ્રેમની આંસુધારા વહેતી હતી; આજે આમ કેમ?" ત્યારે એણે જવાબ આપ્યો, "હું મારા પ્રભુને

રીઝવતો હતો ત્યારે મારા અંતરમાં વિરહનાં આંસુ હતાં, પણ આજ તો હું જગત અને બાદશાહને રીઝવું છું એટલે માત્ર આનંદ જ હોય.”

આત્માના આ જ્ઞાનની ભાષા મૌન છે. જીવનના, અંતરના ઊંડાણને પારખવા માટે માણસમાં ગંભીરતા જોઈએ. પોતાની જાતને વેચનાર આજે કદાચ હસશે પણ કાલે એ રડવાનો છે. આનંદથી મળતી વસ્તુ આંસુથી મૂલવવી પડે છે. જીવનની મહત્તા લેવામાં નહીં, પણ એના ત્યાગમાં રહેલી છે. આત્મજ્ઞાની કરતાં વધુ ધનિક કોઈ પણ વસ્તુ નથી. ક્ષુદ્રતાનો પરિત્યાગ એટલે ગંભીરતા.

આત્માને પામવા માટે આવી ગંભીરતા જોઈએ. જે માણસ દુન્યવી સુખોથી વેચાઈ જતો નથી તે જ ખરો મહાન છે. જે ખરીદાઈ શકાતો નથી તેના જીવનમાં ગંભીરતા વ્યાપેલી હોય છે. જીવનનાં પ્રલોભનો સામે ઊભા રહેવાની શક્તિ એનામાં આવે છે. જીવનનાં ઘર્ષણોમાંથી જીવનનું નવનીત એવાને જ મળી શકે છે.

[૭]

ક્ષુદ્રતાનો ત્યાગ

ક્ષુદ્રતા અને ગંભીરતા એ બેનો નિષેધ અને વિધેય આપણે સમજવાનો છે. જીવનમાં ક્ષુદ્રતાનો પરિત્યાગ કરવાનો છે અને ગંભીરતાને ધારણ કરવાની છે. દુનિયામાં કોઈ સ્થાન ખાલી રહી શકતું નથી. એટલે ક્ષુદ્રતાનો ત્યાગ કરી, એની જગ્યાએ આપણે ગંભીરતાને જગાવવાની છે. કાગડાને કાઢી, એની જગ્યાએ રાજહંસને બેસાડવાનો છે.

ગંભીરતાવાળો માનવી જ દુનિયામાં સાચું માન મેળવી જાય છે. બાકી તો નાની નાની બાબતોમાં કલેશ કરનારા લોકો, ઓગણત્રીસ દિવસનો સ્વજનનો પ્રેમ એક દિવસમાં બગાડી નાખે છે. આને બદલે જ્યારે માણસ બીજાની કોઈ પણ ભૂલને ચલાવી લેવાની ગંભીરતા કેળવે છે ત્યારે એ જીવન તરફ જઈ શકે છે. ક્ષુદ્રતાથી તો માણસ જીવનના પ્રત્યેક પ્રસંગે દુ:ખી બને છે, નાનો બનતો જાય છે; જ્યારે ગંભીરતા આવતાં માનવી વિકાસ પામે છે, આગળ વધે છે.

કોઈએ એને બરાબર આવકાર ન આપ્યો હોય

તો માનવીનો મન-સ્વભાવ બગડી જાય છે. એના નાનકડા મનમાં ક્રોધની જ્વાળા ફેલાવા માંડે છે અને તરત જ એ ગમગીન બની જાય છે. પરિણામે, મનનું ક્ષેત્ર આમ સંકુચિત બનતાં, એમાં આનંદ સમાઈ શકતો નથી. આનંદને સમાવવા માટે મન અને હૃદયનું સ્થાન – પાત્ર વિશાળ જોઈએ.

આ માટે 'વીસરી જાઓ અને ક્ષમા આપો' (Forget & Forgive) એ મંત્ર ખૂબ જ સહાયક બની શકે. પણ આ ક્યારે બને ? જીવનમાં ખરી ઉદારતા હોય ત્યારે. પણ જેના મનમાં ગાંઠો બંધાઈને પડી હોય એના મનમાં આવા આનંદનો અવકાશ ક્યાંથી હોય? ખરી રીતે જોશો તો દુનિયામાં જેટલું દુઃખ દેખાય છે એટલું છે જ નહીં; મનુષ્ય જ એને ઊભું કરે છે અને જાતે દુઃખી થાય છે. વધુ ખાવાના લોભથી માણસ પેટ બગાડે છે અને પછી દુઃખ અનુભવે છે. એમ જ ગંભીરતાને કાઢી, ક્ષુદ્રતાને ભરીને એ દુઃખ અનુભવે છે. માટે કહ્યું છે કે 'મનમાં (જ્ઞાન) વધુ ભરો અને પેટમાં (અન્ન) ઓછું ભરો.' આમ સારા વિચારો અને ચિંતનો મગજમાં રમતાં હોય તો આપણે જ્યારે બોલીએ ત્યારે આપણી વાણીમાંથી પણ સારા વિચારો અને સારી ઉપમાઓ જ બહાર આવશે.

આપણે એવા ઘણા માણસોને જોઈએ છીએ જે ભુલાઈ ગયેલી નકામી વાતોને યાદ કરી પોતાની જાતને દુઃખમાં મૂકે છે. ખરી રીતે તો માણસે એવી વાતો ઉપર ધૂળ નાખી દેવી જોઈએ. જે વસ્તુ આંખને રોચક નથી તેવી વાતો ઉપર કાળની ધૂળ નાખી, એને ભૂસી નાખવી

ઘટે. આમ, જે માણસ કટુ અને ખરાબ વાતને ભૂલી શકે છે તે જ ખરો ભાગ્યશાળી છે. જૂનો ઘા રૂઝાવાની તૈયારીમાં હોય અને એને ઉઘાડયા કરો તો એ ઘા ફરીથી તાજો થાય છે અને પછી કોઈ દવા એને કાર કરતી નથી. આવી જ રીતે, જીવનની ભૂલવા જેવી વાતોને, ફરીફરીને સ્મરવાથી અંદરનો ઘા વધતો જાય છે અને માણુસ વધુ ને વધુ દુઃખી બનતો જાય છે. આવાં જાતે ઊભાં કરેલાં દુઃખોથી છેવટે માણુસનો આત્મા રીઢો બની જાય છે અને પરિણામે જ્ઞાનીઓનાં અમૃત જેવાં વચનો પણ એના આત્માને કાંઈ જ અસર કરી શકતાં નથી.

સામાને ક્ષમા આપવી એ સુંદર ગુણ છે. કોઈ સૂતો હોય અને કૂતરું આવી એનું મોં ચાટી જાય તો 'જેસાકુ તેસા' કરીને એ શું એનું મોં ચાટવા જશે? કોઈ માણુસ આપણી સાથે અસભ્યતા દાખવે ત્યારે એનો પ્રત્યુત્તર વાળવાને બદલે એને માફ કરીએ ત્યારે એમ જ સમજવું કે જેનામાં જેટલી બુદ્ધિ હોય એ પ્રમાણે એ વર્તે. એ વખતે આપણો ધર્મ, શઠ પ્રત્યે શઠ થવાનો નથી, ખરાબની સામે ખરાબ થવાનો નથી, પણ આગ સામે પાણી થઈ, એને ઠારવાનો છે.

બિનઅક્કલવાળો માનવી હોય તો એની પાસેથી શી અપેક્ષા રાખી શકાય? એની પાસે જે છે જ નહીં તે એ આપણુને આપશે ક્યાંથી? આને બદલે એને સમજવા પ્રયાસ કરીએ, એના પ્રત્યે કરુણાની ભાવના રાખીએ.

મોટો માણુસ નાની નાની વાતમાં હેરાન થઈ રહ્યો છે. એની કોઈ ટીકા કરે છે ને એ દુભાઈ જાય છે,

વિષાદમાં દુઃખી થાય છે. પણ તે વખતે એ વિચારે કે હું એવો છું? જો એવો હોઉં તો એનો આભાર માનું અને સુધરું અને જો હું એવો ન હોઉં તો પછી ચિંતા કરવાની શી જરૂર છે? એવી નકામી વાતો મનમાં ભરીને મનને તંગ શા માટે બનાવવું?

આ સમજવા માટે જીવનમાં ગંભીરતા જરૂરી છે. એ આવશે ત્યારે એની સાથે બે ગુણ જાગશે: સૂક્ષ્મ બુદ્ધિ અને ક્ષમા આપવાની શક્તિ.

એક માણસે એક વાર બાધા લીધી કે રોજ સાધુની સેવા કર્યા પછી જ ખાવું. દરરોજ એ કોઈ સાધુને શોધી લાવે, એની સેવા કરે અને પછી જમે. એક દિવસ એ આખા ગામમાં ફર્યો પણ જેની સેવા કરવી પડે એવો કોઈ સાધુ એને ન મળ્યો. તે દિવસ એને વાંઝિયો લાગ્યો, અને બબડવા લાગ્યો:

'ભગવાન! આજે મારી સેવા લેવા એકેય સાધુ માંદા ન પડ્યા? મારી કેવી કમદશા! હવે હું કોની સેવા કરું?'

તમે જોશો કે એની પ્રતિજ્ઞા તો (માંદા) સાધુની સેવા માટેની હતી અને એ રીત સારી હતી પણ એનામાં બુદ્ધિની સૂક્ષ્મતા ન હતી એટલે સેવાને માટે એણે સાધુની માંદગી ઇચ્છી. આવો માણસ બીજા પર ભલાઈને બદલે બૂરાઈ કરી બેસે છે. એટલે માણસમાં ગંભીરતા આવે ત્યારે સાથે સાથે આવી સૂક્ષ્મ બુદ્ધિ આવવી જરૂરી છે. ધર્મનું આ પ્રથમ પગથિયું છે.

*

[૮]

સંપૂર્ણ અંગોપાંગ

ધર્મનું બીજું સોપાન છે, સંપૂર્ણ અંગોપાંગ: જેની પાંચેપાંચ ઇન્દ્રિયો સંપૂર્ણ હોય, જેના શરીરનું બંધારણ વ્યવસ્થિત હોય, તેને ધર્મનું પાલન કરવું સરળ બને છે. એવો આત્મા ધર્મમાં જલદી આગળ વધી શકે છે. એટલે આવશ્યક ગુણોમાં સંપૂર્ણ અંગોપાંગને પણ સ્થાન અપાયું છે.

માણસ મૂંગો હોય તો અંતરના ભાવો વ્યક્ત ન કરી શકે. એટલે જેને ધર્મ પાળવો છે, એણે પોતાની બધી ઇન્દ્રિયોને સુવ્યવસ્થિત રાખવી જોઈએ. એ ઇન્દ્રિયોથી જેટલા આપણે પરાધીન, એટલા આપણે દુઃખી થવાના. એટલા માટે માણસે પોતાની બધી પ્રવૃત્તિઓ જાતે જ કર્યા કરવી જોઈએ. જો એ ટેવ છૂટી જાય, તો શરીર અકડાઈ જાય અને પછી રિબાઈ રિબાઈને મરવું પડે. માટે શરીરથી આપણે જેટલા સ્વતંત્ર, એટલા આપણે વધુ સ્વાધીન, એમ સમજવું. આ માટે સદાય કામ કરતા રહેવુ. પંચેન્દ્રિય સુંદર અને સ્વસ્થ રાખવી અને જીવનમાં સંયમ રાખવો તો આપણું જીવન સુંદર બનશે. ધર્મી માણસ માટે આ કાર્ય અનિવાર્ય છે.

શરીર આમ સુંદર હોય પણ એની સંગે એ સુઘટ્ટ–સાશ બાંધાનું જોઈએ. જો શરીરનું બંધારણ સરસ ન હોય તો એ આરાધના બરાબર નહીં કરી શકે, તપ અને સેવા નહીં કરી શકે. એવો માણુસ જો તીર્થયાત્રા કરવા નીકળશે તોય એણે ડોળીવાળાને તકલીફ આપવી પડશે.

આ માટે જ્ઞાનીઓએ કહ્યું છે કે आरुग्ग बोहिलाभो 'શરીર અને મનનું સ્વાસ્થ્ય એ જ જીવન છે; મન અને દેહ-સ્વાસ્થ્યની નિર્બળતા એ મૃત્યુ છે.' માટે આ શરીર પ્રત્યે આપણાથી બેકાળજી સેવી શકાય નહીં. જે માણુસ આવી કાળજી નથી રાખતો તે પાછળથી પસ્તાય છે.

તપ એ જિંદગીરૂપી યંત્રમાં તેલસિંચનનું કામ કરે છે; એ ઉપયોગી છે. આ પ્રમાણે ઉપવાસ પણ શરીર અને મનને નીરોગી રાખવામાં સાધનરૂપ બને છે. આજે તો હવે નેચરોપથીએ પણ બતાવી આપ્યું છે કે જીવનના અનેક રોગો મટાડવામાં આવા ઉપવાસ સહાયરૂપ બને છે.

ધર્મની આવી સાધના માટે આસન–સ્થાન અડોલ રહેવું જરૂરી છે. આ શક્તિ જ્યારે આવે ત્યારે માણુસ માયાનાં પ્રલોભનો સામે પણ અડગ રહી શકે. શરીર સશક્ત હોય તેની સામે મનને પણ સશક્ત કરવાનું છે, અને અંગની પૂર્ણતા સાથે મનની પૂર્ણતા પણ કેળવતા રહેવાનું છે.

ઇન્દ્રિયો જો પૂર્ણ હોય તો આપણી પરાધીનતા ઓછી થઈ છે. માણુસનાં અંગોપાંગ અખંડ ન હોય તો તેની હેરાનગતિને લીધે તે શાંતિથી ધર્મ કરી શકતો નથી.

બીમાર પોતે તો હેરાન થાય છે પણ બીજા પર બોજ બની સામાને પણ દુઃખી કરે છે.

બીજી એક વાત પણ ધર્મી થનારે યાદ રાખવાની છે અને તે એ કે આત્મા શરીરથી જુદો છે, એ વાત ખરી, પણ જ્યાં સુધી તે શરીરમાં વસે છે ત્યાં સુધી શરીર એનો રથ છે, ઇન્દ્રિયો તેના અશ્વ છે અને સારથિ અને આત્મા એનો સ્વામી છે. આ શરીર તારક પણ બની શકે છે અને મારક પણ બની શકે છે. દરેક સાધનમાં આમ લાભ અને નુકસાન બેઉ રહેલાં હોય છે.

નફો અને નુકસાન તો દરેક વસ્તુમાં હોય છે. માણુસ જો એના શરીરને દુરાચારમાં વાપરી નાખે તો તે આત્માને ડુબાડી પણ દે અને સદુપયોગ કરે તો જીવન તરી જાય. આંખો પ્રભુનાં નિર્મળ દર્શન કરવા માટે આપણને મળી છે. નિસર્ગમાંથી સારાં સારાં દશ્યો જો આંખો જુએ તો એને લાભ થાય.

આંખનો સ્વભાવ જોવાનો છે. એ જોયા વિના રહેવાની નથી તો ભલે જુએ, પણ એની છાપ મન પર પડવા દેવી કે નહીં તેનો વિવેક તો માણુસે જ કરવાનો છે. ધર્મી થવું એટલે દુઃખી થવું, કે આંખ બંધ કરીને ચાલવું, કે સુંદરતાના દુશ્મન બનવું એવું તો નથી જ. ધર્મી આત્મા તો સદા પ્રસન્ન હોય. તે સદા યોગનો આનંદ માણી રહ્યો હોય છે. આવો નિર્દોષ આનંદ જ્યાંથી મળે ત્યાંથી લો. જે આત્માનું સુખ માણે છે તે જ ખરો ધર્મી માણુસ.

બાળકની જેમ માનવીએ નિર્દોષતામાં જીવવાનું છે. ધૂળમાં રમતું બાળક, ધૂળનો કંસાર પીરસી આનંદ અનુભવે છે. માનવીનો ભોગ પણ બાળકના આ ધૂળના કંસાર જેવો છે. ફેર માત્ર એટલો છે કે ધૂળમાંથી બનાવેલો મહેલ તૂટી જતાં બાળક આનંદ પામે છે, જ્યારે આસક્તિવાળા માનવીનું ઘર ભાંગી જાય છે ત્યારે એ રડવા બેસે છે.

માનવીનો આનંદ અસ્થાયી છે, કારણ કે એ લોભમાં સંડોવાયેલો છે. એને મન દુનિયાની બાહ્ય વસ્તુઓમાં આનંદ પડેલો હોય છે. આ એક ભ્રમ છે. આ ભ્રમને પણ ઘણા જ્ઞાન માને છે. તેઓ જ્ઞાનમાં અપૂર્ણ છે.

સોનું બહુ કિંમતી છે પણ વાસ્તવિકતામાં એની કિંમત શૂન્ય છે. રણમાં તરસ કે ભૂખ લાગી હોય તો પાણી કે રોટલો હોય તો જિવાડે. સોનું ત્યાં શું કામ લાગે? મહમદ ગીજનીના માણસો સોનું હોવા છતાં પાણી વિના રણમાં મરી જ ગયા ને! સૂવા માટે લોખંડનો પલંગ કામ લાગે છે, પણ સોનાની પાટ કામ લાગતી નથી. સોનાની પાટ પર સૂતેલાને રાત્રે શાંતિથી ઊંઘ પણ આવે કે?

આપણા જીવનમાં મોહનો એવો એક થર લાગ્યો છે કે જ્ઞાનનાં કિરણો, આપણી અંદર બેઠેલા આત્માને પહોંચી જ શકતાં નથી. જે પદાર્થોને અડતાં સંકોચ જાગે એવા પદાર્થોમાં માણસ આજે રાચે છે, સુખ માને છે. જ્યારે આપણાં અંતરચક્ષુઓ ઊઘડશે ત્યારે એને ખરા સ્વરૂપમાં જોવાની આંતરદૃષ્ટિ મળશે.

પૈસો જીવનમાં ઘણી વાર દુઃખ અને દંભ લાવે છે. પૈસો આવે એટલે ધર્મ આઘો રહી જાય છે. પૈસો માણસને ભાગ્યે જ પુણ્યના પંથે લઈ જાય છે. પૈસો તો માનવીને ઘણી વાર વિવેકશૂન્યતા તરફ પણ ધકેલી દે છે અને આત્માની અધોગતિ કરાવે છે. માટે જેને પાંચે ઇંદ્રિયોની પૂર્ણ પટુતા, ધનસંપત્તિ મળ્યાં હોય તેણે વિવેકથી વર્તવાનું છે, અને તેમ થાય તો સંપૂર્ણ અંગોપાંગ એ પણ સહાયક ગુણ છે.

*

[૯]

પ્રકૃતિ-સૌમ્યત્વ

પ્રકૃતિ-સૌમ્યત્વ એ ત્રીજું સોપાન છે. એ ગુણ-વાળાનો સ્વભાવ જ એવો હોય કે એને જોતાં સર્વત્ર શાંતિ અને આનંદ પ્રસરે. દુનિયામાં પ્રકૃતિ-સૌમ્ય થવું અને નિઃસ્વાર્થી બનવું એ જ ખરી વિશિષ્ટતા છે.

સ્વભાવમાં કોમળતા આવતાં માણસ પોતાની ભાષા અને પ્રકૃતિ ઉપર કાબૂ મેળવી શકે છે. એવાના જીવનમાં પછી સૌમ્યતા એવી સ્વાભાવિક થઈ જાય કે ઉગ્ર થયેલા માનવીને પણ એ ઠંડો બનાવી દે છે. ક્ષણભર ઉગ્ર બનેલો માનવી, પ્રકૃતિ-સૌમ્યને જોતાં ફરીથી સૌમ્ય બની જાય છે.

ક્ષમા આપનાર માણસ હંમેશાં ઉદાર અને વિશાળ હૃદયનો હોય છે. એટલે જ જ્યારે સંગમ, ભગવાનનાં ચરણોમાં આવીને પડ્યો ત્યારે ભગવાને કરુણાનાં બે આંસુ ટપકાવી એને ક્ષમા આપી.

માનવી જ્યારે બીજાનું દુઃખ સહાનુભૂતિ દ્વારા જાતે અનુભવતો થાય છે, ત્યારે જ એ સ્વાર્થનો ત્યાગ કરી શકે છે; ત્યારે જ એ માણસ બને છે. પછી એના તપમાં

પ્રેમની ભીનાશ ઉમેરાય છે. આ પ્રેમપૂર્ણ તપની તાકાતથી માણસ પીગળી જાય છે; પરિણામે એ કોમળહૃદયી દિવ્ય બને છે.

જેનાં ચક્ષુઓ કરુણાથી આર્દ્ર થયાં છે એ જ ખરો માનવી છે. ધર્મના આ અંશને પામવા માટે હૃદયને કોમળ બનાવવું જરૂરી છે. જે માણસ બીજાની પાસેથી લેવાને બદલે દેવા તૈયાર હોય છે, તે પોતાની ઉદારતાથી બીજાને જીતી જાય છે.

આપણે સૌ આપણા જીવનની નાની નાની વાતો માટે યુદ્ધ કરીએ છીએ અને બીજી બાજુથી વિશ્વયુદ્ધને વખોડવા બેસીએ છીએ. પણ આપણે યાદ રાખવાનું છે કે પથ્થરની એક નાની કાંકરી તળાવમાં નાખતાં એનું કૂંડાળું જેમ તળાવના બીજા કિનારા સુધી પહોંચે છે તેમ, આપણે ઊભાં કરેલાં નાનાં-મોટાં વાદવિવાદનાં આંદોલનો દુનિયાના બીજા છેડા સુધી પહોંચે છે અને વિશ્વયુદ્ધના વાતાવરણને ઉત્તેજિત કરે છે.

કુદરત પાસે તો માનવમાત્ર સરખો છે. ગરીબ અને તવંગરના હાડચામમાં ત્યાં કોઈ ભેદ નથી.

વિશ્વને આપણે જો શાંત અને અહિંસક બનાવવું હોય તો પહેલાં આપણે શાંત અને અહિંસક બનવું પડશે. અને આપણા જીવનમાં પ્રકૃતિ-સૌમ્યતા લાવવી પડશે. જીવનના ઊંડાણમાં આ તત્ત્વ વ્યાપક થશે ત્યારે જ આપણે સમજી શકીશું કે જીવનની ઉગ્રતા એ અગ્નિ છે; જીવનની સૌમ્યતા એ ચંદન છે. આપણે જીવનમાં આ ઉગ્રતાને તજી સૌમ્યતા કેળવવાની છે.

જે માણસમાં ગંભીરતા નથી તે માણસની પ્રકૃતિ સૌમ્ય ન હોઈ શકે. સૌમ્ય અને સભ્ય બનવા માટે કાંઈ બાહ્ય દેખાવ કરવાની જરૂર નથી; જરૂર છે જિંદગીમાં એને વણી લેવાની. માથું દુખતું હોય ત્યારે માથે બામ પણ લગાડાય અને એના મૂળભૂત કારણ કબજિયાત વગેરે માટે આંતરિક દવા પણ લેવાય. જ્ઞાનીઓએ આપણને બાહ્ય સાથે આવી અંતરની દવા પણ બતાવી છે.

જે વસ્તુ તમારા લોહીની સાથે એકાકાર થઈ નથી તેને તમે કેમ સાચવી શકશો ? માટે જ કહેવામાં આવ્યું છે કે, प्रकृतिं यान्ति भूतानि निग्रहः किम् करिष्यति। માનવીમાં ટેવ એવી જડ ઘાલી જાય છે કે બહારનાં ગમે તેવાં નિયંત્રણો છતાં પણ માનવી તેને રોકી શકતો નથી.

આપણે મોટે ભાગે બહારથી નિયંત્રણ મૂકીએ છીએ. પરિણામે થોડા સમય બાદ ફરી એ વાતાવરણ મળતાં કે સંગ મળતાં એ અંદરથી ઊછાળો મારે છે ને બમણા જોરથી બહાર આવે છે, આનું નામ જ આઘાત-પ્રત્યાઘાત.

આ સૌમ્ય-પ્રકૃતિ એટલે, દરેક કામ શાંતિથી કરવું. જે લોકો ક્રોધને છોડે છે એમની પ્રકૃતિ જ પછી સૌમ્યતાનું સંગીત બની જાય છે; પછી એમની વાણીમાંથી જે ઝરે તે સંવાદના જ સૂરો હોય.

જૂના કાળમાં કેટલાક ગ્રંથોની રચના આવા સૌમ્ય સંતોએ કરેલી છે, એટલે એ વાતો મીઠી અને શાંત લાગે છે, પણ આજે તો લેખકોના લખાણની પાછળ તૃષ્ણાની આગ પડેલી હોય છે. પરિણામે લેખકોના એ આતશ વાચકની જિંદગીમાં પણ અસંતોષના ભડકા પ્રગટાવે છે.

પહેલાંના બ્રાહ્મણો સંતોષી હતા; આજે બ્રાહ્મણો પણ 'ભામણો' થઈ ગયા છે. એમની સંસ્કૃત વાણીમાં આજે ક્યાં સુંદરતા રહી છે? સંસ્કૃત ભાષા તો દિવ્ય સંગીતની લયમય વાણી છે; આપણા મનને આનંદમાં લપેટી લે એવી એ સુંદર ભાષા છે

માનવીને દેહ છે, તો દેહની માંગ પણ એની સાથે આવે છે. પણ આ માંગ ઉપર મર્યાદા તો હોવી જોઈએ ને? એ મર્યાદા એટલે વિવેક.

જૂના કાળમાં શ્રમણો અને બ્રાહ્મણો, 'માગવું એટલે મરવું' એમ સમજતા. ત્યાગીઓનું કામ હતું ભૌતિક વસ્તુઓ પ્રત્યે ઉપેક્ષા સેવવાનું; રાગીઓનું કામ હતું ત્યાગીઓની સેવા કરવાનું. પણ આજે તો સાધુઓ માગતા ફરે છે અને શ્રીમંતો એમ સમજતા થયા છે કે પૈસાથી તો સાધુઓ પણ ખરીદાય છે! પણ એ ન ભૂલશો કે જે ખરીદાય છે તે સાચા ત્યાગી નથી; દંભી છે, લોભિયા છે. ખરી સાધુતાને ખરીદવા તો માણસમાં પોતાનામાં સાધુતા આવશ્યક છે.

મહા વિદ્વાન કણાદ જેવાની ખબર રાખવી, એ તે કાળમાં રાજાઓનું કામ ગણાતું. આથી રાજાએ સોનામહોર ભરેલો થાળ કણાદ પાસે ધર્યો, પણ કણાદ તો પોતાના સર્જનમાં મસ્ત હતા. એમણે એની સામે નજર પણ ન નાખી. જ્યાં સુધી માણસ પોતાના કાર્યમાં આવું આત્મ-વિલોપન નહીં અનુભવે, ત્યાં સુધી તે કાર્યમાં પ્રાણ નહીં ફૂંકાય, એને પૂરો આનંદ પણ નહીં આવે.

પ્રેમ સાથે અર્પણ અને સેવાનો સંબંધ હોવો પણ

જરૂરી છે. માતા પોતાના બાળકને માત્ર દૂધ જ નથી પાતી, પણ દૂધ સંગે પ્રેમ પણ પાય છે. જ્યારે આયા તો માત્ર દૂધ પાઈને બેસી રહે છે. બે વચ્ચે આટલો ફેર છે અને તેથી જ્યારે બાળકને આવો માતૃસ્નેહ નથી મળતો ત્યારે તેનું માનસ વિકૃત બને છે. પછી એની વિકૃતિઓની આસપાસના વાતાવરણમાં ઝેરી અસર ફેલાય છે.

માટે માણસે પોતાના જીવનમાં ધ્યેયાત્મક એવા વિચાર કેળવવો જોઈએ કે જે તેના જીવનની પ્રત્યેક ક્ષણે એની નજર સામે રહે. જે માણસ આવા આદર્શમાં જીવે છે એને પછી જીવનમાં કદી નીરસતા લાગતી નથી.

રાજાએ કણાદને પ્રથમ સોનાનો થાળ ભેટ ધર્યો. કણાદે એ પાછો ઠેલ્યો ત્યારે, રાજાએ કણાદને રત્નોનો થાળ મોકલ્યો; પણ કણાદ તો સંતોષનો સ્વામી હતો. તેને આ રત્નો આનંદ આપે એમ ન હતું, એની પ્રસન્નતા તો પ્રેમસેવામાં હતી.

દુન્યવી વસ્તુઓ તો સાધુને પણ મનથી ભિખારી બનાવી દે છે. સાચા સાધુઓ તો સંસાર-બગીચાનાં પુષ્પોમાં ભમનારા ભમરાઓ છે. તેઓ કોઈ પણ પુષ્પને દંશ કે ક્લેશ આપ્યા વિના પુષ્પોનો રસ લઈ પોતાના અને બીજાના આત્માને પરિતૃપ્ત કરતાં વિહરે છે.

ખરો સાધુ વિઘ્નોની સામે પણ પ્રસન્નતાપૂર્વક ઊભો હોય છે. એના આત્માના પ્રત્યેક પ્રદેશમાં, ત્યાગનો રંગ લાગેલો હોય છે. પણ આજના કેટલાક સાધુઓનો

ભગવો રંગ કાચો હોય છે. જરાક રાગ કે પ્રલોભનનું પાણી અડતાં એ ધોવાઈ જાય છે. જ્યારે આપણે તો ચિત્તની અવિકલ્પ દશા કેળવવાની છે. પ્રભુભક્તિની આ પ્રભાવના વિના ધર્મઅમૃતની સાચી મીઠાશ આપણે નહીં જાણી શકીએ.

રાજાને થયું કે કણાદ સોના અને રત્નોની ભેટો પાછી ઠેલે છે, ત્યારે જોઉં તો ખરો કે એની પાસે એવું શું છે? એ રાત્રે કણાદની પાસે આવે છે. કણાદ સૂતા છે. રાજા આવીને એના પગ દાબી રહ્યો છે. કણાદ જાગે છે અને પૂછે છે, 'હે રાજન્! તમે મારા પગ દાબો છો? મારા જેવો ભિખારી, જે ધોળે દિવસે પણ તમારે ત્યાં ભીખ માગવા આવ્યો નથી, એની પાસે તમે રાત્રે આવા અનુચરના વેશમાં શા માટે આવ્યા છો?'

રાજાએ કહ્યું: 'આપ સુવર્ણસિદ્ધિ જાણો છો, તે મને આપો.'

કણાદે હસીને કહ્યું, 'રાજન્, પરમાત્મા એ જ પારસ છે. તે આ જીવનરૂપી લોખંડને સ્પર્શે તો આ કાયા સોનાની થઈ જાય.'

રાજાને પણ હવે જ્ઞાન થઈ ગયું કે સોનાની સિદ્ધિથી માણસને મુક્તિ નથી લાધતી; માણસના મૃત્યુ સમયે સોનાની દીવાલો આડી ઊભી રહી નથી શકતી. આત્માનું લોખંડ, પરમાત્માનો પારસસંયોગ થતાં સોનું બની જાય! જેને સંતોષનું આ સોનું મળી ગયું એના જેવો ધનાઢ્ય જગતમાં કોઈ નથી. આ સંતોષમાં સુખ છે.

લોભ, ક્રોધ, માન, માયા અને મોહ તો જીવનને કોરી ખાનારી બીમારી છે. આપણે એ સર્વની ઉપર વિજય મેળવીને જીવનને સૌમ્ય બનાવવાનું છે. માણુસની પ્રકૃતિ જ્યારે આવી સૌમ્ય બને છે ત્યારે એ કદી પણ ક્રૂર કાર્ય કરી શકતો નથી. બાકી તો જ્યાં સ્વભાવમાં ક્રૂરતા છે ત્યાં આ પ્રકૃતિસૌમ્યત્વ નહીં આવી શકે. ખરબચડા લાકડા ઉપર હાથ ફેરવો તો એની ફાંસ લાગી જવાનો ભય રહે છે, પણ જે લાકડું રંધો ખાઈ લીસું બન્યું છે એમાંથી ફાંસ વાગવાની નથી. પ્રકૃતિસૌમ્યત્વ એ દિલ અને દિમાગની મુલાયમતા છે.

[૧૦]

સૌમ્યત્વનાં સાથી

આ 'ધર્મરત્ન'માં ખૂબી એ છે કે એમાં એક પછી બીજો સદ્‌ગુણ, એના ક્રમ પ્રમાણે આવતો જાય છે. એક સદ્‌ગુણનું વાચન, શ્રવણ અને મનન બીજા સદ્‌ગુણોને ખેંચી લાવે છે. જીવનમાં જો એકાદ સદ્‌ગુણનું એંજિન જોડાઈ જાય તો સદ્‌ગુણના બીજા ડબ્બાઓ પણ ક્રમવાર એની સાથે જોડાઈ ખેંચાઈ આવે છે

આ માટે વાતાવરણ બહુ જ મહત્ત્વની વસ્તુ છે. આપણે એવા વાતાવરણમાં જીવવું જોઈએ કે – સર્જવું જોઈએ કે – જેમાં સદ્‌ગુણો આવતા જાય અને દુર્ગુણો જતા જાય. સાચું જ કહેલું છે કે 'પુસ્તકો, મિત્રો અને વાતાવરણ માણસના જીવનને ઘડે છે.' માણસનું વાચન એની જિંદગીમાં મહત્ત્વનો ભાગ ભજવે છે; મોટો ફાળો આપે છે.

પણ આ વાચન એવું હોવું જોઈએ કે જેથી મનમાં સારા વિચારો ઉત્પન્ન થાય. કારણ, સારા વિચારોથી જ માણસ જાગે છે. માટીના હાંડલામાંય માણસ નકામા

પથરા નથી ભરતો. તો શું માણુસનું મગજ હાંડલા કરતાં પણ હલકું છે કે જે આવે તે એમાં ભરીએ? માટે કોઈ આપણી પાસે ખરાબ વસ્તુ સંભળાવવા આવે તો કહી દેવું જોઈએ કે એવું સાંભળવાનો અમને વખત નથી. એવી ગંદી વસ્તુઓ, એક વાર મગજમાં પેસી ગઈ તો પછી એ કાઢવી મુશ્કેલ બને છે.

આપણું મગજ બહુ જ નાજુક છે. તેની ઉપર ખરાબ વાતોના આઘાત ન પડવા જોઈએ. એવી વાતો જલદી ઘર કરી બેસે છે અને પછી કદાચ લાંબે ગાળે નીકળી જાય છે તોય, ત્યાં ખાડો મૂકતી જાય છે. આજનું માનસ-શાસ્ત્ર પણ કહે છે કે, માણુસ એના સંસ્કારનું પરિણામ છે. માનસશાસ્ત્રે કરેલાં આવાં બધાં સંશોધનો જીવન-દર્શનની સાધનાના પ્રતિઘોષ છે.

આજે લોકોના વિચારો વાચનથી પણ અસ્વસ્થ બન્યા છે, કારણ કે માણુસો જેવુંતેવું, જે કંઈ મળ્યું તે વાંચે છે; જેમ બજારની ભેળ, પાણીપૂરી અને ભજિયાં જેવું હલકું ખાવાથી માણુસ બીમાર પડે છે તેમ. આટલા માટે ઓછું વાંચો પણ સારું વાંચો અને જે વાંચો તેની અસર જીવન ઉપર થવા દો. એ એનો ખરો ખોરાક છે. આથી માણુસને માટે વિચારાત્મક સર્જનની કલ્પના પ્રતિક્રમણમાં મૂકવામાં આવી છે.

આજે જાહેરખબરો દ્વારા માનવીનાં મગજ બગડી રહ્યાં છે, આવે કાળે પુસ્તકો એવાં વાંચવાં જોઈએ કે જેમાંથી જીવનને પ્રેરણા મળે, દેહની આસક્તિ ઓછી થાય અને આત્માની જળકમળવત્ અલિપ્તતા વધતી જાય!

આપણા અંતરમાં કોઈ મહાન આદર્શ જન્મે. આપણી ધર્મક્રિયાઓમાં અંધ અનુકરણને બદલે અર્થ અને ભાવનું તેજ આવે. આપણે ધ્યાનમાં રાખવું જોઈએ કે આપણી જિંદગી તો કૅમેરાની નૅગેટિવ ફિલ્મ જેવી છે. પ્રકાશનું એક કિરણ એની ઉપર પડે એટલે એ વસ્તુનું પ્રતિબિંબ ઝડપી લે છે.

સર્જકવિચારો આપણા મગજમાં આદર્શોનાં આંદોલનો ઊભાં કરશે. એ આપણા આત્માની સાથે એકાકાર થઈ સંવાદમય સંગીત સર્જશે.

આવી એકાગ્રતા જાગતાં આપણે અહીં બેઠા પણ તીર્થોમાં વિહરી શકીશું. આપણી કલ્પનાઓ જ આપણા મનને શાંતિના મધુર વાતાવરણમાં વિહરાવવા લઈ જશે.

જેમ પુષ્પો સદાય સુગંધ આપે છે તેમ આપણા વિચારો પણ સતત પરાગવંતા રહેશે.

મન તો એક સુંદર વાજિંત્ર જેવું છે. એનો જાણકાર જો એના તાર ઉપર હાથ ફેરવે તો એમાંથી આત્માના મધુર સૂરો જ પ્રગટે. આ માટે જ મન, વચન અને કાયા — એ ત્રણેયની યોગરૂપી સંવાદિતા જરૂરી છે.

જ્યાં સંવાદિતા છે ત્યાં સુખ છે; જ્યાં વિસંવાદિતા છે, ત્યાં દુઃખ છે. તબલચીની થાપ અને સંગીતના સૂરોનો લય, સંવાદિતાનાં આંદોલનો ઉત્પન્ન કરે છે. અને જ્યાં આવો સંવાદ છે ત્યાં ચિત્ત આનંદમાં મસ્ત બને છે.

જ્યાં મનના વિચાર પ્રમાણેનું માણસનું વચન નથી, અને વચન પ્રમાણેનું કાર્ય નથી ત્યાં સુધી સાચું સુખ મળવું મુશ્કેલ છે. મન, વચન અને કાયા સ્વસ્થાનમાં

રહી, સંવાદિતાથી જીવે એને જ મહાપુરુષો જીવનનો સાચો યોગ કહે છે.

પિયાનો પોતે સુંદર હોય એટલું જ બસ નથી પણ એને વગાડવા માટે એનો સાચો જાણકાર મળવો જોઈએ, નહીં તો એ દીવાનખાનાની માત્ર શોભા જ બને છે.

એક દેવળમાં એક સુંદર પિયાનો રાખી મૂકેલો. વર્ષોથી એને કોઈ સ્પર્શતું ન હતું. એક દિવસ એનો જાણકાર ત્યાં આવ્યો. એની આંગળીઓને પિયાનાનો સ્પર્શ થયો, અને સંગીતના સૂરો પ્રગટી ઊઠયા, સૂરોના એ સાગરમાં સૌ ભક્તો ડૂબી ગયા અને સર્વત્ર દિવ્યતા છવાઈ ગઈ. વર્ષો પછી આમ બન્યું? કારણ, વગાડનાર એના સૂરોનો જાણકાર હતો અને વળી પોતે જ એમાં એકાગ્ર હતો.

પિયાનોવાળું આ દેવળ એટલે આપણા અંતરનું મંદિર. આપણે ગાઈએ છીએ કે 'પ્રભુજી! મન-મંદિરમાં આવો.' પણ આની સાથે મંદિરમાં કેવો ધૂપ, કેવી સુરભિ, કેવો પરાગ હોય એનો વિચાર કરવો જરૂરી છે. મન બહુ જ કીમતી, અત્યંત ઉપયોગી અને ઉત્તમ પ્રકારનું સાજ છે; મન, વચન અને કાયાના સંવાદમય યોગથી આપણે એને છેડીએ તો એમાંથી આનંદને ઝરતું પૂર્ણ-યોગનું સંગીત પ્રગટે.

માણસે જીવનના દરેક ક્ષેત્રમાં આ યોગ કેળવવા મહેનત કરવાની છે. માણસ જ્યાં છે ત્યાં જ જો આ યોગ ન કેળવે, સ્વભાવનું પરિવર્તન ન કરે તો એને માટે બીજે ક્યાંય મુક્તિ નથી. અહીં વિસંવાદિતા હશે અને કદાચ

મહાપુરુષો આવી ચડશે તોપણ મુશ્કેલી જ ઊભી થશે. અંદરના સ્વભાવનો પલટો ન થાય ત્યાં સુધી માનવ-જીવનનું ખરું પરિવર્તન શક્ય નથી. કહ્યું છે કે —

'છપ્પન તીરથ કરી આવે, પણ શ્વાનપણું નવ જાયે!'

બીજાનું સુખ કે ચઢતી જોઈ ભસવાનું — શ્વાનપણાનું જે તત્ત્વ છે તેનો પલટો કરવો એ જીવનનું ધ્યેય હોવું જોઈએ. પ્રકૃતિ-સૌમ્યત્વનો અર્થ જ એ કે જીવનનું ક્રૂરતાભરેલું તત્ત્વ નીકળી જાય અને સૌમ્યતા આવે.

મનને શાંત અને કાબૂમાં રાખવું બહુ મુશ્કેલ છે, મનમાં ક્રોધ, અશાંતિ જાગે ત્યારે મનને સમજાવવું. એને પૂછવું કે શા માટે એ ક્રોધને વશ થયું છે? આવે સમયે બહાર ન જોતાં, અંદર જોવું. ક્રોધભરી લાલ આંખોને શ્વેત કરી, ગરમ મગજને ઠંડું કરી અને પછી જોશું તો એની સમજણ કોઈ ઓર જ આવશે.

માણસના મનમાં આવી સંવાદિતા હોય છે ત્યારે એ જે કાંઈ બોલે અને વિચારે તેની પાછળ સત્ત્વ હોય છે, અર્થ હોય છે. ક્રોધ તો વિસંવાદ છે. એમાં માણસ ગાંડો બની જાય છે. વિસંવાદમાં એ જે કાંઈ બોલે છે કે કરે છે, એનું એને પોતાને જ ભાન રહેતું નથી. માટે જ ડાહ્યા માણસો આવા વિસંવાદની પળોએ ચૂપ રહે છે.

જૂના વખતમાં સમજુ માણસ પોતાના મકાનમાં એક જુદો ખંડ રાખતો. એ ખંડનું નામ શાન્તિગૃહ. જ્યારે ક્રોધ આવે ત્યારે માણસ એ ખંડમાં જઈને બેસે, ત્યાં શાંતિ અને સંવાદિતાનાં પ્રતીકો રાખવામાં આવતાં કે જે એની ક્રોધી પ્રકૃતિને શાંત અને સૌમ્ય બનાવતાં.

આ માટે મિત્રોની પસંદગીમાં પણ માણસે ખાસ વિવેક વાપરવાનો છે. પરીક્ષા કરીને મિત્રો પસંદ કરવા જોઈએ. ખોટા રૂપિયાની જેમ મિત્ર પણ ખોટા મળી જશે તો ખરે વખતે એ આબરૂ લેશે. માટે ખરે વખતે પ્રેરણા આપી કામ આવે એવા મિત્રો કરીએ; મુશીબતમાં મૂકે એવાથી તો દૂર જ રહેવું.

પ્રકૃતિ-સૌમ્ય માટેનાં સાથીઓ એટલે સારાં પુસ્તકો, સારા મિત્રો, સારાં ચિત્રો, સારા ગીતો, સારું વાતાવરણ. માણસના મન ઉપર વાતાવરણની અસર બહુ ઊંડી છે. વિચારો જેમ મન ઉપર સારી-માઠી અસર કરે છે, એમ વાતાવરણ પણ માનસ ઉપર સારી કે ખરાબ અસર કરે જ છે.

જીવનમાં આ સ્વસ્થતા લાવવા માટે પ્રથમ આપણે મગજનો જૂનો દંશ, કચરો દૂર કરવાનો છે. જે માણસ પ્રકૃતિથી સૌમ્ય છે તે કોઈનું બૂરું નહીં કરે. એવો માણસ પ્રકૃતિ-સૌમ્યત્વને લીધે ખરાબ કાર્ય નહીં કરે. સારું કુળ અને અંદરના સારા ગુણો આપણને ખરે વખતે પાપ કરવામાંથી બચાવી લે છે. આવું ઉત્તમ સંસ્કારથી મઘમઘતું કુળ આપણને પુણ્ય પ્રભાવથી જ મળે છે.

તો માનસિક બળ એકત્રિત કરી, પ્રકૃતિમાં છુપાયેલી ખરી સંસ્કારિતાને બહાર લાવી ચંદનની સુવાસ અને શીતળતા જેવી મીઠી અને શાંત પ્રકૃતિ-સૌમ્યત્વની સર્વત્ર સુરભિ પ્રસરાવીએ.

*

[૧૧]

જીવનનું પરિવર્તન

ધર્મી બનવા માગતો હોય એની પાસે ધર્મના સદ્‌ગુણોની મૂડી હોવી જરૂરી છે. તમારી પાસે ગુણ હોય અને ખ્યાતિ પામો તો તો જાણે ઠીક છે, બાકી બાહ્ય આડંબર નકામા છે. આ દુનિયામાં સફળતાની સીડી ચડવા માટે અંતે સદ્‌ગુણો જ કામ લાગે છે.

આપણી આ કાયા તો માટીનું પૂતળું છે; એમાં રહેલા સદ્‌ગુણો તે જીવનનું સોનું છે. તમે આ સદ્‌ગુણો કેળવો તો માટીમાંથી સોનું બને. જેને તમે આજ સુધી ધૂળ ગણી છે, એ તો તમારું મોટામાં મોટું ને સુંદર દ્રવ્ય છે. આપણું જીવન એટલે ધર્મરૂપી સોનાની ખાણ તરફની સફર છે.

આ સંસારનો બહારનો બધો ખજાનો છેવટે નકામો છે. એ બધું મૂકીને ચાલ્યા જવું પડશે. પણ આપણી અંદર એક બીજો સાચો ખજાનો છે. જ્ઞાન અને પરમાત્માના નામની જ્યોતથી આપણે એ જોવાનો છે. જીવન અંધકારમય લાગે છે કારણ કે જ્યોત ઝગી નથી પણ અંદરની એ

જ્યોત પ્રગટશે તો આ લોક અને પરલોક – બેઉનાં જીવન ઉપર નવો પ્રકાશ પડશે.

આ સફળતા મેળવવા માટે ગંભીરતા, તુચ્છતાનો ત્યાગ, તંદુરસ્ત જીવન, સંપૂર્ણ અંગોપાંગ, પ્રકૃતિ-સૌમ્યત્વ, રાગદ્વેષથી પર અને સ્વભાવની નિર્મળતા વગેરે ગુણોને આવશ્યક માનવામાં આવ્યાં છે.

જ્યારે મનુષ્ય આત્માને સમજવા માંડે છે ત્યારે એના સ્વભાવમાં ધીમે ધીમે પરિવર્તન થાય છે. આમ તો જ્યારે માણસને સન્નિપાત થાય છે ત્યારે જ્ઞાની અને ગમાર વર્તનમાં જેમ એકસરખા બની જાય છે તેમ જ્યારે માણસમાં ક્રોધ, મોહ, માયા, લોભ ઇત્યાદિ જાગે છે ત્યારે ત્યાગી અને રાગી, સાધુ અને સંસારી બન્ને એકસરખા બની જાય છે. કષાયનો એ સન્નિપાત મટે ત્યારે જ માણસને ખ્યાલ આવે કે એ કોણ છે અને શું કરી રહ્યો છે.

દુનિયાથી તમે જુદા નથી; દુનિયાનો અવાજ એ તમારા જ બોલનો એક પડઘો છે. દુનિયાને જે દૃષ્ટિથી જોશો એ જ દષ્ટિથી દુનિયા તમારી સામે જોશે. એટલે કહ્યું છે કે આપ ભલા તો જગ ભલા. માણસનું જીવન સુંદર તો જગતનું જીવન સુંદર.

ધોબી કપડાં ધુએ છે ને એક સાધુ ત્યાંથી નીકળે છે. સાધુને ધોબીના છાંટા ઊડ્યા અને ક્રોધ જાગ્યો, એટલે સાધુએ હલકો શબ્દ વાપરી ઠપકો આપ્યો. ધોબી પણ કાબૂ ખોઈ બેઠો, એણે સાધુને ગાળો આપીને કહ્યું : “અહીં શું કરવા રખડે છે? તળાવની પાળ ઉપર પાણી ન ઊડે

તો શું પથરા ઊડે!" આમ બોલી સાધુને ધક્કો માર્યો; પણ સાધુ દૂર જઈ સ્વસ્થ થઈ વિચારવા લાગ્યો અને તરત જ એને જ્ઞાન થયું કે દોષ તો મારો હતો, અને તેથી એણે જઈને ધોબીને ખમાવ્યો.

ધોબીના મનમાં પણ એના આ ભાવનો પડઘો પડ્યો. એ સમજી ગયો અને પગમાં પડીને એણે સાધુની માફી માગી. આમ સન્નિપાત ઊતરી જાય ત્યારે જ સાધુ એ સાધુ તરીકે પ્રગટે છે. માણસ આવેશમાં આવી જાય છે ને એના મોંમાંથી, બીજા દુભાય એવાં વેણ નીકળી પડે છે. આ આવેશને આપણે સંયમમાં રાખવો રહ્યો, કારણ કુદરતનો નિયમ છે કે ક્ષમામાંથી ક્ષમા, સમતામાંથી સમતા અને ક્રોધમાંથી ક્રોધ ઉદ્ભવે છે, અને બંને ઉપર સારી કે ખરાબ અસર કરી જાય છે.

માનવી ત્યાગને – સાધુપણાને નમે છે પણ જે સમયે એનામાં ગર્વ કે ક્રોધનો આવેશ અને આવેગ હોય ત્યારે સાધુ અને સામાન્ય માનવી એકસમાન ભૂમિકા પર આવી જાય છે. માનનો ખોટો આવેશ માણસમાં ગર્વ લાવે છે. એ આવેશ ચાલ્યો જાય પછી જ, અંતરમાં નિર્મળતા અને સમજણ આવે છે, અને પછી વિચારને ઊંડી પ્રેરણા આપે એવી પળો જીવનમાં શરૂ થાય છે.

જે માણસ આ બધાંનો જાણકાર છે તેનો કોઈક વાર પણ ઉદ્ધાર શક્ય છે. આ સાંભળેલું, વિચારેલું હશે તો ક્યારેક એ જાગશે અને આત્માનેય જગાડશે. સત્સંગથી માણસમાં આ પળો આવે છે. આવા સ્થાનમાં શ્રવણ કરેલું ક્યારેય નકામું નથી જતું. જ્ઞાનીનાં વચનોના

શ્રવણુ સાથે જ, ક્યારેક માણુસના આત્માનાં દ્વાર ઊઘડી જાય છે. આ માટે સહશ્રવણુ એ આપણા જીવનના ઉત્થાનની એક આવશ્યક ભૂમિકા છે. જીવનમાં એ ખૂબ જ સહાયક બને છે. ગરમ તવા ઉપર પડેલું પહેલું ટીપું તો બળી જાય છે, પણુ એક પછી એક સો ટીપાં બળી ગયા બાદ, એકસો એકમું ટીપું જ તવા ઉપર દેખાય છે. પણુ પેલાં સો ટીપાં નિષ્ફળ ગયાં નથી. સો ટીપાંઓના ત્યાગે-સમર્પણે તવાને ઠંડો પાડ્યો છે. શ્રવણુ અને મનનનું પણુ જીવનમાં આ સ્થાન છે.

ધર્મનું આ જીવન એટલે આંતરિક સૂક્ષ્મ પરિવર્તન. ખરી રીતે તો વિચારવું એ જ કાર્ય છે. કામ કરવાનું શરૂ કરો ત્યારથી 'કામ કર્યું' ગણાય, આ માટે આપણો આંતર આશય કેવો છે એ જાણવું બહુ જરૂરી છે. આપણે સૌએ પણ જીવનમાં પરિવર્તન લાવવાનો, પ્રકાશના પંથનો પ્રારંભ કર્યો છે; એ સદા યાદ રાખીએ.

[૧૨]

લોકપ્રિયતા

દરેક વ્યક્તિને લોકપ્રિય થવાનું ગમે છે; બદનામ થવાનું કોઈને પસંદ હોતું નથી. એક નાના બાળકમાં પણ સદ્ગુણની આ મહત્ત્વાકાંક્ષા પડેલી જ હોય છે. ત્યારે પ્રશ્ન એ થાય છે કે આપણી સતત ઇચ્છા છતાં આપણે આવા લોકપ્રિય કેમ નથી બની શકતા? કારણ એ છે કે એ માટેના જરૂરી સિદ્ધાંતોનો જીવનમાં અભ્યાસ નથી.

દરેક માટે નિયમો હોય છે. માંદાએ સાજા થવું હોય તો વૈદ બતાવે તે પથ્ય પાળવું જરૂરી હોય છે; લોકપ્રિયનું પથ્ય એ છે કે એણે કોઈની નિંદા ન કરવી. એક વખત નિંદા કરવાની ટેવ પડી તો એ પછી જલદી નહીં જાય. એને કાઢવા માટે જેમ ખૂજલીવાળા બાળકને હાથે કોથળીઓ બાંધીને તેને ખણતો રોકવામાં આવે છે તેમ નિંદા કરનારાઓને મોઢે કોથળીઓ બાંધી રોકવા પડે.

'સંપૂર્ણ જગતમાં ઈશ્વર એક,
માણુસ માત્ર અધૂરા રે.'

એ કથન સત્ય છે. દોષ તો માણુસમાત્રમાં હોય

છે પણ બીજાના દોષોની એની પાછળ નિંદા કરવી એ પાપ છે. કોઈની નિંદા આપણાથી થાય નહીં. એમાં પણ જેઓ વિશિષ્ટ ગુણોથી સમૃદ્ધ છે તેની તો નિંદા ન જ થાય. માણસમાં દેખાતા મોટા દુર્ગુણ અક્ષમ્ય છે, પણ નાની ત્રુટીઓ માટે એના જીવનની પ્રતિકૂળતા, સંજોગો વિચારવા જરૂરી છે. એ વિચાર વગરની આપણી ટીકાથી, આપણે સામાને માત્ર અન્યાય જ કરીએ છીએ.

અમુક માણસમાં કોઈ ભૂલ હોય તો એને સુધારવાની જરૂર છે; એને ઉતારી પાડવો એ ખોટું છે. કોઈને ધર્મની ક્રિયા બરાબર ન આવડતી હોય તો જેને આવડે છે તેણે, એની ટીકા ન કરતાં તેને પ્રેમથી સમજણ આપી સુધારવો, એ આપણું કામ છે; ઉપહાસ કરવો એ ક્ષુદ્રતા છે.

આની સાથે બીજી વાત પણ ધ્યાનમાં રાખવાની છે કે જે માણસને ઘણા લોકો નિંદતા હોય તેવાની સોબત ન રાખતા, નહીંતર તમે પણ એની સાથે નિંદાને પાત્ર બનશો.

લોકપ્રિય શા માટે થવું? આ લોકપ્રિયતા એક સાધન છે કે જેથી માનવીના વચનની કિંમત થાય, એ બીજાને સહાયક બને. જે લોકો દેશ, સમાજ અને ધર્મના નેતા હોય છે તેમની લોકપ્રિયતા બીજાની પ્રેરણા બને છે. સારા આચરણથી સામા માણસમાં પરિવર્તન જાગે છે. જો સમાજ ઉત્સુકતાથી સાંભળવા તૈયાર ન થાય તો સમજવું કે લોકપ્રિયતા ગુમાવી છે. અને તે કેમ ગુમાવી તેનાં કારણો જો શોધી કાઢીએ તો ગયેલું સ્થાન પાછું સામું આવી ઊભું રહે.

લોકપ્રિયતા એમ ને એમ નથી આવી જતી. એને માટે મનુષ્યે પ્રથમ લાયકાત કેળવવાની છે. જેનામાં લાયકાત છે તે સર્વત્ર લોકપ્રિય થઈ શકશે. ગુણ હોવા છતાં જો સમાજમાંથી તમે ફેંકાઈ જાઓ તો હિંમત ન હારશો. વિશ્વ વિશાળ છે. સાચા ગુણની કદર કરનારા તમને મળવાના જ.

ત્યાગ અને બલિદાનને લીધે જ, વ્યક્તિ અને સંસ્થા લોકપ્રિય બની શકે છે. વ્યક્તિઓને લીધે જ સંસ્થાઓ જીવંત બને છે. ધર્મ શીલવાન સ્ત્રી-પુરુષોથી ચાલે છે.

આજે આપણે જનગણ – જનસમુદાયની વાતો કરીએ છીએ, પણ એમાં સર્વજનોનો સાથ છે ખરો? સંઘમાં સર્વાનુમતિનું બંધારણ જરૂરી છે, માત્ર હા જી હા કહેનારા હજૂરિયાઓને જ નહીં. જિંદગીમાં વિજય માટે લોકપ્રિયતાનું સૂત્ર ભૂલવા જેવું નથી. આપણે તો દરેકને મૈત્રી અને પ્રેમથી સાથે લેવાના છે. સંસારમાં માણસ એકલો નથી રહી શકતો. માનવીને માત્ર માનવીની જ નહીં પણ પશુનીયે જરૂર પડે છે. અજ્ઞાની ને ગર્વમાં આંધળો બનેલો માનવી જ એવું બોલે કે 'મારે કોઈની ગરજ નથી.' આ ગર્વને સારા મનુષ્યે હટાવી દેવાનો છે. આ 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાં આ માટેની જીવંત પ્રેરણા પડેલી છે; જીવનના અનેક કોયડા એનાથી ઊકલી શકે એવી એમાં શક્યતા ભરેલી છે.

આપણા જ સર્જેલા અંતરાયો આપણી આંતરિક પ્રગતિને રોકી રહ્યા છે. આપણે તેને દૂર કરવાના છે. પુણ્ય, તકદીર, કર્મ એ બધું શું છે? ગઈકાલે આપણે જે

કર્યું એનું પરિણામ તે આજ અને આજે કરી રહ્યા છીએ તે આવતી કાલ બની રહેલ છે. તમારું તકદીર એ તમારાં જ ભૂતકર્મોનું ફળ માત્ર છે. તમારું જ કર્મ તમારી સામે આવે છે. કર્મ એ આપણા મન, વચન અને કાયાનાં કાર્યોનું જ સરવૈયું છે.

કોઈ માણસને લોકપ્રિયતા મળે, તો તેની નિંદા ન કરો. એમાંય, વિશિષ્ટતાવાળા માણસની નિંદા તો નહીં જ. નિંદક પોતાની જાતને વધુ હલકો પાડે છે; એનાથી એનું પુણ્ય પણ બળી જાય છે.

આજે જે આડાઅવળા લીટા કરી રહ્યો છે, તે આવતી કાલે એકડો ઘૂંટતો થઈ જશે; પણ જે માણસ લીટી જ નથી દોરતો, શરૂઆત જ નથી કરતો તેને સુધરવાનો, શીખવાનો અવકાશ ક્યાંથી મળવાનો છે?

આપણે જાણીએ છીએ કે જગતમાં કોઈ માણસને અપમાન સહન કરવું ગમતું નથી, કારણ કે દરેક માણસમાં સ્વનું તત્ત્વ પડેલું છે, આથી અપમાન સર્વને અસહ્ય લાગે છે; સ્વમાન સૌને પ્રિય લાગે છે. આપીશું તે જ પામીશું.

[૧૩]

લોકપ્રિયતાની કેળવણી અને પ્રાપ્તિ

જે દેશમાં આપણે રહેતા હોઈએ તે દેશના આચારોનું આપણે પાલન કરવું જોઈએ. 'દેશ તેવા વેશ' એ કહેવતની જેમ બધાંની વચ્ચે આપણે રહેવું હોય તો ત્યાંના સારા વિચાર અને આચારને માન આપવું જોઈએ.

બીજી એક વાત —

'અતિ ઉદ્ભટ વેશ ન પહેરીએ,
નવ ધરીએ મલિનતા વેશ જો'

ક્યારેય ઉદ્ભટ વેશ ન પહેરો; એમ જ મલિન વસ્ત્રો પણ ન પહેરો. ઉદ્ભટ વેશવાળો માણસ બધાંની નિંદાનું મધ્યબિંદુ બની જાય છે. માણસ એના બાહ્ય વેશથી નહીં, પણ એની અંદરના વ્યક્તિત્વથી જ આગળ આવી શકે છે. માત્ર લોકોનું મનોરંજન કરવા ખાતર, ગમે તેવાં વસ્ત્રો પણ ન પહેરાય તેમ જ કંજૂસ થઈ મેલાંઘેલાં વસ્ત્રો પણ ન શોભે.

માણસ ખરી રીતે કંઈ કપડાં અને દાગીનાથી નથી શોભતો, પણ પોતાના વ્યક્તિત્વથી શોભે છે. આમાં

કરકસર અને કંજૂસાઈનો ભેદ પણ આપણે સમજવો જોઈએ. સાદાં ને ચોખ્ખાં કપડાંથી માણસની પ્રતિભા બહાર આવે છે; સાદાં ને સ્વચ્છ વસ્ત્રો પહેરીને સભ્ય સમાજમાં માણસ પોતાનું સ્થાન મેળવે છે.

લોકપ્રિય વ્યક્તિએ પોતાના કુટુંબની સ્થિતિને અનુકૂળ કાંઈક દાન કરવું જોઈએ. આપણી આવતી કાલ કેવી ઊગશે એનું આપણને જ્ઞાન નથી; એ આપણા હાથમાં નથી. આપણા હાથમાં જે છે, તે માત્ર આજની પળ. માટે જ 'આજ આજ ભાઈ, અત્યારે'નો મંત્ર યાદ રાખો. આપણે તો વર્તમાનને ઓળખીને સુયોગ્ય જીવન જીવવાનું છે. એને માટે કોઈને ભરોસે બેસી રહેવાય નહીં. જીવનમાં પાછળથી પશ્ચાત્તાપ કરવો પડે એવું ઇચ્છતા ન હો તો આજનું કાર્ય આજે જ કરી લો. ધર્મના કામમાં આજના સમયનો સદુપયોગ કરી નાખો.

જીવનને અંતે લઈ જવાનું ભાતું આપણે અત્યારથી જ તૈયાર કરવાનું છે. મરાઠીમાં દાનને 'દેવ' કહે છે, એટલે કે જેના અંતરમાં દેવ વસ્યો હોય એને જ દાનનો વિચાર આવે છે. જેનામાં લેવાની અને લૂંટવાની ઇચ્છા છે તેનામાં દેવત્વનો અંશ નથી હોતો. અનાદિકાળથી લેવાનું કામ તો માનવી કરતો જ આવ્યો છે; આજે હવે દેવાનો સમય આવ્યો છે.

છતી શક્તિએ દાન ન દેવું એ અપરાધ છે. આપણી પાછળ કોઈ એમ ન કહે કે બિચારો બધું જ મૂકીને ગયો. કહેવા દો કે બહાદુરી સારા કામમાં વાપરી ગયો.

લોકપ્રિયતા માટે એક બીજો ગુણ પણ જરૂરી છે કે

સાચાં વચનો પર કદી ક્રોધ ન કરવો, પણ એનાથી પ્રસન્ન થવું. એમની શિખામણ સાંભળતાં રીસ ન કરવી. આપણા જીવનના ઉત્થાન માટે જે મહાપુરુષો આપણને ઉપદેશથી શિખામણ આપે છે એ હિતસ્વી છે. એમને આપણી પાસેથી કાંઈ મેળવવાની ઇચ્છા ન હોય, અકિંચન અને કીર્તિલોભી ન હોય તો એ આપણો અરીસો છે. માણસની ખરી જાત જેમ અરીસામાં દેખાય છે, તેમ તેઓ આપણા આત્માની સાચી ઓળખાણ કરાવે છે. આગમના અરીસામાં જોનારને પણ પોતાના સદ્ગુણો અને દુર્ગુણો સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

લોકપ્રિય થવા માગતા માણસે કેવા પ્રકારનો ત્યાગ કરવાનો અને શાનો સ્વીકાર કરવાનો છે તે આપણે જોઈ રહ્યા છીએ. માણુસ ખરાબને છોડે નહીં તો સારી વસ્તુ મેળવી કે રાખી કેમ શકે? ખરાબ વસ્તુ સારીને પણ ખરાબ કરી નાખે છે. જો દુર્ગુણો અંદરથી જાય નહીં તો સદ્ગુણો સ્વભાવમાં ટકે નહીં. સદ્ગુણોને લાવવા માટે આપણે પ્રથમ તો દુર્ગુણોને હટાવવાના છે. આપણું જીવન આજે સદ્ગુણ અને દુર્ગુણનું મિશ્રણ છે. સદ્ગુણો આપણા જીવનમાં છે જ, પણ દુર્ગુણનાં આવરણોને લીધે તેનું દર્શન થતું નથી.

શક્તિ હોવા છતાં કાર્ય ન કરવું, તે શક્તિ ગોપવવાનું પાપ છે. દાન, જ્ઞાન, વક્તૃત્વ ઇત્યાદિ શક્તિ જેની પાસે હોય તેનો તેણે કલ્યાણભાવે ઉપયોગ કરવો જરૂરી છે. શક્તિ તો જેમ વપરાય છે તેમ તેનો વધારો થાય છે. કાર્યમાંથી જ માણસને નવું જ્ઞાન ને બોધ મળે છે. આમ,

કામ માણુસના જીવનમાં અગત્યનો ભાગ ભજવે છે. આપણી આ શક્તિઓનો વિકાસ કરવો જરૂરી છે. જીવનમાં ગુરુતાગ્રંથિ કે લઘુતાગ્રંથિ એઉ લાવવી એ ખોટું છે.

કામ કરતાં પહેલાં તેની અસફળતાનો ભય માણુસને ઘણી વાર એના કાર્યમાં અવરોધ કરે છે. પણ આપણે યાદ રાખવું જોઈએ કે દરેક માણુસમાં ઓછાવત્તા પ્રમાણુમાં મૂળભૂત શક્તિઓ તો પડી જ છે. ભગવાન અને મનુષ્યનો આત્મા તો એક જ સરખો છે, એટલે માણુસ પણ ધારે તો ભગવાન બની શકે; પણ આ માટે એણે પોતાનામાં ભગવાનના ગુણો જોવાના છે.

મનુષ્યને પોતાની શક્તિઓ ક્યાં દટાઈને પડેલી છે તેની ખબર નથી. એને શોધીને જીવનના ઉપયોગમાં લેવી એ જ તો સાધના છે. શક્તિઓને વપરાતી રાખીએ તો જ એ જીવતી રહેશે; દબાવવાથી તો એ કુંઠિત થઈ જશે.

માણુસ જ્યારે કોઈ પણ નવું કામ શરૂ કરે ત્યારે એની નિંદા થાય છે; પણ વખત જતાં પછી લોકો એને માન આપે છે. કવિ ન્હાનાલાલે જ્યારે એમની અપદ્યાગદ્ય શૈલી સૌથી પહેલી સાહિત્યક્ષેત્રે રજૂ કરી ત્યારે ઘણા કવિઓએ એની આકરી સમીક્ષા કરી હતી, એને વખોડી કાઢી હતી. પણ આજે એમની એ ડોલનશૈલી ઉપર લોકો વાહવાહ પોકારે છે.

માણુસે એ પણ યાદ રાખવાનું છે કે એ આખી દુનિયાને છેતરી શકે છે, પણ પોતાના આત્માને છેતરી શકવાનો નથી. પોતાની શક્તિઓને ગોપવવી એ તો

આત્મા પ્રત્યેનો મોટામાં મોટો અપરાધ છે. કાળ ચાલ્યો જાય છે અને માણુસ પણ એક દિવસ ચાલ્યો જશે. પણ સમય પ્રમાણે એ જો કાર્ય નહીં કરે તો એની શક્તિઓ ખવાઈ જશે. માનવમાત્રમાં આ શક્તિઓ પડેલી છે. ભગવાન મહાવીરે માણુસને જાગ્રત થઈ આગળ ધસવા લલકાર્યો છે કારણ કે એમણે માણુસમાં પામર કે મંદિરને દ્વારે દ્વારે પ્રાર્થનામાં ભીખ માગતો ભિખારી નથી જોયો પણ એનામાં પ્રભુતા અને સર્વશક્તિમાનનાં દર્શન કર્યાં છે. જો માનવી સંતોના બતાવેલા સત્યના રાહ ઉપર ચાલે તો આ શક્તિઓ એને પોતામાં જ જરૂર દેખાશે. આપણે તો એને ઓળખીને માત્ર બહાર જ લાવવાની છે. શક્તિઓનું આ દર્શન થતાં માણુસના જીવનમાં નવું ચેતન જાગે છે.

એટલે જીવનમાં નિષ્ફળતા મળે, લોકો નિંદા કરે, છતાં તમને સત્ય લાગે તો તમારા પંથ ઉપર આગળ ચાલ્યા જ જાઓ અને તમને મળેલું સત્ય દુનિયાની સામે મૂકતા જાઓ. સદાય તમારા આત્માની શક્તિને અને તેના અવાજને અનુસરો. પોતાની શક્તિ અનુસાર માણુસે મનને કેળવતા રહેવાનું છે. હથિયાર ન વાપરવાથી જેમ એને કાટ ચઢી જાય છે તેવું જ અણુવપરાયેલી શક્તિઓનું છે. એટલે મળેલી શક્તિઓનો ઉપયોગ કરવો અને એને વિકસાવવી.

જે લોકો સદ્ગુણુને કારણે પૂજાતા હોય તેમની ક્યારેય મશ્કરી ન કરવી. એવા માણુસોની મશ્કરીમાં આપણે આપણી જાતની મશ્કરી કરી રહ્યા છીએ. આ જ પ્રમાણે બહેનો અને વૃદ્ધોની પણ કદી મશ્કરી ન કરવી. માનજો

કે બુઢાપાની મશ્કરી કરનાર માણસ, પોતાની યુવાનીની મશ્કરી કરી રહ્યો છે. યુવાનો તો શક્તિના પ્રતીક છે, આશા સમાન છે. યુવાનો માટે બહેનોને એમ લાગવું જોઈએ કે તેઓ અમારા રખેવાળ છે, આવતી કાલના મશાલચી છે. શ્રીપાળની માતા કમળપ્રભા રાતને વખતે દીકરાને લઈને જઈ રહી છે. યુવાન રાણી છે. શરીર પર રાજતેજ છે. એવામાં પ્રભાતને પહોરે યુવાનોનું એક ટોળું એની સામે આવે છે. કમળપ્રભા ક્ષણભર ધ્રૂજી ઊઠે છે. ત્યાં તો યુવાનોનો આગેવાન આગળ આવે છે અને 'બહેન' કહીને એને સંબોધે છે. કમળપ્રભાને એ કહે છે, "બહેન! મૂંઝાશો મા. જેને એક ભાઈ પડખે હોય તેનેય ડરવાનું નથી હોતું, અમે તો અહીં તારા સાતસો ભાઈઓ છીએ; તારે વળી ડરવાનું શા માટે?" યુવાનોમાં શક્તિ સાથે આવો સંયમ અને સમજણ હોય.

લોકપ્રિયતાના ત્રણ ગુણ છે: દાન, વિનય અને શિયળ. જે માણસ વિનયશીલ છે, જે મનનો ઉદાર છે તે દુનિયામાં પ્રિય થઈ શકે છે. જે અંતરથી આવો ઉદાર છે એ પોતાની પ્યારી ચીજ પણ બીજાનું કલ્યાણ થતું હોય તો આપી દેતાં અચકાતો નથી.

દુનિયામાં ઘણા માણસો તો મળેલું ભોગવવાને બદલે જાણે કે માત્ર ભેગું કરવા જ આવ્યા હોય એવા દેખાય છે, પણ છેવટે 'કીડીનું તેતર ખાય' એવી દશા તેમની થાય છે. માણસ આમ કંજૂસ બનીને ભાવનાને ખોઈ નાખે છે. ઘણા માણસો દાન કર્યા પછી પશ્ચાત્તાપ કરે છે. એવા લોકો વાવ્યા પછી એના પુણ્યના દાણાને

બાળી નાખે છે. દાનનું કામ તો ઉલ્લાસથી, આનંદથી કરો. મનના નિસાસા સાથે દીધેલું દાન એ દાન શબ્દને યોગ્ય નથી.

આપણે કહીએ છીએ કે 'અન્ન તેવું મન' અને 'અન્ન તેવો ઓડકાર' એ સાચી વાત છે. પ્રાણનું સર્જન અન્નને લીધે થાય છે, માટે અન્ન શુદ્ધ હોવું જોઈએ. મંદિરમાં અર્પેલા નિર્માલ્ય ઉપર જો આપણે નજર નાખીએ તો આપણી જિંદગી નિર્માલ્ય થઈ જાય છે, નિર્બળતા આવી જાય છે અને જીવનમાંથી અસ્મિતા ચાલી જાય છે. દાન અને ભિક્ષાના પૈસા ખાનારના જીવનમાં આંતરિક સત્ત્વ રહી શકતું નથી.

જે વસ્તુઓ નિર્માલ્ય થઈ ગઈ એને વાપરો નહીં, એને કાઢી નાખો. મફતનું મેળવવાની ઇચ્છા નહીં, સ્પૃહા નહીં, એ જ સાચો મંત્ર છે. પારકા બળ ઉપર જીવનાર જેવો કાયર જગતમાં બીજો કોઈ નથી. સ્વયંબળ ઉપર જીવનાર જ ખરો બહાદુર છે. નિર્માલ્ય જીવન જીવનારને સાચા જીવનનો અર્થ નહીં સમજાય.

દાનની પાછળ તો પ્રેમોલ્લાસભર્યો આત્માનો આનંદ વહેવો જોઈએ. દિલની આવી ઉદારતા એનું જ નામ સાચું દાન.

*

[૧૪]

વિચાર-ઔદાર્ય

આપણે હમણાં લોકપ્રિયતાના સદ્‌ગુણનો વિચાર કરી રહ્યા છીએ. જે માણસના વચનમાં પ્રેમ અને આચરણમાં વિશ્વાસજનક સદાચાર હોય તેને લોકો જરૂર સાથ આપશે. કામ કરવામાં, સેવામાં આ સદ્‌ગુણથી સફળતા શકય બને છે. જે માણસે આ જાતની લોકપ્રિયતા કેળવી કે મેળવી નથી હોતી, તેનાં વચનો ઉપર સમાજને કે લોકોને માન કે આદર કયાંથી આવે?

જે માણસે બીજાના પૈસા ખાધા હોય, કોઈને છેતર્યા હોય, એ માણસ બીજાને ધર્મની વાત કરશે તો એનું કોઈ સાંભળશે નહીં. સમાજ તો એને કહેશે કે, તું જ પોતે પહેલાં ધર્મ આચર. સમાજની સંસ્થાઓમાં કામ કરનાર માણસે પોતાની આત્મશુદ્ધિ માટે પ્રયાસ કરી, પછી સંસ્થામાં આવવું જોઈએ. આમ ન થાય તો એવી વ્યક્તિ બધાંને નુકસાનકર્તા બને છે.

જે માણસ પોતે વિશુદ્ધ છે, તે જ સમાજમાં લોકપ્રિય થઈ શકે છે, આને માટે આપણે જોવાનું છે કે

લોકપ્રિયતા કેળવવા માટે કેવા સદ્‌ગુણો લેવા અને કયા દુર્ગુણો તજવા?

આવો એક આવશ્યક સદ્‌ગુણ તે ચિત્તના ઔદાર્યનો – ઉદારતાનો છે. માણસમાં મન, વચન અને કાયા — ત્રણેયની ઉદારતા જોઈએ. જેનું મન કંજૂસ છે, જે બીજાનું પડાવી લે છે, જેનું હૈયું બળિયલ છે, તે પોતે જ બળેલ છે; તે બીજાને કેમ ઠારશે?

કેટલાક લોકો પૈસાથી ઉદાર હોય છે, પણ તેઓ બીજાના વિચારો પ્રત્યે ઉદારતા નથી કેળવી શકતા. 'હું બધું સમજું છું; એમાં એ શું સમજે!' એમ જ એમને લાગે છે. પણ ખરી વાત તો એ છે કે બીજાનુંય સાંભળવા પ્રયત્ન કરવો જોઈએ. તમારી માફક સામાનેય એના વિચારો જણાવવાની સ્વતંત્રતા આપવી જોઈએ. વિચારની આ ઉદારતા એટલે? પોતે જેવી સ્વતંત્રતા ઇચ્છે છે એવી જ બીજાને પણ આપવી તે.

ઘણાંખરાં કુટુંબોમાં આ જાતનું વિચાર-સ્વાતંત્ર્ય દેખાતું નથી. પિતા અને પુત્રની વચ્ચે, સાસુ અને વહુની વચ્ચે, રાજ્ય અને પ્રજાની વચ્ચે આ કેળવવું જોઈએ. આ જગતમાં કોઈના ઉપર જોહુકમી ચાલી શકતી નથી. છતાંય બે જણા આ સહે છે: એક તો નિર્માલ્ય હોય તે, અને બીજા ક્ષમાવાન ધર્મી લોકો. પણ આવા ધર્મી લોકો જગતમાં ઘણા ઓછા હોય છે.

વિચારો, પાંચ પાંચ દીકરાએ પણ માબાપને રડવાની દશા શાથી આવે છે? કારણ એ કે સૌ સમાધાનથી સમજીને, આનંદથી એકબીજાને સહી શકતા

નથી. કુટુંબમાં દરેકને વિચાર પ્રગટ કરવાની તક મળવી જોઈએ. બળજબરીથી નહીં, પણ ધીમે ધીમે સમજાવટથી ફેરફારો લાવી શકાય છે. જ્યાં સુધી સામી વ્યક્તિના મનનું સમાધાન તમે કરાવી ન શકો, ત્યાં સુધી બહારની બળજબરી નકામી છે.

વિચારની ઉદારતા આમ અત્યંત આવશ્યક છે. આનું નામ જ સ્યાદ્‌વાદ. જીવનના દરેક અંગમાં આ સ્યાદ્‌વાદની અપેક્ષા અને સમીક્ષા છે. એ કાંઈ માત્ર શાસ્ત્રની વાત નથી; એને તો જીવનના પ્રત્યેક આચાર સાથે સંબંધ છે. બાકી તો જે શાસ્ત્ર માણસને પ્રેરણા ન આપે, જે એના જીવનમાં વણાઈ જાય નહીં એ શાસ્ત્ર જીવંત જીવન માટે નકામું છે. એટલે જ્ઞાનીઓએ શાસ્ત્રમાં જે કહ્યું છે, એને આચારમાં ઉતારી આપણે એનો પૂરો લાભ લેવાનો છે. અરસપરસના વિચારોમાં આવું સમાધાન લાવે એનું નામ સ્યાદ્‌વાદ.

એક દૃષ્ટાંત જોઈએ. બાપ અને દીકરો રોજ તો સાથે જમતા પણ એક દિવસ એમનામાં અણબનાવ થયો. દીકરાએ કહ્યું, 'ડેડી, હું તમારી સાથે જમવા નહીં બેસું.'

બાપા સમજુ હતા, સ્યાદ્‌વાદના ઉપાસક હતા. એમણે ઉપાય શોધી કાઢયો. દીકરો ન ખાય તો મારાથી કેમ ખવાય ? બાપે ઉદારતા દાખવી. થાળી, વાટકો ને પાટલો લઈ એ દીકરા પાસે ગયા અને સામેથી કહ્યું : 'તું મારા ભેગો ન બેસે તો કાંઈ નહીં; ચાલ, હું તારી ભેગો બેસું.'

દીકરાનો અહમ્ આથી સંતોષાયો. 'હું નહીં, બાપા મારા ભેગા બેઠા' એમ માની એ આનંદમાં રાચ્યો. બાપે જીવનને આમ સરળ બનાવ્યું તો પુત્રનું સમાધાન થઈ ગયું. આનું નામ સ્યાદ્વાદનો આચાર.

આ તત્ત્વજ્ઞાનને સમજ્યુ ત્યારે કહેવાય જ્યારે જીવનના દરેક પાસાને સ્પર્શે અને જીવન સરળ, સારું અને પ્રેમમય બને.

મુશ્કેલી એ છે કે આપણે બોલવા તૈયાર છીએ. પણ સામાને સાંભળવા તૈયાર નથી. 'તું મારું સાંભળ; તું મને નવું શું કહેવાનો છે? તું મને સાંભળ.' એમ ન કહો. જે કહેવું હોય તે સામાને કહી લેવા દો. એ ખાલી થશે તો પછી તમારા સુંદર વિચારો તમે એનામાં રેડી શકશો. એના પ્રશ્નો, શંકાઓ સાંભળો; એનું પ્રેમથી, આનંદથી સમાધાન કરવા મથો. આમ કરશો તો સફળતા સહજસાધ્ય બનશે. ઘણા લોકો આ બધું બુદ્ધિથી તો સમજે છે ખરા, પણ જીવનમાં એ લાવવા મથતા નથી. પણ એ ન ભુલાય કે આચાર જ સામાના જીવનમાં આચાર પ્રગટાવી શકે છે.

એક કરોડપતિ શેઠ હતા પણ ભારે કંજૂસ. એનામાં ઉદારતાનું નામ નહીં. એમની પાસે જે હતું તેને કેમ સાચવવું એ વિચારમાં જ એને કાયમની ચિંતા. એક વાર મનની શાંતિ માટે એક ચાંદની રાતે દરિયાકાંઠે ગયા. ગાડી દૂર ઊભી રાખી અને કાંઠે જઈ બેઠા; પણ એના મોં ઉપર ચિંતા ને વિષાદ દેખાતાં હતાં.

થોડી વારે બીજા એક શેઠ ત્યાં આવ્યા. તેણે આનું મોં જોયું. તો મોં ઉપર એને ઉદાસીતા દેખાઈ આવી. વાત સાચી છે કે જે કંજૂસ છે તેના મુખ ઉપર લાલી, પ્રકાશ ક્યાંથી હોય! એ તો જે દાતા બનીને આપે છે તેના મોં ઉપર જ લાલી ને પ્રસન્નતા પ્રસરે.

આ બીજા શેઠને લાગ્યું કે એ બિચારો દુઃખી દુઃખી લાગે છે; કદાચ કંટાળીને આત્મહત્યા કરવા આવ્યો હશે. આમ માનીને, આ શેઠ પેલાની પાસે ગયા. તેને પોતાના નામનું કાર્ડ અને દશ ડૉલૅર ભેટ આપ્યા; વધુ સહાય જોઈ એ તો એની પેઢીએ આવવા જણાવ્યું. એના હૈયામાં ત્યારે સાચી દયા હતી અને એના અંતરમાંથી કરુણાનો સ્રોત વહી રહ્યો હતો. બીજાની મુસીબત જોઈ ને જેનું હૈયું દ્રવે એ જ માનવ.

પેલા દાનવીર શેઠ તો આમ ભેટ આપી ચાલી ગયા. પણ હાથમાં ડૉલર લઈ ને પેલો કરોડપતિ વિચારે છે કે વાહ! માનવીમાં આવી ઉદારતા, લાગણી હોય છે ખરી! મેં માગ્યું ન હતું, છતાં મને સહાય કરી ગયો! પેલા શેઠની માનવતાએ હવે તેનામાં પણ માનવતા જગાવી; દીવામાંથી દીવો પ્રગટ્યો. પહેલી જ વાર આવી સુંદર રાત્રિએ, એના હૈયામાં નવું સ્પંદન જાગ્યું. એને થયું, બીજાના દુઃખે, વિના સ્વાર્થે રડનારાય જગતમાં હોય છે ખરા.

પેલા શેઠનો પ્રેમાળ ભાવ આનામાં નવો ભાવ જગવી ગયો. એને નવો પ્રકાશ આપી ગયો. એની સુષુપ્ત શ્રદ્ધા જાગી. એનામાં ઉદારતાનાં બી વવાઈ ગયાં.

આ વાતને દશેક વર્ષ વીતી ગયાં. એક વાર એણે છાપામાં વાંચ્યું કે જેના નામનું કાર્ડ હતું અને જેણે એને એક વાર દશ ડૉલરની મદદ — વિના માગ્યે કરેલી એ શેઠ મુશ્કેલીમાં આવી પડ્યા છે, અને એને ત્યાં લેણદારનો દરોડો પડ્યો છે.

હવે આ માણસ કાંઈ કંજૂસ નથી રહ્યો. એના ચિત્તનું દ્વાર ક્યારનુંય ઊઘડી ગયું છે. ઉદારતાની એને લગની લાગી છે. જરૂર ન હોય તો પાઈનુંય પેટ્રોલ ન બાળે એવો આ કરોડપતિ, આજે હવે એનામાં હૈયાનો પ્રેમ જાગતાં ૭૦ માઈલ દૂર બેઠેલા પેલા માણસને મદદ કરવા ઊપડ્યો.

ત્યાં જઈને એણે જોયું-તો શેઠ ગમગીન બેઠા છે. એની પ્રતિષ્ઠા ભૂંસાઈ જવાનો સમય આવી લાગ્યો છે. જેણે આજ સુધી બીજાને છૂટે હાથે આપ્યું છે એને, આજે મુસીબતે જકડી લીધો છે.

કોઈ માર્ગ ન જડતાં થાકીને એ ઝેર પીવાનો વિચાર કરી રહ્યો છે, ત્યાં આ કરોડપતિ આવી પહોંચ્યો. આ કરોડપતિને જોઈ પેલો શેઠ ચમકી ઊઠ્યો. એ આને ઓળખી શકતો નથી, એટલે આ કરોડપતિ કહે છે: "ભાઈ, આ મારી પાસે જે ધન છે એ તારું જ છે, અને તે વાપરવા માટે જ છે. લે આ નાણું. તેં જ પેલી અંધારી રાત્રે મારામાં દાનનો ચિરાગ પ્રગટાવેલો. મને ત્યારથી જ્ઞાન થઈ ગયું છે કે માટીની કાયામાં પણ દૈવી માનવી બેઠો છે. તારી એ જ્યોતિએ મારામાં દીવો પ્રગટાવ્યો છે. હવે તો આપવામાં જ મને આનંદ જાગ્યો છે." આમ

ખોલીને એણે ચેકબુક એને ધરી દીધી. પેલા શેઠને મુશ્કેલીમાંથી બચાવી લીધો.

આપણે જોયું કે અવસરે માણસની ઉદારતા કેવાં સુંદર કામ કરે છે! આપણે જો ભલા હોઈએ તો દુષ્ટ પણ સુધરી જાય! દુષ્ટમાંય સારું જોતાં શીખવું! એનું નામ જ સમ્યગ્દૃષ્ટિ. નાલાયકને લાયક બનાવવો, કંજૂસને દાની બનાવવો એમાં જ આપણા માનવજીવનની ખરી મહત્તા રહેલી છે.

આપણે મન, વચન અને કાયાથી અનેકાન્તભરી ઉદારતા કેળવવી, લોકપ્રિયતા તો છાયાની જેમ પાછળ દોડતી ફરવાની.

[૧૫]

વિનય-દર્શન

સાચી લોકપ્રિયતા એ છે કે જે દ્વારા માણસનું પોતાનું અને બીજાનું — એમ બંનેનું કલ્યાણ થાય. ધર્મી માણસની આ લોકપ્રિયતા અંદરથી આવે છે. એ કાંઈ બહારની વાતોથી, ભાષણોથી નહીં આવે. દુનિયા એમ ખોટાને માની લે એવી મૂર્ખ નથી હોતી. જ્યારે માણસના જીવનમાં એ ભાવનાઓ ઊતરી હોય છે ત્યારે જ એને દુનિયા માને છે; ત્યારે જ લોકપ્રિય થઈ શકે છે.

દુનિયાનો સાગર એવો ચંચળ છે કે જેનામાં આ ગુણ નહીં હોય. એવા માણસ, દુનિયામાં લોકપ્રિયતાના કદાચ પાઠ ભજવશે તોય થોડી વારમાં ઊથલાઈ જવાના છે. લોકપ્રવાહમાં કામ કરવું એ તો અગ્નિની સાથે બાથ ભીડવા જેવું છે. તમારે એ અગ્નિ પાસે જવું હોય તો તમારે પાણી બનીને જવું જોઈએ.

કેટલાક સેવકો ફરિયાદ કરે છે કે સમાજ બેદરકાર છે. વાત ખોટી છે. ખરી રીતે તો આવા માણસો પાસે નમ્રતા કે બીજી રીતે કોઈ કદર કરે એવી કશી મૂડી જ

હોતી નથી, અને સેવા કરવા નીકળી પડે છે. હા, સમાજમાં માણુસ સેવા અર્થે જાય તો તેની પરીક્ષા થવાની; અગ્નિમાં એની ચકાસણી થવાની; પણુ સાથે સાથે ત્યારે એનું સુવર્ણું પણુ પરખાઈ આવશે. આડંબરથી, ખુશામતથી કાંઈ લોકપ્રિયતા આવી શકતી નથી; એ તો જીવનના સદ્‌ગુણોમાંથી જન્મવી જોઈએ, આચારમાંથી પ્રગટવી જોઈએ.

આવો લોકપ્રિય માણુસ વિચારોમાં પણુ ઉદારતાભર્યો હોવો જોઈએ. આ માટે બીજાને પ્રથમ સાંભળવા; એના વિચારોને પચાવવા. આજે જગતમાં વધુમાં વધુ દૂષણુ વિચારોની અનુદારતાનું છે, મનની સંકુચિતતાનું છે. ઘણા-ખરા લોકો પૂર્વગ્રંથિથી ભરેલા દેખાય છે. આથી જ આજે દેશમાં આટલા વાડા, વાદ, ઝઘડા, મારામારી અને ભાગલા-ઓ થઈ રહ્યા છે. એક બાજુ જોકે ભણુતર વધ્યું છે અને છતાં પ્રાંતો, ભાષા, વ્યક્તિ અને તેનાં વર્તુળો રચાયાં છે. આનું કારણુ વિચારોની અનુદારતા.

આપણા વિચારો વિશાળ હોવા જોઈએ, સુંદર હોવા જોઈએ. ગમે ત્યાંથી પણુ સારું લેવું જોઈએ. આમ કરતાં અનુદારતાની ગ્રંથિઓ તૂટશે અને વિશાળતા આવશે. આથી જ છેવટે જીવનમાં સંવાદ પ્રગટશે. આવો માણુસ બંને રીતે લાભ મેળવે છે: એક તો એ પોતાને માટે સારું મેળવે છે અને ખરાબને એ છોડે છે.

ધર્મી માટેનો પ્રથમ સદ્‌ગુણુ તે એણે સ્યાદ્‌વાદ કેળવવો. દરેકને સાંભળો, સમજો અને સૌ સંગે એકતા, સમભાવ કેળવો. વિદ્વાન બ્રાહ્મણોને ભગવાન મહાવીરે

સાંભળ્યા, એમના પ્રશ્નો અને આશંકાઓના જવાબ આપ્યા, એમના મનનું સમાધાન કર્યું તો એ બધા પછી એમના ગણધર બન્યા.

સમાજની અંદર કાર્ય કરનારે જીવનના પ્રવાહને સમજી, ઝીલી, એની સાથે જીવવાનું હોય છે. એમાં એણે કાંઈ જૂના સત્યને છોડવાનું નથી પણ સમય-સંજોગનો પ્રવાહ જાણી, એને અનુરૂપ આચરણને આકાર આપવાનો છે. Any plan is God.

આમ વિચારોની ઉદારતા એટલે સ્યાદ્‌વાદ. એને તમે ઇચ્છો તો સાપેક્ષવાદ—Theory of Relativity કહી શકો.

આગળ આપણે દાનનો—ઉદારતાનો ગુણ જોયો. બીજો ગુણ છે તે વિનય. મોર એનાં પીંછાંથી રળિયામણો લાગે છે. એ બીજી રીતે ગમે તેવો સારો હોય છતાં પીંછાં વગર બાંડો લાગે છે. એમ, સમાજમાં કામ કરનારની પાસે જ્ઞાન, સત્તા અને સ્થળ કદાચ હોય છતાં વિનય વગર એ સૌ અધૂરાં રહેવાનાં છે.

નેતાએ તો બીજાને દોરવાના છે, પણ સાથે સાથે જે પાછળ આવે છે એમની ગતિ અને શક્તિ પણ એણે જાણવાની છે. નેતા દોડે અને સમાજ પાછળ રહે, એ ન ચાલે. એંજિન અને ડબ્બાના સંધાણની માફક, નેતા અને સમાજનો સંબંધ છે. એણે તો સમાજને, એની નસને, એના માનસને અને એના વિચારોને જાણી, પોતાની સાથે દોરવાનો છે. આમ સમજીને દોરે તે જ સાચો નેતા. પણ આને બદલે જો એને એમ થઈ જાય કે હું તો સમાજથી ઊંચો છું, લોકો — સમાજ તો ગાડરિયો પ્રવાહ

છે; તો એનામાં ગર્વ — અહમ્ પ્રવેશતાં એનું પતન થાય છે.

માટે ભગવાન મહાવીરે કહ્યું કે સંયોગોથી મુક્ત થયેલા હે ભિખ્ખુઓ! તમને સદ્દગુણોની અને ધર્મની શરૂઆતમાં વિનય અંગે પ્રથમ કહીશ. પછી અનુક્રમે બીજું જણાવીશ. લોકો તમને વંદન કરશે, તમારા પગની ધૂળ લેશે, એ વેળા જાગ્રત નહીં રહો તો ગર્વરૂપી સર્પ તમને મારી નાખશે. માટે જ ભગવાને સૌથી પ્રથમ વિનય શીખવ્યો. વિનય વિના તો ભલભલાનાં પતન થઈ ગયાં છે, એ હકીકત છે.

સાધુ-સંતોના જીવનમાંય, વિનય વિના આવો ગર્વ અંદરથી ક્યારે છંછેડાઈ જઈ પ્રગટ થઈ જાય છે, એ જાણવું મુશ્કેલ છે. ભગવાન સ્થૂલિભદ્ર — જેમનું નામ લેતાં મંગળતા જાગે, જેઓ શિયળના અવતારરૂપ હતા, તેમનામાંય એક વાર આ અહમ્ છંછેડાઈ ગયો.

એમને ખૂબ જ્ઞાન લાધ્યું હતું. એક વાર એમની બહેનો — સેણા, વેણા, રેણા વગેરે એમનાં દર્શને આવી. ગુરુએ કહ્યું: 'સ્થૂલિભદ્ર ઉપર છે.' સ્થૂલિભદ્ર આ વાત જાણી ગયા. એમને થયું કે મારી જ્ઞાન-શક્તિનો પ્રભાવ બહેનોને દેખાડું, એટલે એમણે સિંહનું રૂપ ધારણ કર્યું. બહેનો તો આ રૂપ જોઈને ડરી ગઈ. નીચે જઈને ગુરુને આ વાત કરી. ગુરુ સમજી ગયા કે સ્થૂલિભદ્રમાં વિદ્યાના પ્રદર્શનના ગર્વનો સર્પ જાગ્યો છે; એનો જ્ઞાન-અહંકાર હજી ગયો લાગતો નથી.

ઘણી વાર આપણે માનીએ છીએ કે ચમત્કાર બતાવીએ તો લોકો અનુયાયી થશે, પણ આપણે ભૂલી

જઈએ છીએ કે આપણા બતાવેલા ચમત્કાર કરતાં નવો અને મોટો ચમત્કાર લોકો જોશે ત્યારે એ ત્યાં જશે, અને જૂના પાસે પછી ઊભા પણ નહીં રહે. ચમત્કારમાં કાંઈ ખરો ધર્મ નથી. એ તો ચોમાસાનાં અળશિયાં જેવો અલ્પજીવી છે. જે ધર્મ આત્માના ઊંડાણથી, સમજણથી નથી આવ્યો તે ધર્મ તો એનો ચમત્કાર જતાં, એ વ્યક્તિ જતાં, બંધ થઈ જાય છે. માટે જ અવધાન જેવા પ્રયોગ કરીનેય લોકોને માત્ર આંજી નાખવાની જ દૃષ્ટિ હોય તો તે પ્રદર્શન પણ પાપ છે. ચમત્કારથી અનુયાયી કરવાની દૃષ્ટિને જ્ઞાનીઓએ અયોગ્ય ગણી છે. ધર્મ એ કાંઈ ચમત્કારનો વિષય નથી; એ તો જીવનનો એક આવિષ્કાર છે.

આ અહમ્-ગર્વ ક્યારે જીવનમાં પ્રગટી ઊઠશે તે આપણે જાણતા નથી. ઘણી વાર માણસથી ધન, કુટુંબ, પુત્ર, પત્ની, રાગ, માયા છૂટી શકે છે, પણ અહંકારને એ નથી છોડી શકતો. ભગવાન બાહુબલિએ સર્વસ્વ છોડી દીધેલું; પણ એક અહંકાર એમનામાં રહેલો કે "હું મારા ભાઈઓને જઈને ન નમું. કેવળજ્ઞાન થયા પછી જઈશ. એટલે નમવું જ ન પડે."

એ તો અપાર જ્ઞાની હતા, દેહની આસપાસ પંખીઓ માળા બાંધી જાય— ટાઢ, તડકા અને વર્ષા આવી જાય પણ જેની સાધના અખંડ અને અડોલ રહેલ, જેણે દેહને કંપવા સરખોય નહોતો દીધો, એનેય ગર્વ રહ્યો, કે હું નમું? આ ગર્વનું દર્શન માણુસને બહુ મોડું થાય છે. અંદરથી જ્ઞાનનાં અજવાળાં પ્રગટે ત્યારે જ માણુસ એનું ખરું દર્શન પામે છે.

જગતગુરુ ઋષભદેવને એનો આ ગર્વ જોઈ કરુણા જાગી. એમણે બ્રાહ્મી અને સુંદરીને મોકલી. એમણે આવીને કહ્યું: 'વીરા! હાથી ઉપરથી નીચે આવો.' શબ્દો તો સાદા હતા પણ એની અંદર ભાવસંકેત અદ્‌ભુત હતો. એણે નમવા માટે ડગલું ઉપાડ્યું અને એ જ પળે કેવળ-જ્ઞાન એને પ્રગટી ઊઠ્યું!

આ કેવળજ્ઞાન આપણા બધામાં છે, પણ વૃત્તિઓના આવરણથી આવૃત્ત છે; એટલે પવિત્ર સાચા જ્ઞાનીઓનાં દર્શન-શ્રવણે આપણું એ અંતર ઊઘડી જાય છે. જ્ઞાનીઓ તો માત્ર નિમિત્ત છે. આપણે એ સમજી લેવું જોઈએ કે આવું આંતરજ્ઞાન બહાર નહીં, પણ અંદર પડ્યું છે. માત્ર આપણે એને ઉઘાડવાની ચાવી શોધવાની છે, હાથ કરવાની છે.

ઘણી વાર બળથી નથી થતું તે કળથી, સરળતાથી થઈ જાય છે. આપણને જો સત્યની આવી ગુરુચાવી હાથ લાગી જાય તો અંતરનાં દ્વાર પળવારમાં ઊઘડી જવાનાં.

સ્થૂલિભદ્ર અને બાહુબલિનાં આ દૃષ્ટાંતોનો પાઠ આખા જગત માટે છે. આપણા બધામાં આ ગર્વ પડ્યો છે. જેમ ઘરમાં સર્પ ફરતો હોય અને માણસને શાંતિથી ઊંઘ ન આવે તેમ, આપણે અંદરના ગર્વરૂપી સર્પથી સદાય સાવચેત રહેવાનું છે.

આટલા માટે, વિનયનો સદ્‌ગુણ આવશ્યક ગણાયો છે. જ્યારે આપણે આ સમજીશું ત્યારે સાચી કેળવણી આવશે. કેળવણી એ વિનય છે. કણિકને જેમ ગૂંદો,

કેળવો તેમ રોટલી સુંદર થાય છે; તે જ રીતે માણુસ વિનયથી કેળવાય તો સુંદરનું સર્જન એ કરી શકે છે.

આજના શિક્ષણમાં આ વિનય અત્યંત આવશ્યક છે. પ્રોફેસર બબડયા કરે અને છાત્રો મશ્કરી કરતાં કરતાં સાંભળે, એવી વિદ્યા આશીર્વાદરૂપ નથી બનતી; એ તો અભિશાપરૂપ બની જાય છે.

ચંડાલ પાસેથી જ્ઞાન મેળવવા બિંબિસાર રાજાએ ઘણા પ્રયાસ કર્યા પણ એને એ જ્ઞાન ન લાધ્યું, ત્યારે એમણે અભયકુમારને આનું કારણ પૂછ્યું. અભિપ્રાય આપતાં અભયકુમારે જણાવ્યું કે, 'મહારાજ, વાસણને પાણીથી ભરવું હોય તો કૂવામાં નાખવું પડે છે; ત્યાં જઈ વાસણે વાંકા વળી નમવું પડે છે, ત્યારે જ પાણી અંદર ભરાય છે, એમ ને એમ નહીં. જ્ઞાનથી ભરાવા ઇચ્છનારે પોતે વિનયથી વાંકા વળવું જોઈએ, માટે આપ સ્થળાન્તર કરો. આપની જગ્યાએ ચંડાલને બેસાડો અને આપ એની જગ્યાએ બેસો. જ્યાં સુધી આપણે વિનયથી નાનાં નથી બનતાં, ત્યાં સુધી કદાચ આપણને વસ્તુની માહિતી મળશે પણ અંતરનું જ્ઞાન નહીં લાધે. માહિતી એ બહારની વસ્તુ છે; જ્ઞાન એ અંતરનો આવિષ્કાર છે.

આથી જ જ્ઞાનીઓએ આપણને કહ્યું છે કે જે માણસ અક્ષરમાં રહેલા અક્ષરને સમજે છે તે જાતે અક્ષર બને છે. કાગળ ઉપરના અક્ષરોમાં કાંઈ નથી; પણ એ અક્ષરો-માંના અક્ષરને-રહસ્યને, જ્ઞાનને સમજે છે તે જ માણસ એના જીવનથી અ-ક્ષર—અમર બને છે.

આ વસ્તુ વિનય વગર ન લાધે. માટે મગધના મહાન સમ્રાટ હોવા છતાં છેવટે રાજા બિંબિસાર ચંડાલને સ્થાને બેઠા. એમને તો જ્ઞાન અને વિદ્યા મેળવવાં હતાં. આપણે આથી યાદ રાખવાનું છે કે જ્યારે આપણે કૂવા સુધી નીચે જઈને નમીશું, વિનયથી વાંકા વળીશું ત્યારે જ જ્ઞાન પ્રગટવાનું છે, આવવાનું છે, ભરાવાનું છે.

આવી રીતે જે માણસ નમ્ર બને છે, મીણની માફક ઓગળી જઈ શકે છે તેનું સ્થાન સમાજમાં અમર બની જાય છે. એના જીવનના ઊંડાણમાંથી, આ નમ્રતા જાગેલી હોય છે. લોકો કોઈના નથી રહેતા પણ આવા જીવોના સદ્‌ગુણોથી, એમની નમ્રતાથી સમાજ આખો એમનો બની જાય છે; વિરલ ભક્તિભાવે બંધાય છે.

[૧૬]

શાશ્વત શું?

આપણે છેલ્લા થોડા દિવસોથી લોકપ્રિયતાના ગુણનો વિચાર કરી રહ્યા છીએ; અને એને અંગેના ત્રણ ગુણો દાન, વિનય અને શિયળની ચર્ચા ચાલે છે.

લોકો બહારથી કદાચ માન કે સ્થાન આપે તો તેવી લોકપ્રિયતા કે પ્રમાણપત્રો લાંબું ટકી શકવાનાં નથી. સમાજની આજની વાતો, પ્રશંસા, ખુશામત અને વિશેષણોથી ભરમાઈને, આવતીકાલનો મિનારો આપણાથી ન બાંધી શકાય.

સાચી લોકપ્રિયતા તમારી પોતાની શક્તિમાંથી આવવી જોઈએ. એ શક્તિ કઈ? પૈસાની? ના, કારણ લક્ષ્મી એ તો ચપલા છે; સરકી જશે. એને બાંધી શકાતી નથી. ગત જન્મનાં સુકૃત્ય હશે ત્યાં સુધી જ એ રહેશે; પણ પુણ્ય પરવારતાં એ રોકાશે નહીં. આ લક્ષ્મી તો પાણીની ઉપર ચાલતી નૌકા જેવી ચંચળ છે. આપણા જીવનસંસાર-સરોવરમાં લક્ષ્મી એક તરાપો છે. તમે સ્થિર રાખવા મથશો તોય એ ચંચળ જ રહેવાની.

તો બીજી શક્તિ કઈ? સત્તા? એ ધારે તેને ઊંચે ચડાવે છે અને ધારે તેને નીચે ફગાવે છે; પણ એ ન ભૂલશો કે કર્તા અને અકર્તા માણુસ પોતે નથી; એનું પુણ્ય છે. મુસોલિની અને હિટલર જેવાની સત્તા પણ પળવારમાં એમના હાથમાંથી સરકી ગઈ અને તેમને ભૂંડા મોતે મરવું પડયું, એ આપણી સામેનો ઇતિહાસ છે.

ત્રીજી શક્તિ દેહબળની છે. દેહમાં વ્યાધિ નથી આવ્યો ત્યાં સુધી માણુસ જોર કરી શકે છે, પણુ રોગ આવતાં એ નિઃસહાય બની જાય છે. સશક્ત હોય છતાં હૃદયવ્યાધિમાં એ ઊડી જાય છે; સવારે હતો તે સાંજે નથી દેખાતો; ત્યારે એવા દેહને જોરે પણુ કૂદવાનો શો અર્થ?

આ ત્રણુ કરતાં જે વધુ શક્તિશાળી છે તે આપણા સદ્‌ગુણો છે. સમવૃત્તિ, સત્તા અને શરીરબળ કદાચ ચાલ્યાં જશે, પણુ સદ્‌ગુણોનો ખજાનો હશે તો એના પર તમે મુસ્તાક રહી શકશો.

માટે આ ત્રણેય ચપળ શક્તિઓને સ્થાને, આપણુને ત્રણુ સદ્‌ગુણોની શાશ્વત શક્તિ ખીલવવાનો આદેશ મળ્યો છે. એ ત્રણુ એટલે દાન, વિનય અને શિયળ.

જે લોકપ્રિય ધર્મીમાં આ ત્રણુ ગુણુ હોય છે તે કાયમને માટે લોકપ્રિય રહે છે. એ મૃત્યુ પામવા છતાં, સમાજમાં અમર રહી જાય છે.

'મરના ભલા હૈ ઉસકા, જો અપને લિયે જિયે,
જિતે હૈં વે જો મર ચૂકે ઇન્સાનકે લિયે.'

જેઓ બીજાને ખાતર સેવા કરતાં મરે છે તે સાચા લોકપ્રિય સેવકો છે. એમની સ્મૃતિ રહે છે – એમનાં કામોથી, એમના સદ્ગુણોથી.

માટે સંપત્તિ, સત્તા અને શરીરને કાળ વાપરે તે પહેલાં તમે એને સન્માર્ગે વાપરી લો. તમે જો આમ વપરાઈ જશો તો જ તમારી ઉદારતા અમર રહેશે. ત્યારે લોકો કહેશે કે એ તો હૈયાની ઉદારતામાં દિલનો બાદશાહ હતો. આપણાં તન, મન અને ધન આપણે આમ ઉદારતાથી વાપરવાનાં છે. ચિત્તની ઉદારતા જેનામાં છે તે આમ કરવાનો; કંજૂસ એને સાચવી રાખવાનો. આવા ઉદાર લોકોની પાછળ જ સમાજનાં સાચાં આંસુઓ વહે છે.

માટે આપણું જીવન એવું બનવું જોઈએ કે જેથી આપણી સ્મૃતિ પાછળ બે જણ આંસુ સારે. આપણા જીવનની સુવાસ જ પાછળ મૂકી જઈ શકશો.

જે માણસે જીવનભર બીજાનું લૂંટયું છે, તે હસતો નથી જઈ શકતો; જેણે જીવનમાં આપ્યું છે એ જ હસતો જવાનો છે; અને એવાની પાછળ જ જગત રડે છે. માટે તક મળે ત્યારે આપવા માંડો, રાખી ન મૂકો.

ચિત્તની ઉદારતા પછી આપણે બીજો ગુણ નમ્રતાનો ચર્ચી રહ્યા છીએ. વિજય મળે ત્યારે ગર્વ ન આવવા દો. કહો કે કુદરતનો સાથ મળતાં, મિત્રોની સહાય મળતાં એ વિજય મળ્યો છે.

પણ જગતનો ન્યાય કેવો છે? સારું હોય તો 'એ હું કરું છું;' ખરાબ હોય તો 'તેં કર્યું છે,' એમ કહે છે. આ હું – તું આપણા જીવનમાં દીવાલ ઊભી કરે છે.

આપણને દરેકને પ્રશંસા ગમે છે. એ આપણી આંતરિક વૃત્તિ છે. માણસ સારા માટે માન લેવા તૈયાર થાય છે, પણ ખરાબ માટે ભગવાન ઉપર દોષ ઢોળે છે. ઈશ્વરનું સર્જન આમ એક રીતે માણસે જ કર્યું છે; એમાંથી જ ઈશ્વરવાદ આવ્યો. આપણે સૌએ ભૂલોનો ટોપલો નાખવા માટે ઈશ્વરને ઊભો કર્યો છે.

વ્યવહારમાં જ જુઓને! લગ્નની કંકોતરીમાં 'અમારા ચિ. ભાઈનાં લગ્ન નક્કી કર્યાં છે' લખીને તમે માન મેળવો છો; પણ મરણનો કાગળ લખવો હોય તો! તો એ ટોપલો ઈશ્વર ઉપર નાખી જણાવો છો કે 'ઈશ્વરને ગમ્યું તે ખરું.' આમ મંગળ વખતે માણસ પોતાના અહમ્‌ને પોષે છે: દુઃખ, મુશ્કેલી, અમંગળને પ્રભુ પર ઢોળે છે.

અહીં એક વાત યાદ આવે છે. એક માળીને સુંદર બગીચો હતો. વરસાદ વરસ્યો અને બાગ ખીલી ઊઠ્યો. કોઈ ચિંતક ત્યાં આવ્યો ને પૂછ્યું કે આ લતા, વાટિકા, ફળ, ફૂલ અત્યંત સુંદર છે; આ કોણે બનાવ્યાં? તરત જ માળીએ કહ્યું, 'મેં.' એણે એમ ન કહ્યું કે મેઘની કૃપાથી, સૂર્યકિરણની વર્ષાથી આ બાગ થયો છે.

એવામાં એક ગાય ત્યાં આવી ચડી. માળીએ જોરથી એને લાકડી મારી અને ગાય મરી ગઈ. માળીને રાજા સામે ઊભો કર્યો અને રાજાએ પૂછ્યું, 'અરે! તેં ગાયને મારી નાખી?' માળીએ જવાબ આપ્યો, 'ના, માલિક! લાકડીથી કાંઈ ગાય મરે? લાકડી એ તો નિમિત્ત માત્ર છે; બાકી ભગવાન એનો મારનાર છે, હું નહીં.'

આપણા જીવનમાં આ હું – મોટો હું, અહમ્ પડેલો છે. ધર્મ, સમાજ, રાષ્ટ્રસેવા – બધાંમાં આ અહમ્ જ મોટો થઈ રહ્યો છે, અને પરિણામે અંદરનો માનવી પ્રતિદિન નાનો ને નાનો થઈ રહ્યો છે. પણ આ અહમ્ વધી પડતાં, માણસ એક દિવસ ફુગ્ગાની માફક ફૂટી જાય છે.

આ અહમ્‌ને ગાળવો કેમ ? આને માટે અંદરથી જ વિનમ્રતાનો ગુણ કેળવવો જોઈએ. સારું કર્યાનો યશ મળે તો લોકોને, મિત્રોને, કુદરતને આપણા સદ્‌ગુણને વહેંચી દેવો જોઈએ.

ચૌદ વરસ પહેલાંની વાત છે. એક વેપારી હતા. એમણે વ્રત લીધેલું કે કમાણીનો અમુક ભાગ રાખી, બીજો બધો ભાગ પોતાના માણસોને વહેંચી દેવો. એનું મૃત્યુ થયું ત્યારે એના દીકરા કરતાંય વધુ રડનાર, આઘાત પામનાર હતા એમના માણસો, નોકરો. દરવાજે બેસી રહેતા પઠાણે કહ્યું કે, "મારા સગા બાપના મૃત્યુથી મને જે આઘાત નથી થયો તે આજે થયો છે." આ બોલતાં એની આંખેથી આંસુની ધારા વહેવા માંડી. આનું કારણ ? એ વેપારી પાસે જે હતું એ એણે ઉદારતાથી વહેંચ્યું હતું, એ છે.

આ વેપારીની આબરૂ સારી. સૌના ઝઘડા એ પતાવતા. સમાજમાં અને નાતમાં એ આગેવાન; ખૂબ લોકપ્રિય. રાગ કે દ્વેષ વગર એ સૌનો ન્યાય કરતા. એમની આ સમભાવાત્મક દૃષ્ટિ એમને સ્વાભાવિક થઈ ગયેલી.

એવામાં એક પ્રસંગ બન્યો. એના ઘરના છોકરાએ જ થયેલું સગપણ તોડી નાખ્યું. અને તમે જાણો છો, ગામડામાં સગપણ તોડવું એટલે શું? હાહાકાર મચી ગયો. બીજાનો ન્યાય તોળનારને ત્યાં જ હવે ન્યાય તોળવાનો પ્રસંગ આવ્યો. શેઠે ગામના લોકોને ન્યાય કરવા કહ્યું પણ બધાંએ એની ઉપર જ ન્યાય કરવાનું છોડયું.

શેઠ ન્યાયની ગાદી ઉપર બેઠા, આ વેળા એમણે આપેલા ભૂતકાળના ન્યાયને પોતે યાદ કરી ગયા. એમને લાગ્યું કે આવી બાબતમાં એમણે હજાર રૂપિયાનો દંડ અને ત્રણ માસ સુધી વહેવાર બંધ – એ શિક્ષા આપેલી. એટલે એમણે પોતાનો — પોતાના પુત્રનો ન્યાય તોળતાં કહ્યું કે મારો પાંચ હજાર રૂપિયાનો દંડ અને બાર માસ સુધી મારી સાથેનો વહેવાર બંધ.

લોકો ચમકી ઊઠયા: 'શેઠ! આટલી બધી શિક્ષા!' શેઠે જવાબ આપ્યો કે હું ગામનો, ન્યાતનો આગેવાન છું; મારી ભૂલ માટે તો વધારે જ શિક્ષા જોઈએ.

આજે તો હવે એ શેઠ ગુજરી ગયા છે. પણ ત્યાંના લોકો હજી યાદ કરી કહે છે, 'ન્યાય તો પાનાચંદ શેઠનો.' આનું નામ લોકપ્રિયતાની અંદરથી જન્મેલી ન્યાયભરી નમ્રતા, વિનય. આ વિનયથી જ મનુષ્ય શોભે છે. સુરભિ અને શીતળતાથી જેમ ચંદન શોભે છે, સુધાની સૌમ્યતાથી જેમ ચંદ્ર શોભે છે, માધુર્યથી જેમ અમૃત શોભે છે એમ વિનયથી, નમ્રતાથી માનવીનું જીવન શોભી ઊઠે છે.

આ વિનયથી જ આપણે બીજાનાં હૈયાંને જીતી શકીએ છીએ, પૈસાથી નહીં. સાચી સભ્યતા આ વિનયમાંથી આવી શકે છે.

લોકપ્રિયતાનો ત્રીજો સદ્‌ગુણ તે શિયળની સુરભિ. એક જ્ઞાનીને એક વાર પ્રશ્ન પૂછવામાં આવ્યો કે જીવનમાં ઓછામાં ઓછું શું જોઈએ ? ત્યારે એમણે જવાબ આપ્યો કે અ-પરિગ્રહ અને શિયળ. શિયળ એ માનસનો માપદંડ છે.

સમાજમાનસ કેટલું નીચે જઈ રહ્યું છે એ જોવું હોય તો નટ-નટીનાં ચિત્રોવાળાં માસિકોની આજે વેચાતી નકલોની સંખ્યા તપાસો.

આવા સમાજને બદલવા માટે આપણે આજનું આખું વાતાવરણ બદલવું પડશે. આની શરૂઆત માટે ધરમૂળથી સંયમ આવવો જોઈએ. વાતાવરણના અણુઅણુને શિયળની સૌરભ અડશે તો જ આ દુર્ગન્ધ દૂર થશે. એને મળવા આવનાર વ્યક્તિ એના સાન્નિધ્યમાં અભયનો આનંદ માણે એવી એની ઉજ્જવળ પ્રતિષ્ઠા હોય. સુદર્શન અને વિજયા ગૃહસ્થ હોવા છતાં સંયમ-શિયળની એવી સુવાસ મૂકી ગયાં કે આજ પણ મોટા મોટા સાધુસંતો પણ એમની ગુણગાથાને ગાતાં થાકતા નથી. શિયળ અને સંયમ એ ધર્મની જ નહીં, જીવનની — સુખી જીવનની પરમ આવશ્યકતા છે. સંયમ એ સંકલ્પ અને શક્તિઓનો સંચય છે.

સંસાર એટલે ભોગનો ઇજારો કે અખાડો નથી.

અતિ ભોગ રોગને શીઘ્ર આમંત્રે છે. તળાવને જેમ પાળ હોય તેમ ભોગને પણ યોગની પાળ હોય.

જે ગાંધીજીએ પોતાની આત્મકથામાં પોતાની વિષય-વૃત્તિના અતિરેકનો નિર્દંભતાથી ખુલ્લા દિલે એકરાર કર્યો એ જ જીવનમાં સંયમયોગ લાવી પ્રેમમૂર્તિ કસ્તૂરને 'બા' કહી સંબોધે છે. આ ભાવોનું – વૃત્તિનું ઊર્ધ્વીકરણ છે. સ્ત્રીને ભોગતૃપ્તિનું સાધન ન માનતાં એમાં જીવનસાથી કે સાધનાસહચરીનું આત્મદર્શન કરવું એ શિયળ છે, સંયમ છે, યોગ છે.

શિયળ એ સ્ત્રીઓને વખોડવામાં નહીં પણ એમાં પોતાના જ જેવી એક વિકાસગામી ચેતનાનું સમભાવથી સંવેદન કરવામાં છે.

કામ સ્ત્રી કે પુરુષમાં નહીં, વૃત્તિઓમાં છે. રાતદિવસ સ્ત્રીની નિંદા કરનાર શિયળવાન જ છે એમ માનવાની ભૂલ ન કરતાં. કદાચ એના સુષુપ્ત મનમાં દબાયેલી કે છુપાઈને પડેલી વૃત્તિ બહાર આવી ન જાય કે કોઈ જાણી ન જાય એ માટે પણ એ આવી સતત વાતો દ્વારા રસપૂર્તિ કરી સાંભળનારનું લક્ષ્ય બીજા તરફ દોરવા માગતો હોય. શિયળની સમજણ અંદરથી આવતાં વ્યક્તિ પર દોષારોપણ ન કરતાં, વસ્તુને જોતા થઈશું. વસ્તુ પ્રત્યેની દૃષ્ટિ બદલાતાં વ્યક્તિ સાથેના સંબંધોની સૃષ્ટિ પણ બદલાશે. શિયળ એ દૃષ્ટિ છે. વિકાર એ વૃત્તિ છે. વિકારી વૃત્તિ બદલાય છે સમ્યગ્‌દૃષ્ટિથી.

સરિતાને સંયમના કિનારા ન હોય તો જીવનનાં પાણી ભોગના રણમાં જ ચુસાઈ જાય. આભાર માનો

સંયમના કિનારાનો કે જીવનના પ્રવાહને પરમાત્માના સાગર સુધી પહોંચાડે છે.

મહાપુરુષો કહે છે કે સળગતા આ સંસારમાં સદ્‌ગુણની શીતળતા સિવાય બીજું બધું જ વ્યર્થ છે.

માણસ ઉદાર હોય, નમ્ર હોય, સાથે શિયળવાન પણ હોય. લોકપ્રિય વ્યક્તિ એવી શિયળવાન હોય કે એને મળવા આવનાર વ્યક્તિ એના સાનિધ્યમાં અભયનો આનંદ માણે એવી એની ઉજ્જવળ પ્રતિષ્ઠા હોય. સુદર્શન અને વિજયા ગૃહસ્થ હોવા છતાં સંયમ-શિયળના એવી સુવાસ મૂકી ગયાં કે આજ પણ મોટા મોટા સાધુસંતો એમની ગુણગાથાને ગાતાં થાકતા નથી.

આમ દાન, વિનય અને શિયળ – સદ્‌ગુણોની આ ત્રિવેણીનો જ્યાં સંગમ થાય તે લોકપ્રિય નામનું તીર્થ બની જાય છે.

[૧૭]

અક્રૂર

ઊંચા શિખર ઉપર ચડવા માટે જેમ પગથિયાંની જરૂર રહે છે, તેમ ધર્મને શિખરે પહોંચવા માટે પણ અમુક પગથિયાં જરૂરી બને છે. ધીમે ધીમે અને એક એક કરતાં ચડનારો, ક્યારેક પણ આવા શિખરને હસ્તગત કરી શકે છે.

જીવનનાં બધાં શિખરોમાં, મોટામાં મોટું અને ઊંચામાં ઊંચું શિખર તે ધર્મ-શિખર. હિમગિરિનું ઉત્તુંગ શિખર સર કરી, જેમ તેનસિંગે પરાક્રમની પરાકાષ્ઠા દાખવી તેમ આ ધર્મ-શિખરે જે પહોંચે છે, તે આપણા જીવનના અધ્યાત્મની પરાકાષ્ઠા દાખવે છે.

આપણે સૌ આ શિખરના પ્રવાસી છીએ. એ ન હોત તો આપણે અહીં ભેગાં ન થાત. દરેકમાં આ ધર્મ-શિખરના પ્રવાસની ઝંખના, ઇચ્છા, કામના છે, એની પ્યાસ આંખમાં દેખાય છે.

સાધક માટે ધર્મ-પ્રવાસ સરળ છે. જેઓ ધર્મને ક્લિષ્ટ કહે છે એ ધર્મ નથી; એવા માણસો ધર્મને નામે

કાંઈ બીજું વેચવા નીકળ્યા છે. ધર્મ તો ગામડાનો ગરીબ પણ સમજે ને આચરી શકે એટલો સરળ છે.

ધર્મનાં આ પગથિયાં ઊંચાં પણ નથી, સાંકડાંય નથી; એટલે તમે હાંફ વગર ચડી શકો. આ પગથિયું એટલે એક એક સદ્‌ગુણ. જે માણસના જીવનમાં હેતુ, ધ્યેય, સદ્‌ગુણ નથી તે ક્યાંય પહોંચી શકતો નથી.

આપણે આ પહેલાં – ક્ષુદ્રતાનો ત્યાગ, સંપૂર્ણ અંગોપાંગ, પ્રકૃતિ-સૌમ્યત્વ અને લોકપ્રિયતા, એમ ચાર પગથિયાં જોઈ ગયા. હવે આપણે પાંચમે પગથિયે આવ્યા છીએ.

વખત જતાં પાછલાં પગથિયાં ભુલાય નહીં માટે ભણીને પુનરાવર્તન કરવું, તેનું નામ સ્વાધ્યાય. જીવનમાં પાછલાં પગથિયાંથી કેટલી શાંતિ, કેટલો આકાર આવ્યો, તેનો અનુભવ કરો. જેટલું જીવનમાં ઊતરશે એટલો વિજય મળશે; માત્ર સાંભળવાથી કાંઈ ન મળે. ડૉક્ટરે આપેલી દવા જોઈને બેસી રહેવાથી રોગ ન જાય; એનું સેવન કરવું જોઈએ, તો જ જીવનમાં પરિવર્તન આવે.

આ પાંચમું પગથિયું એટલે ક્રૂરતાનો ત્યાગ. જે ઠરેલો છે તે જ બીજાને ઠારી શકે, શાંતિ આપી શકે. જે બરફની પાસે જઈને બેસે તેને શીતળતા મળે; જે ભઠ્ઠી પાસે જઈને બેસે તેને તાપ મળે. વસ્તુનો આ સ્વભાવ છે. બળેલો બીજાને બાળે છે, ઠરેલો બીજાને ઠારે છે. આથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે જે માણસ બોધ પામેલો છે અને બોધ પમાડે છે તે સાચો મહાપુરુષ.

ખરો ધર્મી કેવો હોય? એનામાં ચંદનની શીતળતા હોય, જેથી એ બીજાને ઠારી શકે. એનામાં શાંતિ,

શીતળતા અને સૌમ્યતા હોય, આવો ધર્મી જ્યાં જાય ત્યાં સૌમ્યતાની હવા સર્જી શકે છે.

ક્રૂરતા નહીં, એટલે શું? એટલે એ કે જીવનમાં કોઈ જાતની ક્લિષ્ટતા ન જોઈએ; કોમળતા જોઈએ. જેનું હૃદય કોમળ હોય, બીજાનું સુખ અને સફળતા જોઈ રાચે, એ ધર્મી.

ઘણા જણ બીજાનું સુખ જોઈ નિરાશ થાય છે. આવો માણસ ક્લિષ્ટતાવાળો છે અને તે ધર્મ માટે યોગ્ય નથી. જ્યારે માણસ હૃદયથી નઠોર, ક્રૂર થાય છે ત્યારે એ હિંસક પશુ કરતાં વધુ ક્રૂર બને છે, અને એની આ ક્રૂરતામાં, સામાને હતો ન હતો કરી દે છે.

એમ કહેવાય છે કે સિંહ અને સર્પ સામે આવતા હોય તો સાવધાનતા રાખવાથી બચી શકાય, પણ જે માણસ બહારથી સૌમ્યતા દાખવી ક્રૂરતા આચરે છે તેનાથી બચવું મુશ્કેલ હોય છે.

આટલા માટે જ્ઞાનીઓ કહે છે કે એવા લોકો તો—

मधु तिष्ठति जिह्वाग्रे हृदये तु हलाहलम् । મોઢે મીઠાબોલા અને હૈયામાં હળાહળ ઝેર રાખનારા હોય છે. જે માણસ ક્રૂર હોય એનામાં દયાનો પ્રકંપ પણ નથી હોતો.

પણ જેનું હૃદય મીણના જેવું નરમ, માખણ જેવું કોમળ હોય, દ્રવી શકતું હોય તે જ સાચો ધર્મી. એક દાખલો યાદ આવે છે.

ચરોતરના એક સજ્જન આફ્રિકામાં મોટા વેપારી; છે ખૂબ પૈસાદાર છે. એમના કપાળમાં એક ઘા છે. ઘણા મિત્રોએ એમને કહ્યું કે પ્લાસ્ટિક સર્જરીથી એ ડાઘ કઢાવી

સુંદર બનો ને! ત્યારે એમણે કહેલું કે "આ ઘા તો મારો ગુરુ છે. એ જો ન હોત તો હું માનવ ન હોત. મારા હૈયામાં દયાના ઝરણનો જે સ્રોત વહે છે તે વહેતો ન હોત.'

એક મિત્રે આ ઘાની વાત પૂછી ત્યારે એમણે કહ્યું કે બાળપણમાં એ ગરીબ હતા. મા-દીકરો ઝૂંપડામાં રહેતાં. મા દળણાં દળી ઘર ચલાવતી. બાજુમાં એક મોટી હવેલી હતી. એના ચોકમાં સૌ બાળકો રોજ રમવા ભેગાં થતાં. એટલે સૌ સાથે રમતાં.

જે છોકરાઓ ત્યાં આવતા, એમાં પૈસાદારનાંય બાળકો હતાં. એક ધનિક માએ પોતાના દીકરાના ખીસામાં કાજુ, બદામ ભરીને એને એમ શીખવેલું કે 'આમાંથી કોઈને કાંઈ આપવું નહીં.' જોઈ લો બાનું શિક્ષણ! મોટો થાય પછી એ જ બાળક માબાપને અંગૂઠો બતાવે એમાં નવાઈ શી?

ખૂણામાં બેસીને તો શ્વાન પણ આમ એકલો ખાય છે, પણ માણસે તો વહેંચીને ખાવું જોઈએ. તમે ઘણાંને જમાડો છો, આમંત્રણો આપો છો – પણ તમારા લાભ સારુ. કોઈ ગુણવાન, ન્યાયી, સંત, પ્રામાણિકને કયારેય આમંત્રો છો ખરા?

આપણે યાદ રાખવું જોઈએ કે જે આપીએ છીએ તે જ આપણને પાછું મળે છે. આ કુદરતનો સિદ્ધાંત છે; Law of nature. સારું આપીશું તો સારું મળશે; ખરાબ આપીશું તો ખરાબ જ મળવાનું. આપેલું કાંઈ નકામું નથી

જતું. હા! કદાચ એ ફરતાં, કુદરતમાં વિલંબ દેખાય છે, પણ ત્યાં અવ્યવસ્થા નથી એટલી શ્રદ્ધા રાખજો.

હવે પેલા ગરીબ બાળકે એક વાર પેલા ધનિક છોકરાને બદામ-કાજુ ખાતો જોયો અને એણે એ માગ્યાં. પેલાએ એને અંગૂઠો બતાવ્યો. આ ગરીબ છોકરો રડતો રડતો ઘેર આવ્યો અને રડતાં રડતાં બધી વાત માને કરી અને મા પાસેથી બદામ-કાજુ માગ્યાં. માની આંખમાં આંસુ આવી ગયાં. બાળકનું દર્દ માતા કેમ જોઈ શકે? માનું હૃદય દ્રવી ઊઠ્યું. એ હવેલી તરફ ગઈ. પેલી ધનિક શેઠાણી પાસે જઈને એણે કહ્યું કે, "બહેન, તમને કુદરતે તમારા પુણ્યથી આપ્યું છે, તેથી મને આનંદ છે; પણ દયા કરી શેરીમાં છોકરાને મોકલો ત્યારે ખીસામાં બદામ-કાજુ આપીને ન મોકલો તો ઠીક."

હિંડોળા પર ઝૂલતી શેઠાણી ખિજાઈ ગઈ અને બોલી, "જા, રે જા, તું મને કહેનારી કોણ? મારો દીકરો તો ખીસામાં બદામ-કાજુ લાવશે ને અઢાર વાર ખાશે." આ સાંભળી ગરીબ બાઈને બહુ આઘાત લાગ્યો. આ આઘાતમાં એ બહાર આવી; ત્યાં તો એનો દીકરો કહે, "મા, બદામ?" માએ ક્રોધમાં પાસે પડેલો પથરો લઈ દીકરાના કપાળમાં માર્યો. માથું ફૂટ્યું, લોહીની ધારા ચાલી. પછી તો મા ખૂબ પસ્તાઈ, પાટો બધાયો અને ઘા રૂઝાયો પણ ઘાનો ડાઘ રહી ગયો.

વર્ષો વીત્યાં ને એ છોકરો મોટો થઈ આજે પૈસાદાર થયો. પણ રોજ સવારે એ અરીસામાં મોં જોતો ત્યારે

પેલો ઘા એને કહેતો: 'બીજાની લક્ષ્મીએ તારા કપાળમાં ઘા કર્યો; હવે તારી લક્ષ્મી બીજાના કપાળમાં ઘા ન કરી જાય એ જોજે.' આમ આ માણસે, મળેલા દુઃખમાંથી સુંદર બોધપાઠ લીધો. આમ દુઃખ ઘણી વાર સુખરૂપ બની જાય છે.

આ દૃષ્ટિ તે પાંચમો સદ્‌ગુણ. આમાં બે ભાવ રહ્યા છે. પોતાની પ્રત્યે કઠોરતા, અન્ય પ્રત્યે કોમળતા; આવા સત્પુરુષનું હૃદય નીચેના સુભાષિતમાં વર્ણવ્યું છે:

वज्रादपि कठोराणि, मृदुनि कुसुमादपि।

પારકાનાં આંસુ, દુઃખ જોતાં એ દ્રવી જાય; પણ પોતાના જીવનના સંયમ, નિયમ, જીવનના અંતરાયો વેળા, એનો સામનો કરવા માટે વજ્રતા દાખવે. આપણું કાર્ય એ છે કે અન્ય પ્રત્યે મૃદુતા કેળવવી, સ્વના નિયમો પ્રત્યે વજ્રતા રાખવી.

કવિશ્રી નિરાળાજીને પુરસ્કારના રૂપિયા ૧૨૫ મળેલા; તે લઈને તે ઘેર જતા હતા. રસ્તામાં એક ભિખારી બાઈનું દુઃખ જોતાં એમનું હૈયું દ્રવ્યું અને તેમણે બાઈને આ રકમમાંથી અંબર ચરખો અપાવ્યો અને એને રળતી બનાવી દીધી. પત્નીએ પગાર માટે પૂછ્યું ત્યારે એમણે જવાબ આપ્યો, 'એક બહેનને આવી દશામાં જોઈને મેં મદદ ન કરી હોત તો એવો હેવાન પતિ તને ગમત ખરો?' અને પત્ની પણ એમની આ ભાવનાને સમજી ગઈ, ખુશ થઈ.

આ પાંચમા સદ્‌ગુણની બે બાજુ છે; હકારાત્મક અને નકારાત્મક. કઠણ બનો – તમારી પ્રત્યે; મૃદુ બનો – અન્ય

પ્રત્યે. આમ આ બેઉ અંગો એકીસાથે જીવનમાં આચરવાનાં છે.

માણસ ગમે તે પરિસ્થિતિ સામે ક્યારે ઊભો રહી શકે છે? જ્યારે પોતે સંયમી હોય, પોતા પ્રત્યે કઠણ બને અને દુનિયા પ્રત્યે કોમળ બને.

આપણું કાર્ય એ છે કે બીજાને માટે આંસુ પાડવાં, આપણે માટે નહીં.

Life is mostly froth and bubble,
Two things stand like stone,
Kindness in another's trouble,
Courage in our own.

ફીણ અને પરપોટા જેવી આ જિંદગીમાં, આ બે વસ્તુ ખડકની જેમ અમર બને છે: બીજા પ્રત્યે કોમળતા-ભરી કરુણા અને પોતા પ્રત્યે હિંમતભર્યું ધૈર્ય.

[૧૮]

પાપભીરુતા

'**ધર્મરત્ન પ્રકરણ**'નું છઠ્ઠું સોપાન તે પાપ-ભીરુતા. નિર્ભય બનો અને બીક પણ રાખો – એવા બે વિરોધાત્મક ભાવ આમાં દેખાય છે; એ જરૂરી છે. જેમ માણસે પોતાના સંયમ પ્રત્યે કઠોરતા રાખવાની છે પણ જગત પ્રત્યે તો કોમળતા જ દાખવવાની છે.

નિર્ભય બનો, ડરો નહીં. પણ એમાં નફ્ફટાઈ ન આવે એ જોજો. ન્યાયમાર્ગનો ત્યાગ, સદાચારનો ત્યાગ એ તો નિર્ભયતાને નામે છેવટે ધર્મનો ત્યાગ બની જાય છે.

આપણને જે ભીરુતા કેળવવાનું કહ્યું છે, તે પાપ-ભીરુતા છે. પાપનું કામ કરતાં ડરવું. અંદરથી માણસના મને – આત્માએ એવા આંચકા જગાવવા જોઈએ કે જેથી કોઈ ખરાબ કામ એનાથી થઈ શકે જ નહીં; મન કરવા દે જ નહીં. જીવનમાં ખરાબ કામના પ્રલોભનના સંજોગો તો કદાચ આવશે છતાં 'એ મારાથી નહીં થાય' એમ ત્યારે આત્મા બોલી ઊઠશે. આપણે તો ખોટું કરવું નહીં અને સાચું કર્યા વગર રહેવું નહીં; એ વૃત્તિ કેળવવી જોઈએ. આ એક અનિવાર્ય અને આવશ્યક સદ્દગુણ છે.

આવી પાપભીરુતા જીવનમાં સ્વાભાવિક આવવી જોઈએ, તો જ ગોળ અને ખોળનો ભેદ માણસ જોઈ શકશે.

આવા પાપભીરુ માણસનો એક દાખલો જોઈએ. એક વખત એક માણસ રસ્તામાં ભીખ માગતો, ભૂખ્યો ફરતો હતો. સામેથી એક બીજો માણસ ત્યાં એને મળ્યો. પેલાને ભૂખ્યો જાણી, બીજા માણસે એને ખીસામાંથી મૂઠીઓ ભરીને ચણા-મમરા આપ્યા અને તે ચાલ્યો ગયો.

પેલો જ્યાં ચણા-મમરા ખાવા જાય છે, ત્યાં તો અંદરથી એક સોનામહોર નીકળી! એ તો ગરીબાઈથી પીડાતો હતો એટલે થયું કે હાશ! સારું થયું.

પણ બીજી જ પળે એનો આત્મા પોકારી ઊઠ્યો; કારણ કે એ પાપભીરુ હતો. એનો આત્મા બોલ્યો, "અલ્યા, તને તો ચણા-મમરા ભેટ આપેલા છે, સોનામહોર નહીં. એ સોનામહોર તારી નથી." એક બાજુથી એને એ લેવાનું મન થાય છે; બીજી બાજુથી પાપભીરુતાથી એને એ અયોગ્ય લાગે છે; અંદર યુદ્ધ ચાલ્યું, રાખું કે પાછી આપું?

માણસમાત્રને આવાં બે જાતનાં મન હોય છે – એક જાગ્રત મન અને બીજું અજાગ્રત મન. સમજણભરેલું મન સૂચવે, ખરાબ કામ સામે બળવો કરે; બીજું મન લેવાનું કહે. એ જણાવે કે તને સોનામહોર આપી દીધી એમાં વાંક ને પ્રમાદ પેલાનો. આમ સ્થૂળ મન લેવાનું કહે; સૂક્ષ્મ અને જાગ્રત મન આપી દેવાનું કહે. આમ માણસના અંતરમાં યુદ્ધ શરૂ થાય છે.

આખી રાત પેલાના અંતરમાં આ દ્વંદ્વ ચાલ્યું. એને ચેન ન પડ્યું. સવારે એ ફરવા નીકળ્યો ત્યાં પેલો માણસ એને સામે મળ્યો. એણે પૂછ્યું, "કેમ ભાઈ! આજેય તારે ચણા-મમરા જોઈએ છે?"

પેલાએ કહ્યું, "ના, આજે તો આ તમારી સોના-મહોર હું તમને પાછી આપવા આવ્યો છું."

"કેમ, તને રાખવાનું મન ન થયું?" પેલાએ પ્રશ્ન પૂછ્યો.

"હા, થયું હતું. પણ એની વાત જવા દો. કાલે તો એ માટે મારા ઘરમાં ભારે ઝઘડો થઈ ગયો."

"કોની સાથે? તું તો કહેતો હતો ને કે – તું એકલો જ છે."

"ઘરની કોઈ વ્યક્તિ સાથે નહીં, પણ મારા અંતરના ઓરડામાં ઝઘડો થઈ ગયો. અંદરથી આત્મા જાગ્યો અને આ કજિયો પણ જાગ્યો. મન કહે કે રાખ અને આત્મા કહે કે આપી દે. મારે આજે આ સોનામહોર તમને પાછી આપી દઈ ને મારી અંદરનો એ ઝઘડો પતાવવો છે."

આ સાંભળી પેલો ખુશ થઈ ગયો. એ કહે છે કે, તું આવો ગરીબ છતાં અંતરનો કેવો જાગ્રત છે! તું હવે મારી સાથે ચાલ. જેનો આત્મદીપ જાગેલો હોય એવો મારે મિત્ર જોઈતો હતો ને એવો તું આજે મને મળી ગયો.

આજે આપણા જીવનમાં આપણને આમ ચેતવનાર અને સૂચવનાર કોઈ રહ્યું નથી; અંતરમનનેય આપણે આજે મૂંગું કરી દીધું છે; આ આપણી દશા છે.

આપણે આત્માનો એ અવાજ સાંભળવા જ તૈયાર

નથી હોતા; બાકી પ્રકાશ ધરતો અવાજ તો મળે છે જ. એને માટેનું સુંદર દૃષ્ટાંત – 'પર્વત ઉપર પ્રવચન' (Sermon on the Mount)માં ઈસુએ બતાવ્યું છે.

એક બાઈથી કાંઈ અનાચાર થઈ ગયેલો. તે સમયે ત્યાં નિયમ હતો કે એવી વ્યક્તિને લોકો ભેગા થઈ પથ્થરે પથ્થરે મારે. આ બાઈને એ જ પ્રમાણે સૌ મારવા તૈયાર થયા. બાઈ મૂઠીઓ વાળીને નાઠી. દોડતાં દોડતાં એ એક ટેકરી પાસે આવી. ત્યાં એક સંત ઝૂંપડીમાં રહે. બાઈ ત્યાં આવી અને ઝૂંપડીમાં ભરાઈ ગઈ અને લોકો મને મારવા આવે છે, એ વાત એણે પેલા સંતને કહી, અને કરગરતી ને અશ્રુ સારતી જીવનદાન ને રક્ષણ માગવા લાગી.

સંત સમજી ગયા કે એનાથી અનાચાર થઈ ગયો હશે, પણ હવે એ હૃદયથી ઊંડો પશ્ચાત્તાપ કરે છે. લોકો કેટલીક વાર લપટાઈને પડી જાય – જેમ કેળાંની છાલથી; એમાં પડનારની ઇચ્છા નથી હોતી; માત્ર સંજોગો એને લપસાવી નાખે છે.

જ્ઞાનીઓ આ ભેદ જુએ છે ને તેથી ભૂલ કરનાર પ્રત્યે કરુણા વહાવે છે. એમના અંતરમાં ખૂની પ્રત્યે પણ કરુણા, દયા, ક્ષમા હોય છે. કારણ, માનવ આખરે માનવ છે; નબળાઈમાં પડેલો છે. ક્યાંક છાલ મળતાં લપસ્યો હશે. મહાત્માઓ – સાધુઓ એ જુએ છે ને એને ક્ષમા આપે છે. બાકી તો બહુ ઓછા લોકો વાતાવરણ, સંજોગો ઉપર પગ મૂકીને ચાલી શકે તેવા બળવાન હોય છે. આમ જીવવું એ ખરેખર અઘરું પણ છે.

સંતે જોયું કે આને સુધરવું તો છે જ. એના અંતરમાં સાચો પશ્ચાત્તાપ જાગ્યો છે. ઉદાત્ત ભાવનામાંથી, દૈવી ભૂમિકામાંથી આવેલું ઝરણું વહે તો માણસ આમ પુણ્યશાળી થઈ શકે.

આ બાઈનું મોં પડી ગયું હતું. એને અંતરે દુઃખ હતું. સંજોગોના દબાણથી જ એણે અનાચાર કરેલો, પણ હવે એને વિષાદ જાગ્યો છે, એ આ સંતે જોઈ લીધું. એણે બાઈને કહ્યું કે તું અભય રહે; તું ચિંતા ન કરતી.

ઢેફાં, પથ્થરો અને લાકડીઓ લઈને લોકો જ્યારે ઝૂંપડી પાસે આવ્યા ત્યારે આ સંતે એમને શાંતિથી સાંભળ્યા; પછી એમને કહ્યું કે તમને લાગતું હોય કે આ બાઈ ભ્રષ્ટ છે તો ભલે તમે એને મારજો, પણ તે પહેલાં એક શરત છે; અને તે એ કે જેણે આજ સુધીમાં એક પણ સ્ત્રી પ્રત્યે કુદૃષ્ટિ ન કરી હોય, ખરાબ શબ્દો ન બોલ્યા હોય, જેણે કોઈ સ્ત્રીને જોઈ મનમાં વિકાર ન અનુભવ્યો હોય અને જેને પારકી સ્ત્રીના રૂપની લાલસા ન જાગી હોય, તે આગળ આવે અને મારે. તમે સૌ શાંતિથી ઊભા રહી તમારા મનને પૂછો, તમારા ઇષ્ટદેવને પૂછો, અને પછી જો તમને લાગે કે તમે આવા નિર્મળ અને વિશુદ્ધ છો, તો જ ઘા કરો.

સંત સંગે સૌ ધ્યાનમાં ઊભા. દરેકે પોતાના અંતરને શાંતિથી પૂછવા માંડ્યું. અંદરનો આત્મા તો જે હતું તે કહી દેવા માંડ્યો.

મૌનનું આ એકાંત એટલે મનની સાથે વાત. આપણે આજે આ કરીએ છીએ ખરા ? આપણે તો ઊલટા એકાંત

મનથી ડરીએ છીએ. જરાક નવરા પડ્યા કે રેડિયો ચલાવવા બેસો. પણ ક્યારેય શાંત બેસી મન સંગે વાત કરી છે? તો કેટલાય વિચારો તમને આવશે. આપણે અનુભવ્યું છે કે મંદિરમાં જઈને બેસવા છતાંય આપણું મન ઠેકડા મારે છે. બહાર ન જણાય એટલા વિચારો, એકાંતની શાંતિમાં ફૂટી ઊઠે છે. મૌનની આ શાંતિ આપણે શીખવાની છે; તો જ આપણને આત્માનો અવાજ સંભળાશે. એટલા જ માટે ઘણી વાર આપણે વ્યવહારમાં કહીએ છીએ કે 'તારા આત્માને, તારા અંતરને પૂછી જો'. . . માગીએ તો અંતરનો આ અવાજ જરૂર આવે.

ધ્યાનની આવી શાંતિમાં પેલા મારવા આવેલા બધાએ જોઈ લીધું કે સ્ત્રીની મશ્કરી ન કરી હોય, એની ચેષ્ટા ન કરી હોય, એની પ્રત્યે કદી કુદૃષ્ટિ ન કરી હોય એવો કોઈ ન હતો. દરેક જણ શરમાઈ ગયો અને ધીરે ધીરે એક પછી એક સહુ ત્યાંથી સરી ગયા. સંતે આંખ ખોલી ત્યારે પેલી સ્ત્રી સિવાય ત્યાં બીજું કોઈ ન હતું.

સંતે બાઈને ત્યાંથી રજા આપી અને કહ્યું કે હવે તું તારા જીવનને નવસર્જન આપ. જે માણસ અંધકારમાંથી, ખીણમાંથી બહાર આવવા માગે છે તેને નવપ્રભાતનાં સુંદર દર્શન જરૂર મળે છે.

'આત્મા સો પરમાત્મા' એમ જે કહ્યું છે તેનો અર્થ જ એ કે આપણો આત્મા એ કર્મ અને વાસનાથી ઢંકાયેલો પરમાત્મા જ છે. પાપભીરુ મન, ધીરે ધીરે કર્મ અને પાપથી મુક્ત થાય છે અને આત્મા પરની વાસના દૂર થતાં, એ પરમાત્માનો પૂર્ણ પ્રકાશ પામે છે.

પેલા ભિખારીને સોનામહોર માટે અંતરમાં જે કજિયો જાગ્યો તેનું નામ જ શ્રેયસ્ અને પ્રેયસ્નો વિવેક. જેઓ પોતાના મનને ધોઈને સાફ રાખે છે તેઓ શ્રેયસને પહેલાં વધાવે છે; પણ જગતનો મોટો ભાગ તો આજે પ્રેયસનો જ રસિયો છે.

આને માટે રોજ શાસ્ત્રોનું સેવન, વાચન, શ્રવણ જરૂરી છે. ચોકીદાર જેમ આખી રાત જાગીને આલબેલ પોકાર્યા કરે છે એમ આપણે જીવનમાં સતત સાવધાન રહેવાનું છે. કારણ, ઝોકું ક્યારે આવશે એની શી ખબર? આ માટે જીવનમાં પ્રતિપળની જાગૃતિ આવશ્યક છે.

એટલે આ પાપભીરુતાનો અર્થ એ છે કે આપણાથી પાપ થવું ન જોઈએ, અને થયું હોય તો ખૂંચ્યા કરવું જોઈએ. એ જીવનમાં રહે ત્યાં સુધી ચેન ન પડવું જોઈએ. જેમ પથારીમાં કાંકરો કે પિન હોય અને બેચેન બની જઈએ છીએ, એમ આપણને પાપ કરતી વખતે થવું જોઈએ. આપણને એ ખટકવું જોઈએ; 'આમ ન થાય' એવો અવાજ સ્વાભાવિક રીતે અંતરમાંથી સદાય જાગવો જોઈએ.

આ ક્યારે આવે? આ આપણે આપણી અંદરથી શોધવાનું છે. જોકે બહારથી ધર્મી કહેવડાવનારા ઘણા હોય છે, પણ આમ અંતરને શોધવું ઘણું મુશ્કેલ છે.

જીવનની બીજી ઘણી ક્રિયાઓ સંયમથી શક્ય બને છે, પણ મન હાથ રાખવું, એ વધુમાં વધુ અઘરું છે. એ મન, આપણા હાથમાં ન આવે, એનો અવાજ આપણને

સદાય સંભળાતો ન રહે ત્યાં સુધી બાકીનું બધું આકાશમાં ચિતરામણ કરવા જેવું છે.

ડૂબકી મારી મનને શોધવું, એ કાંઈ બેપાંચ વ્યાખ્યાનો સાંભળ્યે નહીં બને; એને માટે તો જન્મભર રોજેરોજની સાધના જોઈશે.

આપણે સાંભળીએ છીએ કે 'જેવી કરણી તેવી પાર ઊતરણી.' આ કુદરતનો નિયમ છે. ખુદ ભગવાન મહાવીરના આત્માને પણ એક ભવમાં નરકે જવું પડ્યું હતું. ત્યાં કોઈની લાગવગ ચાલતી નથી. ત્યાં જે સહાયક બને છે તે આપણા આત્માની કરણી.

આપણે જીવનના સંજોગોમાંથી લપસી ન પડીએ એ માટે આ છઠ્ઠો સોપાનમંત્ર આપણને અપાયો છે. જગતમાં બળવાન લાગતા માણસે પણ અંતરમાં આ પાપભીરુતા સદા જાગ્રત રાખવાની છે.

આવો પાપભીરુ માણસ આ લોકમાં કેમ વર્તે, વિચારે અને પરલોકમાં કેમ શાંતિ પામે એ હવે પછી જોઈશું.

[૧૯]

પાપ પરાજય

પાપભીરુનું હૃદય એવું તૈયાર હોય છે કે એ બીજી રીતે અભય હોય કારણ કે એણે પાપનો પરાજય કર્યો હોય છે એટલે કોઈની પરવા ન કરે પણ પાપનું કામ કરતાં તો એને કંપારી જાગે. આપણામાંનો મોટો ભાગ પાપનો વિચાર જ કરતો નથી. જે આવા લોકો છે તે વધુ બીકણ હોય છે. પાપ કર્યા પછી એમનું શું થશે, પકડાઈ જશું તો! વગેરેથી એ ડરતા હોય છે. જ્યારે માણસ પાપભીરુ હોય, પાપથી ડરે ત્યારે એ બીજાથી નિર્ભય રહી શકે છે. આપણે યાદ રાખવું જોઈએ કે એક પાપ, પછી અનેક ભયને જગાડે છે, ઊભા કરે છે.

સાચો પાપભીરુ તો સમાજ, દેશ અને રાજ્યને પણ સહાયરૂપ હોય છે. આવો માણસ રાજ્યના, સરકારના નિયમોને મન, વચન, કાયાથી પાળતો હોય છે; એનો ભંગ ન થાય એનું ધ્યાન રાખે છે. કર ન ભરવો, દાણ-ચોરી છુપાવવી, આયાત-નિકાસના પ્રતિબંધનો માલ મેળવવો કે મોકલવો – આ બધું એનાથી ન જ થાય. આ સદ્‌ગુણના અભાવે – આજે તો આખો સમાજ આવો ચોર

થવા લાગ્યો છે; ત્યાં માત્ર રાજ્ય અને પ્રધાનોને દોષ દેવાનો શો અર્થ ? Every nation has a government it deserves.

રાજ્ય અને પ્રધાન એટલે કોણ ? આપણે પોતે. પ્રધાનો કંઈ ઉપરથી નથી આવતા. એ ચૂંટણી દ્વારા આવે છે. પણ આવે છે તો સમાજમાંથી જ ને ? માણસની પોતાની અંદર જો ન્યાય, કાયદાનો આદર નહીં હોય, જીવનમાં સિદ્ધાંત નહીં હોય તો રાજ્ય ગમે તેટલા કાયદા કરશે પણ તેને સમાજ તોડશે. આ માટે પ્રજાના જીવનનું ન્યાયધોરણ બદલવું જોઈએ, એમને ઊંચી દૃષ્ટિ આપવી જોઈએ.

મુંબઈમાં એક ન્યાયાધીશ હતા. અત્યંત જરૂરી કામે એમને એક ઠેકાણે જલદી પહોંચવું પડે તેમ હતું. ગતિ-મર્યાદાના નિયમનો ભંગ કરી, પોલીસની ચોકી વટાવી એ ઝડપથી મોટર હંકારી ગયા. પોલીસે પણ, સાહેબની મોટર હતી એટલે ન રોકી. પણ કામ પૂરું કરીને સાહેબ પોલીસ-ચોકીએ પાછા આવ્યા અને નિયમભંગ માટે જાતે નામ નોંધાવ્યું. તેઓ માનતા હતા કે સમાજની પ્રત્યેક વ્યક્તિએ, ખુદ પ્રજાજન, પોલીસ અને ન્યાયાધીશ બનવું જોઈએ; તો જ સમાજ ઊંચો આવે. એમણે એમ કરી બતાવ્યું.

આમ આપણે જાતે, રાજ્યના કાયદા પાપભીરુતાથી પાળવા જોઈએ. આજે તો વેપારી, કાયદામાંથી ફાયદા શોધવા પાછળ પડ્યો છે. જ્યાં સુધી પ્રજાજનના હૃદયમાં આવો પલટો નહીં આવે ત્યાં સુધી બહારના કાયદાથી શો હેતુ સરવાનો છે !

પાપભીરુએ જેમ રાજ્યના કાયદાને માન આપી જીવવાનું છે, એમ જ સમાજની અંદરનાં કેટલાંક કાર્યોને ઘૃણામય, ત્યાજ્ય ગણવાં જોઈએ. આ માટેની હવા પેદા થવી જોઈએ. આજે તો આપણે ત્યાં સમાજનું કાંઈ બંધારણ જ નથી. વ્યક્તિ ફાવે તેમ વર્તે છે, સ્વચ્છંદતાથી જીવે છે.

પણ એક કાળ એવો હતો કે જ્યારે માણસ પોતાની જાતની અને સભ્ય સમાજની, તેમ જ પવિત્ર લોકોની મર્યાદા રાખતો. અમુક કામ સભ્ય પુરુષથી ન જ થાય, એમ માનતો. આજે એ મર્યાદા રહી નથી. આજે તો સ્વતંત્રતાને નામે માણસે, સ્વચ્છંદતાને જીવનમાં પ્રસરાવી દીધી છે. પાપભીરુ માણસે સમાજના શ્રેયસ્કર નિયમોનું પૂરી રીતે ને ભવ્યતાથી પાલન કરીને જીવવું જોઈએ.

પાપભીરુની ત્રીજી દૃષ્ટિ એ ધર્મ પ્રત્યેની એની સમજણ છે. ધર્મનો પ્રદીપ બધી બાજુ પ્રકાશ પાથરે છે. એ માને છે કે ધર્મી થઈને જીવે તેને પાપ કરવું જ ન પડે. કહ્યું છે કે, धर्मो रक्षति रक्षितः માણસ જીવનમાં ધર્મનું રક્ષણ કરે તો ધર્મ એનું જરૂર રક્ષણ કરવાનો. પણ આજે તો લોકો ધર્મને નિષ્ફળ કરી રહ્યા છે; તો પછી જીવનને શાનો આધાર! કોનું શરણ એ લેશે? ધર્મવૃક્ષને તોડીને માણસ ક્યાંથી શાંતિ પામી શકવાનો છે! માટે જ કહ્યું છે કે धर्मो हन्ति हन्तः મરતો ધર્મ માણસને મારતો જાય છે. જીવનની પ્રત્યેક પ્રવૃત્તિમાં જીવતો ધર્મ જ માણસને જિવાડે છે.

*

[૨૦]

અશઠ એટલે સુરીલી સંવાદિતા

ઘણા માણુસો મોક્ષ, સ્વર્ગ કે નિર્વાણુની ઇચ્છા કરે છે; પણ 'મારે જોઈએ છે', એમ માત્ર કહેવાથી જ એ પ્રાપ્ત ન થઈ શકે; એ માટે સોપાન ચડવાં જોઈએ. આવાં સોપાન બતાવવામાં આવ્યાં છે. આ સોપાન એટલે સદ્ગુણો. એ સદ્ગુણો ઉપર ચડવા માંડો એટલે ઉત્તરોત્તર આનંદ જડશે અને છેવટે કર્મમાંથી મુક્તિ મેળવતાં મોક્ષ લાધશે. સદ્ગુણોરૂપી સાધનોનો અમલ કરીએ તો જ આપણે મોક્ષરૂપી સાધ્ય પામી શકીએ.

શઠતાવાળો માણુસ જે કરે, તેની પાછળ તેની મેલી રમત રહેલી હોય છે. તેની આંખ, ચેષ્ટા, હાવભાવમાં માયા રમતી હોય. જેના હૃદયમાં ક્રૂરતા રમતી હોય તેનું હાસ્ય અને રુદન બેઉ માયાવી હોય છે. પાછળથી ઘા કરે એવા આ માયાવી માણુસો, મનની અંદર પડદો રાખીને વર્તે છે. એમનું હાસ્ય ગણુતરીપૂર્વકનું હોય છે એટલે એ પણુ ભયંકર હોય છે. એ રડે છે તોય સમાજનો લાભ લેવાને લોભે; બીજા હૃદયને પિગળાવી લાભ લેવા માટે જ એ આંસુ સારે છે.

આવો માયાવી માણસ એટલે કોણ? જે પોતે જેવો છે તે ન બતાવે, એનામાં જે નથી તે બતાવે તે. અને દુનિયા એવાને જ મુત્સદ્દી કહી શાબાશી આપે છે. એ કદાચ દુનિયામાં જીતી ગયો લાગે છે, પણ એના જીવનમાં એ હારી જવાનો.

માયા વગરની, અશઠતાભરી આરાધના જે કરે છે તેને જ માનવતા વરે છે. પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે આથી જણાવ્યું કે જે કપડાં ન પહેરે, દિગંબર રહે, સુકાઈ ગયેલું અન્ન ખાય, તપશ્ચર્યા વગેરે કરે, છતાં જો એનું મન માયામાં રંગાયેલું હોય તો એને અસંખ્ય જન્મો લેવા પડે છે.

માયાથી ભરેલું મન એ ખોટું છે. માટે જે કોઈ પ્રવૃત્તિ, ક્રિયા, આરાધના થાય તે માયા વગરની હોવી જોઈએ. અશઠ માણસ બીજાને છેતરે નહીં; એ માયાની જાળ રચે નહીં; જ્યારે શઠ માણસ એની આસપાસ માયાની જાળ ઊભી કરી એક હવા ઊભી કરે છે. પણ આમ છતાં એનામાં વિશ્વાસ મૂકતાં લોકો ગભરાય છે.

આ દુનિયામાં માણસ માટે મોટામાં મોટી જીવનની ભેટ હોય તો તે લોકોનો વિશ્વાસ. જે માનવી આમ બીજાનો વિશ્વસનીય નથી બની શકતો, તે માનવીએ કદાચ બીજું બધું મેળવ્યું હશે છતાં એ કાંઈ જ ન મેળવ્યા બરાબર છે.

માયાવી માણસ ધીમે ધીમે ગુરુ, મિત્ર, દેવ, માબાપ બધાંને છેતરતો થાય છે. એની એ માયા વધતી જ જાય છે. આવો માણસ આરાધનામાંય પછી દંભ કરતો થાય

છે. એની આરાધના પાછળ, એના તપ પાછળ પણ એ જ વૃત્તિ હોય છે કે બીજાઓ મારા કરતાં પાછળ રહે. આમ છળકપટ અને પ્રપંચ કરનાર માણસ એના આવા જીવનને પરિણામે નીચે પડે છે.

અશઠતાભર્યું જીવન એટલે શું? જેવું મનમાં તેવું વચનમાં; અને જેવું વચનમાં તેવું ક્રિયામાં. આ ત્રણેય વચ્ચે સુસંવાદ જોઈએ:

यथा चित्तं तथा वाचो यथा वाचो तथा क्रियाः।
धन्यास्ते त्रितयं येषां विसंवादो न विद्यते॥

બાળક મીઠું કેમ લાગે છે? કારણ કે એ સહજ નિર્દોષ હોય છે. બાળકને માયા કરતાં આવડતું નથી તેથી એના અંતરમાં લાગે તેમ જ એ વર્તે છે. બાળક માણસનો ગુરુ છે. વિચાર, વાણી અને વર્તન ત્રણેમાં આવી સંવાદિતા આવવી જોઈએ.

સંગીતમાં જો ગીતના સૂર, વાદ્ય અને તાલનો સુમેળ ન હોય તો સુંદર સંગીત કેમ પ્રગટી શકે? એ ત્રણેય વસ્તુનો સમન્વય એ સંગીત! પણ આજે તો આપણો આત્મદેવ જુદું ગાય છે. વાણીનું તબલું જુદું વાગે છે અને ક્રિયાની પેટી જુદે સૂરે બજી રહી છે. જ્યાં મન, વચન અને ક્રિયાની આ વિસંવાદિતા હોય ત્યાં સાચી સફળતા મળવી શક્ય નથી.

જે કાળમાં ઘરની વ્યક્તિઓમાં આવી સંવાદિતા હતી તેથી કુટુંબો સુખી હતાં. આજે તો ઘરનાં સગાં પાસે પણ, આપણી વાતો સાચી છે એ બતાવવા સોગન ખાવા પડે છે; અને એમ સોગન ખાઓ છો તોય સામી

વ્યક્તિ એ વાતને આઠ આના જ સાચી માને છે. આનું કારણ એ છે કે માણુસમાં માયા અને જૂઠ ખૂબ વધી ગયાં છે.

અભયા રાણીએ સુદર્શન શેઠને ફસાવ્યો અને શેઠે પોતાનો સંયમ સાચવ્યો. અકાર્યમાં ન ગયા ત્યારે રાણીએ શેઠ પર બળાત્કારનો આક્ષેપ કર્યો, બૂમો પાડી. આખું ગામ સત્ય જાણ્યા વગર સ્ત્રીના, અભયાના પક્ષમાં આવી ગયું. શેઠની પત્ની મનોરમાને કાને આ વાત આવી. એને તો શ્રદ્ધા હતી કે શેઠ મન-વચન-કાયાથી પવિત્ર છે. કોઈ પણ નારીના રૂપ પર પણ એ દૃષ્ટિ ન કરે. એણે પ્રાર્થના કરી કે, 'હે દિવ્ય તત્ત્વ! અમારું શિયળ અને દામ્પત્ય-જીવન શુદ્ધ અને પવિત્ર હોય તો પ્રસન્ન થાઓ, પ્રકાશની પ્રતીક્ષામાં હું અન્નજળનો ત્યાગ કરું છું.' એણે આવી પ્રાર્થના કરી, કારણ કે શેઠની પવિત્રતા માટે એની પત્નીને શ્રદ્ધા હતી. એના મન-વચન-કાયાના સંવાદમય સંગીતને એણે જીવનભર સાંભળ્યું હતું, એટલે જ ગામ ગમે તે કહેતું, પણ પતિ ઉપર એનો પૂરો વિશ્વાસ હતો. એના દિલમાં શ્રદ્ધાની જ્યોત જલતી હતી. જેવું એનું ચિત્ત એવી એની વાણી, અને જેવી એની વાણી એવું એનું વર્તન. એટલે શાસનદેવ પધાર્યા. એની અપૂર્વ શ્રદ્ધાથી શૂળી પણ સિંહાસનમાં ફેરવાઈ ગઈ. આમ માણુસ એના ગૃહસ્થાશ્રમને પવિત્રતા દ્વારા સ્વર્ગ બનાવી શકે છે.

પણ અંદરની વૃત્તિ ન બદલાય ત્યાં સુધી જીવનમાં આવો પલટો ન આવે. આ માટે પ્રથમ તો મન બદલાવું

જોઈએ. અને એ કાંઈ એકદમ ન આવી શકે. એને માટે પૂર્વતૈયારી જોઈએ. જેણે સાધુ બનવું છે એણે દરેક વૃત્તિને બદલવાની છે. જ્યાં સુધી વૃત્તિઓ સહેજે વિરક્ત ન બને ત્યાં સુધી બીજું બધું નકામું છે. જો મન વિરક્ત નહીં હોય તો એવો માણસ, સાધુ થઈને પણ છૂપી રીતે ધન, માન અને વસ્તુઓનો સંગ્રહ જ કરવાનો, કારણ કે એની એ વૃત્તિ ગઈ નથી હોતી.

વૃત્તિઓની નિર્મળતામાં જ ધર્મ છે. વૃત્તિ નિર્મળ થાય એટલે સંગ્રહનું મન જ ન થાય. પછી તો એને પરિગ્રહ ભારરૂપ લાગે. માથા પર વાળ વધતાં માણસ બેચેન થાય તેમ આવો શુદ્ધ વૃત્તિવાળો માણસ પણ પરિગ્રહ વધતાં બેચેન થઈ જાય છે. વાળનો વધારો થતાં માણસ પૈસા ખર્ચીને પણ વાળ કપાવીને ભાર હળવો કરે છે, તેમ એ પણ ભાર ઓછો કરવા દાનની ઝંખના કરે છે.

આજે ધનિકો માને જ છે કે સાધુને પણ અમારા વગર ક્યાં ચાલવાનું છે! એથી એમનામાં આજે ગર્વ આવ્યો છે. એવા ધનિકો પાછા માને છે કે અમે સમાજના ઉદ્ધારક છીએ. આ દૃષ્ટિ બદલાવાની જરૂર છે.

આજથી સોળ વર્ષ પહેલાંની આ વાત છે. એક સજ્જન એક સંસ્થાનું સંચાલન કરતા હતા. એમની પાસે એક શેઠ આવ્યા અને કહ્યું કે આ ત્રણ લાખ રૂપિયા લો. સજ્જને માત્ર એક જ લાખ લીધા. બીજા વર્ષે ફરી એ શેઠ દાન આપવા આવ્યા. સજ્જને એમાંથી બીજા એક

લાખ લીધા. ત્રીજે વર્ષે એણે ત્રીજા લાખ સ્વીકાર્યા. પેલા ધનિકે કહ્યું કે ત્રણ વર્ષે ત્રણ લાખ લીધા તો એકીવખતે કેમ નહીં? સજ્જને પ્રેમથી કહ્યું: એકીસાથે મેં એ રકમ લીધી હોત તો આપનામાં ગર્વ આવી જાત, અને દાન નમ્રતાને બદલે અહંકારમાં પલટાઈ જાત! પૈસાની લેવડદેવડ કરતાં માનવીનો દાનભાવ વધારે મોટો છે.

એ મોટી રકમ બૅન્કમાં જમા કરાવવા જવું પડત એ તો ઠીક, પણ મને મારા કામમાં પૂર્ણ શ્રદ્ધા છે કે કામ નિઃસ્વાર્થ અને સમાજને ઉપયોગી હોય તો એને સદા સાથ અને સહાય મળી જ રહે છે એ શ્રદ્ધા તૂટી જાત. મને મારામાં અને મારા કામમાં વિશ્વાસ ન રહેત.

દાનની રકમ કરતાં એની પાછળ રહેલું દિલ આપ્યાનો આનંદ – ભાવના એ વધુ મૂલ્યવાન છે. અર્પણભાવ હોય તો જ આનંદ આવે; ભાવ ન હોય તો અમરતાની પગદંડી હાથ લાગવાની નથી. આ પગદંડીના દર્શન માટે નિષ્કપટ અને નિશલ્ય દાન આવશ્યક છે. વાદળી જેમ વરસીને હળવી થતી જાય છે એમ માનવીએ દાન દઈને હળવાશનો આ આનંદ માણવાનો છે.

આપણા જીવનની પ્રત્યેક ક્ષણે આ નિષ્કપટ ઉદારતા અને દાનની ભાવના જાગ્રત રહેવી જોઈએ. ચિત્તની ઉદારતા વગર ખાલી આરાધનાનો શો અર્થ? આપણું પ્રથમ કાર્ય ચિત્તને કેળવવાનું છે. આ ચિત્તની કેળવણી એ બહુ મોટી વાત છે.

આ માટે આપણને સાતમો સદ્ગુણ બતાવ્યો છે. અશઠતા એમાં શઠતાનો ત્યાગ. આવો માણસ નિર્મળ હૃદયવાળો હોય છે. એનું આંતરબાહ્ય જીવન પારદર્શક હોય છે. ચિત્ત, વાણી અને ક્રિયા પણ પારદર્શક હોય છે. એના જીવનમાં ત્રણેનો સુસંવાદ હોય છે. આવો માણુસ વિશ્વસનીય છે અને પરિણામે પ્રશંસનીય છે. એ ઉન્નત બુદ્ધિવાળો હોય છે; એની બુદ્ધિ સરાણે ચડેલી તલવારની ધાર જેવી તીક્ષ્ણ વિદ્યુતમયી હોય છે.

[૨૧]

ધર્મી જીવનનું સાફલ્ય

જે **વ્યક્તિ** માયા-કપટ વગરની હોય છે તે સ્ફટિક જેવી હોય છે.

જેનું મન મલિન હોય, જે કપટી હોય, જે છળ-કપટ કરે તે વ્યક્તિ કદાચ દુનિયામાં ધર્મી ગણાઈ જાય તોપણ એ વિશ્વસનીય નથી હોતી. લોકો કહેશે કે એનું મન ચોખ્ખું નથી. માટે એનાથી ચેતજો.

ધર્મી માણસ વિશ્વસનીય હોવો જોઈએ. લુચ્ચો કે મુત્સદ્દી નહીં. મુત્સદ્દી એવો હોય છે કે એનું મન કોઈને એ પામવા દેતો નથી અને બીજાનું મન જાણ્યા વગર એ રહેતો નથી. લુચ્ચાનો સુધારેલો પર્યાયવાચક શબ્દ એટલે આ 'મુત્સદ્દી'.

ધર્મી માણસ સ્ત્રી, બાળક, વૃદ્ધ ગમે તેની પાસે જાય પણ એના ચારિત્ર્ય, એની સરળતા અને એની ક્રિયા માટે કોઈને ભય ન રહે. જેને કોઈ માયા નથી તે સાચો અશઠ.

ત્યારે ધર્મને માટે સાચો ઉચિત કોણ? જે અશઠ છે, જે માયા વગરનો છે, જે હૃદયનો સરળ છે તે જ લોકોમાં વિશ્વસનીય અને પ્રશંસનીય બને છે. એની પ્રશંસા દીર્ઘકાળ ટકી રહે છે. ઉચિતતા વગરની પ્રશંસા લાંબી ટકતી નથી. આ એનો ભેદ છે. માણસ જેમ ઉચિત, વિશ્વસનીય અને પ્રશંસનીય હોય છે તેમ તે ભાવ – સાર હોય છે.

ધર્મીનું જીવન ભાવથી તરબોળ જોઈએ. માયા વગરનામાં જ આવો ભાવ ટકે. આ સરળ ભાવના લાવવા માટે અંદરની કુટિલતા જવી જોઈએ, નહીંતર ફૂલના જેવા સુંદર વિચારો એમાં રહે ક્યાંથી? જ્યાં સુંદર જમીન હોય, એને બરોબર પાણી મળે તો ત્યાં છોડ વિકસે અને પુષ્પ ખીલે. એ જ પ્રમાણે જ્યાં હૃદયની સરળતાનું ખાતર છે, ભાવ હોય ત્યાં જ ધર્મની આવી ભાવના રહેવાની; જ્યાં છળકપટ હશે ત્યાં એ બળી જવાની.

દુનિયામાં એવા ઘણા હોય છે જેઓ ચમત્કાર કરી બીજાને રાજી કરી શકે, પોતાની આવડતના પ્રદર્શનથી બીજાને દોરી શકે; પણ જેનું મન-હૃદય શાંત અને પ્રસન્ન છે તેવા તો જગતમાં કોઈક જ મળે છે.

જગતમાં પૈસા, પ્રતિષ્ઠા, કીર્તિ, માન અને સ્થાન-વાળા ઘણા મળશે, પણ જે માણસ મનને સદા પ્રસન્ન રાખી શકે એવા લોકો ઓછા મળશે. બાકી તો કૃત્રિમ આડંબરવાળા, કામનાથી તરબોળ કામી પણ એમ જ બોલે છે: 'સંસાર અસાર છે.' માટે કહ્યું છે કે એ લોકો તો

"वैराग्यरंगः परवंचनाय
धर्मोपदेशो जनरंजनाय।
वादाय विद्याऽध्ययनं च मेऽभूत
कियद्‌ब्रुवे हास्यकरं स्वमीश॥"

લોકોને રંજન કરવામાં એ સહાયક બને છે. એમને માટે કૃત્રિમતા, આડંબર અને પારકાની સહાય; આ ત્રણથી એમની પ્રસિદ્ધિ સહેલી બને છે.

એવા માણુસોનાં નાનાં કામ, પૈસાને લીધે મોટાં થઈ જાય છે. એવા લોકો બહારથી ત્યાગી લાગે છે, મોં ઉપર ખોટા ભાવ બતાવે છે. પણ એ બધી એમની બાહ્ય ચેષ્ટા હોય છે. એનાથી કદાચ લોકોના મનનું રંજન થાય પણ એનો આત્મા તો અંદરથી કુટિલ અને મલિન થતો જાય છે.

આવા લોકો આડંબર રાખે છે; ટોળાબંધ શિષ્યો, ભક્તો રાખે છે, જે એમની પ્રશંસા કરે અને પૈસા ખરચીને પણ છાપામાં પોતાનો પ્રચાર કરાવે છે. કૃત્રિમતા, આડંબર અને પૈસા ખરચીને જાહેરાત – આ એમનાં પ્રચાર-લક્ષણો હોય છે.

જગતમાં આવાની વાહ, વાહ થઈ જાય છે. પણ અંતે થાય છે હવા હવા. લોકોનું મન એ રંજન કરે છે, પણ એનું મૂલ્યાંકન કરવાની શક્તિ આત્મામાં હોય છે. આત્મા આવા આડંબરથી નહીં, પણ સાચી કરણીથી જ ખુશ થાય છે.

જે આત્મા ધર્મી થવા માગતો હોય તે તો ભાવથી સારવાળું હૃદય રાખે છે. મન જ્યારે સરળ હોય ત્યારે

આ બની શકે. ઘણા લોકો કામ કરીને પોતાની પ્રશંસા કરાવે છે, જ્યારે ભાવ – સારવાળા લોકોને પણ પ્રશંસા તો મળે છે પણ એમને એની લાલસા અને એષણા નથી હોતાં. નામના થાય તો તેને આપણાથી રોકી શકાતી નથી, પણ નામના મેળવવાની સ્પૃહા તો જરૂર રોકી શકાય છે.

ફૂલની પાસે આવી ભ્રમર ગુંજારવ કરે તેમાં વાંધો નથી. એમાં ફૂલનો દોષ નથી. એ ગુંજારવ સ્વાભાવિક છે. આમ માણુસની લાયકાતને કારણે એને પ્રશંસા મળે તો ભલે; એ અનિચ્છનીય નથી.

આત્મા જ્યારે વાસ્તવિકતાનું દર્શન કરે છે ત્યારે એ ખુશ થાય છે. જ્યાં સુધી ભ્રમરને મધપાન નથી મળતું ત્યાં સુધી તેનું ગુંજન બંધ થતું નથી. આવી રીતે આત્માને જ્યાં સુધી વાસ્તવિક ગુણનું દર્શન ન થાય, ત્યાં સુધી એને પ્રસન્નતા લાધતી નથી. આપણે સ્વજનને જોઈએ ત્યારે એ આહ્લાદ, એ રોમાંચ ત્યારે જ શક્ય બને – જો એમાં સ્નેહની વાસ્તવિકતા હોય.

આપણું મન અવાસ્તવિકતા તરફ જઈ રહ્યું છે. આપણે આખો વખત બીજાનો વિચાર કરી એનું ધ્યાન કરીએ છીએ, પણ આપણું પોતાનું ધ્યાન ધરતા નથી.

ભલે બધી કરણી કરો, પ્રવૃત્તિ કરો, પણ પછી દરેક વેળા મનને પૂછો કે એનાથી મારું મન, મારો આત્મા પ્રસન્ન થાય છે ખરો ? ન થતો હોય તો કયે કારણે નથી થતો ? ભૂલ શોધી, ભાવિ માટે કાળજી રાખીએ. વ્યાખ્યાન સાંભળ્યા બાદ એના ઉપર વિચાર કરીએ. શું

મળ્યું ? કયો વિચાર, કઈ નવી દૃષ્ટિ મળી ? કયો દોષ ગયો ? કયા સદ્‌ગુણને પોષણ મળ્યું ? આમ કરશું તો જ ચિત્ત એમાં તલ્લીન થતું જશે, લય પામશે અને એનો આત્મા વાસ્તવિકતા તરફ ઢળશે.

સ્તવન પણ એવું કરીએ કે જેથી બીજાને આનંદ આવે. સ્તવનમાં આપણે રંગાઈ જવું જોઈએ. સંગીત આપણા આત્માને પ્રસન્નતા અર્પે છે. આવી પ્રસન્નતા બીજાને પણ આનંદ જ આપે. જ્યાં સુધી આ દૃષ્ટિ જાગે નહીં ત્યાં સુધી સત્યનું દર્શન નહીં લાધે.

માણુસ બધું છોડી શકે છે પણ એ માયામાંથી નથી છૂટી શકતો. સાધુ થયેલો માણુસ કંચન-કામિનીને છોડે છે. પણ એવાને પણ કીર્તિની ઝંખના છૂટતી નથી. પણ એ લોકો ભૂલી જાય છે કે માયાનું વચન, એ તો રમતનું વચન છે. માણુસ જ્યારે પોતાની જાતને, પોતાના કાર્યને ઓળખી શકે ત્યારે તે ભવસાગર તરી શકે છે. જે માણુસ ખોટાને ખોટા તરીકે જોઈ શકતો નથી, પોતાની ભૂલ જોઈ શકતો નથી, એના જેવું ખોટું જગતમાં બીજું કાંઈ નથી.

કુસુમપુર નામનું એક નગર હતું. ત્યાં એક મકાન હતું. ત્યાં બે સાધુ રહેવા આવ્યા. એક ત્યાગી પણ આડંબરી; બીજો શિથિલ પણ ગુણજ્ઞ. પેલા સરળ સાધુ પાસે જ્યારે ઘરધણી આવ્યો ત્યારે આ સરળ સાધુએ પેલા આડંબરી સાધુની પ્રશંસા કરી ગુણુગાન ગાયાં. આ સાધુ ગુણાનુરાગી હતો. જ્યારે શેઠે ઉપદેશ માગ્યો ત્યારે એણે કહ્યું કે શેઠ, ઉપદેશ તો પેલા તપસ્વી સાધુ આપશે.

શેઠ પેલા તપસ્વી અને આડંબરી સાધુ પાસે ગયા. ત્યાં તો આડંબરી સાધુએ ગુણાનુરાગી સાધુની નિંદા શરૂ કરી દીધી. આમ કરતાં, એના પોતાના ભવની પરંપરા વધી ગઈ, જ્યારે પેલા સરળ સાધુને એ જ ક્ષણે કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું.

માણસ એટલો વામણો થઈ ગયો છે કે એ બીજાની વિરાટતા જોઈ શકતો નથી. પોતે નાનો છે એ જોતાં, એને બીજા માટે અદેખાઈ આવે છે.

પણ માણસમાં જ્યારે વિરાટતા આવે છે, જ્યારે એ મહાન બને છે ત્યારે પોતાના મોટા સદ્ગુણ, એને નાના લાગે છે અને બીજાના નાના ગુણને એ મોટા જુએ છે. જે માણસ પોતાની લઘુતા જુએ અને બીજાની વિરાટતા જુએ, તે માણસ માટે જ વિકાસનો અવકાશ રહે છે.

માટે જ કહ્યું છેઃ

परगुणपरमाणून् पर्वतीकृत्य नित्यम् ।
निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥

આપણું કાર્ય બીજાને અનુમોદના આપવાનું છે. એનાં વખાણ કરો, પણ એને વખોડો નહીં. વાસ્તવિકતાને જોનાર માણસ ભૂલ જોઈ શકે છે. આથી જ તેને સુધરવાનો અવકાશ રહે છે.

અકબરે એક વખત બિરબલને કહ્યું કે આ મારી લીટીને કાપ્યાકૂપ્યા વગર નાની બનાવી દો. સૌને વિચાર આવ્યો તે શક્ય જ નથી. લીટીને ભૂંસ્યા વગર નાની કરાય જ કેમ? પણ બિરબલે નાની લીટીની પાસે જ

બીજી નવી મોટી લીટી દોરી કે જેથી આપોઆપ અકબરની લીટી નાની થઈ ગઈ.

આપણે જીવનમાં આનો બોધપાઠ લેવા જેવો છે. બીજાને નાના બનાવવાનું છોડી, આપણે વિરાટ, મોટા બનવા મથવું જોઈએ. જો આપણે બીજાને નાના બનાવવામાં જ રોકાઈશું તો મોટા ક્યારે થઈશું? દુર્ગુણવાળા માણસને દુર્ગુણી ન કહીએ, માત્ર આપણે વધુ સદ્‌ગુણી બનીએ. લોકો એ દુર્ગુણ અને સદ્‌ગુણનો ભેદ બરાબર સમજી શકવાના છે; એને કાંઈ કહેવા જવાની જરૂર નથી.

એક ઠેકાણે બે ડોસીઓ રહેતી હતી. એકનું નામ રિદ્ધિ, બીજીનું નામ સિદ્ધિ. સિદ્ધિ ઈર્ષ્યાળુ હતી; એ બીજાની મહાનતા જોઈ શકતી ન હતી. આમાં ને આમાં ઈર્ષ્યાથી એ પહેલાં પેન્સિલ જેવી હતી, તે હવે સોય જેવી બની ગઈ. એને મનમાં થયું કે પેલી રિદ્ધિની સંપત્તિનો નાશ કરું તો મને જંપ વળે. એનાથી બીજાનો ઉત્કર્ષ જોઈ શકાતો ન હતો.

આ કારણે એણે તપ કર્યું. તપથી દેવ પ્રસન્ન થયા. એણે પૂછ્યું કે આમ બળી કેમ રહી છે? એણે કહ્યું કે રિદ્ધિનો ઉત્કર્ષ જોઈ હું બળી રહી છું. માટે દેવ! તમે મને સુખી કરો, એટલું જ નહીં પણ પેલી રિદ્ધિને દુઃખી કરો. દેવે કહ્યું કે એ તો ન થાય. કારણ કે એનું પુણ્ય પ્રબળ છે. પણ આટલું થઈ શકે. તું જે માગે તેનાથી એને બમણું મળે. સિદ્ધિએ કહ્યું કે, 'તો એમ તો એમ.'

દેવે કહ્યું, 'તથાસ્તુ.'

પેલી સિદ્ધિએ એક ઘર અને દરેક ઓરડામાં એક

કૂવો માગ્યો. એને એક તો રિદ્ધિને બે ઘર અને દરેક ઓરડામાં બે કૂવા મળ્યા. પછી પોતે કહ્યું કે મારી એક આંખ ફૂટે કે જેથી પેલીની બે ફૂટે; એ આંધળી થાય અને કૂવામાં પડે. તમે જોશો કે બીજાની અદેખાઈ ખાતર એ પોતાની એક આંખ ફોડીને પણ બીજાનું ખરાબ કરવા ઝંખતી હતી.

માણસની આ બળતરા, તુચ્છતા અને અદેખાઈ આજે આપણા ઘરમાં પણ ઝઘડા લાવી રહી છે. આજે ઘરમાં ખાવા માટે ખોરાક છે, પહેરવા કપડાં છે અને છતાં દેરાણી-જેઠાણી નાની નાની વાતોમાં કલહ કરે છે. પણ જીવનને જો સુખી કરવું હોય તો નાની નાની આવી તુચ્છ વાતો પ્રત્યે આપણે ઉપેક્ષા સેવી ઉદારતા કેળવવી પડશે.

આપણે જીવનમાં બિરબલની મોટી લીટી અને સિદ્ધિની ઈર્ષ્યાને ધ્યાનમાં રાખવાની છે. જેઓ ધર્મમાં આગળ વધવા માગે છે તેમણે બીજાની લીટી નાની કરવા કરતાં, પોતાની લીટી જ મોટી કરવાની છે. આ જ આપણા જીવનની સફળતાનો સાચો મંત્ર છે.

*

[૨૨]

સુદાક્ષિણ્ય

આઠમો ગુણ એટલે સુદાક્ષિણ્ય. આ ગુણ આપણને શુદ્ધ અને શુભ કામ કરવા પ્રેરણા આપે છે.

જીવનમાં આ દાક્ષિણ્ય ન હોય તો એ સ્વાર્થી બની જાય છે. માત્ર સ્વાર્થ અર્થે ઘેલો એવો શ્વાન, સ્વાર્થની ખાતર લાકડીનો માર પડે તોયે સહન કરે છે; કારણ કે એ માને છે કે ત્યાંથી જ રોટલો મળવાનો છે. પણ માનવીએ તો આના કરતાં વધુ સુંદર વિશિષ્ટતા બતાવવાની છે. આ માટે માનવીમાં પરમાર્થનું તત્ત્વ આવવું જોઈએ.

જેની આંખમાં સુદાક્ષિણ્ય ભાવ છે, એની પાસે જ્યારે કોઈ માણસ દુઃખ રડતું આવે, ત્યારે એ એને સહાયતા કરે છે. જ્યાં જઈને દુઃખી લોકો પોતાનાં હૈયાં ઠાલવી શકે એવાં સ્થાનો આજે રહ્યાં નથી; જગતમાં આજે આની મોટી ખોટ છે; આપણે એ ખોટ પૂરી કરવાની છે.

શહેરીઓનાં જીવનમાં જોશો તો એનું દરેક ડગલું અને પગલું સ્વાર્થ – ગણતરીપૂર્વકનું હોય છે. એટલામાંથી

મહેલ થઈ જાય તોપણ સ્વાર્થની એની વૃત્તિ જતી નથી. માણસ જ્યાં સુધી પોતાનો જ વિચાર કર્યા કરે ત્યાં સુધી માનવતા કેમ પાંગરે ? માનવીએ પોતાનું જીવન લીલું રાખવું હોય તો એના હૃદયમાં સુદાક્ષિણ્યની ભીનાશ, આર્દ્રતા રાખવી જોઈએ. જેનામાં દાક્ષિણ્યભાવ હોય છે, તેનું હૃદય આવું ભીનું હોય છે; એ સ્નેહાળ હોય છે, અને તે બીજાને સહાનુભૂતિ બતાવી સહાયક બને છે. આવા માણસને કોઈ યાચના કરે તો એ કહે કે, તારા દુઃખને દૂર કરવા હું મારાથી બનતું બધું જ કરીશ. ગામડામાં હજુય થોડાં સ્થાનો આપણને જડી આવશે જ્યાં જઈ લોકો પોતાના અંતરનું દુઃખ ઠાલવે. અહીં તો બીજાનું દુઃખ સાંભળવાની ધીરજ પણ આપણામાં રહી નથી તો સહાયક તો ક્યાંથી જ થવાના ?

એક શહેરના નગરશેઠ ગુજરી ગયા ત્યારે એમને અંજલિ આપતાં કવિ મેઘાણીએ કહેલું કે એ માણસ મોટા હતા પણ એનો ઓટલો નાનો હતો. કહેવાનો આશય એ હતો કે રસ્તે ચાલતો વૃદ્ધ પણ વગર કામે શેઠ પાસે આવી ફરિયાદ કરી શકતો. એ નગરશેઠ સૌનું સાંભળતા. દરેકને માટે એમનાં દ્વાર સદાય ખુલ્લાં હતાં. દુઃખી લોકો તો આવાની પાસે જાય; દરવાજા બંધ કરી બેસી રહેનાર પાસે કોણ જવાનું હતું ?

માણસ જેમ જેમ મોટો થતો જાય તેમ તેમ એનામાં ગુણો વધવા જોઈએ. નાના લોકો સાથે પણ એમનો સંબંધ વધે, એમનું દુઃખ સાંભળી એ સહાનુભૂતિ બતાવે.

કુટુંબમાં આવી એકાદ વ્યક્તિ હોય તો કુટુંબનાં બીજાં બધાંમાં પણ એ ભાવ ધીમે ધીમે આવે.

'મહાજનો યેન ગતઃ સઃ પન્થાઃ'ની જેમ મોટાંઓએ નાનાંઓને યોગ્ય માર્ગે લાવવા માટે પ્રથમ પોતાનું જીવન દાક્ષિણ્યભર્યું, પવિત્ર અને પરોપકારી બનાવવું જોઈએ. પછી નાનાંઓ એ જોઈને એમનું અનુકરણ કરશે. માટે આપણો ધર્મ એ છે કે આપણે પહેલાં સુધરવું અને આપણા જ્ઞાનને અમલમાં મૂકવું.

આવો દાક્ષિણ્યભાવવાળો માણસ એટલો પરોપકારી હોય છે કે એ સ્વકીય લાભ અને બીજાના લાભ વચ્ચે તોલ કરે છે. બીજાનું કામ વધુ જરૂરી હોય તો એને સહાય કરવા એ પ્રથમ તૈયાર થાય છે; પોતાના પાંચ રૂપિયાના ભોગે પણ એ બીજાના પાંચ હજાર બચતા હોય તો તેમ કરવામાં સહાય કરે છે.

આવો માણસ અનેકને સહાયક બની શકે. પણ આજે તો માણસ, 'સમય નથી' કહીને કોઈને મદદ કર્યા વિના જ ભાગ્યો જાય છે. આવા માણસો ખરી રીતે તો પહેલા નંબરના નવરા હોય છે, પણ પ્રમાદી અને આળસુ હોવાથી 'મારે સમય નથી' એમ કહી ખોટો બચાવ કરે છે.

સાચો અને ઉદ્યમી માણસ તો સમયમાંથી પણ સમય કાઢે છે, જ્યારે પ્રમાદીનો સમય તો એની આળસ જ ખાઈ જાય છે. ભગવાન મહાવીરે આજથી પચ્ચીસસો વર્ષ પહેલાં કહેલું કે હે ગૌતમ, એક ઘડીનો પણ પ્રમાદ

કરશો તો, ઊધઈ જેમ ઘર અને ઝાડને કોરી ખાય છે, તેમ પ્રમાદ તમારા ગુણોને ખાઈ જશે.

ઘણા માણસો સવારે આળોટવામાં, તંદ્રામાં નકામા કલાકો બગાડે છે. નકામા વિચારોમાં કલાકો ગાળે છે, પણ એ નકામા વિચારો અને ચિંતા એમના અંતરને કોરી ખાશે; માટે એવો સમય જ એને ન આપવો. આંખ ઊઘડતાં જ કૂદીને ઊભા થઈ, ભગવાનનું નામ લો, સુંદર વિચારથી કામે લાગવું: કામથી કોઈનો આત્મા થાકતો નથી; કામથી એ ઘરડો પણ થતો નથી. કામ જ માણસને તાજો અને તંદુરસ્ત રાખી શકે છે.

ધર્મ આપણને કદીય નિર્માલ્ય બનવાની વાતો નથી કરતો. ધર્મનું કામ તો 'મૃત્યુ મારો વિસામો છે, મિત્ર છે,' એમ કહીને આગળ વધારવાનું છે. ધર્મીને મૃત્યુનો ડર કદીયે હેરાન કરે નહીં. એ જાણે છે, અખંડ જીવનયાત્રાનાં જન્મ અને મૃત્યુ પગથિયાં છે, મોક્ષ એનું ધવલ શિખર છે.

સુદાક્ષિણ્યવાળો માણસ એની પ્રવૃત્તિઓમાંથી પણ સમય કાઢીને, સ્વકીય વ્યવહાર બાજુએ મૂકીને પણ દાક્ષિણ્યભાવે પરોપકારનું કામ કરવા તૈયાર થઈ જાય છે. આવા માણસને 'આદ્ય વાક્ય' કહેવામાં આવે છે. એનું વચન પડચા પહેલાં લોકો એને ઝીલી લે છે.

પણ આવું ક્યારે બને? જો આપણે લોકોને માટે ક્યારેક કાંઈક પણ કર્યું હોય તો જ. આપણે પ્રમાદમાં અપેક્ષા રાખી, અને ઉપેક્ષા કરીએ છીએ. પણ લોકોની ઉપેક્ષા કરીને આપણે અપેક્ષા કેમ રાખી શકીએ? ઘણી વાર, 'અમુક માણસે મારું કામ કર્યું નહીં' એમ ફરિયાદ

કરીએ. પણ એ વખતે તમારી જાતને જરા પૂછો તો ખરા કે આપણે એનું આજ સુધીમાં કેટલું કર્યું છે?

બાળક અને માબાપ, શેઠ અને નોકર, સાસુ અને વહુ, પ્રધાનો અને પ્રજા – આજે એકબીજાને આ જ પ્રશ્ન પૂછે છે કે તમે અમારા માટે શું કર્યું છે? ચૂંટણી વેળા મત લઈ ગયા પછી પ્રધાન મોં બતાવે છે ખરા? અને છતાં એ અપેક્ષા તો રાખે જ છે કે હું કહું તેમ પ્રજા કરે; મત મને જ આપે. પણ આમ માત્ર ભાષણો ઝીંકવાં એ કાંઈ સેવા નથી.

પાલિતાણામાં આગમ મંદિરનું કામ ચાલતું હતું તે વખતની એક વાત છે. આગમ-સંશોધન માટે પૂ. આચાર્ય શ્રી આનંદસાગરસૂરિજી મહારાજ અવિરત કામ કરી રહ્યા હતા. એમનું કામ જોઈનેય બીજાને થાક લાગી જાય એટલો શ્રમ એ લેતા. મેં પૂછ્યું, 'મહારાજશ્રી! આપ આટલી તકલીફ શા માટે લો છો?' એમણે કહ્યું, 'આ કાંઈ તકલીફ ન કહેવાય; સ્વાધ્યાયની મોજ છે, અત્યારે તો પ્રત્યેક પળને જ્ઞાનથી ભરવાની છે; વધુ સમય જ ક્યાં છે?'

આવા સમર્થ જ્ઞાની ગુરુ પણ, જો કોઈ સાધુ માંદો પડે તો એની શાતા માટે, આ ભગીરથ જ્ઞાનનું કામ છોડી માંદા પાસે દોડી જતા. જ્ઞાનની આવી મહાન સાધના સંગે શુશ્રૂષા અને શ્રમ કરતાં પણ જ્ઞાનીએ શીખવું જોઈએ.

આપણે જો બીજાની પાસેથી કામ લેવા માગતા હોઈએ તો પહેલાં આપણે એનું કામ કરી આપો. આજના ઘર-ઘરના અને સમાજના ઝઘડા, આને લીધે જ છે:

કારણ કે માણુસ ઉપેક્ષા કરીને અપેક્ષાને ઝંખી રહ્યો છે.

વિક્ટર હ્યુગોમાં એક પ્રસંગ આવે છે. એક સામાન્ય પાદરી હતો. એક વાર રસ્તામાં એણે કોઈ ગૂમડાવાળો માણુસ જોયો. વેદનાનો માર્યો એ રિબાતો હતો. પોતાનું કામ છોડી એ પાદરી ત્યાં રોકાયો અને પેલાને મદદ કરી. તે સમયે બાજુમાંથી અસંખ્ય લોકો પસાર થઈ રહ્યા હતા. કોઈએ ત્યારે તો પેલાને મદદ ન કરી, પણ દરેક જણના અંતરમાં થયું, "વાહ! આ કેવો સેવાભાવી!" અને પરિણામે એનું આ સેવાકાર્ય હજારોની આંખમાં જડાઈ ગયું, પ્રેરક બન્યું.

આ માણુસને મહાન બનાવનાર કોણ? પેલા ગૂમડા-વાળા માનવીનો પ્રસંગ. આવા પરોપકારના નિમિત્તમાં જ ખરો સ્વ-ઉપકાર રહેલો છે. બાજુના પડોશીને ત્યાંની આગ બુઝાવશો તો એમાં તમારી પણ સલામતી રહેલી છે; ગુલાબદાનીથી બીજા પર ગુલાબજળ છાંટવા જશો તો તમને પણ એની સુગંધ જરૂર મળવાની જ છે.

આવા લોકોનું વાક્ય ગ્રાહ્યવાક્ય બને છે. એવાનો પડ્યો બોલ તરત જ ઝિલાય છે. બાકી તો ડોસો પડ્યો પડ્યો બોલે, કે 'અલ્યા, કોઈ પાણી તો પાઓ' ત્યારે ઘરનાં માણુસ સંભળાવે: 'તમે ક્યાં કોઈ દિવસ કોઈને પાણી પાયું હતું કે તમને કોઈ પાય!' આ દશા માણુસની ન થાય. માટે અત્યારથી જ ચેતવાનું છે.

ખરી રીતે જોશો તો સમાજ કદી કૃતઘ્ની નથી બનતો. એ તો પુષ્પ નહીં તો એની પાંખડી પણ પાછી આપે જ

છે. આપણું કરેલું કાર્ય કદી નિષ્ફળ જતું નથી. આજે કદાચ એ નહીં પાકે તો નવી વર્ષાએ, બીજે ચોમાસે પણ પ્રગટ થશે જ. બી વાવ્યાં હોય તો ફળ આવ્યા વગર રહે જ નહીં. હા! વહેલું-મોડું ફળે એટલું જ. પણ ફળે એમાં તો શંકા નથી. આ શ્રદ્ધાનો દીપક કદી ન બુઝાય.

[૨૩]

દાક્ષિણ્યમયી દાનભાવના

સુદાક્ષિણ્યવાન આત્મા કેવા હોય એ આપણે જોઈ રહ્યા છીએ. પોતાના કુટુંબને માટે તો પશુપંખી પણ પ્રયત્ન કરે છે. આને માટે તો સુગરીનો માળો જુઓ: એની ગૂંથણી જોઈને ભલભલા કલાકારો પણ સ્તબ્ધ થઈ જાય છે. પશુપંખી આ બધું જ કરે છે અને કેટલીક વાર તો માનવી કરતાં પણ સારી રીતે કરે છે.

પશુપંખીની, એના કુટુંબ પ્રત્યેની જવાબદારી તો જુઓ. સારસની જોડી એકબીજા પ્રત્યે કેવી સ્નેહાળ હોય છે! માણસમાં આજે એટલી વફાદારી છે ખરી? પોતાનાં બાળકો-સ્ત્રીને છોડી પુરુષો આજે ક્લબોમાં રખડે છે. પણ પંખીની જવાબદારી એટલે પૂરી જવાબદારી. એ બીજાને માટે તાપ, શ્રમ, દુઃખ સહીને સાથે રહે છે. માનવી આજે પંખી જેટલુંય કરે છે ખરો?

સંસારના સુંદર દાંપત્યજીવન માટે સુગરીના માળા તરફ કે સારસની જોડલી તરફ નજર કરવી જોઈએ. એ એકબીજા ખાતર વિયોગે પ્રાણ દઈ દે છે. ભગવાનના

સ્તવનની અંદર પણ કવિએ પંખીની ઉપમા લીધી છે. એમાં એ જ વાત કહી છે કે, હે પ્રભુ! હું તને ચક્રવાક અને ચક્રવાકીની જેમ ચાહું છું. તેઓ એકબીજા માટે ઝૂરે છે તેમ હું તારા દર્શન માટે તલસું છું. આ સુંદર ઉપમા આપણને પંખી પાસેથી મળે છે. આપણે એ જોવાનું છે કે આપણું દામ્પત્યજીવન આજે ચક્રવાક-ચક્રવાકી જેવું છે. પંખીમાં દિલ અને ભાવની એકતા હોય છે. ઝૂરતા સારસની આંતરવ્યથા જુઓ તો આ જણાશે.

પણ અમરતાનો વારસો તો માત્ર માનવીને જ મળેલો છે. માનવીએ પંખીની જેમ સાથે રહીને માત્ર મરવાનું જ નહીં, પણ અમર બનવાનું છે. મનુષ્યે સાયુજ્યભાવથી સાથે ઊંચે ઊડવાનું છે.

જ્યારથી આ જન્મમરણની ગાડીમાં બેઠા, ત્યારથી એ ગાડી એના અંતિમ ધ્યેય તરફ ચાલ્યા જ કરે છે. વાતોમાં અને પ્રવૃત્તિમાં જીવન વહી રહ્યું છે; કાળનો પ્રવાહ એને ઘસડી રહ્યો છે. આ પ્રવાહને ધ્યાનથી જોવાનો છે. ક્ષણક્ષણના અનંત ખંડોથી બનેલો આ જીવનનો કાળ-પ્રવાહ કેવો અખંડતાનો ભ્રમ સર્જે છે!

કાળનો આ પ્રવાહ ક્યારેક તો બે આત્માને છૂટા પાડી દેવાનો જ છે. નેમ-રાજુલની જોડી જેવા ઉદાત્ત; ઊર્ધ્વગામી બનવાની કલ્પના તમને કદી આવે છે? મોક્ષમાં પણ ભેગાં. આનું નામ જ આદર્શ જીવન. આદર્શ દામ્પત્યમાં એક વ્યક્તિ બીજાની પૂરક બને છે. જ્યાં મર્યાદા, સંયમ જોઈએ ત્યાં પશુતાનું પ્રદર્શન માત્ર દેખાઈ આવે છે.

શ્રવણ કરેલા વિચારોનું ચિંતન કરીએ કે જેથી

આપણે ઊંચે જઈ શકીએ. આપણે ચર્ચી રહ્યા છીએ તે ગુણોનું જીવન, આપણને ધીમે ધીમે ઉપર લઈ જાય છે, મા જેમ બાળકની આંગળી ઝાલી ધીમેથી એક એક પગથિયું એને ચઢાવે છે તેમ જ્ઞાનીઓ, ધર્મને એકએક પગથિયે આપણને ઊંચે લઈ જાય છે. આમાંનું એક પગથિયું તે સુદાક્ષિણ્યભાવ. એવો માણસ સ્વોપકાર સાથે પરોપકારનું કામ મળતાં પાછી પાની નહીં ભરે. લોકનો સદ્ભાવ એની પ્રેરણા-સુવાસ છે.

એક ગામમાં એક ફોજદાર ખૂબ ક્રૂર, એની એક આંખ કાચની બનાવટી હતી પણ કોઈ ઓળખી ન શકે એવી સુંદર. એક વાર એની પાસે એક ચતુર ગુનેગાર આવ્યો. એને થયું કે એની પરીક્ષા તો લઉં. એણે ગુનેગારને કહ્યું કે જો તું મારા પ્રશ્નનો જવાબ સાચો આપીશ તો તારી શિક્ષા માફ કરીશ. બોલ જોઈએ, મારી કઈ આંખ બનાવટી છે?

ગુનેગારે કહી દીધું કે 'ડાબી.' ફોજદાર સાચી વાતથી ડઘાઈ ગયો. એણે પૂછ્યું કે આ તેં કેમ જાણ્યું? ત્યારે ગુનેગારે કહ્યું: "સાહેબ! તમારી ડાબીમાં મને દયાનો અંશ દેખાયો." કહેવાનો આશય એ હતો કે તારી સાચી આંખમાં તો ક્રૂરતા જ છે; કાચની આંખ જેટલીય દયા એનામાં નથી, દાક્ષિણ્યભાવ નથી. પેલાને આનો ભારે ઘા લાગ્યો અને ત્યારથી તેને જીવનમાં નવું જ્ઞાન લાધ્યું.

જ્યાં સ્વાર્થ આવે છે ત્યાંથી સુદાક્ષિણ્યભાવ ચાલી જાય છે. દુનિયામાં આપણે આવ્યા છીએ તો દુનિયાનાં

કામો કરવાનાં છે. પણ દિવસમાં એકાદ તો એવું કામ કરીએ કે જે રાત્રે સૂતી વેળા અંતરને સાત્ત્વિક આનંદ આપે, ઉલ્લાસ આપે. આ સ્થિતિ એ સ્વ તેમ જ પરનો વિચાર એકસરખા ભાવથી થાય. બીજી વ્યક્તિનાં દુઃખ અને દર્દના પડઘા જેના અંતરમાં સમભાવથી પડે તે દાક્ષિણ્યવાન. આ સદ્ગુણો કાંઈ એકદમ આવતા નથી; એ કાંઈ ખરીદી શકાતા નથી; આ એક સાધના છે જાગૃતિની !

આપણી અંદરની, અનાદિ કાળથી ચાલી આવેલી ટેવો એકદમ જતી નથી. એ તો માણસના જીવનમાં ઘર કરીને બેઠેલી છે. છીંકણી, બીડી, તમાકુ વગેરે વ્યસનોની ટેવ માણસને પાછળથી પડેલી હોય છે, છતાં તે પણ કાઢવી મુશ્કેલ બની જાય છે. તો આ દુર્ગુણોની ટેવ તો અનાદિ કાળથી ચાલી આવે છે. ઘાંચીનાં ગંદાં કપડાંય ખૂબ ધોવાથી જરાક સાફ થઈ શકે છે, સતત ધોવાથી વધારે સાફ થાય, તેમ આપણા મનને સાફ કરવા ધ્યાનનો ઉપયોગ સતત કરીએ તો મનનો મેલ અને દુર્ગુણો પણ જરૂર દૂર થાય.

ખોટો માણસ તો દાન દેશે તોય ખોટો પૈસો આવશે અને કહેશે કે પ્રભુ ખોટા માણસને સારો કરે છે તો આ પૈસાને સાચો નહીં બનાવી દે ? આ કંઈ દાન નથી. કહોવાયેલું નકામું અનાજ હોય તો તે માણસ દાનમાં આપે છે. ઘરમાં ન સંઘરી શકાય એવું ખરાબ હોય ત્યારે જ એની આંખમાં દયા ઊભરાય છે.

પણ આ કંઈ દાન નથી. દાન તો સારામાં સારાનું

અપાય. જે તમને સુંદર લાગે, જે તમને વધુમાં વધુ ગમતું હોય તેનું દાન થાય અને તે જ ઊગે.

નચિકેતાએ જ્યારે આવું ખરાબ દાન દેતાં એના પિતાને જોયા ત્યારે એણે કહ્યું કે પિતાજી! આ દાંત વગરની, વસૂકી ગયેલી ગાયો જ શા માટે દાનમાં આપો છો? એ કાંઈ સાચું દાન નથી. આવું જ મહાસતી દ્રૌપદીના પૂર્વભવના જીવનમાં બને છે. એણે શાકની કડવી તુંબડી સાધુને દાનમાં દઈ દીધી પણ પરિણામે એના ભવ વધી પડયા.

દાન તો સુંદરનું જ હોય અને એ પણ પ્રેમથી અપાયેલું હોય. દાન એ તો આપણા દિલનું, ભાવનું એક પ્રતીક છે. એનાથી માણસની ચેતનાનો વિકાસ થાય છે. આવો ભાવ ન હોય તો એ દાન માત્ર લેવડ-દેવડ બને છે. પૈસા આપી જેમ વસ્તુ ખરીદીએ, એમ દાન આપી પ્રશંસા, પ્રતિષ્ઠા, કીર્તિ અને હોદ્દો ખરીદીએ. દાન એ કાંઈ વ્યાપાર નથી. વેપાર માટે તો જીવનમાં બીજાં ઘણાં ક્ષેત્રો છે.

સાચું દાન માણસના સંકુચિત મનને વિકસિત કરનાર એક સુંદર સાધન છે. દાનનો મહિમા તે ચેતનના વિકાસને કારણે છે. અંદરના સંગ્રહભાવને, સંકુચિતતાને બહાર કાઢવા માટે દાન છે. વસ્તુના પ્રતીક દ્વારા દાન આપવામાં નવી ચેતના પ્રગટ થાય છે. માટે દાનમાં આપણે આવી ભાવના કેળવવી જોઈએ. આવું દાન આપનારા થોડા હશે તોપણ, દાનનો એક સુંદર પ્રવાહ શરૂ થશે.

આવા આદર્શ દાનને સમજવા સુરતના બનેલા બે

બનાવો ધ્યાનમાં લેવા જેવા છે. સુરતમાં એક આગમ-મંદિર બંધાવવાની વિચારણા ચાલી. પૂજ્ય સાગરજી મહારાજ કહે કે ઘેર ઘેર માગવા જવું નથી; જેનો ભાવ હોય તે લાભ લઈ જાય. સંઘે એક સ્થળે પેટી મૂકી, અને તમને આશ્ચર્ય થશે કે એક લાખ ને દસ હજાર રૂપિયાની રકમ માત્ર ચોવીસ કલાકમાં ભેગી થઈ ગઈ. કોણે શું આપ્યું છે એય કોઈએ જાણ્યું નહીં. આનું નામ દાન.

બીજો પ્રસંગ હમણાં થોડા વખત પહેલાં આવેલ રેલસંકટ ને અતિવૃષ્ટિના સમયનો છે. ગામના લોકો એક સજ્જનને ત્યાં ગયા અને પેલાને એકાવન રૂપિયા આપવા વીનવ્યો. પેલાએ તો કહ્યું કે મારે તો એકવીસ જ ભરવા છે. સાંજે સૌ ભેગા થયા ત્યારે વાતો ચાલી : 'એ માણસ કેવો કંજૂસ કે એકાવન રૂપિયા પણ ન આપ્યા!' એની ટીકા, નિંદા ચાલી, ત્યાં એક વૃદ્ધે જણાવ્યું કે ભાઈઓ! માણસ-ને પૂરેપૂરો સમજ્યા વિના ટીકા ન કરો, એને દાન આપીને નામ નહોતું જોઈતું; બાકી તો સવારે છાપામાં જેની વાત આવી છે તે અનામી રહીને રૂ. એકત્રીસ હજાર દેનાર તે આ ભાઈ પોતે જ. આમ સાચું દાન દેનાર એના અંતરના આનંદ માટે આપે છે. એને નામની ઝંખના નથી હોતી.

આપણા શરીરને મળેલાં નામો – પછી એ કોઈએ પાડેલ હોય કે માબાપે – પણ એ ભાડૂતી છે અને એવાં નામો પાછળ, આપણે આખી જિંદગી ખરચીએ. પણ અંદર બેઠેલો તો અનામી છે; એનું દર્શન, એની પ્રતીતિ એ ધર્મનો હેતુ છે.

આપણી જીવનયાત્રા માત્ર પાણી વલોવવાની પ્રવૃત્તિ જ ન બને એ ધ્યાનમાં રહે. વિચારીએ કે પ્રવૃત્તિઓ નામ માટે છે કે અંદરના અનામી માટે છે? એટલા માટે કહેવાયું છે કે તારાં કાર્યો 'આત્મપ્રીત્યર્થે' કર. અંદરના આત્માને આનંદ આવે તેમ જીવીએ. કારણ કે મન, ઇન્દ્રિયોની તૃપ્તિ ક્ષણિક છે. આત્માની તૃપ્તિ એ જ શાશ્વત છે.

પાલિતાણા તો જગવિખ્યાત છે. આવા ઊંચા પહાડ પર આટલાં બધાં મંદિરોની નગરી તમને બીજે ક્યાંય જોવા કે સાંભળવા નહીં મળે. પણ જાણો છો, એ મંદિરો કોણે બંધાવ્યાં? એ તો કેટલાંય અનામી હૃદયોની ભાવનાનું અર્પણ છે; એ તો પ્રેમનો પરિશ્રમ છે.

મહામંત્રી બાહડ મંદિરોનો જીર્ણોદ્ધાર કરવા માગે છે. એને એનો લહાવો લેવો છે, પણ ગામલોકો પણ એમાં મદદ કરવાનો લહાવો લેવા માગે છે. દરેકને એમ થાય છે કે મારી પાસે છે તો આપું. દરેકને થાય છે કે હું દાન આપ્યા વગરનો રહી જઈશ તો! આ ભાવનામાંથી એ મંદિરનગરી ઊભી થઈ છે.

આપણે અહીં નહીં આપીએ તો ત્યાં આપવું પડશે. માણસ આપ્યા વગર ક્યાંથી બચી શકવાનો છે! કાળની મર્યાદા આપણી સામે ઊભી છે. માનવીની પામરતા એ છે કે મૃત્યુ પછી એ અહીંનું કાંઈ લઈ જઈ શકતો નથી. આ વાત એ જાણે છે છતાં અહીં આપી શકતો નથી. પણ આવી મર્યાદા સાથે, માનવીમાં એક વિરાટતાય રહેલી છે. માણસ જો આપી દે તો એની એ વિરાટતા પ્રગટે; રાખીને બેસે તો એ વામણો રહે.

માનવી માટે ભાવનાનું ભાતું એટલે દિલની વિશાળતા. આમ માનવીમાં અસીમ અને સીમાબદ્ધ એવી બેઉ શક્તિ છે. આવી અસીમ શક્તિ પેલા ભીમા કુંડલિયાએ બતાવી.

જીર્ણોદ્ધારની વાત એને કાનેય આવી. દાનનો પ્રેમ-કલહ જાગ્યો. ભીમાને થઈ ગયું કે હુંય મારી પાસે છે એ બધાનું દાન કાં ન કરું? એ હતો એક સામાન્ય માણુસ; ઘીનો વેપારી. એ એની મૂડી ગણુવા બેઠો. બધું, નાનુંમોટું પરચૂરણુ કાઢ્યું તો રૂપિયો દોઢ થયો. ફાટેલું ધોતિયું. એમાં ઘીના ડાઘ, ધૂળથી રગદોળાયેલો પણુ આજે એનામાં દાનની ભાવના જાગી ગઈ છે. આ દોઢ રૂપિયો એ એની જીવાદોરી હતી; પણુ એને થઈ ગયું કે આ બધું જ આપી દઉં. દાનની ભાવના એ લાખોના ઉપર નહીં, મનના ભાવની ઉપર રહેલી છે.

આ વાણિયાને મન દાન એ હવે એની જીવાદોરી બની ગઈ. વાદળું ભરાય ત્યારે એને વરસવાની ઝંખના જાગે છે. એના વગર એ બેચેન બને છે. માણુસને પણુ એ પોતે ખાલી ન થઈ જાય ત્યાં સુધી આવી બેચેની જાગવી જોઈએ. એને તો મનમાં રટણુ ચાલવું જોઈએ કે પ્રસંગ આવે તો ઠાલવી દઉં, આપી દઉં.

આ વાણિયો દૂરને ગામથી નીકળ્યો દાન આપવા. દોઢ રૂપિયો એ એનું સમસ્ત જીવન, પ્રાણુ, મૂડી, ધંધાનો સર્વસ્વ આધાર. સાત માઈલ ચાલીને બાહડમંત્રીની હવેલીએ એ આવ્યો. પણુ આવતાં એણે ત્યાં જોયું કે હજારો શ્રીમંત ત્યાં આવીને લાખો સોનામહોરો ધરી રહ્યા છે.

એને થયું, જ્યાં લોકો આમ રત્નો ધરી દેવા તૈયાર છે ત્યાં કોણ મારો ભાવ પૂછશે? એનું મન નિરાશ થઈ ગયું છતાં એ દૂર દરવાજે ઊભો. સૌ લોકો દાન દેવા માટે બાહડમંત્રી સાથે મીઠો કલહ કરી રહ્યા છે, ઊભો ઊભો એ જુએ છે, મનમાં વિચારે છે, 'ગળામાં નીલમની કંઠીવાળા ત્યાં બેઠા છે એમાં મારા દોઢ રૂપિયાની શી કિંમત થવાની છે! અને આવે કપડે, આવે પગે હું ત્યાં જાઉં તો મને ઊભો પણ કોણ રહેવા દેશે!' બીજાનો વૈભવ જોઈ એનું મન ભરાઈ આવ્યું. થઈ ગયું કે હું કેવો અભાગી!

એ પાછો વળ્યો અને એક ઝાડ નીચે જઈને બેઠો. એનું મન ત્યારે આલોચના માગતું હતું. એણે વિચાર્યું કે હું ગયો ખરો પણ મેં મંત્રીને 'લો મારી ભેટ' એમ ક્યાં કહ્યું હતું? ભેટ ધર્યા છતાં એણે ના પાડી હોય તો માનત કે અભાગી છું. લાવ, ફરી જાઉં એને લેવાની નહીં, અત્યારે દેવાની તાલાવેલી જાગી છે.

એ પાછો હવેલી પાસે આવ્યો. ત્યાં પેલા મંત્રીની નજર એના ઉપર પડી. સૌને ત્યાં જ છોડી મંત્રી દરવાજે આવ્યા. એમને થયું કે કોઈ ગરીબ માનવીને પૈસાની જરૂર હશે ને હું ન આપું અને માત્ર મંદિર બાંધવા બેસું તો માનવતા લાજે. આવો વિચાર કરી મંત્રી સામે પગલે ત્યાં ગયા

આવી વિચારણા આજે આપણામાં છે ખરી? આવું થશે ત્યારે જ ઉપાસના સાથે દાન પણ થશે. પણ કંકોત્રીમાં આપણાં નામ છપાય, એ માટે જ આપણે ઝંખીએ છીએ.

અને મૂર્તિઓ નીચે પોતાનાં નામ કોતરાવી નામ અમર કરવાની લાલસા અને એષણા તો સદ્‌ભાવને જ મારી નાખશે.

પેલા મંત્રી ઊઠચા ને તેની સાથે તારામંડળ જેવું શ્રીમંતમંડળ પણ ઊભું થયું. મંત્રીએ જઈને ભીમાને પૂછ્યું કે ભાઈ, બોલ, તારે શાની જરૂર છે? શેઠે વાણિયાને ખભે હાથ મૂકચો ત્યાં તો એના હૃદયમાં આહ્‌લાદ જાગ્યો. એને થયું કે આવો મોટો માણસ મારા જેવાને સ્નેહથી પંપાળે!

મંત્રીના વહાલથી વાણિયો અડધો અડધો થઈ ગયો. કહે કે મારે કંઈ જોઈતું નથી, હું તો આપની પાસે આજે આપવા આવ્યો છું. અને એણે ગાંઠડી છોડી, રૂપિયો દોઢ કાઢચો. મંત્રી એનો હાથ પકડી એને મખમલના ગાલીચા ઉપર લઈ ગયો.

પેલો કહે કે મારા પગ મેલા છે, પણ મંત્રી હવે એનો દાનભાવ જાણી ગયેલા છે. એણે કહ્યું કે તમારા આ પગની રજ એ તો અમારે મન આજે કંકુના થાપા છે. તમે દિલના દરિયાવ છો કે સર્વસ્વ આપી દેવા આજે અહીં આવ્યા છો. અમે તો લાખમાંથી હજાર આપ્યા છે; તમે સર્વસ્વ ધરી દો છો. આજે તમે અમારા પૂજ્ય છો. અને મંદિરના જીર્ણોદ્ધારમાં એનું નામ સૌથી પહેલું લખવામાં આવ્યું; એનું દાન સૌથી મોટું દાન બન્યું. કારણ? એને માટે દાન એ ચેતનાનો વિકાસ હતો; અંતરનો આહ્‌લાદ હતો; સ્વાર્થના પરિત્યાગની અંદરથી જાગેલી એ

ભાવના હતી. સમર્પણમાં માનવજીવનની ખરી ધન્યતા હતી.

આવું જ બીજું દૃષ્ટાંત આપણી પાસે રાણકપુરનું છે. એ મહામંદિરમાં ૧૪૪૪ થાંભલા છે. લાખ લાખ રૂપિયા ખરચો છતાં એક થાંભલોય ન બને એવા થાંભલા. એ કરાવનાર એક પોરવાડ હતો. જ્યારે વિજ્ઞાનના ઠેકાણાં ન હતાં ત્યારે આ મંદિરનું સર્જન થયું. સાતપૂડા પર્વતમાં આ મંદિર, એક અપૂર્વ કળા છે. એ એવું ભાવભર્યું સુંદર સર્જન છે કે આજે પણ ત્યાં જૂની ભાવનાના પરમાણુઓ વાતાવરણમાં પથરાયેલા અનુભવી શકાય છે. ત્યાં ધ્યાનમાં આત્માનો આહ્લાદ સહજ લાધે છે.

આવાં પવિત્ર સ્થળોની ધૂળ માથે ચડાવીએ તોય દિલમાં ભાવ, ઉદારતા જાગે. એના વાતાવરણની આપણા પર ઊંડી અસર થાય છે. આવું સુંદર કલા-સર્જન છતાં પેલા પોરવાડનું નામનિશાન ત્યાં નથી. માત્ર એક જ થાંભલામાં ધરણા શાહ હાથ જોડીને ઊભા છે.

એ કાળ એવો હતો કે જ્યારે દેનારા હતા ને સામે ના પાડનારા પણ એવા જ હતા. દાન એ તો પ્રેમ-ભક્તિની મીઠી રમત છે. આ દાનભાવના જાગશે તો જ સમાજ ઊંચે આવશે. આ સુદાક્ષિણ્ય ભાવ સમર્પણભાનને જગાડે છે.

*

[૨૪]

લજ્જાળુતા

આપણે છેલ્લા સદ્ગુણમાં જોયું કે ધર્મી આત્મામાં સુદાક્ષિણ્યભાવ હોય, એની આંખમાં નૈસર્ગિક કરુણા હોય. એ પછીનું સોપાન એટલે લજ્જાળુતા. ધર્મી માણસની આંખ લજ્જાવાળી હોય. એને એમ થાય કે આવું કામ તો મારાથી થાય જ નહીં. આવો વિચાર, અંદર લજ્જા હોય તો જ આવી શકે.

જ્ઞાનીઓએ આપણને કહ્યું કે લજ્જાળુ વ્યક્તિ અકાર્યને દૂર જ રાખે. એવી વ્યક્તિ અકાર્યમાં જાય નહીં, અયોગ્ય એવું કરે નહીં અને કદાચ નાનું પણ અકાર્ય એનાથી થઈ જાય તો એનું દુઃખ એને ખટકે. એનો પશ્ચાત્તાપ એને કોરી ખાય.

લજ્જાળુ માણસ આ સદ્ગુણને લીધે, સદાચારનું જ આચરણ કરે છે. એ અકાર્યથી દૂર રહે છે, અને તેથી સુકાર્યમાં પ્રવૃત્ત રહે છે. પણ જેમને પહેલેથી ખરાબ ટેવો પડી જાય છે તેને પછી સારી વાત ગમતી નથી. શરાબ અને સિગારેટ પીનારને સુંદર સુવાસિત ભોજન વખતે પણ

આ દુર્ગંધવાળાં પીણાં પીવા જોઈએ. જ્યારે જેને એની ટેવ નથી તે તો એની દુર્ગંધ માત્રથી નાસે છે. આનું નામ ટેવ, સ્વભાવ. આમ દુરાચારીને દુરાચાર વગર ચેન પડતું નથી; સદાચારીને સદાચાર વગર શાંતિ થતી નથી. આટલા માટે જ રોજ જ્ઞાનીનાં વચનો સાંભળવાની આવશ્યકતા છે, જેથી આપણે સદાચારના વાતાવરણમાં રહી શકીએ, જીવી શકીએ.

માંસાહારીને માટે માંસ એ આનંદદાયક છે; એને જોતાં એને મોંમાં પાણી છૂટે છે; પણ બીજો એને જોતાં ચકરી ખાઈ જાય છે. આમ શાથી? કારણ એ કે પેલો ક્રૂરતાના વાતાવરણમાં રહેલો છે; બીજો દયા અને કોમળતાના સંસ્કારમય વાતાવરણમાં જીવનારો છે. આટલા માટે જ પેલા ચિંતકે કહેલું કે મારો સંગ અને સંજોગો સારા હતા તેથી મારાથી ખરાબ કામોથી દૂર રહી શકાયું.

સંયોગો શી અસર કરે છે તે માટે સુલસનું દષ્ટાંત જોઈએ. એનો પિતા કસાઈનો ધંધો કરતો, એટલે એની ઇચ્છા નહોતી છતાં, કસાઈનો ધંધો કરવા સ્નેહીઓ અને કુટુંબીજનોએ એને આગ્રહ કર્યો, પણ એને તો અભયકુમારની મૈત્રીનો સહયોગ મળ્યો હતો અને તેમાંથી એનામાં કરુણાનો સ્રોત વહ્યો હતો તેથી પિતાના મૃત્યુ બાદ કુટુંબીજનોની સલાહ છતાં, બાપદાદાનો ધંધો એણે ન સ્વીકાર્યો. એને થયું કે હું અભય સંગે બેસનારો, જીવોને અભય આપનારો, પાડાને મારું એ કેમ બને! સારા વાતાવરણમાં રહેલો માણસ આમ ખરાબ કામ કરતાં અટકી જાય છે, બદલાઈ જાય છે.

સુલસ ધંધો બંધ કરે છે એમ ખબર મળતાં, એના કુટુંબીઓ એને સમજાવવા આવ્યા. કહે કે તને આ ધંધામાં પાપ લાગતું હોય તો, કમાણી સાથે પાપનો ભાગ પણ અમે વહેંચી લઈશું. પણ સુલસ જાણતો હતો કે પાપના નફામાં ભાગીદાર થવા સૌ આવે છે; પણ પાપનો ભાગીદાર કોઈ થતું નથી. એ જાણતો હતો કે કહેનારો તો ખસી જશે અને કરનારો ફસી જશે. માટે જ આવે પ્રસંગે વિવેકનો ઉપયોગ રહેલો છે. આથી જ પાપ વેળા આપણને જાગ્રત રહેવાનું કહેવામાં આવ્યું છે.

સુલસે ઘણી ચર્ચા કરી પણ કુટુંબીઓ માન્યા નહીં; એટલે સુલસે એક યુક્તિ કરી. એણે કુહાડો લઈ પોતાના પગ ઉપર માર્યો. લોહીની ધારા છૂટી. એણે કહ્યું કે તમે દુઃખના ભાગીદાર થવાના છો તો મારું આ દુઃખ, પીડા વહેંચી લો. બધા કહે કે ઘા તેં કર્યો છે, લોહી તને નીકળ્યું, તેથી પીડા તારી, અમે બહુ તો પાટો બાંધીએ, દવા આપીએ અને રાબડી કરીને પાઈએ પણ સહેવું તો તારે જ પડે ને! ત્યારે સુલસે એમને કહ્યું : 'મારા દુઃખમાં ભાગ ન લઈ શકો તો મારા પાપમાં ભાગ કેમ કરીને લેશો?' કુટુંબીઓને ખરું જ્ઞાન થયું. સુલસે કુહાડાના પ્રયોગથી કુટુંબને બોધ આપ્યો, 'મારા આવા ઘામાં ભાગીદાર નથી થતા, એ મારા પાપમાં શું ભાગીદાર થવાના?' સુલસની આ તર્કભરી દલીલ સાંભળી સહુ મૂગાં થઈ ગયાં.

સારા મિત્રો, સારી સોબત, સારું વાતાવરણ માણસને પાપકર્મમાંથી બચાવે છે; ખરે વખતે મદદગાર બને છે!

ખરાબ કર્મમાંથી બચવા માટે સારા કુળમાં જન્મ અને સારો મિત્ર એ બેઉ સહાયક બને છે. આનું નામ જ લજ્જાળુતા. એવો માણસ કદી ખરાબ કામ કરતો નથી. એના જીવનમાં એવો અયોગ્ય પ્રસંગ કે વિચાર કદાચ આવે છે તો એ લજવાઈ જાય છે.

પચાસ વરસ પહેલાં લોકો રસ્તામાં બીડી પીતાં શરમાતા. આજે તો જાણે બધે નાદીરશાહ ફરી રહ્યા છે! મોંમાં પાનનો ડૂચો, સિગારેટ અને રસ્તામાં પિચકારી મારતા લોકો ફરે છે. એમનાં આવાં વ્યસન માટે આજે એમને આંચકોય આવતો નથી! શરમેય આવતી નથી.

માનવીએ નિર્વ્યસની બનવાનું છે. આપણે જન્મ્યા ત્યારે એકેય વ્યસન લાવ્યા ન હતા. આ વ્યસનો તો અણસમજ, નિર્બળતા, અજ્ઞાન અને દુરાચાર તરફ લઈ જનારાં છે. પરિણામે, વ્યસનો આજે માલિક બન્યાં છે અને માણસ એનો ગુલામ બન્યો છે.

થોડા વખત પહેલાં એક જણ મારી પાસે આવ્યો. કહે કે અઠ્ઠમ કરવો છે. ખાધા વગર ચલાવી શકું એમ છું, પણ સવારે દૂધ-ખાંડ વગરની કાળી ચા જરા ગરમ પી લઉં તો કાંઈ વાંધો ખરો? જુઓ, આ તો પેલો હાથી આખો નીકળી ગયો અને પૂંછડું અટક્યું, એના જેવી વાત છે. ખાવાનું એ છોડવા તૈયાર હતો પણ ઉકળેલા પાણીમાં ચાર પાંદડી નાખીને પીવાની એની ઇચ્છા ન ગઈ. ચા જેવાં વ્યસનો આપણી ઉપર ચડી બેઠાં છે.

વ્યસનોને છોડવાં એ પ્રથમ પુરુષાર્થ છે. કેટલાક વ્યસનીઓ તો પ્રવચન ચાલતું હોય ત્યારે પણ છીંકણીની

હાબડી એકબીજાને સેરવતા હોય છે! એ કેવું કહેવાય! જીવનની આ કરુણતા છે.

પડેલાં વ્યસનોમાંથી જે માણસ બહાર આવવા ઇચ્છે છે એણે, એ વ્યસન કેમ વળગ્યું એ જાણી લેવું જોઈએ. જન્મ્યા ત્યારે તો આપણે એ નહોતા લાવ્યા, તો એ આવ્યું ક્યાંથી? અને જો આપણે જ એ સ્વીકાર્યું છે તો આપણે એનો ત્યાગ કરવાની શક્તિ પણ ધરાવીએ છીએ, આવું સમજનાર માણસ સદાચાર તરફ પ્રયાણ કરી શકે. જ્ઞાનીઓના શ્રવણનો મુખ્ય હેતુ એ જ કે આપણામાં પરિવર્તન જાગે; અને વિકાસ શક્ય બને.

આ માટે કાર્યનો સમયવિભાગ પાડી સવારે જરા વાર પ્રાર્થનામાં બેસવું. સુંદર વિચાર કરવા. સવારના જ્ઞાનના એ વિચારોથી ચોવીસે કલાક તાજગી રહેશે. પ્રાર્થના એ પાણી છે. મનની ભૂમિને એ સીંચો તો ચિત્તવૃક્ષ સુંદર રહેશે, અને પછી અન્ય વ્યવસાયમાં હશો ત્યારેય એ વિચારો તમારી પડખે ઊભા રહેશે. બની શકે તો એક નાની એવી ચોપડી સાથે રાખવી. અવકાશ મળે ત્યારે એમાંથી વાંચવું. રાત્રે ઘેર આવો ત્યારે શાંતિ જાગવો. ઘરનો દરેક જણ જો આમ કરવા માંડે તો દરેક ઘરનું જીવન કેવું સુખમય બની જાય!

અંદરની લજ્જા જીવનમાં કેવી સહાયક બને છે એનું એક સુંદર દૃષ્ટાંત છે:

એક વાર વિક્રમ પાસે ચાર ગુનેગારોને લાવવામાં આવ્યા. બધાનો ગુનો એક જ જાતનો હતો. ચારેય એકમાં સંકળાયા હતા પણ વિક્રને બધાને એકસરખી

શિક્ષા ન કરી. એણે તો દરેકની સ્થિતિ, સંજોગો, સંસ્કાર, ઉછેર વગેરે જાણી લીધું અને પછી ચારેયને જુદી જુદી યોગ્ય હતી તે જ શિક્ષા કરી.

પહેલાને એણે શિક્ષામાં આટલું જ કહ્યું કે તારા જેવો સંસ્કારી, ખાનદાન માણસ આવું કરે? બીજાને કહ્યું કે તું નાલાયક છે, માટે તારો સો રૂપિયાનો દંડ! ત્રીજાને કહ્યું કે તારા જેવો તો બીજાને બગાડે, માટે તું બાર માસ માટે દેશનિકાલ, ચોથાને કહ્યું કે તું તો અધમતાની પરાકાષ્ઠાથી ભરેલો છે; માટે તને અવળે ગધેડે બેસાડી; તારું મોં કાળું કરી ગામમાં ફેરવી તને ગામ બહાર તગડી મૂકવો પડશે.

આ સભામાં એક ડાહ્યો માણસ બેઠો હતો. એણે રાજાને પૂછ્યું કે ગુનો એક જાતનો અને છતાં શિક્ષા આમ જુદી કેમ? રાજાએ કહ્યું કે એનો મર્મ તમને પછી સમજાશે. જુઓ, આપણે આ દૂતને ચારેયની તપાસ કરવા મોકલીએ અને એ શી વાતો લાવે છે તે જોઈએ.

દૂતે આવીને ચારેય જણની, જોયેલી વાત દરબારમાં રજૂ કરી. પહેલાને કહેલું કે 'તારાથી આવું થાય?' અને એ ઘેર જઈ, બારણું બંધ કરી રડ્યો. એને થયું: 'વિક્રમે મને આવા શબ્દો કહ્યા! આના કરતાં તો તલવારનો ઝાટકો મને સુંવાળો લાગત.' જુઓ એની માનસિક ભૂમિકા! એક જ વાક્ય એને એવું ખટક્યું કે બાર માસ સુધી લોકોને મોં ન બતાવવું એમ એને થઈ ગયું, આનું કારણ એ કે તે લજ્જાળુ હતો.

બીજાને રૂ. ૧૦૦ દંડ કરેલો. એ બહાર જઈને

વાતો કરવા લાગ્યો કે, એમાં શું? અરે! હજાર દંડ કરત ને તોય હું આપી દેત; રાજાને તો આમ કરીને કમાણી જ કરવી છે ને! જુઓ કે એની લજ્જા ચાલી જવા માંડી છે.

ત્રીજાને દેશનિકાલ કરેલો. એ દિવસે તો ગામબહાર રહે, પણ રાત્રે છાનોમાનો ગામમાં આવતો રહે. એ કહેતો, 'રાજાનો એવો દેશનિકાલનો હુકમ કોણ માને છે!' જોશો કે એનામાં નફ્ફટાઈ વધી રહી હતી.

ચોથાને ઊંધા ગધેડા ઉપર બેસાડી ગામમાં ફેરવ્યો ત્યારે એ કહે કે 'જિંદગીનો શો લહાવો છે! આ નગારાં વાગે ને લોકો મને જુએ. આવો અવસર ફરી ક્યાં આવવાનો છે?' એના ઘર પાસે એ આવ્યો ત્યારે એ કહે કે 'હવે વધુ જોરથી નગારાં વગાડો.' એની પત્ની એને જોવા આવી ત્યારે કહે કે, 'જરા ઠંડું પાણી તો લાવ. ગળું સુકાયું છે, એટલી વાર ભલે આ લોકો નગારાં વગાડતા.' જોઈ એની નફ્ફટાઈ!

આ ઉપરથી જોશો કે જ્ઞાની અને લજ્જાળુ માણસ નાની વાતમાંથી બોધ લઈ ઊંચે ચડે છે. એટલે, આપણે પણ કોઈની ટીકાથી ક્રોધ ન કરવો. ઊલટું માનવું કે એ મારો હિતસ્વી છે કે મારી ભૂલ બતાવે છે, પડખે આવીને તમને ભૂલ બતાવે તો એનો આભાર માનવો. જિંદગીમાં આવી પ્રત્યેક ક્ષણ મેળવવા માટે છે; એને ગુમાવતા નહીં, એનાથી સદાય જાગ્રત રહેવું જોઈએ.

આપણે જે લજ્જાળુતાની વાત કરીએ છીએ એવી લજ્જાવાળા માણસને નાની વાત, બેચાર શબ્દો પણ એના જીવનને બદલાવી નાખે. ચંદનબાળા, મૃગાવતીને માત્ર

આટલું જ કહે છે કે 'આર્યાઓને ઉપયોગની શૂન્યતા ન શોભે.' અને એ વાક્ય મૃગાવતીને વિચારમાં નાખી દે છે. મૃગાવતી સાધક હતી. એને એ વાક્યમાંથી વિચારણા જાગી ઊઠી અને અંતમાં એ કેવળજ્ઞાન પામી.

આ લજ્જાનો ગુણ એ મનની કેળવણી છે. જેનો માનસિક વિકાસ વધે છે, અને પછી તેને અયોગ્યનું મન જ થતું નથી. અને કદાચ થઈ જાય છે તો પશ્ચાત્તાપ કરી ફરી એવા કાર્યમાં કદી પ્રવૃત્ત બનતો જ નથી.

[૨૫]

મંગળ મંદિરને પંથે

ધર્મરત્ન પ્રકરણમાં આ મહાપુરુષ આપણને મંગળ મંદિર તરફ લઈ જવા મથે છે. મંદિરે પહોંચવું એ પ્રત્યેક માનવીનું ધ્યેય હોવું જોઈએ. આજે આપણું જીવન માત્ર એક વ્યથા, એક દુઃખ, એક તરફડાટ બની ગયેલ છે. જીવ માત્રને ઉગારવા માટે, ધર્મીના હૃદયમાં એક ઝંકાર જાગે છે. વિશ્વ માત્રને તારવાનો વિચાર, આવી કરુણાવાળો જ કરી શકે છે.

એક એક ડગલું પણ એ દિશા તરફ ચાલીએ તો એ મંગળ મંદિરે જરૂર પહોંચી શકીએ. મોક્ષનું એ મંદિર ઘણું ઊંચું છે. એવા ઊંચે સ્થાને જવા માટે પ્રયત્નશીલ સાધના કરવાની છે.

કુદરતનો એક નિયમ એ છે કે 'શુદ્ધિ શુદ્ધિને લાવે છે, અને અશુદ્ધિ અશુદ્ધિને લાવે છે.' આ પ્રમાણે પ્રયત્ન કરી આપણે આગળ વધશું તો ખરાબ ચીજો ધીમે ધીમે છૂટતી જશે.

મૂળ વાત એ છે કે આ એક ભાવના છે, એક

વિચાર છે, એક પ્રયત્ન છે. આ મંગળ મંદિર તરફ આપણું પ્રસ્થાન છે.

માનવજીવનનો હેતુ શો છે? આપણે જે શોધવું છે તેમાં શ્રવણ, મનન અને ચિંતન ઉત્તમ સાધન છે. અંધારું ઘેરું છે અને માર્ગ મુશ્કેલ છે. શ્રદ્ધાબળે આપણે ધર્મજીવનની પગદંડી પર ચાલી રહ્યા છીએ. પ્રત્યેક પગલે આપણે ધ્યેયની નજીક જઈ રહ્યા છીએ. આપણે જોઈ રહ્યા છીએ કે જ્યારે લજ્જાની પાળી તૂટી જાય છે ત્યારે જીવનનાં પાણી વેરવિખેર થઈ જાય છે.

માનવીની દૃષ્ટિ, વિચાર, આચાર શુદ્ધ હોવાં જોઈએ. લજ્જાની પાળથી ચારિત્ર્ય, સંયમ આદિનાં પાણી સચવાય છે. કોઈ પણ અનુચિત કામ કરતાં પાંપણ ઉપર ભાર આવે ત્યારે જાણવું કે હજી લજ્જા રહી છે અને તેથી આગળ વધવાની પૂરી શક્યતા છે.

[૨૬]

દયાનું ઝરણું

ધર્મી આત્માનું મન દયાથી ભીનું હોવું જોઈએ; દયાથી કૂણું અને દયાથી આર્દ્ર. એટલે આપણે પેલી પ્રાર્થનામાં સાંભળ્યું કે:

'દીન, ક્રૂર ને ધર્મ-વિહોણા,
દેખી દિલમાં દર્દ રહે.'

ધર્મી એટલે જડ નહીં. ધર્મ તો એનું નામ છે જે જડતાને કાઢી નાખે. માણુસમાં જ્યારે ધર્મ આવે, જ્ઞાન આવે ત્યારે માનવ પોતે દયાનું ઝરણુ બની જાય. પછી તો નિર્મળ પાણીમાં જેમ સૂર્યનું પ્રતિબિંબ પડે તેમ એના મનમાં વિશ્વનાં સુખદુ:ખનાં પ્રતિબિંબ પડે. આવું હૃદય જ્ઞાનનાં કિરણોને ઝીલી શકે છે.

દયા ધર્મનું મૂળ છે. ગમે તે ધર્મ હોય પણ જ્યાં દયા નથી, ત્યાં ધર્મ નથી. દયા વિના ધર્મ આવી શકતો નથી. જે આત્મા ધર્મી હોય તેનું ચિત્ત દયાથી ભીનું હોવું જોઈએ; દુ:ખ જોઈ દ્રવી જાય તેવું હોવું જોઈએ. ધર્મી

માણસ ક્રૂર, નિષ્ઠુર, નફ્ફટ હોઈ શકે નહીં. જેના અંતરને બીજાનાં દર્દની અસર થતી નથી, એ ધર્મી બની શકે નહીં.

પણ માણસમાં જો જ્ઞાન ન હોય તો આ દયા જણાય કેમ? અજ્ઞાની માણસ અહિંસા અને હિંસાનો વિવેક કેમ કરે? દયાનું કાર્ય કરવા જાઓ ત્યારે જ્ઞાનનો દીવો લઈને જવું જોઈએ. જે લોકો દયા-અદયાનો ભેદ ન સમજે, બે વચ્ચે વિવેક ન કરી શકે, એ દયાને નામે હિંસા કરે અને છતાં કહેવડાવે કે પોતે દયાળુ છે.

માટે કાં તો જ્ઞાની બનો અને કાં જ્ઞાનીની સલાહ લઈને વર્તો. જ્ઞાનીને ચરણે બેસી, અર્પણભાવે શીખો. માણસ જરાક જાણે છે ત્યાં એને જ્ઞાનનો ગર્વ આવી જાય છે, અથવા તો જ્ઞાનની જડતા આવી જાય છે. અંધારામાં ગોળ તો ગળ્યો જ લાગે છે, પણ એટલું તો જ્ઞાનથી જુઓ કે એની ઉપર ગરોળીની લાળ તો નથી પડી ને!

જે માણસ અભણ હોય અને કબૂલ કરે કે એ પોતે સમજતો નથી તો એને જલદીથી સમજાવી શકાય છે; પણ જે જાણતો નથી અને છતાં જાણ્યાનો દંભ કરે છે એને સમજાવવો મુશ્કેલ હોય છે.

જ્ઞાની માણસથી ભૂલ થઈ જાય છે તો એ તરત જ ભૂલને જોઈ શકે છે અને સુધારવા મથે છે. વિશેષજ્ઞાની આ વિશિષ્ટતા છે. ડાહ્યા માણસને ભૂલ કબૂલ કરતાં વાર નહીં લાગે, પણ જે અર્ધદગ્ધ છે; અર્ધજ્ઞાની છે અને છતાં પોતાને પંડિત માને છે એ તો કહેશે કે તમે કહ્યું એ

તો હું જાણતો જ હતો; હું એમ જ કરવાનો હતો. આવા માણસને તો બ્રહ્મા પણ ન સમજાવી શકે.

એક માણસને કૂતરું કરડયું. ચૌદ ઇંજેક્ષન લેવાં પડયાં અને તે બચી ગયો. પછી એને થયું કે કોઈ બીજાને આમ કૂતરું કરડશે તો! એને દયા આવી અને તેણે પચાસ હજાર રૂપિયાનું દાન કર્યું કે બધાં કૂતરાંને ઝેર આપી મારી નાખો, કે જેથી એ કોઈને કરડે નહીં. એણે માણસને બચાવવા, આમ દયા બતાવી ખરી, પણ જ્ઞાન વગરની. એ દયામાં એમણે શ્વાનસંહારની ક્રૂરતાનો વિચાર ન કર્યો. આથી મહાપુરુષોએ જણાવ્યું છે કે ધર્મ, દયા અને દાનની સાથે જ્ઞાન – સમજણનો પ્રકાશ હોવો જોઈએ.

જ્યારે માણસ પ્રથમ વાર હિંસાનું દૃશ્ય જુએ છે ત્યારે એનામાં પ્રકંપ જાગે છે અને એને ચક્કર આવે છે. પછી વારંવાર એવું દૃશ્ય જુએ છે, હિંસાની વાતો સાંભળે છે અને પછી એ ટેવાઈ જાય છે. પછી એની કરુણા બુઠ્ઠી અને કુંઠિત બને છે.

એક દિવસ એવો હતો કે હિંસાની વાતથી આપણાં હૃદય દ્રવી જતાં. આજે હવે એની બેચેની આપણને રહી નથી. આજે તો આ ક્રૂરતા અને હિંસા આડકતરી રીતે આપણા ઘરમાં પણ આવી રહી છે. જોકે જાતે હિંસા નથી કરતા, પણ બીજાને કરવામાં સહાય તો કરીએ જ છીએ.

ઘણા લોકો સુંવાળા ચામડાનાં બૂટ, ચંપલ, પાકીટ વગેરે વાપરે છે. પણ તમે જાણતા હશો કે મરી ગયેલા

જાનવરનું ચામડું કઠોર થઈ જાય છે, પણ જો એને જીવતું મારી એની ખાલ ઉતારે તો જ એ કોમળ રહે છે. ઉપલી વસ્તુઓની સુંવાળપ જોનાર, આ વાત યાદ રાખે છે ખરો?

આપણે ત્યાં અહિંસાની ભાવના વધુ ને વધુ સ્થૂળ થઈ રહી છે ત્યારે ન્યૂ યૉર્ક-લંડન જેવાં શહેરોમાં શાકાહારી ક્લબો શરૂ થઈ રહી છે. તે લોકો અહિંસક ચામડાનો જ વપરાશ કરે છે. મન, વચન અને કાયાથી અહિંસા રાખવાની વાતો કરનાર અને એકાદશી-ચૌદશને દહાડે લીલોતરી ન ખાનાર માણુસ દિવસભર કડવી વાણી બોલે છે, ઘરમાં કલહ કરે છે ને તેની સ્ત્રીને અગ્નિસ્નાન કરવું પડે છે! આવું ક્રૂરતાભર્યું અને દયાહીન જીવન માણુસ જીવે ત્યાં ધર્મ કેમ શોભે? ધર્મ કેમ પાંગરે?

કેટલીક સાસુઓ, એવા ચૂંટી ચૂંટીને શબ્દો વહુને સંભળાવે છે કે વહુના હૃદયમાં ભાલાની જેમ એ ભોંકાય છે, અને તે આત્મઘાત કરે છે. કેટલીક વહુઓ પણ એવા ટોણા મારે કે સાસુને પછી જીવન જીવવા જેવું લાગતું નથી. એવી સ્ત્રીઓ પણ ધર્મી હોવાનો ડોળ કરે છે.

શબ્દોમાં શક્તિ હોય છે. એટલે શબ્દો વાપરતાં વિચારવું કે એ કોમળ છે કે કઠોર? ઠપકો આપો ત્યારે શબ્દની પસંદગી કરો. ગાંધીજી જ્યારે બહુ ક્રોધમાં આવતા ત્યારે વધુમાં વધુ આટલું બોલતા: 'દુનિયા પાગલ ઔર પાજી હો ગઈ હૈ.' શબ્દો એવા ચૂંટવા જોઈએ કે થોડા શબ્દમાં ઘણો ભાવ કહેવાઈ જાય.

જૂના કાળમાં માણુસ ગુનો કરતો ત્યારે હક્કાર, મક્કાર અને ધિક્કાર – આવા શબ્દો એને કહેવામાં આવતા.

શબ્દોનો ત્યારે કેવો મહિમા હતો? આજે તો કઠોર શબ્દો સાંભળીને, એને ઘોળીને પી જનારા લોકો વધી રહ્યા છે.

આપણે ભાષાસમિતિની વાત કરીએ છીએ; વચનગુપ્તિની વાત કરીએ છીએ. આ વચનગુપ્તિ એટલે શું? વિચારો. વચનને મ્યાનમાં રાખવું, એ એનો અર્થ છે. તીર ને વચન છૂટેલાં પાછાં આવતાં નથી, માટે કોઈ ખરાબ શબ્દ મોંએ આવી જાય તોય બોલવા નહીં, ગોપવી રાખો. હોઠ પર આવે તોય પાછો લઈ જવો.

બોલવામાં ઓછામાં ઓછા શબ્દો વાપરીએ; તો સુખી થઈએ. વધુ અને ગમે તેમ બોલીએ તો 'આમ ન બોલ્યો હોત તો ઠીક થાત' એમ પાછળથી પસ્તાવું પડશે. આપણે જાતે જ એનો સંયમ કેળવવાનો છે.

જે દયાની આપણે વાત કરીએ છીએ તે દયાળુપણું શબ્દમાં પણ હોવું જોઈએ. શબ્દો સુખદ, આનંદકર હોવા જોઈએ. વિશ્વમાં કે જીવનમાં શાન્તિ તો અહિંસક વિચાર, અહિંસક વાણી અને અહિંસક કાર્યથી જ આવશે. કેટલાક તો ધર્મસ્થાન કે મૂર્તિ પાસે યોગ્ય જગ્યા નથી મળતી તોય એ ગરમ થઈ જાય છે. દેરાસરમાં ગરમ થનારા, ઘરમાં કેવી ગરમી લાવતા હશે!

માણસમાત્રને પ્રવૃત્તિ તો કરવી જ પડે છે, પણ એ પ્રવૃત્તિ કેવી હોવી જોઈએ? મહાપુરુષોએ કહ્યું છે, 'જે જયણા અને કરુણાથી ચાલે છે, બોલે છે, ખાય છે એવો માણસ બધી ક્રિયા કરે, છતાં પાપને બાંધતો નથી.'

કેટલાક જણ ખાતી વખતેય શાંતિ રાખી શકતા

નથી. 'એડવર્ડની વાત છે કે એ ખાતી વખતે લબલબ કર્યા કરતો – બોલ્યા કરતો, પણ ત્યારે કોઈ વચ્ચે બોલે તો એ તપી જતો. એક વાર એના પાંઉ ઉપરના મુરબ્બામાં નાનો વાંદો આવ્યો. પાસે બેઠેલી આઠ વરસની બાળકી એ જોઈ ગઈ અને દાદાને કહેવા ના ગઈ, પણ દાદા ખિજાઈ ગયા. બાળકી મૂંગી રહી. ભોજન પછી દાદાએ પૂછ્યું કે જમતી વખતે તું કેમ વચ્ચે બોલવા જતી હતી? બાળકીએ કહ્યું: 'મુરબ્બામાં વાંદો હતો તે તમે ખાઈ ગયા.' દાદા પસ્તાયા. એને ભૂલ સમજાઈ.

જીવનનાં બધાં કાર્યો પાછળ ઉપયોગની દૃષ્ટિ જરૂરી છે. જેની પાસે ઉપયોગની દૃષ્ટિ નથી, એ કદી દયાળુ બની શકે નહીં. આપણી વાચા, આપણી પ્રવૃત્તિ, દરેક બાબતમાં જયણા રાખીએ તો ફાયદો થાય. ઉપયોગની શૂન્યતા માણસને હેરાન કરે છે. જે માણસ ઉપયોગ રાખીને જીવે છે તેને પશ્ચાત્તાપના પ્રસંગો બહુ ઓછા આવે છે. દયાનો ગુણ જીવનમાં આ રીતે અત્યંત ઉપયોગી છે.

એક શેઠ હતા. એને પુત્રની ખૂબ ઝંખના. કોઈએ કહ્યું કે તમે દેવીને બોકડો ચડાવો તો તમારે ત્યાં પુત્રનો જન્મ થશે. શેઠ કહે કે મારાથી કાંઈ એવું કામ થાય? એક જણે ઉપાય બતાવ્યો કે તમે એવું કામ જાતે ન કરતા. મને રૂ. ૫૦૦ આપો, અને હું એ કામ કરીશ. સંસારની આસક્તિ કેવી છે! શેઠે એમ કર્યું અને દૈવયોગે શેઠને ત્યાં બાળક જન્મ્યો.

પુત્ર એક વરસનો થયો ત્યાં શેઠ ગુજરી ગયા. મરીને એ બોકડો થયા. આ છોકરાએ દર વર્ષે ચાલ્યા આવતા

ક્રમ પ્રમાણે દેવીને બોકડો ચઢાવવાનું ચાલુ રાખ્યું. ગામમાંથી બોકડો મંગાવ્યો. બોકડો જ્યાં દુકાન પાસે આવ્યો ત્યાં તો એને જાતિસ્મરણ થયું: 'આ મારી દુકાન, આ મારો દીકરો!' બોકડો ત્યાં થંભી ગયો. એ ચાલતો નથી એટલે છોકરાએ કહ્યું કે એને મારીને – ઘસડીને લઈ જાઓ.

આટલી વારમાં એક સાધુ ત્યાં આવી ચડયા. એમના ચિત્તમાં કરુણા ઊભરાતી હતી. દીકરાના સાંભળતાં પેલા બોકડાને સાધુએ કહ્યું કે 'દીકરા માટે તેં બોકડો મરાવ્યો, તો આજે તારે બોકડો થઈ ખેંચાવું પડયું છે. આસક્તિ વખતે ઉપયોગ ન રાખ્યો તો હવે શા માટે ખેંચતાણ કરે છે?' પછી તો ગુરુએ એને ઉગાર્યો. પણ એક નાની મમતા ખાતર જીવને કેટલું ભોગવવું પડે છે એ આમાંથી તારવવાનું છે.

માટે કહેવામાં આવ્યું છે કે આત્માની અધોગતિ કરી કોઈ કાર્ય કરશો નહીં. જેના હૃદયમાં દયાનું ઝરણું વહેતું હોય તેનાથી, જેમાં હિંસાને ઉત્તેજન મળે એવું કામ કદી થાય જ નહીં.

ધર્મી માણસ સાચો દયાળુ હોવો જોઈએ ને એણે મનસા, વાચા, કર્મણા અહિંસક ભાવનાથી જીવવા પ્રયત્નશીલ રહેવું જોઈએ.

*

[૨૭]

દયાના બે સ્રોત

દયાના બે પાસા છે –
દ્રવ્યદયા અને ભાવદયા.

કોઈને વાગ્યું હોય, કોઈ ગરીબ હોય, કોઈ આંધળો હોય અને મદદ માગે તો આપણે સહાય કરીએ છીએ. આ દ્રવ્ય-દયા છે. સાથે, ભાવદયાની પણ જરૂર છે. જેની પાસે આત્માનું ધન, ધર્મ નથી તે વધારે દરિદ્ર છે; અને તેવાને દયા બતાવનાર જગતમાં આજે બહુ ઓછા લોકો છે. ધન નથી તે નિર્ધન; તેમ જ જેને ધર્મ નથી તે નિર્ધર્મ છે.

નિર્ધનને પૈસા નહીં મળે તો એ કદાચ ઓછાં પાપ કરશે, પણ જો માણુસ નિર્ધર્મી હશે ને એને જીવનની દૃષ્ટિ નહીં મળે તો તે વધુ પાપ કરશે. માણુસ ઘણી વાર સમૃદ્ધિનાં સાધનોથી નીચે જાય છે. એનાં સાધનો એનાં પાપને સગવડ કરી આપે છે. પૈસાદાર જો અન્યાય અને અનીતિનાં કાર્યો કરશે તોપણ એને રોકનાર કોઈ નથી, જ્યારે મધ્યમ વર્ગનો માણુસ આજુબાજુના લોકોની ટીકાઓને લીધે, એની બીકે પણ મર્યાદામાં રહે છે.

કરોડાધિપતિ દારૂ પીએ, સિનેમામાં રખડે, નટનટીઓનો સંગ રાખે છતાં એને કહેવાની કોઈ હિંમત નહીં કરે. કારણ લોકોને એનો વૈભવ આંજી દે છે. આમ પૈસાને પાપની છૂટ મળી જાય છે.

એટલા જ માટે દુખિયા કરતાં સુખિયા લોકોની જ્ઞાનીઓને વધારે દયા આવે છે, ધનીને ડૂબવાની વધુ શક્યતા હોય છે.

દયાના અનેક પ્રકારો છે. તમે લૂલા-લંગડાની દયા ખાઓ છો. એના કરતાં પણ વધુ દયા જેનાં જીવન પાપથી, કલુષિતતાથી ભરેલાં છે તેને છોડાવવા માટે બતાવો. દુઃખમાંથી માણસ ઊંચે જઈ શકે છે. પણ સુખીનું સુખ એને નીચું પાડે છે. દાદર ચડવામાં કદી નથી પડાતું; પણ ઊતરતાં ક્યારેક લપસી પડાય છે. કેટલીક વાર મુસીબત, દુઃખ માણસને સારો બનાવે છે; જ્યારે પૈસો અને પ્રતિષ્ઠા આવે ત્યારે લપસવાનો ભય વધુ જાગે છે. પછી તો એના મિત્રો, નોકરો સૌ એનાં વખાણ જ માત્ર કરે છે; એના દોષ એને કોઈ ચીંધતું નથી.

પણ દુઃખ તો માણસને સ્વર્ગ સુધી લઈ જઈ શકે છે. દેવલોકમાં વધુ સંખ્યા કયા વર્ગમાંથી આવે છે, ખબર છે? પશુઓમાંથી. માનવોમાંથી જેટલા દેવો બને છે એના કરતાં પશુઓમાંથી દેવ બનીને આવનારા વધુ સંખ્યામાં હોય છે.

ગાડું ખેંચતો બળદ; માર ખાતો ખાતો, ભૂખ્યો, તરસ્યો, અકામ નિર્જરા કરીને દેવ બને છે; પણ માનવી તો આને બદલે પુણ્ય પૂરું કરીને નીચે ને નીચે જઈ

રહ્યો છે. માનવીમાં નથી, તે અકામ નિર્જરાની શક્તિ પશુઓમાં રહી છે. ભલે તમે દેવ ન બનો, પણ માનવી તો રહો! દૂધપાક ને પૂરી ભલે ન પામો, પણ મળે છે તે ખીચડીય શું કામ ખૂઓ છો?

જેનામાં ક્રોધ, માન, માયા, લોભ વગેરે પાતળાં હોય તે મરીને ફરીથી મનુષ્યજન્મમાં આવી શકે છે. વળી દાનની રુચિ એ પણ માનવીને માનવજન્મ અપાવવામાં સહાયક બને છે. કોઈ લઈને રાજી થાય છે, તો કોઈ દઈને રાજી થાય છે. પ્રેમાળ પત્ની જેમ પતિની વાટ જુએ છે તેમ ભક્તનું હૃદય દાનના પ્રસંગ માટે વાટ જુએ છે. ભગવાન આવે કે ન આવે, પણ ભક્તને પ્રતીક્ષા કરવી પડે છે. પ્રભુને – મહાવીરને પધરાવવાની આવી ધૂન પેલા જીરણ શેઠને લાગેલી. એનું મન ભાવનાના પ્રેમરંગે રંગાયું. એ શેરીમાં જળ છંટકાવે છે. મહાવીરની વાટ જુએ છે. મહાવીરનું પારણું તો બીજે ક્યાંક થાય છે, પણ ભાવમાં ને ભાવમાં એ બાર દેવલોક સુધી ઊર્ધ્વગમન કરી જાય છે. આનું નામ ભક્તિ.

આ ધર્મ, બહારની વસ્તુ કરતાં આંતરવસ્તુ સાથે વધુ સંબંધ ધરાવે છે. દાન વિના દેવ મળે નહીં, પણ એમાં દાન એ તો ગૌણ છે; ભાવના એ જ મુખ્ય વસ્તુ છે. ભાવના જાગ્યા પછી દાન કોઈક વાર વગર આપ્યે પણ અપાઈ જાય છે. દાન એ અંતરનો ઉલ્લાસ છે.

આપણા હૃદયમાં રાગ આવીને બેઠો છે. એક સગો આવે કે જમાઈ આવે તો લેવા ને મૂકવા જાઓ છો, પણ સાધર્મી માટે એટલોય ભાવ આજે જણાતો નથી.

સમાજમાં નામ થશે, પ્રતિષ્ઠા વધશે માટે કોઈ ફાળામાં પૈસા ભરે એ દાન એક વેપાર છે. ખરી રુચિ હોય તો અંદરથી દાનનો ઉલ્લાસ, ઉમળકો જાગે. આ રુચિ હોય તો મનુષ્ય સાચો મનુષ્ય બની શકે. સાચું દાન મનુષ્યને બીજે જન્મે પણ મનુષ્ય બનાવે છે.

આ તો દાનની વાત થઈ. પણ આપણે તો દયાના દાનની વાત ચાલે છે. ગરીબો પ્રત્યે દયા આણવી તે દ્રવ્ય-દયા; ધર્મ વગરના ધનિકો પ્રત્યે કરુણા લાવવી તે ભાવ-દયા; પણ પોતે જ્યારે ક્રોધ, માન, માયા, લોભમાં સપડાઈને અવળે માર્ગે જતો હોય ત્યારે, વિચારીને પોતાની ઉપર દયા લાવવી, તે સ્વ-દયા. તમે ભિખારીની દયા ખાઓ છો, પણ તમે તમારી દયા ખાઓ છો ખરા ? શું તમારામાંય કષાય નથી ? છે. તો પછી તે માટે કદી વિચાર કર્યો છે કે મારા આત્માનું શું થશે ? આવી દયા આવે છે ખરી ?

આપણે ક્રોધ કરીએ ત્યારે આપણી દયા આવે છે ? એ શીખાય પછી બીજાને માટેની સાચી દયા, પર-દયા આપણામાં જાગશે. ભગવાનને ડંખવા જ્યારે પેલો ચંડકોશી ગયો ત્યારે ભગવાને એના ક્રોધની દયા ખાધી. આનું નામ પર-દયા.

માણસ પોતાની આસપાસ પાપની દીવાલ બાંધીને જાતે જ અંદર પુરાઈ રહ્યો છે. જો આ સ્વ-દયા બરાબર સમજાશે તો ભાવ-દયા સમજતાં વાર નહીં લાગે. ભાવ-દયા આવતાં મા-બાપપણું આવશે. પોતાના જ દીકરાને કારણે મા દુઃખી હોય છતાં પાડોશી પૂછવા આવે ત્યારે

એ પુત્રનું ઉપરાણું લે છે. એમ આપણે બીજાના દોષો, કે ખાનગી વાતો જાણતા હોઈએ તો એને કરુણાપૂર્વક સુધારવા પ્રયત્ન કરીશું પણ લોકોને કહીને એને બદનામ નહીં કરીએ.

ગુનેગારને સુધારવો હોય તો એને ચારે બાજુ ચંદરવો ન બાંધો; એથી તો તમેય નીચા ઊતરો છો. બીજાને સુધારવા માટે મા જેવા બનો; શોક્ય જેવા નહીં, બીજાને સુધારવા માટે અંતરની આવી ઉદારતા અત્યંત આવશ્યક છે.

લોકો દાની અને ધર્મી બનવા ડોળ કરે છે. પણ ખરી રીતે જેમ મરજીવો સાગરને તળિયે ડૂબકી મારી મોતી શોધી લાવે છે, તેમ ધર્મી આત્માએ જિંદગીના ઊંડા સમુદ્રમાં ઊતરીને દર્શન, જ્ઞાન, ચારિત્ર્યરૂપ ધર્મની શોધ કરવાની છે. આ મુશ્કેલ છે અને અનેક જન્મો પછી એ પ્રાપ્ય બને છે. આપણે તો વગર સાધનાએ જરાક તપ કરીને મોક્ષની ચિઠ્ઠી ફડાવવાની ઇચ્છા રાખીએ છીએ. પણ કુદરતનો તો કાનૂન છે: 'જેવી કરણી તેવી પાર ઊતરણી.' કુદરતને ત્યાં કાંઈ લાંચરુશવત ચાલતાં નથી. કુદરતમાં તો પરિણામ અને આચરણ પ્રમાણે કર્મનો બંધ પડે છે.

આ દર્શન આપણને એમ સમજાવે છે કે મુક્તિ તરફ જનારે જીવનમાં ઊંડા ઊતરવું પડશે. દુનિયા પ્રત્યેની બાહ્ય દયા એ તો સામાન્ય દયા છે. સોમાંથી પંચાણું જણ પાછળથી બીજાની ટીકા કરનારા હોય છે. પણ વાત્સલ્યથી, ભાવથી મોઢે ભૂલ કહી સહાય કરનાર કેટલા? જ્યાં સુધી આ સમજણ નહીં આવે ત્યાં સુધી આપણામાં ભાવ-દયા નહીં આવે.

બીજાને સહાયક થવા માટે આપણામાં સમ્યગ્ દર્શન, પવિત્ર સમજણ લાવવાની જરૂર છે. આ ન જાગે ત્યાં સુધીની દયા તે બાહ્ય દયા છે, ભાવ-દયા નહીં.

આપણે જીવનમાં દયાનાં બેઉ પાસાં જોયાં છે; દ્રવ્ય-દયા અને ભાવ-દયા. પણ આજનો · હું કરોડાધિપતિ કાલે ક્યાં ફેંકાઈ જઈશ એની, પોતાની દયા ખાઓ છો ખરા ? જે માણસની અંદર આ સ્વ-દયા અને ભાવ-દયા બેઉની સમજ છે તે જ ધર્મનો સાચો અધિકારી છે.

[૨૮]

વિશ્વ-એકાત્મભાવ

આપણે દયા વિશેના બે વિચાર – સ્વ-દયા અને પર-દયા જોયા. હજી એક ત્રીજો વિચાર જોવાનો બાકી રહે છે. આપણે ઘણી વાર બોલીએ છીએ કે 'दया धर्मका मूल है' આનો અર્થ શો? ધર્મના અનેક પ્રકારો અને દૃષ્ટિઓ હશે, પણ એમ છતાં બધા ધર્મના મૂળમાં દયા મુખ્ય રહેલી છે. બીજી અનેક બાબતોમાં ધર્મોની દૃષ્ટિ કદાચ જુદી પડતી હશે, પણ દયાની બાબતમાં કોઈ ધર્મ જુદો પડતો નથી.

જગતમાં દરેક માણસ દયાથી જીવવા ચાહે છે. તમને જેમ મૃત્યુ, હેરાનગતિ, ક્રૂરતા પસંદ નથી, એમ જગતનેય એ ગમતાં નથી. જેમ માળામાં મણકા બધા જુદા હોય છે, છતાં અંદરનો દોરો એક અને સળંગ હોય છે, એમ વિશ્વના બધા ધર્મોમાં દયાનો દોરો એકસરખો સમાન પડેલો છે.

વિશ્વ માટે એકાત્મભાવ એ દયાની નવ્ય દૃષ્ટિ છે. માટે આપણે પેલો મંત્ર સાંભળીએ છીએ કે 'आत्मवत्

सर्व भूतेषु सुखदुःखे प्रियाप्रिये' બીજાનાં દુઃખનો પડઘો આપણા હૃદયમાં પડે તો વિચારનો ઉદ્‌ગમ થાય કે મને નથી ગમતું તે બીજાનેય નથી ગમતું; મને ગમે છે તે જ બીજાને ગમે છે. આમાંથી જ વિશ્વ-એકાત્મભાવ ધીમે ધીમે પ્રગટે છે.

સ્વ-દયા અને પર-દયામાંથી આ ત્રીજી ભાવના વિશ્વ–એકાત્મભાવની જન્મ લે છે. એનાથી વિશ્વ સાથેનો, જિંદગી સાથેનો સંવાદ જાગે છે. પછી તો એ માણસ બધામાં શુભની ભાવના જોતો થાય છે; એ દ્રષ્ટા બને છે. પણ આવું દર્શન માત્ર આંખમાંથી નહીં, વિચાર–આત્મા દ્વારા આવે છે.

આપણે તો વિશ્વમાં સંવેદન જગવવાનું છે. જેમ એક દિલરુબા કે સિતારના એકાદ તારને પણ તમે સ્પર્શો તો બીજા તાર રણઝણી ઊઠે છે, એ રીતે આસપાસના જીવો સંગે આપણે સહાનુભૂતિ રાખી શકીશું તો આખા વિશ્વ સાથે એવું તાદાત્મ્ય સાધી શકીશું.

માનો કે તમને કોઈને 'નાલાયક' કહેવાનું મન થયું. તો પ્રથમ એ શબ્દ તમને પોતાને લગાડી જુઓ અને તમને ન ગમે તો બીજાનેય નહીં ગમે એમ માની એ છોડી દો. માણસને મોઢું મળ્યું છે માટે બોલી કાઢવું એમ ન ચાલે. અંદરથી શબ્દ આવે કે જરી એને ઊભો રાખો, તમે વાપરવા ધારેલ વિશેષણ તમને સારું, વહાલું લાગે છે? આમ વિચારો તો દરેક ક્રિયા વિશ્વ સંગે અનુભૂતિ, સંવેદનના તાર જોડે.

એક વાર એક વણજારો થોડુંક સોનું વેચવા માટે

એક ચોકસીને ત્યાં ગયો. જઈને કહ્યું કે શા ભાવે સોનું ખરીદશો? ચોકસીએ કહ્યું કે રૂપિયે તોલો. વણજારાને તો આશ્ચર્ય થયું. 'રૂપિયે તોલો?' એને થયું કે ત્યારે તો એ જ ભાવે હું જ સોનું ખરીદું તો કેવું! એણે ચોકસીને કહ્યું કે ત્યારે તો હું જ એ ભાવે થોડું સોનું ખરીદવા માગું છું; તો એ ભાવે મને સો તોલા સોનું તોળી આપો. ત્યારે ચોકસી કહે કે 'મારા સોનાનો ભાવ તો ૧૦૦ રૂપિયે તોલો છે.' જુઓ લેવા માટેનો ભાવ રૂપિયે તોલો અને વેચવા માટેનો ભાવ સો રૂપિયે તોલો! આ વાત આપણને નવાઈ જેવી લાગે, પણ આપણા જીવનનાં બધાં ક્ષેત્રોમાં આમ જ ચાલે છે. મારો પ્રાણ મોંઘો,–સો રૂપિયે તોલો–પણ બીજાનો પ્રાણ રૂપિયે તોલો! હું જરાય ઘસાવા તૈયાર નથી, ભલે આખી દુનિયા મારે માટે ઘસાય.

આપણી એકની સગવડ ખાતર, સુખ માટે આપણે ન કરવાનું કરવા તૈયાર થઈએ છીએ. એક માણસને રોજ પથારીમાં ફૂલ પાથરીને સૂવાનો શોખ હતો. માળીને કાયમ માટે એણે આ હુકમ કરી દીધેલો. પોતાને ફૂલની શય્યાનો શોખ. પણ એક રાતની ઊંઘને માટે હજારો ફૂલોનો કેવો નાશ! આમ જ જીવહિંસા કરી, શોખનાં સાધનો વાપરતાં માણસને આંચકો લાગતો નથી.

વિશ્વના નાનામાં નાના જંતુ સાથે સમવેદના જાગવી જોઈએ. જ્યાં સુધી આપણે આવી આત્મીયતા નહીં સાધીએ ત્યાં સુધી સાચો દયાભાવ જાગશે નહીં, અને અહિંસાની વાતો માત્ર ઊંચે આકાશમાં જ રહેશે.

આત્મીયતા એટલે મારા પ્રાણ અને જીવન જેટલાં જ બીજાનાં પ્રાણ અને જીવન કીમતી છે, એ સમજવાનું છે. બંગાળનો દુષ્કાળ, જાપાનના ધરતીકંપમાં અનેકનાં મૃત્યુની સરખામણીમાં માણસને પોતાનું નાનું ગૂમડું વધારે દુઃખદ લાગે છે. એને ખાતર એ દોડાદોડ કરી મૂકે છે; જગતના ધરતીકંપ કરતાં એનો પોતાનો નાનો દાંતનો દુખાવો એને વધારે પીડા આપે છે.

જ્યાં સુધી આ રીતે માણસ બીજાના કરતાં પોતાના પ્રાણને, દુઃખને મહત્ત્વ આપે છે ત્યાં સુધી એનામાં અહિંસાની ભાવના આવે ક્યાંથી? ઘણા ખાદી પહેરે છે. અને એ અહિંસાનું પ્રતીક છે એમ બોલે છે. પણ વિશ્વ સંગે એકાત્મભાવ, સમસંવેદન, પ્રકંપ અનુભવે છે ખરા? ખાદી પહેનાર જો સાચો અહિંસક હોય તો એની વાણીમાંથી મત્સ્ય-ઉદ્યોગની અને 'પોલ્ટ્રી-ઉદ્યોગની' વાણી નીકળી શકે ખરી?

ધર્મ અને દયાને ઘણો નિકટનો સંબંધ છે. જ્યાં દયાનાં ઝરણાં વહેતાં નથી, ત્યાં ધર્મ કેમ પાંગરે?

એક હતા શેઠ. એને ત્યાં એક ઘરઘાટી હતો. શેઠની નાની છોકરીને એણે ઉછેરેલી. પછી એ દેશમાં ગયો. પાછળથી આ છોકરી માંદી પડી અને મરી ગઈ. શેઠે ઘાટીને ખબર આપી. આઠ મહિને એ પાછો આવ્યો. ઘરમાં દાખલ થતાં જ એની આંખમાં આંસુ ચાલ્યાં. શેઠે પૂછ્યું: 'કેમ રડે છે?' ગદ્ગદ કંઠે માંડ માંડ ઘાટીએ જવાબ આપ્યો: 'મૂલગી ગેલી.' એ વધુ બોલી ન શક્યો.

શેઠને એમ કે એ ઘાટીની પુત્રી મરી ગઈ લાગે છે. એટલે એણે આશ્વાસન આપતાં કહ્યું: 'એ તો હોય, જન્મે એ તો જાય જ ને? એમાં રડવાનું શું?' રામો વિચારતો હતો કે શેઠ 'કેટલા જ્ઞાની છે?' એટલામાં શેઠે પૂછ્યું: 'કેટલા વર્ષની છોકરી હતી?' રામાને લાગ્યું કે શેઠ ઊંધું સમજ્યા લાગે છે. એટલે તેણે સ્પષ્ટ કહ્યું કે 'शेठ तूमचो मूलगी' અને પળવારમાં શેઠને એ ભુલાયેલી પુત્રી યાદ આવતાં જોરથી એ રડવા બેઠા. પારકી દીકરી એટલે કાંઈ નહીં અને પોતાની પુત્રીની વાત આવી ત્યાં કેવો મોહ! આવે વખતે જ આપણે વિશ્વ-એકાત્મભાવના દોરનો વિચાર કરવાનો છે. સાચા ધર્મીના અંતરમાં આવું, દયાનું ઝરણું નિત્ય વહેવું જોઈએ.

એટલે સ્વ-દયા ને પર-દયાની સાથે આપણે ત્રીજી ભાવના વિશ્વ-એકાત્મભાવ કેળવવાનો છે. સૌને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે એમ સમજાતાં વિચારના ગળણાથી ગળ્યા વગરની, દરેક અણગળ પ્રવૃત્તિ આપણે કરતાં અટકીશું. પછી એવો વિચારક સહેજે જોશે કે હિંસક દવાઓ, હિંસક ચામડાની વસ્તુઓ, રેશમ, કસ્તૂરી, હાથીદાંત, મોતી — આવું બધું હિંસક છે માટે વાપરવું અયોગ્ય છે.

એક મોટા સાધુ સંગે, એક નાનો સાધુ શ્રમણ જંગલમાં વિહાર કરી રહ્યો હતો. આમ તો એ છોકરો નાનો હતો છતાં એનો આત્મા જાગ્રત થયેલો, છતાં ઉંમરની અસર પણ રહે ને! એણે પાણીનું ભરેલું એક ખાબોચિયું જોયું. એની બાલ્યવૃત્તિને પાણીમાં છબછબિયાં

કરવાનું મન થયું એણે તેમ કર્યું. ખાબોચિયાને સાગર કલ્પી, લાકડાના પાત્રને હોડી માની, એ તરાવી આનંદ માણતો હતો, ત્યાં પેલા સાધુએ આ જોયું. એણે એને કહ્યું કે પાણીમાં જીવ હોય, વનસ્પતિ હોય ને આપણાથી આવું થાય! બસ, સાંભળતાં જ છોકરો જાગ્રત થઈ ગયો. 'आत्मवत् सर्व भूतेषु' સમજનાર આવું કરે? એવો જ્ઞાની ઉતાવળે કોઈ પ્રવૃત્તિ કરે નહીં અને કદાચ થઈ જાય તો પશ્ચાત્તાપ – અનુતાપ કરે. આને પણ અનુતાપમાંથી, ગદ્ગદતી વિચારણામાંથી કેવળજ્ઞાન જાગી ગયું.

એ મુનીમનું નામ હતું અતિમુક્ત! પશ્ચાત્તાપ દ્વારા એ કેવો જલદી મુક્ત થઈ ગયો!

એવો પશ્ચાત્તાપ એ મનોભૂમિકાની વાત છે. આપણાં શ્રવણ, વાચન-પ્રવાચનમાંથી આવું માનસિક પરિવર્તન જાગવું જોઈએ. એને બાહ્ય દેખાવ સાથે કશો સંબંધ નથી, એને કોઈ જાતના થરમોમિટરથી માપી શકાતું નથી. આત્માની અંદર આવી રીતે જે સૂક્ષ્મ સ્પંદનો જાગે છે, તેને માપી શકાતાં નથી, પણ એની અનુભૂતિ જરૂર થઈ શકે છે.

આવા માનસિક પરિવર્તનથી ગઈ કાલનો ખરાબમાં ખરાબ ગણાતો માણુસ, આજે સારામાં સારો બની શકે છે. જેને મનની સમજણ જાગી જાય છે એનાં મનપરિવર્તન સૂક્ષ્મ હોય છે. કયો માણુસ ક્યારે મનમાં અનુતાપનાં આંસુ પાડી નિર્મળ બનશે તે આપણે જાણતા નથી.

આ માટે આપણે આપણી માનસિક ભૂમિકાઓ

વિશુદ્ધ બનાવવી જોઈએ, આત્મસંવેદના અનુભવતા થવું જોઈએ, તો જ વિશ્વમાં એકાત્મભાવ આવી શકશે.

દયા અને અહિંસા એક જ સિક્કાનાં બે પાસાં છે. પણ એક વિધેયાત્મક છે; બીજો નિષેધાત્મક છે. આપણને ન ગમે તે બીજાને માટે ન વિચારીએ, ન બોલીએ, ન કરીએ, તો વિશ્વ-એકાત્મભાવનું આવું સંવેદનમય અને સંવાદમય સંગીત પ્રગટે.

[૨૯]

માધ્યસ્થ

આજે આપણે અગિયારમા સદ્‌ગુણનો વિચાર કરવાના છીએ. ધર્મનો સાચા સ્વરૂપમાં કોણ વિચાર કરી શકે? જેનામાં માધ્યસ્થ હોય અને સૌમ્યદૃષ્ટિ હોય. આ બે ભાવનાઓને સંયુક્ત રીતે મૂકીને એક સુંદર વિચાર આપવામાં આવ્યો છે. માધ્યસ્થ એટલે? જેના મનનાં દ્વાર સદાય ખુલ્લાં હોય, જેને કોઈ પણ ધર્મ પ્રત્યે પૂર્વગ્રહ ન હોય; જેને દુરાગ્રહ ન હોય; સત્યના નવા પ્રભાતનું સ્વાગત કરવા તૈયાર હોય.

આ માધ્યસ્થ ભાવ સાથે, પ્રકૃતિથી એ સૌમ્ય હોવો જોઈએ. માધ્યસ્થ સાથે સૌમ્યતા ન હોય તો દ્વેષ આવી જાય. બુદ્ધિની અંદર માધ્યસ્થપણું અને પ્રકૃતિમાં સૌમ્યતાનો અંશ હોય તો તે માણુસ જીવનના કોયડાઓનો શાંતિથી ઉકેલ આણી શકે છે. જેના મનમાં પક્ષપાત છે તે શાંતિથી સામાન્ય વિચાર નહીં કરી શકે, તો ધર્મ જેવી અસામાન્ય વાતનો વિચાર તો એ ક્યાંથી કરી શકે?

જીવનમાં જેને ધર્મ આચરવો છે, તેનામાં આ બેઉ

ભાવ જોઈએ; માધ્યસ્થ અને સૌમ્યતા. અતિરાગ પણ નહીં અને તિરસ્કાર પણ નહીં. સામાન્ય રીતે વૃત્તિઓ ચંચળ છે. ચંચળ ચિત્ત શાંતિથી વિચાર કરી શકતું નથી. જીવનની સામાન્ય વાતો માટે મન-બુદ્ધિની આ સ્વસ્થતા અનિવાર્ય છે. એ વખતે, દૃષ્ટિ દ્વેષ વગરની અને બુદ્ધિ માધ્યસ્થ ભાવવાળી હશે તો જ તે સત્યનું ખરું દર્શન કરી શકશે.

એક ગુરુ પાસે બે શિષ્યો ગયા. ઉપદેશમાં ગુરુએ બેઉને એકસરખી ત્રણ વાતો કહી: લોકપ્રિય બનવું, મીઠું ખાવું અને સુખેથી સૂવું. એમાંનો એક શિષ્ય પ્રજ્ઞ હતો અને એણે પોતાનો માર્ગ લીધો; બીજો માધ્યસ્થ – સૌમ્ય-દૃષ્ટિવિહોણો હતો.

આ બીજા શિષ્યે તો ગુરુના શબ્દોને જ પકડ્યા. એણે મંત્રતંત્ર શરૂ કર્યાં, વૈદું શરૂ કર્યું અને લોકપ્રિય થવા માંડ્યું. ભિક્ષામાં રોટલી-રોટલાને બદલે પેંડા, મેસૂર, ગુલાબજાંબુ લવા માંડ્યા; અને રાતના આઠથી સવારના આઠ સુધી સૂવા માંડ્યું. એણે માની લીધું કે પોતે ગુરુના શબ્દોને બરાબર પાળે છે.

આ શિષ્યે ગુરુના માત્ર શબ્દો જ સાંભળ્યા હતા, પણ એ શબ્દોનો મર્મ એ પામ્યો નહોતો. આવા લોકો શબ્દોના અર્થનું, ભાવનું ખૂન કરે છે. આજે લોકો ધર્મ-ગુરુઓના, મહાપુરુષોના શબ્દોને જ માત્ર વળગ્યા છે, પણ એનો ઊંડો મર્મ, અર્થ ભૂલ્યા છે. આથી જે મહાપુરુષો વિશ્વમાં શાંતિ અને સમાધાન સર્જવા આવ્યા હતા તેમના જ શબ્દોને નામે, એના ભક્તોએ આજે અનેક પ્રકારના

ઝઘડા, કજિયા, પંથ અને માર્ગો ઊભા કર્યાં છે. માટે શબ્દને ન વળગો; એની પાછળના અર્થને શોધો, સમજો.

"ભાષાને શું વળગે ભૂર, જે રણમાં જીતે તે શૂર" એમાં એ જ કહેવા માગે છે કે શબ્દને ન વળગો; ભાષાનો ભાવ જાણો. આને માટે સતત માધ્યસ્થની જરૂર છે. આ ભાવના માટે શ્રમ અને સાધના બેઉ જોઈએ.

એક કાવ્યપંક્તિ લો : 'રામ ! તારા રાજ્યમાં દીવાનથી અંધારું છે.' આ પંક્તિમાંથી એક માણસ એમ સમજે કે દીવાનથી રાજ્યમાં અંધારું છે; તો રામ એને કાઢી મૂકે; પણ 'રામ ! તારા રાજ્યમાં દીવા નથી, (તેથી) અંધારું છે,' એમ સમજે તો બીજો જ ભાવ સમજાય. આપણે તો આમ ભાષાના વિરામ અને વિચારનો ખ્યાલ કરતા રહેવાનું છે. આ પ્રમાણે માણસ જો અનેક વાર ધર્મસૂત્રોનું વાચન કરી જાય પણ એનો અર્થ ન જાણે તો જીવનમાં એને પ્રકાશ નહીં આવે.

માટે આપણને કહ્યું છે કે શબ્દોને લો પણ એની ઉપાસના કરો; એનું દર્શન પામો. એના ભાવમાં જ્યારે તમે એકાકાર થશો ત્યારે એમાંથી મધુરતા જાગશે. પેલા શિષ્યે ત્રણ મંત્રોનો ખોટો ઉપયોગ કર્યો અને પરિણામે એણે ખોટી લોકપ્રિયતા મેળવેલી તે આખરે ગઈ ને ફજેત થયો. ખાઈને માંદો પડ્યો અને ઊંઘીને પ્રમાદી બન્યો. કારણ ? એનામાં માધ્યસ્થપૂર્ણ સાચું જ્ઞાન, વિજ્ઞાન, ચેતના નહોતાં જાગ્યાં.

એક વાર ફરીથી એને એનો પ્રજ્ઞ ગુરુબન્ધુ મળ્યો. એણે જોયું કે આણે તો માત્ર ગુરુના શબ્દોને પકડ્યા છે,

પણ એના ભાવને એ સમજ્યો નથી. મોઢે શબ્દો કર્યાં છે, ગોખ્યા છે, કડકડાટ બોલી જાય છે પણ એ ભાવને ભૂલ્યો છે.

એ પ્રશ્ન શિષ્યે પછી પેલાને બતાવ્યું કે ગુરુના ત્રણ સંદેશનો ભાવ તો એવો હતો કે મીઠું ખાવું એટલે એક ટંક ખાવું, તપ કરીને ખાવું; ખરી ભૂખ લાગે ત્યારે ખાવું. તપને પારણે સૂકો રોટલો પણ મીઠો બની જાય છે.

ચીનનો એક તત્ત્વચિંતક એક વાર અમેરિકા ગયો. ત્યાં એ દાક્તરોની પરિષદમાં ગયો. દાક્તરોએ એને પૂછ્યું કે તમારે ત્યાંના દાક્તરો કેવા છે? કાંઈ જાતઅનુભવ છે?

તત્ત્વચિંતકે કહ્યું, 'હા, એક વાર હું માંદો પડયો. મેં દાક્તરને બોલાવ્યો. એણે એકના બે રોગ કર્યાં. બીજાને બોલાવ્યા; એણે ત્રીજો રોગ ઉમેર્યો. પછી મેં ત્રીજા દાક્તરને બોલાવ્યો, પણ ત્યારે એ ગામમાં ન હતો. એ એક અઠવાડિયે આવ્યો પણ ત્યાં તો મારો રોગ મટી ગયેલો.' આજના ઘણા રોગો વિશે આ શું સાચું નથી? કેટલાક રોગો ડૉકટરોથી જ નથી વધ્યા? હા, કેટલાક જરૂર મટયા હશે પણ વધ્યા છે કેટલા?

આપણા રોગોનું કારણ એ છે કે આપણું અન્ન મીઠું નથી રહ્યું. આપણે જમ્યે રાખીએ છીએ. કારણ કે તીખું, ચટાકેદાર ખાઈએ છીએ. બાકી ખરેખર ક્ષુધા લાગે ત્યારે તો સાદું અન્ન પણ મીઠું લાગે.

પેલા ગુરુએ કહેલું કે 'મીઠું ખાઓ' એટલે તપ અને તિતિક્ષા પછી જ ખાઓ. અને 'લોકપ્રિયતા' એટલે? નિઃસ્પૃહતા. જે માણસને દુનિયામાંથી કાંઈ પણ

લેવાની ઇચ્છા નથી, તે લોકપ્રિય થાય છે. આવી લોકપ્રિયતા ભાષણોથી, મીઠી વાતો કરવાથી કે જ્યોતિષના મંત્રતંત્રથી નથી આવતી. એ તો જેને લેવાની ઇચ્છા નથી, પણ આપવાની સ્પૃહા છે, તેને જ વરે છે.

જેના અંતરમાં માત્ર અપેક્ષા જ પડેલી હોય એ કેવી રીતે લોકપ્રિય થઈ શકે? એ તો ગરોળી જેવો કહેવાય. ગરોળી માત્ર લેવાનો જ સદા વિચાર કરે છે; કાંઈક મેળવવાની જ એ ઇચ્છા રાખે છે. આવી રીતે ઘણા માણસો માત્ર અપેક્ષા જ રાખે છે. એ ક્યારેય એમ નથી વિચારતો કે હું શું કરું કે જેથી બીજાને લાભ થાય.

આપણે આપણાં બધાં કામ જાતે જ કરવાં જોઈએ. કોઈની અપેક્ષા ન રાખો. આમ કરશો તો થશે એવું કે નહીં સોંપો તોય હજાર હાથ તમને સહાય કરવા દોડશે. આનું નામ લોકપ્રિયતા, નિઃસ્પૃહતા. માટે કહ્યું છે કે:

'સહજ મિલા સો દૂધ બરાબર,
માંગ લિયા સો પાની;
ખિંચ લિયા સો ખૂન બરાબર,
યહ ગોરખકી વાણી.'

સહજ ભાવે મળી જાય એ જ સારું; બાકી માગીએ તો આપણું પાણી ઊતરી ગયું જાણવું. એટલે, જીવનમાં આપણે ઓછામાં ઓછી જરૂરિયાત રાખવી. થોડી વસ્તુથી ચલાવતાં શીખો. આથી આત્મામાં અસ્મિતા આવે. સંપત્તિના, સાધનોના હ્રાસ થવાનું નથી; દિલ-સંપત્તિની શ્રીમંતાઈ માણવાની છે. અને તો જ જીવનમાં ખરી ખુમારી આવે.

આપણે ઊભી કરેલી જરૂરિયાતો આપણને જ પછી એની પાછળ દોડાવે છે. ઘણી જરૂરિયાતો માણસને નીચે-માં નીચે લઈ જાય છે. ઊંચે જવા માટે તો માણસે જરૂરિયાતો ઓછી કરવાની છે. અન્ન, વસ્ત્ર, ઔષધ અને રહેઠાણ જરૂરી છે; પણ એ સિવાયનાં બીજાં કેટલાંક સાધનો બેડીઓ બની બેઠાં છે. વસ્તુમાં ઘેરાઈ ન જવાય.

પ્રથમ ઇચ્છા કરીએ અને એ ન મળે એટલે આપણને દુઃખ થાય છે. ખરી રીતે દુઃખ છે જ નહીં, પણ ઇચ્છાને લીધે આપણે દુઃખ ઊભું કરીએ છીએ; આપણે લાવીએ છીએ. ઇચ્છાને બોલાવો એટલે એનો ભાઈ દુઃખ એની પાછળ અટળ ચાલ્યો જ આવે છે.

આમ લોકપ્રિયતા એટલે નિસ્પૃહતા. આ એક જ રીતે આવે કે સ્પૃહા જ ન કરવી; સંતોષથી જીવવું. આ વસ્તુ ખૂબ મજા આપશે. મિત્રો કહે કે લો અને આપણે ના કહીએ; એ નિઃસ્પૃહતાથી લોકપ્રિયતા સાથે ઇચ્છાને જીત્યાનો વિજય-આનંદ આવશે.

ગુરુનો ત્રીજો સંદેશ એટલે 'સુખે સૂવું' એનો અર્થ એ કે આત્માના વિચારમાં મનને રોકવું. માત્ર દેહ થાકે ત્યારે શરીરને ઢળવા દેવું. આવો માણસ ઊંઘે, પણ ઊઠે એટલે સ્વસ્થ. એને ઊંઘમાં સ્વપ્નાં, બકવાટ, ધમપછાડા મારવાનું રહેતું નથી.

સુખેથી સૂવું એટલે આત્માની વિચારણામાં મસ્ત રહેવું. જીવન એવું બનાવવું કે જેમાં ભય ન હોય અને તેથી એ સુખેથી સૂઈ શકે. જેનું મન અભય છે, એવો માણસ ભૂમિ ઉપર બાદશાહી આરામથી સૂશે.

ફૂટપાથ ઉપર થાકીને ઊંઘતા માણસને જે ઊંઘ આવે છે એ ઊંઘનો આરામ હવેલીમાં સૂતેલાને નથી મળતો; કારણ? એકનું મન ભયમુક્ત અને શ્રમની સાધનાવાળું છે, બીજાનું ભયવાળું અને શ્રમ વગરનું છે.

આ ત્રણે ઉપદેશનો ખરો અર્થ, પ્રજ્ઞ શિષ્ય જેનામાં માધ્યસ્થભાવ હતો અને જેનામાં સૌમ્યદૃષ્ટિ હતી તે એ સમજી શક્યો. એ શિષ્યને કશો પૂર્વગ્રહ ન હતો. સૌમ્યદૃષ્ટિ હોવાથી એનામાં દ્વેષ ન હતો; આથી એ બીજા શિષ્ય સાથે લડ્યો નહીં; એણે તો એની દયા ખાધી. પરિણામે એના વિચારો બીજા શિષ્યે ઝીલ્યા.

આપણે પણ શબ્દોની પાછળની લક્ષણા સમજવી જોઈએ. 'ગંગામાં ઝૂંપડું' કહીએ એટલે ગંગાના પાણીમાં ઝૂંપડું બાંધવાની વાત નથી; પણ ગંગાને તીરે ઝૂંપડું એમ ભાવ-અર્થ છે. મહાપુરુષોનાં વાક્યોમાં આવો લક્ષણાભાવ હોય છે; એ અર્થગંભીર હોય છે. જેનામાં માધ્યસ્થ હોય, જેનામાં સૌમ્યતા હોય તેઓ આ સમજી શકે. વિકાસ માટે બુદ્ધિમાં માધ્યસ્થ અને દૃષ્ટિમાં સૌમ્યતા બેઉ જોઈએ. આવો માણસ ધર્મવિચારને સાચા સ્વરૂપમાં જાણી શકે છે, સમજી શકે છે.

*

[૩૦]

માધ્યસ્થનું માધુર્ય

ધર્મનો યોગ્ય અધિકારી માણુસ બુદ્ધિમાં માધ્યસ્થ અને દૃષ્ટિમાં સૌમ્યતા દાખવે. એનો સ્વભાવ જડ ન હોય. એવા માણુસને જ્યાં વાળવો હોય ત્યાં વાળી શકાય. જેનામાં રાગદ્વેષની તીવ્રતા ન હોય તે માણુસ સરળતાની વસ્તુને - ભાવને ગ્રહણુ કરી શકે. આજે લોકોમાં માધ્યસ્થભાવ નથી એટલે પોતાની ખોટી વાતને નકામા વળગી રહે છે અને તેને છોડવા તૈયાર થતા નથી. ઊલટું તેઓ એમ માને છે કે પોતે જે કરે છે, એ જ સાચું છે અને પોતે ધર્મનાં વિશ્વાસવાળો છે.

પણુ આવો માણુસ ભૂલે છે કે કોઈ પણુ વસ્તુને આકાર આપવો હોય તો એ વસ્તુ નરમ હોવી જોઈએ. માટી સૂકી હોય ને આકાર આપો તો તેમાં તરડ પડી જાય. જો માટી નરમ, ભીની, આર્દ્ર, કોમળ હોય તો એને યોગ્ય આકાર આપી શકાય. આ પ્રમાણે, જેના જીવનમાં માધ્યસ્થ નથી, તેવો માણુસ મિથ્યાત્વમાંથી ઊંચે જ નથી આવી શકતો.

જેનામાં માધ્યસ્થભાવ નથી તે એક જ બાજુ પકડી શકે. અને વાતને એવી રીતે પકડે કે એ બીજાને સાંભળવા પણ તત્પર નથી હોતો. છેવટે સત્યથી વંચિત રહીને જિંદગી પસાર કરે છે.

તમે જોયું કે આ માધ્યસ્થભાવ સાથે સૌમ્યતા જરૂરી છે. માધ્યસ્થ સાથે સૌમ્યતાની દૃષ્ટિ હશે તો એ જરા જરા વાતમાં ઉગ્ર નહીં બને. જો માણસ જરાક નિમિત્ત મળતાં ઉગ્ર થઈ જાય, તો પછી ધર્મનો અર્થ શો? નાની વાતમાં આવેશમાં આવી જવું અને નિમિત્ત ન મળે ત્યાં સુધી 'હું ગુસ્સો નથી કરતો' એવો આડંબર કરવો એ તો ખોટું છે. એમ જુઓ તો કૂતરુંય નિમિત્ત ન મળે ત્યાં સુધી તો ભસતું જ નથી! એ પણ અજાણ્યાને જુએ છે તો જ ભસે છે. નિમિત્ત ન મળે ત્યાં સુધી જ શાંત રહીએ, એ તો કૂતરુંય કરે છે; પછી એનામાં ને માણસમાં ફેર શો?

સામો માણસ કદાચ તપી જાય તોપણ તમે ગરમ ન થાઓ તો કામ થઈ જાય. તમે જાણો છો કે હથોડો પોતે જો ઠંડો રહે તો જ એ લોખંડને ટીપી શકે. એ પોતે ગરમ થઈ જાય તો એ પોતાના હાથાને જ પ્રથમ બાળી નાખશે. ઉશ્કેરાટ અને અશાંતિ સાથેની અનેક ક્રિયાઓ કરતાં, એક મિનિટની શાંતિપૂર્ણ ક્રિયા વધુ મહત્ત્વની છે. અશાંતિ તો બધી ક્રિયાઓને ભરખી જાય છે.

એમ આપણે ખૂબ મહેનત કરી ધર્મક્રિયા કરીએ, પ્રવૃત્તિ કરીએ, પૂજા-સેવા કરીએ, સમતા કેળવીએ અને જરાક નિમિત્ત મળતાં જો એક જ મિનિટની ગરમીમાં એ

શાંતિનો નાશ કરીએ, તો કેટલું બધું નુકસાન થાય! એક નાનો એવો અગ્નિનો તણખો કરોડ મણ રૂને બાળી નાખે છે. એમ ક્રોધની એક જ ચિનગારી સમતારૂપી રૂને બાળી નાખે છે.

આપણી આ સમતા જીવનના પ્રસંગોમાં કેમ ચોરાઈ જાય છે એ જોતા રહેવું. સારા અને ખરાબ પ્રસંગ વખતે આપણું માનસિક સમતોલપણું જળવાય છે કે તૂટે છે, એનું ધ્યાન રાખવું.

એક ટેકરી ઉપર એક સાધુ રહેતા હતા. ત્યાં એક દિવસ એક ભક્ત આવ્યો. એ સાધુને કહે કે મારે જાત્રાએ જવુ છે, માટે આ સો સોનામહોર તમે સાચવો. સાધુ કહે, 'ભાઈ! મેં સંસાર છોડ્યો છે, તે શું તારી સોના-મહોર સાચવવા? એ કાંઈ મારું કામ નથી.' પણ પેલાએ બહુ જ આગ્રહ કર્યો, ત્યારે સાધુએ કહ્યું કે ભલે, પેલી બાજુ ખાડો ખોદીને મૂકી જા. ભક્ત તો એમ કરી, નિર્ભય થઈને જાત્રાએ ગયો.

બાર મહિને એ પાછો આવ્યો. સાધુ પાસેથી પેલી કોથળી માગી. સાધુએ કીધું કે તેં કોથળી જ્યાં મૂકી હશે ત્યાં જ એ હશે. ખોદીને સોનામહોરોની કોથળી એણે કાઢી અને પછી બે મોઢે સાધુની પ્રશંસા કરવા માંડ્યો. આટલી સ્તુતિ કરવા છતાં પેલા સાધુને એની કાંઈ જ અસર ન થઈ. પણ આપણે તો જરાક અનુકૂળતા મળતાં ફુલાઈ જઈએ છીએ અને પ્રતિકૂળતા મળતાં સંકોચાઈ જઈએ છીએ. એટલે આપણે યાદ રાખવું જોઈએ કે જીવનમાં તો બેઉ રહેવાનાં. બધા દહાડા કાંઈ સરખા નથી હોતા. જીવનમાં

સંયોગ અને વિયોગ આવ્યા જ કરે છે, અને આવ્યા જ કરવાના. આપણે એ વખતે સમતા કેળવવાની છે. એટલે ધીમે ધીમે મનને શાંત કરવા મથવું! મન જ્યારે આવેગમાં કે આવેશમાં આવી જાય ત્યારે અંદરના આત્માએ એને શાંત કરવા મથવું જોઈએ; પ્રગતિની શાંતિ જાળવી રાખવી જોઈએ. આપણે જોયું કે પેલા સાધુ સ્તુતિથી ફુલાયા નહીં, એમ જ પ્રશંસાથી આપણે ફુલાવાનું નથી, નિંદાથી મૂંઝાવાનું નથી.

કોથળી લઈને પેલો ભક્ત ઘેર આવ્યો. સ્ત્રીને કહ્યું કે નાહીને આવું છું; પછી જમીએ. પેલી સ્ત્રીએ તો હરખમાં ને હરખમાં લાડુ બનાવવાનો વિચાર કર્યો. પેલી કોથળીમાંથી એક સોનામહોર કાઢી ચીજવસ્તુ લઈ આવી અને ભોજન તૈયાર કર્યું. પેલો નાહીને આવ્યો અને લક્ષ્મીવંદન કરવા બેઠો. પણ મહોરો ગણી તો એક ઓછી. એને થયું કે પેલો સાધુ જ ચોર લાગે છે, મારા બેટાએ ધીમે રહીને એક કાઢી લીધી. અને પાછો સંત થઈને વાતો કરે છે. હું જાઉં અને એને ખબર પાડી દઉં. આવેશમાં ને આવેશમાં એ દોડયો. જુઓ! આવેશમાં અસ્થિરતા આવતાં એ હવે કોઈને સાંભળવા તૈયાર નથી. બૈરી પૂછતી રહી અને એ તો ભાગ્યો સાધુ પાસે. આવેશમાં એનું મગજ પણ એના કાબૂમાં ન રહ્યું.

એ આવ્યો. સાધુ તો ચેલાઓ વચ્ચે શાંતિથી બેઠા છે. ત્યાં તો એણે આવીને 'ચોર! પાખંડી! ઊભો રે'! તારી ખબર લઉં' કહેતો ગમે તેમ બોલવા લાગ્યો. આવેશ માણસમાં

કેવા દૃષ્ટિભ્રમ અને મતિભ્રમ ઊભા કરે છે! એ ગમે તે બોલી નાખે છે. ચૂંટી ચૂંટીને હલકામાં હલકા શબ્દો એણે સાધુને સંભળાવ્યા અને કહ્યું કે એક સોનામહોર ચોરી છે તે આપ, નહીંતર આખા ગામમાં તને બદનામ કરીશ. આ સાંભળીને સાધુ તો શાંત રહ્યા. પેલો થાકીને પાછો ફર્યો. રસ્તામાં જેટલા લોકો મળ્યા તે બધાને કાને સાધુનું ખરાબ બોલી એણે એને બદનામ કર્યા.

ઘેર આવીને એણે સ્ત્રીને બધી વાત કરી કે એ સાધુએ સોનામહોર ચોરી પણ હું એને કેવો ફજેત કરી આવ્યો! ત્યારે સ્ત્રીએ કહ્યું: 'તમે આ શું કર્યું?' અને એણે વાપરેલી એક સોનામહોરની વાત કરી. વાત સાંભળતાં જ એ અવાક થઈ ગયો. શરમાઈ ગયો. જમ્યા વગર જ એ સીધો સાધુ પાસે દોડ્યો અને પગમાં પડી એમની માફી માગી, 'મેં આપની કરેલ નિંદાથી આપને દુઃખ તો નથી થયું ને?' સાધુએ જમીન પરથી ધૂળની ચપટી લઈ, નીચે નાખતાં કહ્યુ કે, 'મારે મન તમારી નિંદા અને સ્તુતિ, બેઉ આ ધૂળ જેવી છે.' એ સાધુ તો ચંદન જેવા શીતલ હતા. તેઓ એ જ શાંતિ બતાવી રહ્યા હતા. એ તો પ્રશંસાથી ન ફુલાયા કે ગાળોથી ન દુભાયા. એમણે સમતા રાખી અને તેથી એ જીતી ગયા.

આ દૃષ્ટાંત આપણને શીખવે છે કે ઘરમાં અને બહાર આપણે જીવનમાં શાંતિ અને સમતા રાખવી જોઈએ. કોઈની ભૂલ થઈ જાય તો શાંત વાતાવરણ વખતે એને સમજાવવો, વિચારણા આપવી પણ આપણે ગરમ ન બનવું.

પેલા સાધુને સ્તુતિ કે નિંદા કાંઈ સ્પર્શી શક્યાં નહીં. એનામાં માધ્યસ્થ ભાવ અને સૌમ્ય દૃષ્ટિ, બંને હતાં, જેનામાં આ બે ગુણ હોય તેવો આત્મા જ ધર્મની આરાધના કરી શકે. આવા માધ્યસ્થ ભાવવાળો માણસ સારાનો સ્વીકાર કરે અને દૃષ્ટિની સૌમ્યતા કેળવે. દુર્ગુણને એ દૂરથી જ છોડી દે છે. માણસને સદ્‌ગુણ સોના જેવો અને દુર્ગુણ પેલા વીજળીના તાર જેવો ભયંકર લાગે ત્યારે જ એ સાચો ધર્મી હોય છે.

[૩૧]

ગુણાનુરાગ

આજે બારમા સદ્ગુણનો આપણે સ્વાધ્યાય કરીએ. આ ગુણ એટલે ગુણાનુરાગીપણું. આ દુનિયામાં, કાગની દૃષ્ટિ તો સહેલી છે, પણ હંસદૃષ્ટિ આવવી મુશ્કેલ છે. બીજાના દોષ જોવાનું કામ આપણે અનાદિ અનંત કાળથી કરતા આવ્યા છીએ. એ આપણે માટે સરળ બની ગયું છે. આને પરિણામે, સંસારમાંથી આજ સુધી આપણે માત્ર દોષ જોયા અને ભેગા કર્યાં છે; ગુણ નથી તારવ્યા.

ગુણાનુરાગી માણસ ગુણવંતનું બહુમાન કરે. એ પોતાના કરતાં બીજામાં વિશિષ્ટ તત્ત્વ જોવા મથે છે, એની પ્રશંસા કરે છે. જેમ ઝવેરી ગમે તેટલાં મોતી અને હીરામાંથી, સાચાં મોતી અને ખરા હીરાને પારખી કાઢે છે એમ ગુણાનુરાગી આત્મા, બીજાની પાસેથી ગુણ લઈ ગુણનો ભંડાર બને છે. કાગડા જેવી દૃષ્ટિ રાખી જીવનને ખરાબ કરવું એના કરતાં હંસદૃષ્ટિ રાખતાં ક્યારેક છેતરાઈ જવું એમાં ફાયદો છે.

એક વખત ઇન્દ્રસભામાં વાત ચાલી કે ગુણાનુરાગી

હોય તે ગુણવંતની કદર કરનારો હોય, અને જગતમાં આવી વ્યક્તિ શ્રીકૃષ્ણ છે. આ સાંભળી એક દેવથી ન રહેવાયું. એણે એમની કસોટી કરવા માટે શ્વાનનું રૂપ લીધું અને રસ્તામાં જઈને એ ઊભા. કોહવાઈ ગયેલું એનું શરીર, ખસથી ખવાઈ ગયેલું પૂંછડું, લબડી ગયેલા કાન અને દુર્ગંધ મારતી કાયા. સૌ એને જોઈ મોં ફેરવી ચાલ્યા જવા માંડ્યા.

શ્રીકૃષ્ણ ત્યાંથી નીકળ્યા. એ તો ગુણાનુરાગી હતા. એમણે જોયું કે આમાંય કાંઈક તો સારું છે જ: એ બોલ્યા: 'એના દાંત કેવા મજાના દાડમની કળી જેવા છે!' આ સાંભળી શ્વાનના રૂપમાં આવેલો દેવ એમને નમી પડ્યો. એણે કહ્યું કે ભગવન્! શ્વાનના દુર્ગુણને જોનારા ઘણા હતા, પણ દુર્ગુણમાં સદ્‌ગુણને જોનારા, ગુણાનુરાગી તો આપ એક જ નીકળ્યા, આપને હું વંદું છું.

આપણે આ દુનિયામાં થોડાં વર્ષોનું જીવન જીવવાનું હોય છે અને એમાંનો ચોથો ભાગ ખાવામાં અને ચોથો ભાગ સૂવામાં જાય છે, બાકીના આઠ કલાક ધંધો કરવામાં જાય. બચેલો સમય બીજાના દોષો જોવામાં અને પોતાનાં રોદણાં રોવામાં જાય તો આપણા આત્મા માટે શું રહે?

પારકાની વાતો કરવામાં, એની વાતો યાદ રાખવામાં, આપણે એટલી બધી શક્તિ ખરચીએ છીએ કે સાચું યાદ રાખવાનું યાદ રહેતું નથી. આપણે જો બીજાનું, ભળતું જ બધું યાદ રાખી બેસી રહીશું તો આપણા આત્માને ક્યારે યાદ કરવાના! આપણું મન આવી વાતોથી એટલું બધું ભરેલું છે કે કાલનીય વાત આપણને આજ યાદ રહેતી

નથી. નકામી વાતોની યાદથી આપણું મન આજે ઠાંસોઠાંસ ભરેલાં છે, અને તેથી નવી, સારી, સ્વસ્થ વાતને મનમાં રહેવાનો અવકાશ જ નથી રહ્યો.

આ દશામાંથી સુધરવાનો એક માર્ગ એ કે ગુણાનુરાગી બનવું. ગુણવંત પાસેથી જે સારું મળે તે લેવું; બાકીની બધી વાતો ભૂલી જવી. જેમ ભ્રમર ફૂલ ઉપર બેસી, મધ ચૂસી, બીજાને પીડા આપ્યા વગર વિચરે છે, એમ તમે પણ ગુણની ગૌચરી કરો. લોકો પાસેથી, ગમે ત્યાંથી શીખો, જેથી ખરાબ વાતો મગજમાં ભરાઈ ન જાય અને સારું મળી રહે.

આને માટે આપણે ગુણના એકલા પ્રશંસક જ નહીં, પણ એના રાગી બનવાનું છે. જેના પર આપણને રાગ હોય તેને માટે જેમ બધું કરવા આપણે તૈયાર થઈએ છીએ, તેમ ગુણાનુરાગી બનવા માટે પણ કરવું. જેમ પોતાનું બાળક દાઢી ખેંચે, ધક્કો મારે તોય મીઠું લાગે છે તેમ. કારણ? એની પાછળ પિતાને બાળક માટેનો રાગ ભર્યો હોય છે.

દુનિયાના કે વ્યક્તિના રાગી ન બનતાં આપણે હવે ગુણના રાગી બનવાનુ છે. જેમ વેપારી માણસ એના વેપાર પ્રત્યેના રાગને કારણે બજારમાં દોડે છે, એમ આપણામાં સદ્‌ગુણ માટેનો રાગ જાગવો જોઈએ; તો આપણે ગુણવંત તરફ દોડી જઈશું અને કાંઈક મેળવવા પ્રયાસ કરીશું. એવા ગુણવાન પાસેથી લૂંટાય એટલું લૂંટવું; જીવનભંડાર સદ્‌ગુણથી ભરવો. આ ગુણ, ગુણીજન વ્યક્તિમાં હોય છે. હીરાનાં કિરણો હીરાની અંદર રહેલાં હોય છે;

મોતીનું પાણી મોતીમાં છે, એના ભૂકામાં નહીં. આમ, ગુણીમાં આપણે ગુણ જોવાનો છે. જ્યારે આપણે આવા ગુણાનુરાગી ને ગુણવંત પુરુષોના પૂજક બનીશું, ત્યારે જ આપણામાં મહાનતા આવશે. ગુણવંતનું સન્માન કરીએ તો એ જ ગુણ આપણામાં આવે.

કાશીમાં સંસ્કૃત ભણીને બે બ્રાહ્મણો પાછા આવ્યા. બંને એક ધર્મશાળામાં ઊતર્યા. ગામના એક શેઠ ત્યાં આવ્યા અને બેઉને પોતાને ત્યાં જમવા નોતર્યા. એમાંનો એક ન્યાય ભણીને પંડિત થયેલો; બીજો વ્યાકરણમાં પંડિત બનેલો. ન્યાયશાસ્ત્રી કહે કે વૈયાકરણીઓ પિશાચ જેવા હોય છે; તો વૈયાકરણી કહે કે ન્યાય ભણનારા રીંછ જેવા હોય છે. આમ બેઉને, પરસ્પરની વિદ્યા માટે માન નહીં, ધિક્કાર હતો. બેઉ પંડિત થયેલા પણ એમને એમ ન થયું કે સામાની દૃષ્ટિને પણ સમજવા મથવું. જો એમ કરત તો એ બેઉ જણ એકબીજાના પૂરક, પ્રશંસક બનત અને પોતે ગુણ મેળવત.

સમાજમાં જુદાં જુદાં ક્ષેત્રોમાં જુદા જુદા લોકો કામ કરે છે. હજામ, ધોબી, કાપડિયો — બધાનું સમાજમાં સરખું સ્થાન છે. એમ ન ચાલે તો દરેક જણ બીજાનો વિરોધક અને વિઘાતક બની જાય. ખરી રીતે જેમ સમાજ આપણને ઉપયોગી છે, તેમ આ દરેક ધંધાદારીએ સમાજને ઉપયોગી થવાનું છે.

બીજે દિવસે બેઉ પંડિતો પેલા શેઠને ત્યાં જમવા આવ્યા. બેઉને જુદા ઓરડામાં બેસાડ્યા. બેઉનામાં એક બીજા માટે પૂર્વગ્રહ પડેલો છે. દરેકને એમ લાગે છે કે

શેઠને ત્યાં મારા જેટલું માન બીજાને ન મળવું જોઈએ, કારણ કે મારું જ્ઞાન વધારે ઊંચું છે.

પેલો ન્યાયશાસ્ત્રવાળો શેઠને કહે કે શેઠ! પેલો માણસ વ્યાકરણ ભણેલો છે પણ સાવ ગધેડા જેવો છે; ન્યાયનું તો એને જ્ઞાન જ નથી! આમ કહી એણે એના ન્યાયનું પ્રદર્શન કર્યું! પછી શેઠ ત્યાંથી ઊઠીને વૈયાકરણી પાસે ગયા, તો એ કહે કે શેઠ! ન્યાયવાળો તો સાવ બળદ છે; એને વ્યાકરણનું જરાય ભાન નથી. ક્યાં ષષ્ઠી અને ક્યાં સપ્તમી વાપરવી એટલુંય જ્ઞાન એને નથી. એમ કહી એણે પોતાની ભાષાનું પ્રદર્શન કર્યું.

શેઠ સમજી ગયા કે આ બેઉ ન્યાય અને વ્યાકરણ ભણ્યા છે પણ અંદરથી બળેલા છે. આ તો બંને સરખા પોથી-પંડિતો છે. એમના જીવનમાં શૂન્યતા છે. એને થયું કે પંડિતો આવા! સંસ્કારી માણસ આવા હોય! વિદ્યા, શાસ્ત્ર, ચારિત્ર્ય વગેરે જો જીવનમાં પચે નહીં તો એમના શબ્દો કેવા દુર્ગંધ મારતા નીકળે છે. એણે નક્કી કર્યું કે ડાહ્યાનું કામ એ કે ભૂલેલા પંડિતોનેય માર્ગ બતાવવો. મારે આ કામ કરવું પડશે.

પછી શેઠે બેઉને જમવા બેસાડ્યા. પાટલા અને થાળી મૂક્યાં. ચાંદીની થાળી અને ચાંદીના લોટા. એકને ભૂંસું પીરસ્યું; બીજાની થાળીમાં ઘાસ પીરસ્યું. પેલા પંડિતોએ તો થાળીમાં આવું જોઈ, રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું, અને ત્રાડ નાખી: 'અમારું આવું ઘોર અપમાન!'

શેઠે કહ્યું કે ગરમ ન થાઓ. જુઓ! હું તો આપ જેવા પંડિતોનું કહેલું ન પાળું, તે કેમ ચાલે! આપે કહ્યું

હતું તે પ્રમાણે, આપમાંના ગધેડા પાસે મેં ભૂંસું મૂક્યું છે, અને બળદ પાસે મેં ઘાસ મૂક્યું છે, મારા સમજવામાં ક્યાંય ભૂલ છે? આ સાંભળી પંડિતો પોતાના શબ્દો યાદ કરીને શરમાઈ ગયા. શેઠે એમને શીખવ્યું કે શાસ્ત્રો ભણ્યા છો, પણ તમારી દૃષ્ટિ ખૂલી નથી. તેથી જ મેં તમને આજે જીવનનું આ જ્ઞાન આપ્યું છે; બીજાને ઉતારી પાડનાર પોતે ઊંચો નથી રહી શકતો. શેઠની આ વાત સાંભળી બેઉએ પરસ્પરની માફી માગી. શેઠે એમને આમ સત્કાર્ય અને સન્માનથી સુધાર્યા.

સંસારમાં, સાધુઓમાં ક્યાંય એકબીજાની નિંદા ન હો. એકબીજાના પૂરક હો. તો જ જીવન મીઠું લાગશે.

ગુણાનુરાગીનું કામ ગુણવંતનું માન કરવાનું છે. બાકી તો જગતમાં દોષ કોનામાં નથી હોતા? પણ સહુ બીજાની ત્રુટી ન જોતાં એના ગુણ જુએ તો ઘર કેવું હસતું થઈ જાય!

[૩૨]

સદ્‌ગુણની ઉપાસના

દોષદૃષ્ટિ એ માણસનો એક પ્રાચીન કુસ્વભાવ છે, ટેવ છે. કોઈ વસ્તુ ઢાળ તરફ વહી જાય તો એમાં કાંઈ એની મહત્તા નથી. જિંદગીમાં ચઢવું જ મુશ્કેલ હોય છે; ઊતરવું તો સાવ સહેલું છે. દુનિયામાં માણસને અધમ બનાવનાર તે આ દોષદૃષ્ટિ છે; જ્યારે જીવનને આગળ વધારનાર ગુણદૃષ્ટિ છે.

આપણે જાણીએ છીએ કે ગામનો કચરો ભેગો કરનાર માણસ, પોતે કચરો સંઘરીને ઘરમાં નથી રાખતો. કચરાને ભેગો કરી એ ઉકરડામાં નાખે છે. તો પછી આપણે લોકના દોષની ગંદકી આપણી સાથે લઈને શું કરવા ફરીએ છીએ? આમ કરનાર માણસ તો પેલા કરતાંય વધુ નીચ છે. એ બધાના દોષો જોઈ, પોતાનામાં સંઘરી રાખે છે. આવો માણસ જ્યાં ખરાબ વાતો થતી હોય ત્યાં દોડી જાય છે અને ઘરનું દિવેલ બાળી બીજાના દોષ શોધે છે.

માટે સમાજને સ્વચ્છ રાખવા મહાપુરુષો આપણને

ગુણાનુરાગી થવાનું કહે છે. દોષથી ભરેલી દુનિયામાં ગુણનું દર્શન દુર્લભ છે. દરેક ઘરમાં બગીચાઓ નથી હોતા; એમ સર્વત્ર સદ્‌ગુણ પણ નથી હોતા. એક સ્થળે કહેવામાં આવ્યું છે કે,

'નિંદા ન કરજો પારકી,
ન રહેવાય તો કરજો આપકી.'

જો નિંદા કર્યા સિવાય ન રહી શકાય તો માત્ર તમારી પોતાની જ નિંદા કરવી.

ધોબી તો પૈસા લઈને કપડાં ધુએ છે, પણ આપણે તો આપણી જીભથી મનુષ્યના મેલને મફત ધોઈએ છીએ. માટે નકામી વાતો ઓછી કરવી અને કામની વાતો તરફ વધુ ધ્યાન આપવું. આમ કરશું તો જ હંમેશાં આપણા મોંમાંથી સુવાક્યો નીકળશે.

આપણા જ્ઞાનતંતુઓ શિથિલ થઈ રહ્યા છે, કારણ કે એની ઉપર નબળા શબ્દોના ઘા સતત ચાલુ જ રહે છે. શબ્દની અસર જબ્બર હોય છે. ક્રોધભર્યા એક શબ્દથી આપણી આંખના ખૂણા લાલ થઈ જાય છે, અને પ્રેમભર્યા એક સારા શબ્દથી આપણે હસી ઊઠીએ છીએ. શબ્દોની આ કેવી અસર છે! જેમ એક સુંદર તંતુવાદ્યના તારને સ્પર્શતાં જ એમાંથી સૂર ઝણઝણી ઊઠે છે, એમ જ્ઞાનતંતુઓનું પણ છે.

જો હથોડાથી ઘા કરવાનો હોય તો કાંડે બાંધેલું સો રૂપિયાનું ઘડિયાળ કાઢી નાખો છો ને? કારણ કે એને આંચકા લાગે. પણ કરોડો રૂપિયાનું મગજ સાચવવા આજે આપણે કોઈ ધ્યાન આપતા નથી.

માણસે પોતાનું મન શ્વેત વસ્ત્ર જેવું રાખવું જોઈએ

કે જેથી એની ઉપર ડાઘ ન પડે; અને કદાચ પડે તો એ તાજો હોય ત્યારે જ તરત ધોઈ નાખવો. એ સુકાઈ જશે તો પછી નીકળવો ભારે પડશે. કપડાંને સાબુથી સ્વચ્છ કરી શકાય છે, તેમ મનને સદ્ગુણના સંપર્કથી સાફ કરી શકાય. જોવાનું કે મનની સ્લેટ ઉપર કોઈ પણ નકામી વાત લખાઈ ન જાય. જેમ શાહીના અક્ષરો કાઢતાં કાગળ ઘસાઈ જાય છે, તેમ મન પર લાગેલી ખરાબ વાતોને પાછળથી ભૂસવાનો પ્રયત્ન કરતાં મનની મુલાયમતા ઘસાઈ જાય છે, ઓછી થઈ જાય છે.

એટલે પ્રથમથી જ મનને સુંદર, મુલાયમ રાખવા માટે ગુણાનુરાગી બનીએ. આપણી બેઠક આપણા કરતાં ચઢિયાતા હોય એવા લોકોની સાથે રાખીએ. એમની સોબતથી, એમની કોઈક સારી અસર આપણા ઉપર ક્યારેક પણ થવાની જ.

માણસ અમુક વ્યસનને અધીન કેમ થાય છે? એના વિના એ કેમ નથી રહી શકતો? વ્યસનનો પ્રારંભ આ સંગના રંગથી જ થાય છે. પણ અંતે એ ટેવ બની જાય છે. વ્યસનીઓની સાથે રહેવાથી વ્યસનોની અભિવૃદ્ધિ થાય છે, અને નિર્વ્યસની સાથે રહેવાથી વ્યસન મટી જાય છે. જેમ લસણ સંગે રહેવાથી દુર્ગંધ મળે છે અને સુખડ-ચંદન સંગે રહેવાથી સુગંધ મળે છે, એમ વ્યસની અને નિર્વ્યસનીનો સંગ છે.

માનવ એ કે જેને એમ થાય કે મને જે સારો માર્ગ મળ્યો છે તે વિશ્વને પણ જણાવું. સારા રંગથી પાણીમાં પલટો આવે છે. ગટરનાં પાણી પણ જો ગંગામાં વહે છે તો એ પણ ગંગાની સંગે રહેતાં, ગટરજળ મટી ગંગાજળ બની જાય છે.

કેટલાક કહે છે: 'શત્રુના ગુણ ગાવા અને ગુરુના પણ દોષ હોય તો તે જાહેર કરવા', પણ તે બરાબર નથી. નિર્ગુણી હોય તેની ઉપેક્ષા કરવી. એના દોષ ગાશો તો એની ગંધ બંધ નહીં થાય. દોષિતની સતત નિંદાથી તો જ્ઞાન અને ચારિત્ર્ય પણ મલિન થશે. આપણું કાર્ય એ છે કે ગુણ દરેકના લેવા, દોષ કોઈના ન લેવા.

આપણે બોલવું ખરું, પણ મીઠું, હિતકર અને સત્ય હોય તે જ. જે માણસ વડીલોની નિંદા કરે, તેનામાં ગુરુ પ્રત્યેનો માનભાવ ક્યાંથી જાગે! દુનિયામાં બીજાના દોષોની જાહેરાત કરવી, એ ડાહ્યા માણસનું કામ નથી. બને તો પ્રેમથી હાથ ઝાલી કરુણાભાવથી કહેવું અને તેમ છતાં ન માને તો સમતા રાખવી. કોઈની સહાય નહીં લેનાર શિખરની ટોચ ઉપર ઊભેલું વૃક્ષ પવનમાં પોતે જ પોતાનું શત્રુ છે.

'માર્ગ ભૂલેલા જીવનપથિકને માર્ગ ચીંધવા ઊભો રહું;
કરે ઉપેક્ષા એ મારગની તોયે સમતા ચિત્ત ધરું.'

તારવાનું કામ આપણું છે; બીજાને મારવાનું નહીં.

ગુણાનુરાગી થવાનો આ સદ્દગુણ અત્યંત સૂક્ષ્મ છે. ગુણવંતની ઉપાસના કરવી અને ગુણનો આદર કેળવવો. એકલવ્યે શ્રી દ્રોણાચાર્યની પ્રતિમા બનાવી તેને ગુરુપદે સ્થાપી, પોતાની શ્રદ્ધા એનામાં રેડી. એમાંથી એણે પ્રેરણા મેળવી શ્રેષ્ઠ વિદ્યા સાધી.

અત્તરને કપડું જરાક અડે અને જેમ અત્તરની સુવાસ એને લાગી જાય છે, તેમ ગુણવાનનો સંસર્ગ આપણા ચિત્તને સૌરભથી સુવાસિત કરી જાય છે.

[૩૩]

સત્કથા

બારમા પગથિયા ઉપર ચડેલ માણુસ ગુણાનુરાગી હોય છે. આવો માણુસ તેરમા ગુણમાં સહેજે પ્રવેશ કરી શકે છે. એ ગુણીનો ભક્ત છે; એના સાંનિધ્યમાં બેસે છે. આવો માણુસ સહજ ભાવે જ સત્કથા કરે છે. સત્કથા એટલે સારી કથા કહેનારો. એવી કથા કે કલહ, કંકાસ અને દુઃખની વ્યથા ઓછી થાય.

આજે બધે દેશકથા અને પ્રાંતકથા વધી રહી છે. ભ્રાતૃભાવના દોરાથી બંધાયેલી આપણી માનવજાત, રશિયા અને અમેરિકા જેવાં મોટાં રાષ્ટ્રોમાં જ નહીં, આજુબાજુના પ્રાંતવાદના અને રાષ્ટ્રવાદના ટુકડામાં વહેંચાઈ ગઈ છે. લોકો માત્ર પોતાનું જ હિત જોતા થયા છે. એમાંથી દૃષ્ટિભેદ, વિચારભેદ, મતભેદ અને મનભેદ શરૂ થયા છે.

દેશકથા અને પ્રાંતકથાની જેમ, આજે સ્ત્રીકથા પણ વધી ગઈ છે. એ કથામાં માણુસને બીજું ભાન જ નથી રહેતું. એની એ જ વાતો, ને એનાં એ જ ચિત્રો! માત્ર ફેર એટલો કે આજે સ્ત્રીકથા, સુધરેલા રૂપમાં આવી

છે. Beauty Contestમાં દેહનાં પ્રદર્શન થઈ રહ્યાં છે. બીજી બાજુ સ્ત્રીની નિંદા કરનારો વર્ગ એની જ વાતો કરી વિકૃત માનસ દ્વારા એમાં રસ લઈ રહ્યો છે. આરામનો સમય આજે આમાં લૂંટાઈ રહ્યો છે.

જૂના વખતમાં કહેવત હતી, 'ચાર મળે ચોટલા તો ભાંગે ઘરના ઓટલા.' પણ આજે એને ફેરવીને એમ કહેવું જોઈએ કે 'ચાર મળે ચોટલી, તો તોડી નાખે રોટલી.'

જેમ વારંવાર ઓરડામાં થયેલા ધુમાડાની અસર ત્યાં રહી જાય છે એમ આજે લોકોના મગજની અંદર આવી બધી વાતોની અસર રહી જાય છે. મગજની દીવાલને એ કાળી કરી નાખે છે. પછી એ પરમાણુઓ જતા નથી. સારા વિચારને એના ઉપર ઊપસવા દેતા નથી.

માટે આપણે જે ગુણ કેળવવાનો છે તે સત્કથાનો. તમે સારી જ વાત કરો તો બીજાને પણ એનો ચેપ લાગે. માણસ જો એકની એક સારી વાત અનેક વાર સાંભળે તો દરેક વખતે તેની ઉપર અમુક અસર થાય. પછી એવી વાતોનું રટણ ચાલે. છેવટે જીવનમાં એ પલટો લાવે. જ્યાં આવા સંસ્કારી લોકો હોય, ત્યાં તેનાં સંતાનો પણ સંસ્કારી જ બને.

શંકરાચાર્ય દિગ્વિજય કરવા નીકળેલા છે. એ, એનો અહં કુમારિલ ભટ્ટને જીતવા માગે છે. એ ગામને પાદર પાણી ભરતી બાઈઓને, કુમારિલ ભટ્ટ ક્યાં રહે છે તે પૂછે છે. સ્ત્રીઓ જવાબ આપે છે કે જેને બારણે બેઠેલાં

મેના-પોપટ તત્ત્વજ્ઞાનની ચર્ચા કરે, ઈશ્વરવાદની વાતો કરે, એ ઘર જાણજો કે કુમારિલ ભટ્ટનું છે.

જેના ઘરના વાતાવરણમાં રહેલાં મેના-પોપટ જ્યાં શાસ્ત્રચર્ચા કરતાં હોય ત્યાંનાં માનવી તો કેવાં હશે? આવા વાતાવરણની અસર માત્ર આપણાં સંતાનો ઉપર જ નહીં, પણ નોકર ઉપર પણ થાય છે; અરે! પશુ ઉપર પણ થાય છે.

એક ગામમાં એક બાઈએ એક વાછરડી પાળેલી. બાઈ ખાય પછી જ એ વાછરડી ખાય. એક વાર આ બાઈએ અઠ્ઠમ કર્યો. એટલે વાછરડીએ પણ ખાવાનું બંધ કર્યું. સ્વામિની ન ખાય તો એ કેમ ખાય! વાછરડીએ પણ અઠ્ઠમ કર્યો. પછી બાઈએ અને વાછરડીએ સાથે પારણાં કર્યાં. આનું નામ વાતાવરણની અસર.

પશુ ઉપર વાતાવરણની કેટલી ઊંડી અસર થાય છે એનો બીજો સુંદર દાખલો તે 'હિઝ માસ્ટર્સ વૉઇસ'ના ગ્રામોફોન ઉપર દેખાય છે તે કૂતરો છે. એનો માલિક રોજ વાદ્ય લઈને વગાડવા બેસતો, ત્યારે એનો કૂતરો પણ સામે બેસી રહેતો. શેઠ પોતે જમવા બેસે ત્યારે કૂતરો પણ ટેબલ પાસે બેસે ને આપે તે બ્રેડ ખાય. એ શેઠથી એટલો બધો ટેવાઈ ગયો કે જાણે સમજુ મિત્ર.

થોડા સમય બાદ શેઠનું મૃત્યુ થયું અને એનું પેલું સંગીત પણ બંધ થયું. હવે કૂતરાને ન સંગીત સંભળાય, ન માલિક દેખાય! એને આઘાત લાગ્યો. ખાવું, પીવું છોડીને એ ઉદાસ થઈ પરવશ પડ્યું રહેતું. ઘરનાં માણસોએ ઘણા ઉપાયો કર્યા પણ એણે ખાવાનું ન લીધું.

છેવટે એક જણને વિચાર આવ્યો કે શેઠના સંગીતનું રેકર્ડિંગ કરેલું છે, એ એને સંભળાવીએ. એ લોકોએ તેમ કર્યું, અને શેઠનો અવાજ સાંભળતાં કૂતરું હર્ષમાં આવ્યું, નાચવા લાગ્યું અને આનંદનાં અશ્રુ સારવા લાગ્યું. પછી તો રોજ એ રેકર્ડ સાંભળે, તો જ ખાય. શ્વાનમાં પણ કેવો ભાવ! વાતાવરણની અસર એણે કેવી ઝીલી! હીઝ માસ્ટર્સ વૉઇસની રેકર્ડ ઉપરનું ચિત્ર જોજો કે માલિકના અવાજને એ કૂતરું કેવી એકાગ્રતાથી સાંભળે છે!

માટે હંમેશાં સારી કથા કરો. આથી આપોઆપ ખરાબ કથા બંધ થઈ જશે. બાકી તો જે લોકો અગાઉ કહી છે તેવી ચાર કથામાં પડ્યા રહે, તો તેમનાં મન કલુષિત થાય છે. પછી ધુમાડાને લીધે ચીમની ઉપર મેશ વળતાં દીવાનો પ્રકાશ જેમ નથી દેખાતો, એમ આ ચાર કથાના કરનારને, વિવેકરૂપી રત્નનો પ્રકાશ દેખાતો નથી; એનો તેજોમય ઝળહળતો પ્રકાશ એને જણાતો નથી. જ્યાં આમ વિવેક નષ્ટ થાય છે ત્યાં પછી ચારે બાજુ અંધકાર સિવાય શું રહે?

કોઈ પણ કાર્ય માટે પ્રથમ આ વિવેક જરૂરી છે. માણસને તો આલોક અને પરલોક બેઉનો વિચાર કરવાનો છે. જે માણસ સત્ અને અસત્નો વિચાર કરી વર્તે છે તેને પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ જ નથી આવતો. પોતાને, પોતાના મનને, શરીરને નુકસાન કરે તેવું એ કાંઈ જ નથી કરતો.

ધર્મ શું છે? ધર્મ એટલે વિવેકનો સાર. જે પ્રવૃત્તિ કરીએ તેમાં વિવેક ન હોય તો એ ધર્મકાર્ય નથી. ધર્મમાં

વિવેક પ્રથમ જોઈએ. વિવેક વગરનું કાર્ય માણસને નુકસાન કરે છે.

એક વાર એક કાશ્મીરી અને એક મદ્રાસી મુંબઈમાં ભેગા થયા. બન્નેને મૈત્રી થઈ, પણ મદ્રાસનો માણસ ચકોર હતો જ્યારે કાશ્મીરી, લાગણીવાળો, ઉદાર પણ વિવેકહીન હતો. લાગણી સાથે વિવેક પણ જોઈએ; છૂટા પડતી વખતે બેઉએ એકબીજાને સરનામાં આપ્યાં, અને પોતાને ત્યાં આવવા આમંત્રણ આપી રાખ્યું.

પછી ઉનાળો આવ્યો ત્યારે કાશ્મીરી મદ્રાસ ગયો. મદ્રાસીએ ભાવથી એનો સત્કાર કર્યો. ખૂબ તાપના એ દિવસો હતા, આથી મદ્રાસીએ ભોજનમાં શ્રીખંડ આપ્યો; નાહવા માટે ઠંડું પાણી આપ્યું; ઝીણાં કપડાં આપ્યાં; એને જમવા બેસાડયા અને પાસે બેસીને પોતે પંખો નાખ્યો. આ ભાવથી કાશ્મીરી તો ખુશ ખુશ થઈ ગયો.

પછી શિયાળો આવ્યો અને મદ્રાસી મિત્ર કાશ્મીર ગયો. કાશ્મીરી તો લાગણીવાળો હતો એટલે એણે મદ્રાસીની જેમ જ બધું કર્યું. નાહવા ઠંડું પાણી, ભોજનમાં ઠંડો શ્રીખંડ, પહેરવા ઝીણાં વસ્ત્રો અને ઉપર પંખો! પેલો તો ધ્રૂજવા લાગ્યો. જમાડતાં જમાડતાં એણે પૂછયું કે આપની કાંઈ સેવા કરું? ત્યારે પેલો ધ્રૂજતાં ધ્રૂજતાં મનમાં બોલ્યો કે હવે લાકડાં સળગાવવાનાં જ બાકી રહ્યાં છે! જુઓ! બેઉની સેવા એકની એક હતી પણ તે કાળ, દેશ, પરિસ્થિતિ ધ્યાનમાં લઈ કરવી જોઈએ; એટલો વિવેક પેલામાં નહોતો.

ધર્મને પણ દેશ, કાળ, અનુસાર વિવેકપૂર્વક સાચવવો જોઈએ; નહીંતર ધર્મની પણ આવી મશ્કરી થાય. આજે આપણે આ વિવેક ખોઈ બેઠા છીએ. એક કાળે વરઘોડો એ પ્રભાવનાનું કારણ મનાતું; આજે કાળા બજારના પૈસાનું જ એ પ્રદર્શન હોય છે, પણ ધર્મ એટલે તો વિવેક-સાર. દેશ, કાળની પરિસ્થિતિ મુજબ જ એ આચરવો જોઈએ.

આજે તો વગર વિવેકે, એક જૂનું દેરાસર ઊભું હોય છે અને માણસ એની પાસે બીજું નવું ઊભું કરે છે, પણ જૂનાનો જીર્ણોદ્ધાર કરવાનું એને નથી સૂઝતું. રાજસ્થાનમાં આજે એવાં કેટલાંય જૂનાં મંદિરો અપૂજ પડ્યાં છે.

માટે કાળ-સમયનો વિવેક કરો. વિચાર વગરની પ્રવૃત્તિ થાય તો ધર્મને નામે અધર્મ થઈ જવાનો બહુ ભય રહે છે. ધર્મના ભ્રમમાં ન તણાઈ જાઓ. આપણે આ ખાસ સંભાળવ નું છે, સમગ્ર જીવનનો વિચાર એ ખરો ધર્મ. ધર્મ એટલે વિવેકનો સાર. વિવેકવાળો માણસ સારા અને ખરાબને જુદાં પાડી શકે છે. જૂનું છે માટે સારું છે એમ ન માનો; પણ સારું છે તેથી સારું છે એમ સ્વીકારો.

આ રીતે વસ્તુનો સ્વભાવ એ ધર્મ. સત્કથ માણસ આવો વિવેકવાળો હોય. ગમે તેટલી લાંબી કથા હોય, તોપણ એમાંથી સાર તારવનારો હોય છે. એ ખોટાને છોડી, સારાને ગ્રહણ કરે છે, તો ધર્મગ્રન્થમાંથી પણ અધર્મ તારવે. શ્રીપાળની કથા સાંભળીને એ એમ ન કહે કે એમણે નવ પત્નીઓ કરી તો હું બે કરું તો શું ખોટું.

મહાભારત વાંચી એમ દલીલ કરે કે દ્રૌપદી જેવી મહાસતીએ પાંચ પતિ કર્યાં તો હું બેત્રણ કરું એમાં શું વાંધો? અગર કહે કે ધર્મરાજ જુગાર રમવા બેઠા અને પત્નીને પણ હોડમાં મૂકી તો મને જુગારી કહી કેમ સંબોધો છો? વિવેક નહીં હોય તો દરેક કથામાંથી ન લેવાનું લઈને માણસ વ્યથા સર્જશે.

[૩૪]

અખંડ જીવન

આપણે જોઈ ગયા કે ધર્મી આત્મા સારી કથા કરનાર હોય; માટે એને 'સત્કથ' કહ્યો છે. એનાં મુખમાંથી એવી જ વાત નીકળે કે જેથી સાંભળનારને પ્રેરણા મળે. એની વાતોથી કોઈને નુકસાન ન થાય. આ ટેવ જેને પડે તે એકાંતમાંય સારી વાતો જ કરે.

લોકોના જીવનમાં, ખાનગી અને જાહેર એવા ભાગલા પડી ગયા છે. અંદર કાંઈક અને બહાર કહેવાની વાત કાંઈક જુદી. આથી છેવટે આવા લોકોનું આંતરિક જીવન કલુષિત થઈ જાય છે. પછી એને જીવનમાં આ બે વિભાગ કાયમ જાળવી રાખવા પડે છે.

ખરી જિંદગીમાં 'એગો વા પરિસહો વા' — એકલા હો કે પરિષદ — સમૂહમાં હો — વિભાગ જેવું કાંઈ નથી. જીવન તો સરળ હોવું જોઈએ. જેવું એકાંતમાં રાખો એવું જ સમાજમાં વર્તો, બોલો, વિચારો. જ્યાં સુધી આવું જીવન આપણે નહીં જીવીએ ત્યાં સુધી માનવમન ઊંચું નહીં બને. અને મન જો ખરાબ હશે તો, ગરમ તવા ઉપર

પાણીનાં ટીપાં પડતાં જેમ છમ્ બોલી ઊડી જાય છે એમ, ધર્મનાં અમૃતબિન્દુઓ, એવા મન ઉપર પડતાં જ તે બળી જશે.

એટલે આપણું કાર્ય એ છે કે સમાજને સુંદર બનાવના પહેલાં મનને સુંદર અને સ્વસ્થ બનાવવું — જિંદગીમાં દંભની દીવાલોના અંતરાયો બહુ ખરાબ છે. એ હંમેશાં માણસને નડે છે. ખાનગી અને જાહેર એવા વિભાગો, આપણા જીવનમાં આડી આવતી દીવાલો છે. આટલા માટે જ્ઞાનીઓએ આપણને કહ્યું કે તમે જીવન એવું બનાવો કે એકાંતમાં કે બહાર, જ્યાં હો ત્યાં કોઈ જાતનો દંભ જ ન આવે. જ્ઞાનીઓનાં આવાં વાકયો ટૂંકાં હોય છે પણ એમાં ઘણો મર્મ અને અર્થ ભરેલો હોય છે; એની ઉપર આપણે ચિંતન કરવું જોઈએ.

જો આપણે બરાબર જીવન ગાળતા હોઈશું તો એકાંતમાં કે જાહેરમાં, આપણે બોલતા હોઈશું ત્યારે બીજાને જોઈ વાત બદલવી નહીં પડે. પછી તો આપણને થશે કે એકને બદલે ભલે બેચાર જણ આપણી વાતો સાંભળે. આપણે જોઈએ છીએ કે દીવાની એક જ્યોતમાં જ્યારે બીજી જ્યોત જોડાય છે ત્યારે એ બે અથડાતી નથી, પણ એકબીજામાં એ મળી જાય છે. આ પ્રમાણે જે જ્યોતિ તમારામાં છે એમાં બીજી જ્યોત મળે તો તમારી જ્યોતિ પણ વધે છે. પણ જો જીવનમાં આવી જ્યોત ન હોય તો તમારે વાત કરતાં બીજાને જોઈ પાટા બદલવા પડે છે. એમાંથી પછી મનની ખેંચતાણ વધે છે. એટલે કયાં સુધી આમ પરાયા લોકોની ટીકાની બીકમાં

જીવશું? જીવનના આવા કૃત્રિમ વિભાગોને છોડી આપણી જાતને ધ્યાનમાં લઈએ તો જીવન સંવાદી બની જાય.

જીવનને સમગ્ર રાખો, એના વિભાગ ન પાડો. જેમ દોરામાં વચ્ચે ગાંઠ હોય છે તો સોય ત્યાં અટકી જાય છે તેમ જીવનમાં ધર્મરૂપી સોય છે તે આવા વિભાગોની ગાંઠ આવતાં અટકી જાય છે. એ ગાંઠ ખૂલે નહીં ત્યાં સુધી માણુસની સોય આગળ વધી શકતી નથી.

તમારી વાતમાં, જાહેર – ખાનગીના આવા બે વિભાગ ન હોય. તમે જે એકને કહો તે જ જગતને કહો, જગતને કહો તે એકને કહો. આવું થશે તો તમને ખૂબ મજા આવશે અને પછી તમે ગમે ત્યાં અને ગમે ત્યારે બીક વગર બોલી શકશો.

માણુસોનાં જીવન છછૂંદરનાં જેવાં બની ગયાં છે. એવા લોકો દરમાં જ પડ્યા રહે છે. જો મનુષ્યજીવનમાં આવીને પણુ આપણે છછૂંદર તરીકે જીવીશું તો પછી માનવજીવન ક્યારે જીવીશું?

માટે જીવનનો રસ્તો નક્કી કરો. પછી જિંદગી જીવવામાં ઓર આનંદ આવશે. આપણા જીવનમાં આ આનંદ નથી રહ્યો તેથી જીવન ભારે અને દુઃખદ લાગે છે; પણુ જીવનમાં કોઈ ધ્યેય હશે તો પછી જિંદગીમાં કંટાળો, થાક નહીં લાગે.

આપણે વિચારવાનું છે કે માણુસ આવો નાનો કેમ થઈ ગયો છે? કયે કારણે થઈ ગયો છે? ખાવાનાં, પહેરવાનાં, રહેવાનાં સાધનો આપણુને મળ્યાં છે છતાં આપણે વિષાદ અને ફરિયાદથી જીવનને ભારે બનાવીએ છીએ:

તો પછી પ્રસન્નતા અને હળવાશ માણવાની તક ક્યાં? માણસને જો જિંદગી જીવવાનો અર્થ ન આવડે તો માનવ-જીવનનો અર્થ શો? આપણે આટલાં બધાં વર્ષો આવી રીતે ગાળ્યાં છે, શું બાકીનાં વર્ષો પણ હજી આમ જ કાઢવાં છે? માટે શાંતિથી વિચારો કે આટલું જીવ્યા એમાં આપણે કાંઈ સારું મેળવ્યું છે? કે પ્રપંચ, ભેદ વગેરેમાં જ વર્ષો ગાળ્યાં? -આંખ મીંચીને બેસો અને વિચારો કે પચાસ વર્ષમાં શો કસ કાઢયો? અને હવે બાકીનાં વર્ષોમાં શો કસ કાઢવો છે?

સોના જેવી આપણી જિંદગી તો ઝડપથી ચાલી જાય છે. બાલ્યકાળ ગયો, યૌવન ગયું, વૃદ્ધાવસ્થા પણ બેઠી છે. હવે તો જરાક નચિંત થઈને અંતરનો આનંદ માણો. ઘડપણ એટલે તો આરામ. ભાર ઉતારીને હવે બેસવાનું તો જ ખરો આનંદ આવે. ઘડપણ એ તો વિસામો છે. યુવાનીના અહં ને કામનાઓનો ભાર મૂકી દઈએ, તો વૃદ્ધત્વ મજાની વાત લાગે.

વૃદ્ધાવસ્થા એટલે વધવાની અવસ્થા. અનુભવ અને વિચારોની મીઠાશમાં વધવું. જીવનની કલુષિતતા ચાલી ગઈ હોય છે. ઇન્દ્રિયોનાં તોફાન શમી ગયાં હોય છે ને અનુભવોનો એના જીવનને પ્રકાશ મળ્યો હોય છે. બાલ્ય-કાળમાં રમકડાંમાં, ધૂળમાં રમવામાં જીવ હોય, યૌવન-કાળમાં કામમાં, ભોગમાં, રાગનાં સાધનો મેળવવામાં જીવ હોય; પણ ઘડપણમાં જીવનનાં એ ડહોળાં પાણી ઓસરી જાય છે. શરદનાં પાણી જેવા નિર્મળ ભાવો વહે છે. એ પ્રભુ સંગે મન મેળવે છે. આત્માનો વિચાર કરે છે.

પાંચ સારા લોકોની વચ્ચે બેસી સત્કથા કરે છે અને એમ કરતાં, પવનની લહરી આવે, આંખો બંધ થઈ જાય, અને એ ફૂલની માફક ખરી જાય છે.

હા, આજે સ્થિતિ જુદી છે. ઘણાખરા માણસને ઘડપણમાં પણ કામ કરવું પડે છે. પણ આવી હાય હાય શા માટે? શાંતિનો વખત આવ્યો છે તો શાંતિથી કામ લો. હાથમાં વસ્તુ, દ્રવ્ય, કામ આવી જાય તો ભલે લો, પણ એની પાછળ ન જાઓ. જીવન જીવવા માટે જે સહજમાં મળી જાય તેનો ભલે સ્વીકાર કરો, પણ એની ઝંખનામાં બેચેન ન બનો.

આપણે તો જિંદગીમાં જીવન શોધવા નીકળ્યા છીએ, અને એ જ જિંદગીનો ખરો હેતુ છે. માનવજીવન કાંઈ ઘરમાં પડી રહીને જીવવા જેવું નથી, પણ માનવી તરીકે જીવવા માટે એ મળ્યું છે. શાફડામાં રહેલ ભોરિંગની જેમ, લોભથી ભર્યું અને ક્રોધથી ક્રૂર બનેલું જીવન આપણે જીવવાનું નથી પણ સદ્‌ગુણથી પ્રકાશિત સત્કથ જીવન જીવવાનું છે.

[૩૫]

સુપક્ષ

સત્કથાથી માણુસ સુપક્ષવાન બને છે. પક્ષના બે અર્થ છે: પક્ષ એટલે પડખું અને પક્ષ એટલે પાંખ. આ પડખું એટલે એનાં સ્વજનો, સ્નેહીઓ. આવા ધર્મી માણુસને પડખું સારું હોય, એનો પક્ષ સારો હોય, સારી કથાવાળો હોય તો એનો પક્ષ સારો જ હોય ને? હલકાનો પક્ષ હલકો: જેમ દારૂડિયાનો પક્ષ દારૂડિયો. એનો વિશ્વાસ કોઈ કરે? દસ શરાબી ભાઈબંધો સાથે બેસી શરાબની પ્યાલીઓ ઠાલવે, પણ એમાંના એક મિત્રને કોઈ વાત કરે તો એમ જ કહેશે, 'દારૂડિયાનો તે કોણ વિશ્વાસ કરે!'

ખરાબ પક્ષનો મિત્ર અવસરે કામમાં નથી આવતો; સુપક્ષવાળો મિત્ર હોય તો તે તમારી વાત સાંભળે, તમારી મુસીબત જુએ અને એનામાં અનુરાગ જાગે; મુસીબતમાં એ તમને સહાય કરવા તૈયાર થાય. દુર્ગુણીઓ તો માત્ર નુકસાન કરાવવામાં સાથે હશે, પણ ખરે અવસરે એ પડખે ઊભા નહીં રહે. ખરાબનો વિશ્વાસ, ખરાબ માણુસ

પણ કરતો નથી; જ્યારે સદ્‌ગુણીના સૌ સુપક્ષી બને છે; એની પ્રશંસા એના શત્રુઓ પણ મનમાં તો કરે છે જ. સદ્‌ગુણની આ મહત્તા છે.

સુપક્ષવાળો માણસ અનુકૂળ સ્વજનો પામે છે. એવા ધર્મી માણસ માટે સૌને માન રહે છે, એને સૌ સાથ આપવા તૈયાર રહે છે. આવા નિર્વ્યસની માણસને ઘરમાં સૌ અનુકૂળતા મળે છે. એનું તપ, સામા માણસમાં ભાવના જગવે છે. એવા તપમાં એની સામે આવતી પ્રતિકૂળતા પણ એને અનુકૂળ બની જાય છે. જીવનનું વાતાવરણ એવાને અનુકૂળ થઈ જાય છે.

એક કુટુંબમાં એક પુરુષ ઘણો જ સજ્જન અને સદાચારી હતો. એક વાર પ્રવાસે જતાં સ્ટેશન ઉપર થરમોસમાં એ પાણી ભરવા ગયો અને ટ્રેન આવી લાગતાં એના પગ કપાઈ ગયા. એ પંગુ બન્યો. તેની સ્ત્રી એના સર્વ સદ્‌ગુણને અને એના સદાચારને જાણનારી હતી. એણે પતિને કહ્યું કે તમારાં બધાં કામ હવે હું કરીશ; તમે કશી ચિંતા ન કરતા.

આ બાઈ સવારે ઘરનું કામ કરી, રસોઈ કરી ખેતરમાં જાય; ત્યાં ધ્યાન આપે અને સાંજે ઘેર પાછી આવે. આ જોઈને પતિને થયું કે મારા પગ નથી ચાલતા તેથી એ મારું કામ કરે છે, તો મારે એનું થોડુંક ઘરકામ ઉપાડી લેવું જોઈએ. એણે એક જગ્યાએ બેસી રસોઈ તૈયાર કરી આપવા માંડી. એકબીજાનાં પૂરક બન્યાં.

એણે ગામના લોકોને કહ્યું કે મારા પગ નથી ચાલતા તેથી મારાથી બાજી તો શી સેવા થાય, પણ ગામમાં જે

કોઈ સાધુ-સંત આવે એને મારે બારણે મોકલવાનું પુણ્ય લેજો. પછી ગામમાં જેટલા સાધુ, બાવા, જૈન યતિ જે આવે તે પશા પટેલને ત્યાં આવે. એણે ઘર ચોખ્ખું રાખેલું. આવનારને પ્રેમથી રોટલો અને છાશ આપે. એ કહેતો કે હું ઘરમાં બેઠો બેઠો ખાઉં, એ કરતાં રસોઈ કરી, અભ્યાગતોની સેવા કરી, અરે મૂઠી દાન દઈને, ખાઉં તો શું ખોટું? આવું દાન દઈને જ હું મારું જીવન ધન્ય બનાવીશ.

આવા માણસને કરોડપતિ સંગે સરખાવી જુઓ અને તમને લાગશે કે કરોડપતિ કરતાં, આવા માણસ આધ્યાત્મિક દૃષ્ટિએ વધુ સુખી છે. કારણ, એ શ્રમ કરે છે, પસીનો પાડે છે અને સાધુ-સંતોની ભક્તિ કરીને ખાય છે અને શ્રમને કારણે આવતી ઊંઘમાં શાન્તિથી રાત પસાર કરે છે.

જિંદગી શું છે એનું માપ પૈસા, ધન, સત્તા અને અધિકારથી ન મપાય. તેથી તો સરવૈયું ખોટું આવશે. પણ આ વાત ક્યારે સમજાય? એ બહુ મોડી સમજાય છે. આવી સારી વાતો આજે તો અહીંથી સાંભળીને હજી તમે દાદરો ઊતરો, ત્યાં જ ભુલાઈ જાય છે. દુનિયાની અસર આજે માણસની ઉપર એટલી જબરી થઈ રહી છે કે અહીં મીઠી, સારી લાગતી વાતો પણ એની સાથે લાંબો વખત રહી શકતી નથી.

આમ સુપક્ષના કુટુંબમાં દરેક સભ્ય ધર્મશીલ હોય. એમાંથી એક ધર્મી અને બીજી વ્યક્તિ અધર્મી હોય તો કલહ થાય. ઘરમાં પતિ માંસાહારી હોય તો છેવટે

એની પત્નીને એવા થવું પડે છે. આમ દુરાચાર જલદી આવી જાય છે, પણ સદાચાર એકદમ નથી જાગતો. સો પાનના ઢગલામાં એક જ પાન સડેલું હોય તો એ પણ બીજાં સોમાં ડાઘ લગાડે છે. આવું દુરાચારનું છે.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે તેમ

'હીના તણો જે સંગ ન ત્યજે, તેહનો ગુણ નવિ રહે,
જેમ જલધિજલમાં ભળ્યું ગંગા નીર લૂણપણું લહે.'

ધર્મશીલનું વાતાવરણ સુપક્ષવાળું જોઈએ. 'આ કરવું મને ન શોભે' એવો વિચાર એ સહાય કરતો રહે છે. આ, અગાઉથી ધ્યેય નક્કી કરેલું હોય તો થાય; એટલે વાતાવરણ ધર્મશીલ રાખવું, કે જેથી એ હવામાં સુપક્ષનું જ સર્જન થાય.

સુપક્ષમાં આમ અનુકૂળતા, ધર્મશીલતા અને એની સંગે સદાચાર આ ત્રણ ગુણો રહેલા હોય છે.

સુપક્ષનો બીજો અર્થ એટલે સારી પાંખવાળો. પાંખ સારી હોય તો ગગનમાં અનંત સુધી ઊડી શકાય. આપણા આત્મપંખીને આમ અનંત સુધી ઊડવાનું છે. માટે એની પાંખો ધર્મથી મજબૂત હોય, સદાચારથી પૂર્ણ હોય, તો તેવો માનવપંખી મોક્ષ તરફ પ્રયાણ કરે અને મોક્ષના માળામાં પહોંચી શકે. સંજોગો ને સ્વજનો અનુકૂળ હોય, મન ધર્મશીલ હોય અને સૌ સદાચારથી પૂર્ણ હોય તો સંસારનો માળો પણ મીઠો બને.

*

[૩૬]

જીવનમાં સુપક્ષતા

વિશ્વમાં કહેનારા અને પૂછનારા ઘણા મળે છે પણ ધર્મને માટે ઉત્સાહ આપનારા આજે નથી દેખાતા. પરિણામે સિનેમા અને નાટકના સ્થાન કરતાંય ધર્મસ્થાનને ઘણા લોકો હલકું ગણે છે. આથી પ્રશ્ન થાય છે કે માણસના વિચારો આવા કેમ થયા?

મનનો રાગ એટલો વધી ગયો છે કે માણસ વિરાગને ભૂલી ગયો છે. જ્યાં સુધી ધર્મનાં મૂલ્યાંકનો આપણને બરાબર સમજાય નહીં, ત્યાં સુધી તેની ખરી રુચિ જાગે નહીં. માટે ધર્મને એના સાચા અર્થમા ઊંડાણથી સમજવાની જરૂર છે. ધર્મની આવી દૃષ્ટિ જ માણસને આફતો, દુઃખો અને વ્યસનોમાંથી ઉગારે છે.

પણ ધર્મ સમજવો એ જુદી વાત છે અને એને આચારમાં વણવો એ જુદી વાત છે. મેઘકુમારે ભગવાન મહાવીરનું પ્રવચન સાંભળ્યું અને એના અંતરમાં એ ઊતરી ગયું; ત્યાં સુધી તો મેઘકુમારનાં માને વાંધો ન હતો, પણ જ્યારે મેઘકુમારે સાંભળેલા ઉપદેશને અમલમાં

ઉતારવાની વાત માને કરી ત્યારે માને લાગ્યું કે છોકરો હવે હાથથી ગયો છે. આનું કારણ એ હતું કે મા એના છોકરાને ધર્મકથા સાંભળવા દેવા તૈયાર હતી, પણ એ સાંભળીને એ સાધુ થઈ જાય એ માટે એ તૈયાર નહોતી. આમ ધર્મને ઉપરથી આચરવામાં સર્વ સંમત થાય છે, પણ આંતરિક ધર્મના દર્શનથી ઘણા ચમકે છે. ખરું કાર્ય તો ધર્મનાં સાચાં મૂલ્યાંકનો સમજીને આચરવામાં છે.

જ્યારે પક્ષનું, ઘરનું વાતાવરણ નિરુત્સાહી હોય છે ત્યારે માણસની પ્રગતિ રુંધાઈ જાય છે. એ તો જેનું ભાગ્ય સારું હોય, જેણે પુણ્યનો પ્રકાશ મેળવ્યો હોય તેનું સ્વજન તેને અનુકૂળ થાય. એ પોતે ધર્મશીલ હોય છે. તેથી પ્રગતિની અંદર એકબીજાને તેઓ પૂરક બની શકે છે.

ઘણી વાર સ્પર્ધાને લીધે પણ પ્રગતિમાં સહાય મળે છે. સ્વસ્થ જીવનની સ્પર્ધા માનવીને ઊંચા સોપાને જવામાં પાંખ બને છે.

જ્યારે ઘરના વાતાવરણમાં અનુકૂળતા ન હોય, બધાનો એકરાગ ન હોય ત્યારે મતભેદ જાગે છે; છેવટે એમાથી મનભેદ થાય છે અને એકતા, સંવાદિતા તૂટી જાય છે.

આનંદ વસ્તુમાં છે કે મનમાં? મીઠું ખાવાનું કર્યું હોય પણ ઘરમાં ઝઘડો થાય તો કલહના વાતાવરણને કારણે દૂધપાક પણ મીઠો નથી લાગતો. આની સામે વાતાવરણની પ્રસન્નતા હોય તો રોટલો અને કઢી પણ મીઠાં લાગે છે. એટલે આનંદ અશાંતિમાં નથી; આનંદ તો અંદરની તૃપ્તિભરી શાંતિમાં રહેલો છે.

આજે એવા ઘણા સામાજિક કાર્યકરો અને નેતાઓ

દેખાય છે કે જેમના ઘરમાં ભડકા બળતા હોય છે અને બીજાને એ જ્ઞાન દેવા નીકળે છે. ઘરની આગ હોલવ્યા વિના, દેશનું ભલું કરવા નીકળી પડેલા આવા કાર્યકરો જ્યાં જાય ત્યાં આગ લગાડે.

તમે ધર્મી બનવા માગતા હો તો સુપક્ષ તૈયાર કરો. એવું જીવો કે જેથી તમે કદાચ ચાલ્યા જાઓ, પણ તમારા વિચારો, તમારાં સંતાનો અને સ્વજનો દ્વારા જગતમાં જીવતા રહે.

બાળક માટે સંસ્કૃતમાં આત્મજ શબ્દ વપરાયો છે. જે આત્માના સંસ્કારથી જન્મ્યો છે તે આત્મજ; આવતી કાલનું કાર્ય કરનારો. પુત્ર એટલે ઇચ્છાઓ અને મનોરથનો વારસો; માણસના લોહી અને પ્યારનું સર્જન. એનામાં લાગણી, ભાવના અને અનુભૂતિ છે.

માતાપિતાનાં હૃદયો એમનાં બાળકોમાં રેડાયેલાં હોય છે. પિતા પુત્રને કહે છે કે અમારી ઊર્મિઓ અમે તારામાં રેડી છે. એટલે અમારાં અપૂર્ણ રહેલાં ઉત્તમ કાર્યોને તારે પૂરાં કરવાનાં છે. આનું એક સુંદર દૃષ્ટાંત છે. એક વૃદ્ધનો દીકરો છાપરાનાં નળિયાં સમાં કરી રહ્યો છે. બપોર થઈ ગઈ છે. જમવાનો સમય થઈ ગયો છે. બાપા એને નીચે જમવા બોલાવે છે પણ એ આવતો નથી. કામ કર્યે જ જાય છે. હવે બાપે એક યુક્તિ કરી. એના દીકરાના નાના બાબાને એણે લાવીને તડકામાં મૂક્યો. પોતાના પુત્રને તડકામાં જોતાં જ ઉપર બેઠેલા દીકરામાં બાપનો ભાવ જાગ્યો. એ કૂદકો મારી નીચે આવ્યો. પોતાના બાબાને છાતીએ ચાંપતાં એણે પૂછ્યું: 'આમ કેમ કર્યું?' બાપે

કહ્યું : 'મને તારા માટે કેવો પ્રેમ છે તે, તને આના વિના કેમ સમજાત? તું નથી જન્મ્યો તે માટે મને શું થાય છે તે તું તારા પુત્રના દાખલામાંથી હવે સમજી શકીશ. બાપને તો બાપ જ સમજે.'

વિચારોનું તંત્ર બાપ અધૂરું મૂકીને જાય છે. બાપનાં અધૂરાં શુભ કામ પૂરાં કરવાં એ પુત્રનો આનંદ છે. પુત્ર ન કરે તો કોણ કરે? માબાપ બાળકો ઉપર એટલી લાગણીઓ વરસાવે છે કે એમનું ઋણ કદી પૂરું કરી શકાતું નથી.

તમે કહેશો કે ભાગ્યને લીધે અમને આ બધું મળ્યું છે પણ ભાગ્ય ભલે તમારું હોય, પણ નિમિત્ત એ છે. મા-બાપના ઉપકારનો બદલો વાળવાનો એક ઉપાય છે. જો માબાપ ધર્મથી ચલિત થયાં હોય – આધ્યાત્મિક જીવનને જાણતાં ન હોય અને તમે એમને સાચા અને સારા માર્ગ તરફ લઈ જાઓ, એ માટે ઉત્તમ સાધનો પૂરાં પાડો, તો તમે તેમનો ઉપકાર કાંઈક અંશે પૂરો કર્યો ગણાય.

આવા પ્રકારના પુત્રો – સ્વજનો જેને હોય તે સુપક્ષવાળા કહેવાય. આવી સુપક્ષની સારી પાંખો મળતાં ઊડીને પોતાને ધામ પહોંચતાં પણ આનંદ આવે.

*

[૩૭]

દીર્ઘદશા

ધર્મરત્નના આ સદ્ગુણોને આપણે સોપાન કહીએ તે વધુ યોગ્ય છે. ગુણ માણસને આગળ વધારે અને સોપાન ઉપર લઈ જાય. અગાઉ આપણે આવાં ચૌદ સોપાનનો વિચાર કરી ગયા છીએ.

ગઈ કાલે આપણે 'સુપક્ષ'નો વિચાર કર્યો હતો. આ શબ્દમાં કેવી કવિતા છે! પક્ષ એટલે કુટુંબ અને પક્ષ એટલે પાંખ. મોરલો હોય અને એની પાંખ કપાઈ જાય, પીંછાં ખરી જાય તો એ સુંદર નથી લાગતો. પીંછાં-વાળો, પાંખવાળો મોર કળા કરે ત્યારે એ સુંદર લાગે છે. જીવનમાં પણ આ પ્રમાણે સુંદર પાંખો હોય તો આપણે સારા લાગીએ, શોભીએ, ઊડી શકીએ. આમ, આપણી આસપાસનાં સ્વજનો સારાં હોય તો આપણે સુંદર લાગીએ.

દીકરો સુંદર હોય તો એનાથી બાપ ઓળખાય, પણ દેવતાનો દીકરો કોલસો નીકળે તો એ બાપને લજવે, માટે કહ્યું છે કે ખરાબ પુત્રનાં માબાપ થવા

કરતાં નિઃસંતાન હોવું વધુ ઠીક છે. પુત્ર ન હોય તો અફસોસ નહીં. વસ્તુપાળ, વગર પુત્રનો બાપ હોવા છતાં સમાજનો પિતા થઈ, આબુનાં શિલ્પભર્યાં ભવ્ય મંદિરોનું સર્જન કરી અમર બની ગયો.

જેનામાં બીજાને પોષવાનાં તત્ત્વ હોય તે ખરો પિતા. આ અર્થમાં વસ્તુપાળને જુઓ. એણે ઊભાં કરેલાં, દેલવાડાનાં દહેરાંએ ગૌરવ આપ્યું, સંસ્કૃતિને પોષણ આપ્યું. થોડા વખત પહેલાં એક અંગ્રેજ દંપતી ત્યાંની છતની સુંદર કારીગરી જોવા માટે આવેલાં. તેઓ સૂઈને છતની એ સુંદર શિલ્પકલાનું અવલોકન કરતાં મુગ્ધ થઈ ગયાં. છતની ઝીણી કારીગરી ઊભાં ઊભાં જોયા કરે તો ડોક રહી જાય, એટલે એમણે આ રસ્તો લીધો. એ વખતે મને મનમાં થયું કે વસ્તુપાળ કેવો જબરો કે એણે અંગ્રેજોનેય એની કળાના સર્જનમાં લાંબા કરી દીધા! આને લીધે, એ પુત્ર વગરનો છતાં પોષક પિતા બન્યો. અને આટલા સૈકા થયાં છતાં આપણે એમને, એમનાં સંતાન બનવાનું ગૌરવ લઈ યાદ કરીએ છીએ.

સુપક્ષતાના સોપાન ઉપરથી આપણે હવે પંદરમા સોપાન 'દીર્ઘદર્શિતા' ઉપર આવીએ છીએ. દીર્ઘદર્શી માણસ જે કાંઈ પણ કામ કરવાની તૈયારી કરે તે પહેલાં એનાં પરિણામનોય વિચાર કરીને કરે. જેનું પરિણામ સારું નહીં, એ કામ પણ સારું નહીં. આપણી પ્રવૃત્તિમાં અનાસક્તિ અને દીર્ઘદર્શિતા બેઉ જોઈએ. કામ કરીએ, પણ એવું, કે જેનું પરિણામ સારું આવે અને જેના ફળમાં આસક્તિ ન હોય.

'कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन' આ સાપેક્ષ વાક્ય છે. કર્મ કરવું એ તારું કામ છે, પણ પરિણામની આસક્તિમાં અંધ બનીને નહીં. કામ પહેલાં પરિણામો માગે એવા લોકો આજે વધી ગયા છે. જે માણસ સ્વાર્થમાં આનો-પાઈ ગણ્યા કરે એ સારું કામ નહીં કરી શકે. માણસનો ધર્મ તો એટલો કે કર્મ કરવું પણ તે સારું ને વિચારીને કરવું, એની પાછળ દીર્ઘદર્શીપણું અને પરિણામની ખેલદિલી રાખવી. આ વિરોધી વાત નથી. આ બે ગુણો સાથે મળે ત્યારે કાર્ય વધારે સુંદર થાય. બેઉનું સંકલન થાય ત્યારે એ સાર્થક થાય.

પંચોતેર વરસનો એક ડોસો આંબો વાવતો હતો. એને જોઈને બીજા માણસે પૂછ્યું, 'તમે ઘરડા થયા છો; હવે આ આંબો વાવશો તો ઊગશે ક્યારે, ફળશે ક્યારે અને તમે એનાં ફળ ખાશો ક્યારે?' ત્યારે એણે જાણે શ્રમનું ગીત ગાયું:

"ગઈ કાલે મને આજ આપ્યું છે તો આજ આવતી-કાલને આપતો જાઉં." ખરી રીતે તો તમે આંબો વાવ્યો ત્યારથી જ તમને એક રીતે ફળ મળવાની શરૂઆત થઈ જાય છે. તમે બીજાની છાયા માટે, બીજાને સુખ આપવાનો વિચાર કર્યો ત્યારે જ તમને સૂક્ષ્મ ફળ મળી જ ગયું છે.

વૃદ્ધે વિચારેલું કે બીજાનાં વાવેલાં વૃક્ષોનાં ફળ મેં ખાધાં છે તો બીજાંઓને માટે હું વૃક્ષ વાવી જાઉં જેથી બીજાં એનાં ફળ ચાખી આનંદ માણે. એણે એની કૃતજ્ઞતાનો ભાવ જીવતો રાખવા આ કાર્ય કર્યું. આનું નામ દીર્ઘદર્શી-પણું. એવાનું કાર્ય એને તથા બીજાને, માનવજાતની પેઢીને,

સમાજને લાભ કરે. માટે કહ્યું છે, 'બહુ લાભ અને અલ્પ ક્લેશ.' કામ એવાં કરો કે જેનો લાભ સારો હોય અને જેમાં ક્લેશ ઓછો હોય. શ્રમ અને ક્લેશ, એ બે શબ્દોના અર્થમાં ફેર છે. શ્રમ દેહ સાથે સંબંધ ધરાવે છે; ક્લેશ મન સાથે સંબંધ ધરાવે છે.

લાભ વધુ લે અને કામ ઓછું કરે એ માણસ કામનો ચોર બને છે. આ એક જાતની ચોરી કહેવાય. માટે શ્રમ અને ક્લેશનો અર્થ બરાબર સમજો. અલ્પક્લેશ એટલે અલ્પશ્રમ નહીં. શ્રમ તો કરવો જ જોઈએ. સાધકના વર્ણનમાં ક્ષમા અને શ્રવણ બે શબ્દો વાપર્યાં છે, તે આ દૃષ્ટિએ. આત્માની શુદ્ધિ માટે, મનની મુક્તિ માટે પ્રેમથી સહન કરે તે, શ્રમ કરે તે ક્ષમા-શ્રમણ ગણાય.

આ શ્રમણપણું આપણા જીવનમાં અનિવાર્ય છે. શ્રમ નહીં હોય તો જીવનમાં મીઠાશ નહીં લાગે. રસોયાની કરેલી રસોઈ કરતાં, શ્રમ કરી હાથે રાંધેલા ભોજનમાં કોઈ જુદી જ મીઠાશ રહેલી છે. શ્રમ પછી ભૂખ અને ભૂખ પછી મીઠાશ આવે છે. શ્રમ પછી ભોજન કરનારને જાણે બાર માસની ભૂખ હોય એવો અનુભવ થાય છે. તેમ પૈસા માટે પણ સમજવું. પ્રસ્વેદ પાડીને જે કમાય છે તે જ પૈસાની ખરી કિંમત સમજે છે.

ધરાયેલાને ભૂખ્યાનો ખ્યાલ નહીં આવે. એ ભાષણ કરશે, કથન કરશે પણ એને અનુભૂતિ નથી તેથી, એનું કથન પોલું છે. જેણે શ્રમથી પૈસા પેદા કર્યાં છે તે નકામો ખર્ચ નહીં કરે, અને સારા કામમાં ખર્ચતાં અટકશે નહીં. એ તો કરકસર કરીને પણ સારા કામમાં વાપરશે.

ગરીબાઈ એ મનની વસ્તુ છે; નિર્ધનતા એ દુનિયાની વસ્તુ છે. જેનામાં નૈતિક હિંમત નથી એ માણુસ મનનો ગરીબ છે. એટલે નિર્ધનતા ભલે આવે, પણ મનની ગરીબી ન આવવા દેશો. જગતમાં ધનનાં સાધનો છતાં ઊંચે જનારા બહુ ઓછા હોય છે. માટે કવિ માગે છે કે:

'સંતોષથી જીવન ગુજરે એટલું તું મને આપજે;
ઘર ઘર ગરીબી છે, છતાં પણ દિલ અમીરી રાખજે.'

માણુસના જીવનમાં આ અમીરી આવે, તો ઓછાં સાધનો મળવા છતાં એ મનથી ઉન્નત રહી શકે છે. આવો માણુસ ભલે ધન વગરનો હોય, છતાં મનથી તવંગર હોય છે.

એક ભિખારી હતો. દિવસભરની ભીખ ભેગી કરી એ ચાલ્યો જતો હતો, ત્યાં એને બીજો ભિખારી મળ્યો. એ વધુ ગરીબ ભિખારી હતો. એને પેલાની માફક ભીખ માગવાની કળા નહોતી આવડતી. આનું દુઃખ જોઈ પેલા ભિખારીએ પોતાના ડબલામાંના પૈસા પેલા ગરીબના ખોળામાં ઠાલવી દીધા. એણે જોયું કે એ ગરીબને પૈસાની વધુ જરૂર હતી. એય ભિખારી તો હતો; પણ દિલનો અમીર હતો. આ અમીરી અને ગરીબી માણુસના દિલમાં પડેલી છે.

દીર્ઘદર્શી માણુસ જે કાંઈ કામ કરે તેની પાછળ વિચાર હોય, વિવેક હોય. એ હંમેશાં પરિણામને લક્ષમાં લે. આમ ન કરે તો પ્રવૃત્તિનું પરિણામ શૂન્યમાં જ આવે.

એટલે ગ્રંથકાર કહે છે કે પ્રવૃત્તિ એવી કરો કે 'બહુ લાભમ્, અલ્પ ક્લેશમ્.' આ ક્લેશ એટલે ઉદ્વેગ. વિકલતા આવે એવું કામ ન કરવું. પ્રવૃત્તિ માણુસના મનને

સ્વસ્થ કરવા માટે છે. જો મન તૂટી જતું હોય, એને આર્તધ્યાન થતું હોય, એની સમાધિ તૂટી જતી હોય તો એને પચ્ચખાણ છોડાવી, પારણું કરાવવામાં પણ પાપ નથી; કારણ કહ્યું છે, 'સવ્વસમાહિ વત્તિયાગારેણં.' પચ્ચખાણમાં પણ આ અગાર રાખ્યા છે. પચ્ચખાણ એ તો સમાધિને માટે છે. માત્ર બાહ્ય પચ્ચખાણ રહે અને અંદરની ચિત્તસમાધિ તૂટી જાય તો એનો અર્થ શો?

પ્રવૃત્તિ કરવી તે ક્લેશહીન અને પરિણામે સુંદર હોય એવી કરવી તો તમે તે પ્રવૃત્તિ દ્વારા વિકાસ સાધી શકશો.

આપણા જીવનનું પ્રત્યેક કામ ચિંતન માગે છે. આ ચિંતન વગર જીવનમાં શ્રેષ્ઠતા ન આવે. જે માણસ ખરો દીર્ઘદર્શી હોય છે એ આ લોક તથા પરલોક બેઉને આવી રીતે સુધારે છે.

*

[૩૮]

વસ્તુના હાર્દનું દર્શન

ધર્મી આત્માનું કોઈ પણ પગલું ઉતાવળિયું ન હોય. તેના કાર્યમાં છીછરાપણું અને ક્ષણિક આવેગ ન હોય. એ દીર્ઘચિંતન પછી જ કાર્ય હાથ ધરે. આવેગનો જીવનમાં અવકાશ ખરો, પણ ધર્મી માણુસ એને વિવેકથી નાથે છે. આવેગને એમ ને એમ અમલમાં મૂકીએ તો પરિણામ ઘણી વાર અસુંદર આવે.

માણુસમાત્રને સુંદર જ ગમે છે; મેલું કોઈને ગમતું નથી. ઘર પણ વ્યવસ્થિત અને સ્વચ્છ હોય તો ગમે. અવ્યવસ્થા મનને અને આંખને ખટકે છે. કોઈ માણુસ ઢંગધડા વગરનું બોલે તો તે સાંભળવું આપણુને ગમતું નથી; પણ જો એ રચનાપૂર્વક શબ્દો વાપરે, એની પાછળ વિચારણા હોય, ભાવના હોય તો એનાથી સામા માણુસનો પલટો થઈ જાય.

માણુસનો સ્વભાવ છે કે તે સારું પસંદ કર્યા વગર રહેવાનો નહીં. દુનિયાને પણ સારું જ ગમે છે. દુનિયાને સારો માણુસ જ ગમે છે. 'A thing of beauty is a joy for ever' સારી વસ્તુઓ સદાય સર્વને આનંદ આપે છે.

જગત પાસેથી આપણે જે જાતની અપેક્ષા રાખીએ છીએ એવા આપણે બનતા નથી, એ મુશ્કેલી છે. આપણે યાદ રાખવું જોઈએ કે આપણને જે પ્રિય છે એ જ જગતને પ્રિય છે; તમને જે નથી ગમતું તે જગતને પણ નથી ગમતું હોતું.

સંસ્કાર અને સભ્યતાવાળો માણસ દુનિયા આખીને ગમે છે. જગત પણ એવું જ બને એમ આપણે ઇચ્છતા હોઈએ તો પ્રથમ આપણે એવા બનીએ.

લોકો તો એવું ઇચ્છે છે કે સાધુઓ સદ્ગુણો કેળવે, મહેનત કરે, અને અમને એ વગર શ્રમે એમ ને એમ મળી જાય; પણ આ ક્યાંથી બને? કોઈ આપણા વતી ભગવાનનો જાપ કરે અને તેનું કર્મ આપણને પહોંચે, એવી વાત કેમ બને? આજે બ્રાહ્મણો જાપ કરી શેઠિયાઓ પાસેથી પૈસા મેળવે છે. ધર્મમાં પણ આ છેતરપિંડી દાખલ થઈ ગઈ છે.

'As you sow, so shall you reap' 'વાવો તેવું લણો; અને કરો તેવું પામો' કંઈક કરો નહીં તો પામો ક્યાંથી? લોભ, આસક્તિના ત્યાગ વગર સદ્ગુણ એમ ને એમ મળી જતા નથી. એમ ને એમ કોઈ વસ્તુ નથી મળતી; તો શું ભગવાન તમને મફતનો માલ આપી દેવાના છે?

આત્માના વિકાસ માટે, સદ્ગુણ મેળવવા માટે, ત્યાગ અને તપ અનિવાર્ય છે.

માનવજીવનમાં આપણને જે મળ્યું છે એને ખરચી નાખીએ તો ના કોઈ નહીં કહે, પણ એનાથી આપણી આવતી કાલ ન બગડે એ જોવાનું છે. જીવનને અંતે જ્યાં

જવાનું છે તે માટે જીવનમાં કાંઈ નહીં? મળ્યું છે તે કાંઈ સર્વ ભોગ માટે જ નથી, ત્યાગ માટે પણ છે.

જેને પરલોકનો ભય નથી, જેને પરિણામની સુંદરતાનો વિચાર નથી તે ધર્મ સમાજ અને પોતાની જાતને નુકસાન કરે છે. વિચારક સત્યવાદી, અપરિગ્રહી હોય છે. ઓછો પરિગ્રહ રાખનાર માણસ સમાજને ચૂસતો નથી. આ દેહને તો છેવટે બાળી નાખવાનો છે એમ સમજી એ આ દેહને પોષવા સાથે એની પાસેથી સારું કામ લેશે. એ સમાજને સંયમની સુવાસ આપશે.

જે જાગ્રત છે એ આત્માને મેલો નહીં થવા દે. ભૌતિક જગતની દૃષ્ટિ જુદી હોય છે. જગત તો કહે છે: 'આ લોક મીઠા; પરલોક કોણે દીઠા!' માટે મેળવાય એટલું મેળવો અને ભોગવાય એટલું ભોગવો. આમ તમે જોશો કે વિચારકને ત્યાગ છે, ભોગીને રાગ છે.

કાલનો વિચાર સૌ કરે છે, અને કરવો જોઈએ. વિદ્યાર્થી કાલના પાઠ તૈયાર કરે છે. કુમારાવસ્થામાં યુવાનીનો, અને યુવાની જતાં બુઢાપાનો વિચાર માણસ કરે છે તેમ, દીર્ઘદૃષ્ટિવાળા માણસે આવતા જન્મનો વિચાર પણ કરવાનો છે.

રાજગ્રહીના ધના શેઠને ચાર દીકરા. એ વૃદ્ધ થયો, અને એને વિચાર આવ્યો, 'કરોડોનાં સુખસાધન મૂકીને છેવટે તો જવાનું છે.' એણે વિચાર્યું કે ઘરમાં સ્ત્રી સારી તો કુટુંબ સારું. પુરુષ એટલે તો બજાર, બાહ્ય પ્રવૃત્તિમાં મગ્ન; પણ સ્ત્રી એટલે ઘર. માટે જ કહ્યું છે, 'गृहिणी गृहमुच्यते' ગૃહિણી સંસ્કારી, પવિત્ર, વ્યવસ્થાવાળી, સૌમ્ય

હોય તો આખું ઘર સુંદર બને. શેઠે ધાર્યું કે પુત્રોની વહુઓ સારી હશે તો દીકરા ઠેકાણે આવી જશે.

એણે પરીક્ષા કરવાનો વિચાર કર્યો. ચારેય વહુઓને બોલાવી કહ્યું કે અમે હવે પાકું પાન થયાં છીએ માટે જાત્રા કરવા જઈએ છીએ. લો, ડાંગરના આ પાંચ પાંચ દાણા સાચવજો; એને જીવનની મૂડી ગણજો.

આમ બોલીને શેઠે દરેક વહુને ડાંગરના પાંચ દાણા આપ્યા. પહેલી વહુએ વિચાર્યું કે શેઠની 'સાઠે બુદ્ધિ નાઠી' લાગે છે આ દાણાને વળી જીવનની મૂડી શું ગણવાની? એટલે એણે દાણા કચરામાં ફેંકી દીધા. બીજી વહુએ વિચાર્યું કે વડીલોની આ કદાચ પ્રસાદી હશે; એટલે એણે મોંમાં નાખ્યા. ત્રીજીએ વિચાર્યું કે ડોસા છે તો અનુભવી; 'સાચવજો' કહેલું છે માટે એની પાછળ કાંઈક કારણ હશે; એટલે એણે નાની દાબડીમાં દાણા મૂકી તિજોરીમાં સાચવી રાખ્યા.

પણ ચોથી ભારે બુદ્ધિશાળી હતી. એનો ભાઈ એને મળવા આવેલો એટલે એણે એને દાણા આપી દીધા ને કહ્યું કે આને સારી જમીનમાં વાવજે. ભાઈએ તેમ કર્યું. એમાંથી એક વરસે ૫૦૦ દાણા થયા, તો બીજે વરસે પચાસ હજાર દાણા થયા અને પાંચ વરસે દાણાથી આખો કોઠાર ભરાઈ ગયો.

જાત્રામાંથી ડોસો પાછો આવ્યો ત્યારે ડોસાએ વહુઓને સાચવવા આપેલા દાણા પાછા માગ્યા. પહેલીએ કહ્યું: 'મેં તો ફેંકી દીધા. એમાં રાખવા જેવું શું હતું? કહો તો કોઠારમાંથી નવા લાવી આપું.'

વૃદ્ધે કહ્યું 'તમારું નામ ઉજ્જિકા, તમારે હવે ઘરનો કચરો કાઢવો. ઘર સાફસૂફ રાખવું.'

બીજીએ કહ્યું: 'હું તો પ્રસાદ માનીને ખાઈ ગઈ.'

વૃદ્ધે કહ્યું: 'તમે ખાઈ ગયાં એટલે તમારું નામ ભક્ષિકા. તમારે રસોડું સાચવવું.'

ત્રીજીએ કહ્યું: 'મેં તો સાચવીને રાખ્યા છે.' એમ કહી તિજોરી ખોલી દાબડી ઉઘાડી સસરાને દાણા પાછા આપ્યા.

વૃદ્ધે કહ્યું: 'તમે આનું રક્ષણ કર્યું છે. તમારું નામ રક્ષિકા. તિજોરીની ચાવીઓ તમારે રાખવી. ઘરનું બધું ઝવેરાત તમારે સાચવવું.'

ચોથીએ કહ્યું: 'મેં તો એ મારે પિયર મોકલ્યા. એ એમ નહીં આવે. ગાડાં મોકલો તો ભરાઈને આવે.'

વૃદ્ધે પ્રસન્ન થઈ કહ્યું 'તેં વૃદ્ધિ કરી, વધારો કર્યો. તારું નામ રોહિણી. કુટુમ્બનું સર્વ સંચાલન તમારે સંભાળવું.' એમ દરેકના ગુણ પ્રમાણે વ્યવસ્થા ગોઠવાઈ.

શેઠે જોયું કે ચોથી વહુએ દીર્ઘદૃષ્ટિ વાપરેલી હતી. એણે એવું કામ કર્યું કે જેથી પરિણામ સુંદર આવે. કામ તો બધા કરે પણ એની પાછળ વિચાર જોઈએ. ડૉક્ટર પણ એટલો તો વિવેક વાપરે જ છે ને! બે જુદાં ઈંજેક્ષનની સોય રાખે છે; બાળકને માટે અને મોટાના મસલ માટે. એક જ સોય બેઉ માટે ન ચાલે.

જ્યારે માણસમાં આવો વિવેક આવે છે, સમજણ આવે છે ત્યારે જીવનમાં એનાં મૂલ્યો બદલાય છે. પછી એ એવાં કામો કરે છે કે જેથી ક્લેશ ઓછો થાય; લાભ વધુ થાય.

શેઠની ચાર વહુઓ — ઉજ્જિકા, ભક્ષિકા, રક્ષિકા અને છેલ્લી રોહિણી. દરેકની વિશિષ્ટતા જીવનમાં તરી આવી પણ રોહિણીમાં પ્રજ્ઞાની તીવ્રતા જુદી જ હતી. એણે પોતાના કાર્યથી પોતાનું જ નહીં, પણ કુળનુંય ગૌરવ વધાર્યું.

એ દીર્ઘદૃષ્ટિવાળી હતી. એને દાણા મળ્યા હતા હાથથી, પણ એણે પાછા વાળ્યા ગાડાંઓ ભરીને. આમ જીવનમાં થોડું મળે તોપણ એને વિકસાવીને જીવનમાં ભરવું જોઈએ. કામ એવું કરીએ કે જેથી સૌનું સારું જ થાય. આ પાંચ વ્રતના વિકાસ અને વૃદ્ધિ માટે દીર્ઘ દૃષ્ટિ આપણા ધર્મજીવનમાં ખૂબ જ આવશ્યક છે.

[૩૯]

વિશેષજ્ઞ

પંદરમો સદ્‌ગુણ દીર્ઘદર્શિતાનો આપણે જોયો. દીર્ઘદર્શી માણસ તત્ક્ષણના લાભનો નહીં, પણ લાંબી વિચારણા પછીના સાચા પરિણામનો વિચાર કરી કાર્ય કરે છે. એ આજના તુચ્છ લાભ ખાતર, આવતી કાલના ઉજ્જવળ પ્રભાતને નહીં બગાડે. માણસ આજે શ્રમ કરે તો કાલે એને ફળ મળે. એ આવતી કાલ માટે, આજે જરાક સહન પણ કરવું પડે તોય પ્રેમથી એ સહન કરે.

હવે સોળમો સદ્‌ગુણ જોઈએ: એ છે 'વિશેષજ્ઞ'. વિશેષજ્ઞ માણસ, એની સામે જે વસ્તુ આવે તેના ગુણ અને દોષ તારવી શકે છે. આ કામ મુશ્કેલ છે. કારણ કે આપણે તો કોઈની એકાદ વાત ન ગમે તો એને ખાતર આખી વ્યક્તિને જ ફેંકી દઈએ છીએ. વિશેષજ્ઞ કદી સમગ્ર વ્યક્તિનો વિરોધ ન કરે. એ તો વિચારે કે એના એકાદ દુર્ગુણ સંગે બીજા ઘણા સદ્‌ગુણો એનામાં હશે. ચોકસી જેમ સોનાનો ટચ જુએ તેમ એ તો સામાની વિશિષ્ટતા સ્વીકારે. એ વ્યક્તિનો નહીં, પણ

એના દુર્ગુણનો વિરોધ કરશે. એનામાં ગુણદોષની સમીક્ષા કરવાની શક્તિ આવી હોય છે.

જે માણસ એકને ખાતર સામાના નવ્વાણુ ગુણો સામે, આખી વ્યક્તિ સામે વિરોધ કરે છે તે કદી ઉત્કર્ષ સાધી શકતો નથી. આજે આવા મતભેદોને લીધે મન-ભેદ વધવા લાગ્યા છે અને અનેક સંપ્રદાયોમાં, સંસ્થા-ઓમાં મતોના ઝઘડા ચાલ્યા છે. આપણે તો એ જોવાનું છે કે નવ્વાણુમાં જો આપણે એકમત છીએ તો એટલી બાબતોમાં તો સાથે મળી કામ કરીએ!

હંસની પાસે પાણી અને દૂધ ભેગાં કરી મૂકો તો એની વિશિષ્ટ શક્તિથી એ દૂધ પી જાય છે અને પાણી છોડી દે છે. એના આ કાર્યને માટે 'વિવેક' શબ્દ વપરાયો છે. આપણી પાસે પણ હંસના જેવી શક્તિ હોવી જોઈએ, જેથી આપણે સાર લઈએ અને અસાર છોડીએ. વિશ્વમાં ગમે ત્યાંથી સારું મળે તો એ લઈ લેવું. જો માણસ આમ નહીં કરે તો વિશ્વનું કેટલુંય સારું એની પાસેથી સરકી જવાનું છે. સારું લેવું અને સારું ન સમજાય તો સારું જેણે જીવનમાં ઉતાર્યું છે એને નમ્રતાપૂર્વક અનુસરો.

શ્રી હરિભદ્ર ભટ્ટ એટલે મેવાડના અત્યંત સમર્થ વિદ્વાન. એમણે એક નિયમ રાખેલો કે સારું ગમે ત્યાંથી લેવું અને જ્યારે સારું ન સમજાય ત્યારે સામાને પૂછવું—એના શિષ્ય થઈ જવું.

એક વાર એમણે એક સાધ્વીને જોઈ. એ 'ચક્રી દો ચક્રી' એમ એક ગાથા ગોખી રહી હતી. હરિભદ્રને એ સમજાયું નહીં એટલે એ એની પાસે ગયા અને અર્થ

પૂછયો, શિષ્ય બનીને, ગુરુ બનીને નહીં. આજે તો ન આવડે તો કેટલાક લોકો દંભ કરે છે અને ગુરુ બનીને શીખવા માગે છે, પણ ગુરુ બનીને વિદ્યા શીખવા જાય છે એને વિદ્યા મળતી નથી, અને કદાચ મળી જાય છે તો એને કામ લાગતી નથી. વિનયથી મળેલી વિદ્યા તો સંજીવની બની શકે છે. દુનિયાની બધી વસ્તુ માણસને મારનારી છે, માત્ર વિદ્યા એક જ એને તારનારી છે. વિદ્યા જ ખરે વખતે માણસને સદ્ગતિએ લઈ જાય છે. વિદ્યા મેળવવા શિષ્ય બનવું પડે છે; આ વિદ્યારૂપી નૌકાથી આપણે ભવસાગર તરી શકીએ છીએ, આ માટે આપણામાં વિનય અને નમ્રતા જોઈએ.

દત્તાત્રયે જ્ઞાન ખાતર કૂતરાનેય ગુરુ ગણેલો. એમના ચોવીસ ગુરુઓમાંનો એક તે કૂતરો. એની પાસેથી એ વફાદારીનો ગુણ શીખ્યા. હંસ એમનો બીજો ગુરુ; એની પાસેથી એ વિવેક શીખ્યા. બગલો પણ એમનો ગુરુ; એની પાસેથી તેઓ ધ્યાનની એકાગ્રતા શીખ્યા. હેતુની પ્રાપ્તિ માટેની સાવધાનતા તેઓ કાગડા પાસેથી શીખ્યા; એમણે વિશ્વનાં પ્રાણીઓને આમ ગુરુ બનાવ્યાં અને કંઈ કંઈ શીખ્યા; પણ આપણે તો જ્ઞાનીનેય ગુરુ નથી બનાવી શકતા. તો શું શીખી શકવાના છીએ! આજે તો આપણે નુગરા થઈ રહ્યા છીએ.

આજે ગુરુ જેવું તત્ત્વ જ ક્યાં રહ્યું છે! જે માણસ પોતાને પંડિત માને, એ બીજા પાસેથી શું લઈ શકવાનો? આત્માના ઉત્કર્ષ માટે જનારાએ તો બાળક જેવા નિર્દોષ બનીને જવુ જોઈએ. હરિભદ્ર બાળકને ભાવે પેલી સાધ્વી

પાસે ગયા અને અર્થ પૂછયો. સાધ્વીએ આ વિદ્વાનને પોતાના ગુરુ પાસે મોકલ્યા. એ ષડ્દર્શનના જાણકાર હતા. ગુરુએ હરિભદ્ર ભટ્ટને પ્રતિબોધ કર્યા; જીવનનું રહસ્ય બતાવ્યું. એ ઝૂકી પડયા અને દીક્ષા લીધી. પછી તો એ શાસનપ્રભાવક મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વર થયા. પણ તેઓ પેલાં સાધ્વીનો ઉપકાર ન ભૂલ્યા; કારણ કે માર્ગદર્શક એ બન્યાં હતાં તેથી જ એમણે જેટલા ગ્રંથો લખ્યા, તેને અંતે પોતાની જાતને યાકિની-સૂનુ સાધ્વીપુત્ર તરીકે એ પોતાને ઓળખાવે છે. આવા સમર્થ આચાર્ય પણ સાધ્વીને ગુરુ માને છે!

કોઈએ એક વાર આચાર્ય હરિભદ્રને પૂછેલું કે તમે કપિલના ભક્ત હતા અને મહાવીરના ભક્ત કેમ બન્યા? ત્યારે તેમણે જવાબ આપ્યો, 'મને મહાવીરનો પક્ષપાત નથી; કપિલ ઉપર દ્વેષ નથી. યુક્તિપૂર્ણ જેનું વચન હતું તેનો મેં સ્વીકાર કર્યો છે.' આજે તો માણસને જે ગમે એનો એને રાગ જાગે છે અને ન ગમે એનો દ્વેષ કરે છે. ખરી રીતે માણસે આ બેની વચ્ચે રહેવાનું છે. ખીણ અને પર્વત બેની વચ્ચેથી રસ્તો કાઢવાનો છે. રાગ એ ખીણ છે; દ્વેષ એ ટેકરો છે. ન રાગમાં રહો; ન દ્વેષમાં. વચ્ચેનો મધ્યસ્થ ભાવ જ આપણે કેળવવાનો છે.

જેનાં વચનો, શાસ્ત્રો, જીવન અને અનુભવ સાથે બંધબેસતાં થાય, જે આપણી બુદ્ધિમાં બેસે અને જે વચનો જ્ઞાનથી સારાં લાગે તેને સ્વીકારવાં. દરેક વાત સમજવી જોઈએ; પછી સમજીએ અને સારી લાગે તો

જીવનમાં ઉતારવી. માણુસો સમજવા પ્રયત્ન કરતા નથી અને તેથી જીવનમાં ઉતારતાય નથી.

પૂજા, સામયિક, પ્રતિક્રમણુ વગેરે બધાંનાં સાચાં મૂલ્યો, એનો અર્થ, ભાવ સમજવો જોઈએ, પછી એ બોલાય તો ઝોકાં નહીં આવે. ભગવાનની વાતો આવી રીતે વિચારશો તો ખૂબ સરળ ને સાદી છે. આગમ અત્યંત સરળ છે, સુંદર છે પણુ આપણે એને સમજવા પૂરો સમય જ કાઢતા નથી.

જીવનનું પરમ સત્ય દરેકને મળી શકે એમ છે કારણુ કે એ સરળ છે. માટે કહ્યું છે, 'જે મને સમજાય છે તેનો હું સ્વીકાર કરું છું.' જેણે વિશેષજ્ઞ બનવું છે એણે વસ્તુનો ગુણુ-ધર્મ જાણુવો જોઈએ. આ કાર્ય પક્ષપાતની ભાવના વિના થવું જોઈએ અપક્ષપાતભાવે જો તમે ગુણુદોષનો વિચાર કરો તો ધર્મને માટેની લાયકાત આવે. માણુસ વિશેષજ્ઞ હોય તો આ આવે. જ્યાં સુધી એ નહીં આવે ત્યાં સુધી ધર્મની યોગ્યતા નહીં આવે. આ યોગ્યતા એટલે પાત્રતા. આ યોગ્યતા ન હોય તો પાત્રમાં મળેલી વસ્તુ ટકી શકે નહીં. એટલે જ્યારે વિશેષજ્ઞતા આવે છે ત્યારે માણુસના મતાગ્રહ, દુરાગ્રહ, પક્ષપાત વગેરે રહેતા નથી.

ગુણુનો સ્વીકાર કરશો એટલે જીવનમાં ઉલ્લાસ અને પ્રકાશ આવશે. ધર્મના મહાશિખરે પહોંચવાને માટે, વિશેષજ્ઞતા એક પગથિયું છે. એ જીવનમાં આવશે એટલે દૃષ્ટિની વિશાળતા આપોઆપ આવી જશે.

ઈંડાની અંદરનું પંખી દુનિયાને ઈંડા જેવડી જાણે

છે. પછી એ બહાર નીકળે છે ત્યારે એને દુનિયા માળા જેવડી લાગે છે. છેવટે પાંખો ને આંખો મળતાં, અનંત આકાશમાં એ ઊડે છે અને અપાર સાગરને જુએ છે ત્યારે એને લાગે છે કે દુનિયા તો વિશાળ છે. આમ, એની ઉપરનું કોચલું તૂટે છે ત્યારે એની દૃષ્ટિ વિશાળ બને છે. આપણાં મગજ, બુદ્ધિ અને આંખની આસપાસ આજે આવાં કોચલાં જામ્યાં છે. એ તૂટે ત્યારે જ જગતના પદાર્થોની અનંતતા સમજાય.

[४०]

વૃદ્ધાનુગામી

આપણે જોયું કે ધર્મરત્ન મેળવનાર વિશેષજ્ઞ હોય. વિશેષજ્ઞ હોય તો ગોળ અને ખોળ તથા સાચા અને ખોટા વચ્ચેનો વિવેક એ કરી શકશે. વિશેષજ્ઞ હો તો આ વિવેક આવે. આને માટે બુદ્ધિને કસવાની જરૂર છે. આંધળિયાં કરી દોટ મૂકવાનો કશો અર્થ નથી.

કોઈ પણ વાતને સાંભળ્યા પછી પ્રજ્ઞાથી વિચારો; આલોચના કરો. દરેક વાતનું શ્રવણ, મનન, નિદિધ્યાસન રાખો. આવો આત્મા વિશેષજ્ઞ હોય. એવો માણસ દુનિયાના વિશિષ્ટ તત્ત્વને ગમે ત્યાંથી શોધી કાઢશે. સારું હશે તે લઈને અંતરમાં ભરશે. કચરા ભેગી પડેલી ગીની ફેંકી દેવાની નથી હોતી; ખરાબની વચ્ચે પડેલું પણ સારું હશે તો એ લઈ લેશે.

જ્યારે આ પ્રજ્ઞા, વિશેષજ્ઞતા આવશે ત્યારે સારા-ખોટાનો વિવેક સરસ બનશે. જૂનું હોય છતાં ખોટું હોય તો એનો ત્યાગ કરો. સારું, પછી એ અર્વાચીન હોય તોપણ ગ્રહણ કરો. જે અવિચ્છિન્ન છે તેનો સ્વીકાર કરો.

વૃદ્ધાનુગ હવે પછીનો સદ્દગુણ છે. વિશેષજ્ઞ વૃદ્ધોનો અનુગામી બને છે. તમને દોરનાર અને પ્રેરણા આપનાર કોણ છે? વૃદ્ધો. જેણે માર્ગ જોયો છે અને તેની ઉપર ચાલેલ છે, એ બીજાને માર્ગ બતાવી શકે. એમનું અનુકરણ કરો તો એમનું ઠરેલપણું, અનુભવ તમને મળે અને માણસ ઠોકરમાંથી બચી શકે. એ માર્ગના એ જાણકાર હોય છે તેથી, માર્ગમાં આવતા ભયો આપણને એ બતાવી શકે છે. ખાડા — ખીણમાંથી જે પસાર થયેલો હોય તે જ રસ્તાનો ભોમિયો થઈ બીજાને માર્ગ બતાવી શકે છે.

કેટલાક લોકો કહે છે કે વૃદ્ધનો અનુભવ અમારે નથી જોઈતો; અમારે તો જાતે અનુભવ કરવો છે. પણ ઝેર અને અફીણના કાંઈ અનુભવ અને અખતરા હોય? એના અખતરા કરનાર ઠોકર ખાય છે અને એમાં પોતે પણ પૂરા થઈ જાય છે. આટલા માટે કહેવામાં આવ્યું છે, 'महाजनो येन गतः स पन्थाः' મહાજન એટલે જેનામાં મહત્તા છે, જે વિશિષ્ટ તત્ત્વવાળા છે, એવાને પગલે ચાલીએ તો આપણે ખાડા-ટેકરામાંથી બચી શકીએ.

આ વૃદ્ધ એટલે ધોળા વાળવાળો, દાંત વગરનો નહીં. આ વૃદ્ધત્વને દેહ સાથે સંબંધ નથી, ઉંમર સાથે સંબંધ નથી.

એક રાજાની સભામાં એક શેઠ આવ્યો. રાજાએ એને પૂછ્યું કે તમને કેટલાં વરસ થયાં છે? તમારે દીકરા કેટલા છે? તમારી સંપત્તિ કેટલી છે? શેઠે કહ્યું કે મારી ઉંમર દસ વરસની છે; દીકરા કેટલા છે એની મને ખબર નથી; સંપત્તિ ચાલીસેક હજારની છે. લોકો એને જાણતા

હતા તેથી એની આ ત્રણેય વાતોથી રાજસભાને આશ્ચર્ય થયું, કૌતુક થયું. રાજાએ આની સ્પષ્ટતા કરવાની આજ્ઞા કરી.

શેઠે જે વર્ષોની વાત કરી, એ જુદા અર્થની હતી. એટલે જ્યારે વાવણી શરૂ થઈ, ખેતી શરૂ કરી, જ્યારથી ઇન્દ્રિયોને જીતવાની શરૂઆત કરી, આત્મબુદ્ધિ જાગી, તે કાળથી વર્ષની શરૂઆત ગણાય. બાકી તો જીવનમાં જે વર્ષો આહાર, નિદ્રા, ભય, મૈથુન અને પરિગ્રહમાં ગયાં તેને કોણ ગણે છે? જ્યારથી માણસના જીવનમાં ધર્મબીજ વવાય, ઊગે, ધર્મને એ સમજે, ચિંતન, મનન, ત્યાગ અને સંયમ કેળવે ત્યારે એ ધર્મમાર્ગે વળ્યો ગણાય. આવો ધર્મી માણસ, આહારની આસક્તિમાં સમય ન ગાળે, ઊંઘને ચિંતનથી જીતે, ભયને સમયે અભય રહે; કામભોગને યોગથી નાથે અને પરિગ્રહ લોભને સંતોષ – સંયમથી ગાળે, આ પાંચ ઉપર વિજય મેળવ્યો એટલે ધર્મનું બીજ વવાયું છે. બહારનો પલટો અસ્થાયી છે. બહારનું ચારિત્ર તો ઘણા બતાવે પણ તે માત્ર દેખાવનું. સમ્યક્ત્વ હોય ત્યારે અંદરનો ખરો પલટો આવે છે, પછી દરેક કામમાં સાવધાનતા આવે છે. હું કરું, તે કેટલા જુએ છે? એ ભાવના આજે વધુ ચાલી રહી છે. પણ પ્રદર્શનની ભાવનાથી, સ્વદર્શન નથી મળતું. જો ખરું સ્વદર્શન કરીએ તો બહારના પ્રદર્શનની પછી જરૂર પણ નહીં રહે. પણ આ બે દર્શનો સાથે ન રહી શકે. કાં તો પ્રદર્શન કર્યા કરો અને કાં તો સ્વદર્શન તરફ વળો.

આવો વૃદ્ધ માણુસ, અંદરના આત્મા તરફ વળેલો હોય છે. એટલા માટે એને 'પરિપકવ બુદ્ધિ' કહ્યો છે. એનો અર્થ એ કે વૃદ્ધ પરિપકવ બુદ્ધિવાળો હોય; એની વાતોમાં મીઠાશ હોય; એનામાં કટુતા, ખટાશ ન હોય. પાકેલી કેરીનો સ્વાદ સૌને મીઠો લાગે છે એમ, જેની વાતો, વિચારો સાંભળી આનંદ જાગે તે વૃદ્ધ.

આજે વૃદ્ધોનાં વાણી, વિચાર, વર્તનમાં આ પરિપકવતા, મીઠાશ છે ખરી? એ ન હોય તો જીવનને એકડે એકથી ફરી ઘૂંટવું જોઈએ. આજે તો વૃદ્ધાવસ્થા આવતાં માણુસમાં કટુતા આવે છે. ખરી રીતે તો આવે વખતે જિંદગીના અનુભવો લીધા પછી, એણે શાંતિનું સરોવર અને વાત્સલ્યનું ઝરણું બનવું જોઈએ. વૃદ્ધોએ પોતાની કટુતાથી ભારરૂપ ન બનતાં, પ્રસન્નતાથી વાતાવરણ હળવું બનાવવું જોઈએ. આને માટે પરિપકવતા જરૂરી છે.

આવા વૃદ્ધે તપ, ઉપવાસ જ નહીં પણ તિતિક્ષા, સહનશક્તિ કેળવવાની છે. ભક્તિ કરવાની છે અને કાયા પર કષ્ટ આવે તોપણ સહેવાનું છે. સહન કરવા માટેનું સામૂહિક નામ એટલે તપ. માણુસ જેટલું તપ કરે તેટલો તે ઘડાય. આ તપ ગમે તે અવસ્થામાં શકય છે.

કાચા ઘડામાં પાણી ભરો તો એ ફૂટી જશે અને પાણી પણ ચાલ્યું જશે. પણ એને તડકો મળે, તાપમાંથી એ પસાર થાય ત્યારે ટકોરા સહન કરવાની પણ શક્તિ આવે. તપના તાપ પછી યોગ્યતા આવે છે અને જીવન સરળ બને છે.

સાધના અને તિતિક્ષા માનસને ઘડે છે. પછી એ દુઃખોથી પણ ફૂટશે નહીં કે ફાટશે નહીં. જેમાં અમૃત રહી શકે એવું પાત્ર બનવા માટે આ તપ – તિતિક્ષાની ખાસ જરૂર છે, અને કડવા ઘૂંટડા પી જવાના છે. માણસ જ્યારે આવી જાતનાં છ બાહ્ય અને છ આંતર તપમાંથી પસાર થાય છે ત્યારે એનામાં પૂર્ણતા આવે છે. આંતરિક તપ-પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ તથા બાહ્ય-અનશન, ઉણોદરી, વૃત્તિસંક્ષેપ, કાયક્લેશ, રસત્યાગ અને સલ્લિનતા–તપસ્વાભાવિક બને છે.

આમ તપની ઉપાસના દ્વારા એ તપોવૃદ્ધ, જ્ઞાનની ઉપાસના દ્વારા જ્ઞાનવૃદ્ધ, સંયમની ઉપાસના દ્વારા ચારિત્ર્ય-વૃદ્ધ હોય.

જનક રાજાને એક વાર ઊંઘમાં સ્વપ્ન આવે છે. એમાં એ હારે છે ને ભિખારી બને છે, માગી લાવેલા અનાજથી પેટ ભરે છે, વધેલું થોડુંક સાંજ માટે ઢાંકી રાખે છે. ત્યાં લડતા લડતા બે આખલા આવે છે અને અનાજ ધૂળમા મળતાં સાંજે શું ખાઈશ એનો ભય જાગે છે ને ત્યાં જ એમની આંખ ઊઘડી જાય છે. જુએ છે તો પોતે રાજ-મહેલમાં પલંગમાં સૂતેલા છે અને નોકરો ખમા ખમા કરી રહ્યા છે.

બીજે દિવસે રાજસભામાં એ બધા વિદ્વાનોને પૂછે છે કે एतत् सत्यं वा तत् सत्यम् ? આ સાચું કે તે સાચું ? કોઈ જવાબ નથી આપી શકતું. ને ઉત્તર ન આપી શકે તેને એ કેદમાં નાખે છે. ત્યાં મહા વિદ્વાન અષ્ટાવક્ર સભામાં આવે છે. એનાં આઠેય અંગો વાંકાં જોઈ સભા હસી પડે

છે. આમ બધાને હસતાં જોઈ અષ્ટાવક્ર પણ હસવા લાગે છે.

રાજાએ એમને પૂછ્યું કે અમે સૌ તો તમારાં વાંકાં અંગો જોઈ ને હસ્યા પણ તમે શા માટે હસ્યા? એમણે જવાબ આપ્યો કે અહીં બધા ચમારો ભેગા થયા છે; તમે એ ચમારોના રાજા હોવા છતાં જનકવિદેહી તરીકે ઓળખાઓ છો એ જાણીને હું હસ્યો.

રાજાએ એમને પૂછ્યું કે અમને ચમાર કહેનાર તમે કોણ છો? એમણે જવાબ આપ્યો કે મેં તમને ચમાર કહ્યા કારણ કે તમે સૌએ મારી ચામડી જોઈ અને હસવા લાગ્યા; કોઈ એ એની અંદર રહેલા જ્ઞાનજ્યોત, દિવ્ય આત્માને જોવા પ્રયત્ન ન કર્યો. ચામડાને કોણ જુએ? ચમાર.

આપણે પણ આજે લોકોના દેહ જોઈએ છીએ, બાહ્ય રૂપને જોઈએ છીએ. આપણી આંખ પાસે માત્ર રૂપરંગનો આકાર જ આવે છે. પણ જો આપણે અંદરના આત્માને જોવાની દૃષ્ટિ નહીં કેળવીએ તો આત્મજ્ઞાન ક્યાંથી આવશે?

નાની એવી કીડીને જ જુઓને! એનામાંય આપણા જેવી સુખદુઃખની સંવેદના પડી છે. સુખને એ ચાહે છે, ગળપણ એનેય ગમે છે, એનેય તડકો નથી ગમતો, એનેય છાયાની શાંતિ જોઈએ છે. આવી કીડીને જોતાં, આપણા જ જેવા આત્માનું આપણને જ્ઞાન જાગે છે ખરું? એના જેવાં બીજાં પ્રાણીમાત્ર પ્રત્યે સમભાવ જાગે છે ખરો? માટે બાહ્ય રૂપ, રંગ અને દેહના આકારને જોવા સાથે અંદર રહેલા અદ્ભુત આત્માને જોતાં શીખવું જોઈએ.

નરનારીના બાહ્ય રૂપની પાછળ રહેલ આત્માનું દર્શન કરીએ —

'નરનારીના રૂપમાં હાડ, ચામ ને માંસ,
શું એને જ સુંદર કહો, જેમાં દુર્ગંધ ખાસ ?'

એક્સ-રેના ફોટામાં જેમ બાહ્ય કપડાં વગેરે નહીં, પણ અંદરના ભાગનું પ્રતિબિમ્બ ઝિલાય છે તેમ આપણે પણ દેહની પાછળ રહેલા પરમ તત્ત્વને જોવાનું દર્શન પામીએ.

જનક રાજા સમજી ગયા કે આ છોકરો ખરો જ્ઞાન-વૃદ્ધ છે; એનાં અંગો વાંકાં છે, એની ઉંમર નાની છે પણ એનામાં જ્ઞાન કેવું સુંદર છે! જનકે એમને પેલો પ્રશ્ન પૂછ્યો કે एतत् सत्यम् वा तत् सत्यम्? એમાંથી સાચું શું? આવા પ્રશ્નોનો જવાબ આપવાનું જ્ઞાન, સંસ્કૃત કે પ્રાકૃતના ચોપડા ભણ્યે નથી આવતું. એ તો જેના અંતરની દાબડી ખૂલી જાય, તેનામાંથી ખજાનો મળે, સુવાસ લાધે. માટે કહેવામાં આવ્યું છે કે શાસ્ત્રો બરાબર સમજો. શાસ્ત્રો તો નિસરણી છે. આચરણથી ઉપર ચઢાવે અને અહંથી નીચે પણ પહોંચાડે. પછી ઉપર ચડવાનું કામ અનુભવ અને અભ્યાસની સાધનાથી જાતે કરવાનું છે.

અષ્ટાવક્ર આવા જ્ઞાનવૃદ્ધ હતા. એમણે આ અધ્ધર પ્રશ્ન સાંભળ્યો છતાં એની પાછળનો અર્થ એ સમજી ગયા. એમણે જવાબ આપ્યો કે 'तदापि असत्यम् एतदपि असत्यम्' આ પણ ખોટું છે અને તે સ્વપ્ન પણ ખોટું છે. આ આંખ બંધ થાય તો ખોટું, અને પેલું, આંખ

ભૂલી જાય તો ખોટું; બંને સ્વપ્ન જેવાં છે, અસાર છે.

આપણને આ જ્ઞાન સમજાયું નથી. આજે તો અહીંની વસ્તુને વળગીને આપણે બેઠા છીએ. સ્વપ્નમાંય પ્રિય વસ્તુ જાય તો રડીએ અને જાગતાંય રડીએ. રડવાનું ચાલુ છે. જ્ઞાનદશાથી સમજીએ તો આ જીવન પણ એક સ્વપ્નું જ છે. સ્વપ્નમાંથી જાગતાં એ જેમ ખોટું લાગે છે તેમ આત્મજાગૃતિ આવે છે ત્યારે બંને સરખાં અસત્ય લાગે છે.

[૪૧]

અનુભવની એરણ

વૃદ્ધોને અનુસરીએ તો વિપત્તિમાંથી ઊગરી જઈએ. પણ વૃદ્ધોને અનુસરતાં પહેલાં, સાચો વૃદ્ધ કોણ એ સમજીએ. વર્ષો કાઢયાં તેથી જ્ઞાન આવ્યું છે એમ નહીં. એટલા માટે બર્નાર્ડ શૉએ કહેલું કે વર્ષો સાથે જ્ઞાનનો સંબંધ હોય તો લંડનના પથરા વધુ જ્ઞાની ગણાવા જોઈએ. પણ વૃદ્ધનો એ અર્થ નથી.

શાસ્ત્રમાં વૃદ્ધના એવા ચાર પ્રકાર કહેલા છે. જ્ઞાન-વૃદ્ધ, તપોવૃદ્ધ, ચારિત્ર્યવૃદ્ધ, વયોવૃદ્ધ. તપ કે તિતિક્ષા વડે સુંદર જીવન ગાળે તે તપોવૃદ્ધ. એનો પ્રભાવ સમાજ આખા પર પડે; એ સમાજમાં આવીને બેસે તો સૌનું ધ્યાન જાય, સૌને માન થાય, અને શાંતિનું વાતાવરણ પ્રસરે. ચારિત્ર્યવૃદ્ધ એટલે આરાધના, નિષ્કલંક જીવન, સેવામાં તરબોળ. બીજાનું દુઃખ જોઈ એની આંખમાં સમ-વેદનાનાં આંસુ આવે; અન્યનાં પાપ જોઈ એ વ્યથા પામે. પુણ્ય પનોતા ચારિત્ર્યથી દીપે. વયોવૃદ્ધ એટલે જીવનફળની પરિપક્વતાથી મધુર થયા હોય તે. આવા લોકોના

નેતૃત્વથી સમાજ સુખી થાય છે.

વૃદ્ધની વ્યાખ્યામાં વિશેષમાં કહેલું છે કે ધોળા વાળવાળો હોય તે જ વૃદ્ધ નહીં, પણ જે તપોવૃદ્ધ અને શ્રુતવૃદ્ધ હોય, જેણે ખૂબ સાંભળ્યું હોય તે બહુશ્રુત. Wellread – પુસ્તકપંડિત – અને બહુશ્રુતમાં ફેર છે. એ બેઉ એકબીજાના પર્યાયવાચક શબ્દો નથી. પુસ્તકપંડિતે ઘણું વાંચેલું હોય છે; બહુશ્રુતે ઘણું સાંભળ્યું હોય છે. વાંચવા અને સાંભળવામાં ભાવનાનો ફેર છે. વાંચનારો ખુરશીમાં બેઠો બેઠો ઘણું વાંચી નાખે; પણ બહુશ્રુતને તો શ્રવણ કરવા ત્યાગ કરવો પડે છે; શિષ્યભાવે ઉપાસના કરવી પડે છે. જગતમાં પોથીપંડિતો ઘણા મળે છે, પણ એમની પાસે માત્ર સ્મૃતિનો સંચય હોય છે; શ્રવણ–સાધનાની મૂડી નહીં.

શ્રુત શ્રવણ દ્વારા આવે છે. આગમો એ શ્રુત છે; એ કાંઈ લખાયેલાં ન હતાં. ભગવાન પાસેથી શ્રી ગૌતમે શ્રી સુધર્માએ; સુધર્મા પાસેથી જમ્બૂએ; એમ એ શ્રુતજ્ઞાન શ્રવણ દ્વારા ઝિલાયું છે. આ શ્રુતજ્ઞાન ઉપાસના, સંયમ, ત્યાગ અને તપ દ્વારા આવે છે. જેનામાં એ જ્ઞાન આવે તેનું જીવન પલટાઈ જાય. શ્રુત સાંભળવાથી જીવનમાં ત્યાગનો સૂર્ય ઉદય પામે છે અને અમાસનો અંધકાર ચાલ્યો જાય છે.

માણુસ ગુરુ પાસે સાંભળવા આવે છે. માણુસ માથું નમાવે છે ને તેનો અહંકાર ઓછો થાય છે. આટલા માટે હરિભદ્રસૂરિ મહારાજે કહ્યું છે કે સાધુની સેવાથી ત્રણ ફાયદા થાય છે: સંતના હૃદયમાંથી નીતરતો ઉપદેશ સાંભળવા મળે, ધર્મનું આચરણ કરતી વ્યક્તિનાં દર્શનથી

પ્રેરણા મળે અને વિનય કરવાનું ઉત્તમ સ્થાન મળે. મુક્ત હોય તે મુક્તિમાં સહાય કરે. રાગમાંથી બહાર કઢાવે. સસારની ખાણુમાંથી માનવતાનું સોનું પ્રગટાવે.

આજે છાપાવાળા, અને પૈસા માટે જ કથા વાંચતા લોકો પણ ધર્મની વાતો કરતા થયા છે, પણ એ બધું હજામ ઝવેરાતની વાત કરે એના જેવું જ લાગે. અનધિકારીની વાતો ન શોભે; એ માટે અધિકાર જોઈએ, યોગ્યતા જોઈએ, પાત્રતા જોઈએ.

માથું તો મંદિરને, ગુરુને, વડીલને નમવું જોઈએ. આપણામાં જો નમવાનો વિનય આવશે તો પાછળની પ્રજા પણ એમ કરશે.

શ્રુત એટલે શ્રવણ; અને તે પણ ભક્તિ અને વિનયપૂર્વક. આમ સાંભળનારા ઉપદેશને સાંભળીને પચાવે છે. શિયાળાની ઠંડીમાં અગ્નિ વિશેનું સુંદર કાવ્ય વાંચવા બેસો, તેથી ટાઢ જાય નહીં, પણ તાપણીનો સંપર્ક સાધો તો ઉષ્મા આવે. એકલું પોથીવાચન એ તો અગ્નિ વિશેના કાવ્યવાચન જેવું છે. જેનામાં ચારિત્ર્ય છે, એની પાસે જાઓ તો તમને એની હૂંફ મળે, તમારા મન ઉપર એની સુંદર અસર થાય એટલે, સંતોનાં પુસ્તકો કરતાં, તેમનો સંપર્ક, શ્રવણ વધુ ઇચ્છનીય છે.

આ માટે જૂના કાળમાં ગુરુકુળ – ગુરુઆશ્રમો હતા. ગુરુ પાસે બેસી, અંતેવાસી થઈ, શિષ્યો અભ્યાસ કરતા. એમના જ્ઞાનથી જીવનમાં પૂર્ણતા અને પરિપકવતા આવતી. એ કાળના ગુરુ જોતા કે આપેલું જ્ઞાન એનામાં કેટલું ઊતર્યું છે; એની તેઓ પરીક્ષા લેતા અને આ રીતે વૃદ્ધો પાસેથી શિષ્યો વિનયપૂર્વક જીવનનું જ્ઞાન મેળવતા.

આ વૃદ્ધને યમ હોય; પોતાની ઇંદ્રિયો ઉપર એનો યમ હોય. આંખ, નાક, કાન — બધાનો સ્વભાવ તણાઈ જવાનો છે. પણ જ્ઞાની સંયમથી સર્વને કાબૂમાં રાખે છે. વળી તેનો સંયમ સુંદર હોય છે. એનામાં ચારિત્ર્યજીવનની મધુર સુંદરતા હોય છે. આ બધું જ્યારથી આવવા માંડે ત્યારથી એની ઉંમરનાં સાચાં વર્ષો શરૂ થયાં ગણાય.

પેલા શેઠે એટલા માટે કહેલું કે છેલ્લાં દસ વર્ષથી જ મને આ દૃષ્ટિ આવી છે; બાકીનાં વર્ષો તો નકામાં ગયાં. તપ, શ્રુત, એકાગ્રતા, વિવેક, જ્ઞાન અને ચારિત્ર્ય — આ છમાંથી એકાદનો પણ ઉદય થાય ત્યારથી ખરી ઉંમર ગણાવી જોઈએ.

રાજાનો બીજો પ્રશ્ન 'કેટલી મૂડી છે?' એ હતો. લાખોપતિ, છતાં એણે ૪૦ હજારની મૂડી કહી. કારણ? સાચા રૂપિયા તો એ કે જે સારાં કામોમાં વાપર્યા હોય. ભેગા કરીને મૂકી જનાર જગતમાં ઘણા હોય છે, પણ પ્રેમથી પોતાને હાથે, સ્વેચ્છાથી ખરચી જનારા વિરલ હોય છે. પ્રેમથી વાવેલું જરૂર ઊગી નીકળે છે.

જે કરો તે ભાવથી કરો. ફૂલપૂજા એ હૃદયનો ભાવ છે, એ કંઈ ઢગલા કરવા જેવી વસ્તુ નથી. ભલે એક ફૂલ ચઢાવો પણ તે ભાવથી, અર્પણતાના આહ્લાદથી ચઢાવો. પાંચ કોડીનાં ફૂલ ચઢાવતાં પણ કુમારપાળની આંખમાં હર્ષનાં આંસુ આવ્યાં.

સાચો વાપરેલો પૈસો એ કે જે વાપર્યા પછી આનંદ આવે. દાણો-બિયારણ સારું હોય તો જ પાક સારો આવે. એવી પ્રસન્નતાથી આપો કે તમારું વાવેલું સુંદર

રીતે બહાર આવે, માટે શેઠે જવાબ આપ્યો કે આવા કામમાં વાપરેલી રકમ તે ચાળીસ હજારની. એની પાછળ મારી આવી ભાવના હતી.

આજ સુધીના જન્મોમાં આપણે કીડીની માફક દરમાં ભેગું જ કર્યું છે. પાપ કરી કરી દુર્ગતિ પામ્યા છીએ પણ ભેગું કરેલું અહીં પડી રહેવાનું છે. તો શું આટલી સમજણ પછી પણ, હજુ પેલી કીડીઓ જેવું જીવન જીવવું છે?

શેઠને ત્રીજો પ્રશ્ન પૂછવામાં આવેલો કે દીકરા કેટલા? મા-બાપ મરવા પડે અને એને જે શાંતિ આપે — જે એમની સેવા કરે — છેલ્લી ઘડીએ કાનમાં પ્રભુનું નામ સંભળાવે — જે શાંતિથી વિદાય આપે એ સાચા દીકરા.

અંતિમ કાળે પિતાને સમાધિ ન કરાવે તો એ દીકરા શા કામના? છેલ્લી પળે ભગવાનનું નામ સંભળાવે એ જ સાચા દીકરા; બાકી બધા દીપડા!

શ્વાન પણ અન્ન અને દૂધ માટે પાછળ પાછળ ભમે છે. એમ, પિતાની મૂડી માટે બાપ પાસે ભમનારા મતલબિયા ઘણા હોય છે. દીકરાની ખરી મહત્તા તો એ છે કે બાપની પાસે ભલે કંઈ ન હોય છતાં સમજે કે જીવનભર માબાપના એની ઉપર ઉપકાર છે. સમાધિપૂર્વક માબાપનું મૃત્યુ કરાવે, એની અંતિમ ઇચ્છા ને ભાવનાઓ પૂરી કરે એ ખરા દીકરા.

આપણે તેથી જોયું કે જેનામાં આ છ વિશેષણો હોય તે વૃદ્ધ ગણાય. આવો વૃદ્ધ પાપાચારમાં પ્રવૃત્ત ન હોય. જેઓમાં જીવનનો અનુભવ છે, જ્ઞાન, તપ, શિયળ

છે તેનું અનુગામિત્વ એ સારું છે. આવા વૃદ્ધો જો સમાજના નેતા હોય તો સમાજને સાચે રસ્તે દોરે અને સર્વનું શ્રેય થાય.

[૪૨]

વિનય

જેમ બધા ધર્મોનું મૂળ દયા છે, એમ બધાય ગુણોનું મૂળ વિનય છે. વિનય ન હોય તો કર્યું-કરાવ્યું બધું નકામું જાય છે. આટલા માટે જ આપણે બાળકોને સર્વ પ્રથમ વિનય શીખવીએ છીએ. વિનય હશે તો બીજું બધું આવશે. જેનામાં ગુણીજન માટે પૂજ્યભાવ નથી, એ એમની પાસેથી શું મેળવી શકે? આ વિનય એટલે સીધું પાત્ર; અવિનય એટલે ઊંધું પાત્ર. સીધું પાત્ર હોય તો વસ્તુ એમાં રહી શકે; ઊંધું પાત્ર હોય તો વસ્તુ ઢોળાઈ જાય.

આ પ્રમાણે, જે વિનયશીલ હોય છે એનામાં કાંઈ પણ રેડો તેને તે તરત જ ઝીલી લેશે; જ્યારે અવિનયવાળા માણસમાંથી એ ઢોળાઈ જશે. ધૂળમાં ઘી રેડી, ગોળ નાખી લાડવા વાળીએ, તો ખવાય નહીં. લાડવા લોટના જીવનમાં થાય; ધૂળના નહીં. અવિનય હોય તો ધૂળ-ગોળના લાડવા જેવી અવસ્થા થાય. માટે વિનય કેળવવો અત્યંત જરૂરી છે. આપણા વિચાર, વાણી અને વર્તનમાં વિનય

હશે તો જ આપણે બીજાને, આપણાં બાળકોને એનો ખરો વારસો આપી શકીશું.

એક બાઈને એવી ટેવ કે સાસુ જ્યારે ખાવાનું માગે ત્યારે એ પિત્તળ કે કાંસાના વાસણમાં ડોશીને ખાવાનું આપવાને બદલે ઠીકરાના વાસણમાં આપે. પછી એ બાઈનો દીકરો પરણ્યો અને ઘરમાં નાની વહુ આવી. એણે જોયું કે એની સાસુ, ડોશીમાને આમ ઠીકરામાં જમવાનું આપે છે. એણે રોજ એ વાસણો લઈ સાફ કરી ઉપર માળિયામાં મૂકવા માંડયાં.

છએક માસ થયા અને સાસુ એક વાર ઉપલા માળિયામાં નજર નાખે છે, ડોશીનાં વાસણોનો ઢગલો. સાસુએ પુત્રવધૂને પૂછ્યું કે આપણા ઘરમાં તો સુંદર વાસણો છે અને તેં આવાં ઠીકરાનાં વાસણ કેમ ભેગાં કર્યાં ?

વહુનો જવાબ સુંદર હતો; એ વિનય અને અવિનયનો સૂચક હતો. એણે સાસુજીને કહ્યું કે બા, તમે જેમ તમારી સાસુને આવાં ઠોબરાં આપો છો, એમ તમે પણ જ્યારે ઘરડાં થશો ને માંદાં પડશો ત્યારે હું કુંભારને ત્યાં ઠોબરાં ક્યાં શોધવા જાઉં ? એટલે, ત્યારે તમને આપવા માટે આ બધાં અત્યારથી સંઘરી રાખું છું.

વહુના આ શબ્દો સાંભળી સાસુ સમજી ગઈ. આપણે જો બીજાને માન, સન્માન, વિનય ન આપીએ તો એ માગવાનો આપણને શો અધિકાર છે ?

આજે આપણા રાષ્ટ્રમાં સૌ છોકરાંઓની શિસ્તનો વિચાર કરી રહ્યા છે. બધા કહે છે કે કેળવણીમાં ખામી

છે; તેથી આમ બને છે. પણ કઈ ખામી છે એ કોઈ શોધતું નથી. ખરી વાત એ છે કે વિદ્યાર્થીઓમાં વિનય રેડાયો નથી. વિદ્યાર્થીઓના અંતરમાંનો ગુરુ પ્રત્યેનો પ્રેમ આજે પોઢી ગયો છે. ઘરની અંદર જ્યાં માબાપો ગુરુ માટે 'વેદિયો', 'પંતુજી' કે 'માસ્તર' શબ્દ વાપરે ત્યાં દીકરામાં વિનય આવે ક્યાંથી?

એક સમય એવો હતો જ્યારે માબાપો ઘરમાંથી જ આ માન પોતાનાં બાળકોમાં કેળવતાં; આજે એ રહ્યું નથી. જૂના કાળમાં આપણે શીખતા કે માતાને, પિતાને, ગુરુને અને અતિથિને દેવ ગણવા જોઈએ. એ કાળમાં એ ચારેય પ્રત્યે આપણે દેવની દૃષ્ટિએ જોતા હતા, એમને એ મુજબ માન આપતા હતા. અને આજે?

આવા ગુરુઓ પાસેથી મળે તો એકાદ અક્ષર પણ મંત્રરૂપ જતો એમાંથી જીવનનું સુંદર વૃક્ષ ઊગી નીકળતું, પણ આજે વિનય રહ્યો નથી; એટલે સુંદર વૃક્ષ ઊગી નીકળતું નથી અને જીવનને એ શીળી છાયા આપતું નથી.

દુનિયાના બધા ગુણોનું મૂળ આ વિનય છે. જેમ જેમ વિનય ઘુંટાશે તેમ તેમ વિદ્યા જીવનમાં નવો રંગ લાવશે. સફેદ કપડાં ઉપર ગમે તે રંગ જલદી ચડી જાય છે. એમ, જેનું મન વિનયશીલ છે તેના મન ઉપર વિદ્યાનો કોઈ પણ રંગ જલદીથી ચડી શકે છે.

ફલશાળ નામનો એક નાનો છોકરો હતો. પિતાની પાસેથી એ ત્રણ વાતો શીખ્યો: માન આપવું, વિનય રાખવો અને વડીલનું વચન ન ઉથાપવું. એણે પોતાના જીવનની અંદર આ ગુણોને ઉતારવાનું મનમાં નક્કી કર્યું.

એક વાર એ બાપ સાથે તલાટી પાસે ગયો. તલાટીને જોઈ પિતાએ નમન કર્યું. ફૂલશાળને લાગ્યું કે મારા પિતા જેને નમે છે એ મારા પિતા કરતાં પણ મહાન હોવા જોઈએ. એથી એણે પણ જઈને તલાટીને નમન કર્યું અને એમની પાસે રહેવાની ઇચ્છા જણાવી. એ કહે કે મારે પગાર નથી જોઈતો; મને માત્ર સેવાની તક આપો. તલાટી ખુશ થઈ ગયો ને એણે છોકરાને પોતાને ત્યાં રાખ્યો. એમની પાસે રહીને પેલા ત્રણ મંત્રો પ્રમાણે એ જીવવા લાગ્યો.

એમાં એક વાર આ તલાટી રાજ્યના મહામંત્રીને મહેસૂલ ભરવા ગયા. પેલો ફૂલશાળ સાથે હતો. મંત્રીને જોઈ તલાટી એમને નમ્યા. ફૂલશાળને થયું કે તલાટી કરતાં તો આ મંત્રી વધુ મહાન લાગે છે: માટે ચાલને, એમની સેવા માગું? એણે તો જઈને કહ્યું કે મંત્રીજી, મારે આપની પાસે રહી આજ્ઞાંકિત, નમ્ર અને સેવાભાવી થવું છે; માટે મને આપને ત્યાં રાખો. આપની સેવા કરવાની મને તક આપો.

માણસ કરતાંય લોકોને તો માણસનું કામ જ ખરી રીતે વધુ સુંદર લાગે છે ને! જે માણસ કામ ન કરે, સેવા ન કરે અને માત્ર રૂડો-રૂપાળો હોય તો એને કોણ સન્માન આપે! જેઓ દુનિયામાં લોકપ્રિય બન્યા છે, તેમણે દેશ, ગામ માટે કાંઈક કામ કર્યું હોય છે; એથી જ એમનું સ્થાન લોકોનાં હૃદયમાં જાગે છે. ચંદન જેમ ઘસાય છે તેમ તે સુવાસ વધુ આપે છે, તેમ માણસ

બીજાની સેવામાં જો ઘસાઈ જાય તો જ સમાજમાં એની સુવાસ પ્રસરે છે.

આ છોકરો કામને લીધે, વિનયને લીધે, મંત્રીને વહાલો થઈ ગયો. એક વાર મંત્રી રાજા પાસે ગયા ત્યારે એ પણ સાથે ગયો. એના જીવનમાં એક જ ધૂન કે પેલી ત્રણ વાતો જીવનમાં ઉતારવી. મંત્રી સાથે આ ફલશાળ પણ શ્રેણિક રાજા પાસે પહોંચ્યો. મંત્રીએ રાજાને નમન કર્યું, એટલે આ સમજ્યો કે મંત્રી કરતાં આ રાજા મહાન લાગે છે, માટે આ રાજાની સેવા કરવી વધુ ઠીક છે.

માણસ જો ફલશાળની માફક આમ એક જ વાતને વળગે તોય ક્યાં સુધી એ જઈ શકે છે એ જુઓ. વડલાના એક બીજમાંથી જબરદસ્ત વડલો ઊભો થાય છે ને? હજારોને આરામ અને શાંતિ આપે છે. એમ જીવનમાં ગુણરૂપી બીને ભૂમિ, પાણી સારાં મળી જાય તો જ એ ફૂલેફાલે છે.

માટે આપણે પણ નકામી હજાર વાતને વળગવા કરતાં, એક સદ્ગુણને વળગવું જોઈએ. આજે લોકો દરેક વસ્તુ જરા જરા જાણે છે, પણ એકેમાંય પૂર્ણ નહીં; એકે વાતમાં નિષ્ણાત નહીં. 'Jack of all and master of none'માં મજા નથી. મજા તો એક વિષયમાં પૂર્ણતા મેળવવામાં છે; એકના સ્વામી બનવામાં છે; અનેકમા ચંચુપાત કરી જીવન વેડફી ન નાખો. એકાદ વાત, એકાદ સદ્ગુણને પણ એવો કેળવો કે એની સાથે તમારું નામ જોડાઈ જાય. જ્યારે એકમાં આવી ખરી સંપૂર્ણતા કેળવશો ત્યારે તમારો એ સદ્ગુણ, તમારી સાથે એકાકાર બની જશે. અભયકુમારની

બુદ્ધિ, બાહુબલિનું બળ, કૈવલ્યાનું સૌભાગ્ય વગેરે, આજે અઢી હજાર વર્ષ થવા છતાં લોકો ચોપડામાં યાદ કરીને લખે છે. આનું કારણ એ છે કે તેઓ તે તે ગુણોમાં પૂર્ણ હતા, આપણે એને સ્મરીએ છીએ.

આપણે પણ એકને વળગી, એમાં પૂર્ણ બનીને જીવવાનું છે. સદ્ગુણની વ્યાપકતા જીવનમાં કેમ આવે તે માટે પ્રયત્ન કરવાનો છે. દર વર્ષે એકાદ ગુણના પણ જો તમે સ્વામી બનો તો ૨૫-૩૦ વર્ષમાં કેટલા બધા ગુણ આવી જાય! પણ જન્મદિને માણસ આ વાત વિચારે છે જ ક્યાં!

આપણા જીવનનાં આ પાણી વેરવિખેર ન થઈ જાય તે માટે આપણે નીક બનવાનું છે. નીક હશે તો એ દ્વારા ક્યારામાં પાણી પહોંચશે. એવી એક સુંદર નીક બાંધો કે જેથી જીવનનો ક્યારો હર્યોભર્યો અને લીલોછમ બની જાય.

મોટાંઓની સેવા, સન્માન અને હિતકર વચન ન ઉથાપવું — એટલું જ જીવનમાં લઈને બેઠેલો ફૂલશાળ, છેવટે શ્રેણિક પાસે આવ્યો. પછી તો રાજાને એના વગર ચાલે જ નહીં એવું થઈ ગયું. કેવો આજ્ઞાંકિત! કેવો સન્માન આપનારો! કેવો વચન પાળનારો! એનાં વિચાર, વાણી અને વર્તનમાંથી વિનયભાવ જ નીતરતો. કહેવાય છે કે :

"કોયલ કિસકો દેત હૈ, કૌઆ કિસકા લેત?
એક વચનકે કારણે, જગ અપના કર લેત."

કાગડો કોઈનું કાંઈ લઈ લેતો નથી અને કોયલ કોઈને કાંઈ આપી દેતી નથી; છતાં કોયલ એના મુખના

વિનય અને મધુરતાભર્યા શબ્દને કારણે જગતને પોતાનું બનાવી દે છે વિનય અને વર્તનથી આપણે આખા જગતને પ્રેમબંધનમાં બાંધી શકીએ.

એક વાર રાજા શ્રેણિક, ભગવાન મહાવીરને વંદન કરવા ગયા. જઈને એમના ચરણમાં પડ્યા. મહારાજ કરતાંય આ ભગવાન મોટા લાગે છે, એ ફૂલશાળે જોઈ લીધું. અને તે ભગવાન મહાવીર પાસે દોડી ગયો અને ઢાલ તથા તલવાર તેમની પાસે ધરી દીધાં. એણે ભગવાનને જઈને કહ્યું કે મારો નિર્ણય છે, સંકલ્પ છે કે આપની સેવા કરવી. મારો સ્વીકાર કરો. હું મારી આ ઢાલ-તલવાર સાથે આપના રક્ષક તરીકે ઊભો છું.

ભગવાને એને કહ્યું કે આ તારી તલવાર અને ઢાલ કાંઈ ખરે વખતે રક્ષણ નથી કરી શકવાનાં. સાચું રક્ષણ તો દયા ને અહિંસા કરશે. ફૂલશાળમાં વિનય સાથે સન્માનભાવ પણ હતો. વિનય એ બાહ્ય પરિણામ છે; સન્માન એ અંતરનો ભાવ છે; અને આજ્ઞાપાલન એ આગળ વધવાનો, તરવાનો માર્ગ છે. વિનય સાથે આ સન્માનભાવના આવશ્યક છે. વિનય હોય પણ સન્માનની ભાવના ન હોય તો ન ચાલે. જીવનમાં વિનય, સન્માન ને આજ્ઞાપાલન ત્રણેય ગુણો જરૂરી છે. આવા વિનયવાન આત્મા જ મેઘને જોઈને જેમ મોર નાચે એમ, ગુણિયલ માણસોને જોઈ નાચી ઊઠે છે.

ફૂલશાળની વિનય-ભાવનામાં ભગવાન માટે સન્માન મળ્યું, તે અમૃત બની ગયું. ફૂલશાળે એ જ સમયે ભગવાનની આજ્ઞા ઝીલી, ઢાલ-તલવાર મૂકી રજોહરણ લીધું

અને તે મુનિ થઈ ગયો.

ફૂલશાળ આપણને શીખવે છે કે તમારા કરતાં ઉંમરમાં, ગુણમાં, તપમાં, આરાધનામાં, જ્ઞાનમાં જે મહાન હોય તેને સન્માન આપો. તમે જે આપશો તે જ તમને પાછું મળશે. મોટો તો એ કહેવાય કે જે નાનાનુંય સન્માન કરે, નાના માટે પણ જે તુંકારો, તોછડાઈ ન વાપરે.

માણસની ભાષામાંથી એનું અંતર દેખાઈ આવે છે. એક જણ ન દેખતાને માટે 'આંધળો' શબ્દ વાપરે. બીજો એને 'પ્રજ્ઞાચક્ષુ' કહે. વસ્તુ એક છે પણ બીજો શબ્દ કેટલો સુંદર છે! આપણે ભાષાસમિતિની વાતો કરીએ છીએ. ભાષાસમિતિ એટલે શું? શબ્દો પસંદ કરીને બોલવા. ચૂંટીને બોલાયેલો શબ્દ લાયકાત અને યોગ્યતા બતાવશે. માણસ જો સામાન્ય વસ્તુ માટે પણ પસંદગી કરે છે તો જીવનમાં વપરાતા શબ્દો માટે કેમ નહીં કરતો હોય! આ વિચારવા જેવું છે.

ફૂલશાળની કથામાંથી આપણે જોયું કે જે માણસ વિનય દાખવે છે તે આગળ વધી શકે છે. વિનય એ તો મોક્ષનું એક દ્વાર છે. વિનયમાંથી જ્ઞાન, જ્ઞાનમાંથી દર્શન, દર્શનમાંથી ચારિત્ર્ય અને ચારિત્ર્યમાંથી મોક્ષ પ્રાપ્ત થાય છે. મોક્ષનો એ અધિકારી બને છે.

*

[૪૩]

કૃતજ્ઞતા

મનુષ્યનું જીવન, સદ્દગુણોને વિકસાવવાનું એક સુંદર ધામ છે. જેમ માણસને પોતાનું સ્થૂળ જીવન ટકાવવા ખાવા-પીવાની જરૂર છે તેમ, આત્મા અને મનની પુષ્ટિ માટે, આવા સદ્દગુણોની જરૂર છે.

આપણે જોઈ શકીએ તો જીવનનો પ્રત્યેક દિવસ, એ સુંદર પર્વનો દિવસ છે; જીવનની મંગળતાનો દિવસ છે. પણ આ માટે પ્રત્યેક દિવસ પહેલાં તો આરાધનામય બનવો જોઈએ. મન દરરોજ પવિત્ર, નિર્મળ, શાંત રહે તો મળેલી જ્ઞાનની ધારા, દિવસને એક પર્વરૂપ બનાવી શકે.

આપણે સૌએ કૃતઘ્ની નહીં, કૃતજ્ઞી બનવાનું છે. કોઈએ આપણા માટે નાનું પણ કાર્ય કર્યું હોય તો આપણે અનેકગણું કરીને પાછું વાળવું જોઈએ. આનો આદર્શ પાઠ ધરતી આપણને શીખવે છે. એક દાણામાંથી એ અનંતગણું કરીને પાછું આપે છે. જગતમાં માત્ર માણસ જ એક એવો છે જેને આપો એટલે એ ખાઈ જાય છે. જગતમાં જાણે કે આજે એ રીત જ થઈ ગઈ છે કે હું

આખા ગામનું ખાઉં, અને મારું ખાય એનું નખ્ખોદ જાય. કેવી પાશવી વૃત્તિ!

કુદરતે આપણને પાંચ ઇન્દ્રિયો બક્ષી છે. એ પંચભૂતોના આપણે ઋણી છીએ; પણ એના બદલા માટે આપણે એમને માટે કંઈ કરીએ છીએ ખરા? ખરો કૃતજ્ઞી તો એ છે કે જે, સામાએ પોતાની ઉપર શા ઉપકાર કર્યા છે એ ધ્યાનમાં રાખે; અને તેનો બદલો વાળવા ઇંતેજાર રહે છે.

આપણી ઉપર ગુરુનો, માતપિતાનો, આપણને મદદ કરનારનો, સમાજની સહાય મેળવી આગળ લાવ્યા તેમનો, અને પંચમહાભૂતોનો ઉપકાર રહેલો છે.

ગુરુ કોણ? જે પાંચ ઇન્દ્રિયોનું સંવરણ કરતા હોય, નવ પ્રકારના બ્રહ્મચર્યની મર્યાદા જાળવતા હોય, ચાર કષાયોને જીતવા પ્રયત્નશીલ હોય, પાંચ મહાવ્રતોથી શોભતા હોય, પાંચ આચાર પાળવામાં સમર્થ હોય, પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિવાળા હોય — આ છત્રીશ ગુણો જેનામાં મઘમઘતા હોય તે સાચા ગુરુ.

પ્રભુ મહાવીરે ગુરુની આ વ્યાખ્યા એટલા માટે આપી કે સાધક સાચા ગુરુને પામી પોતાનો જન્મ સાર્થક કરી શકે. જે વસ્તુ મૂલ્યવાન હોય તેની બનાવટ અને નકલ જલદી અને ઘણી થાય છે. જેમ હીરા, મોતી અને સોનું કીમતી છે તો એની બનાવટ જલદી થાય છે તેમ ગુરુપદ પણ મૂલ્યવાન છે. આ સ્થાન લેવા પડાપડી થાય જ. સૌ જાણે છે કે સાધુ કે ગુરુ થવા કોઈ વિશ્વવિદ્યાલયની પરીક્ષા આપવી પડતી નથી.

કેટલેક ઠેકાણે તો કપડાં-વેશ અને નામ બદલી એક સ્વાર્થી સાથીને પકડી આસન પર બેસી ગુરુ બની જાય છે. માટે અહીં આપણને સાવધાન કરે છે કે સોનું જેમ કસીને લઈએ તેમ સાધકે ગુરુ કરતાં પહેલાં વિવેકના પ્રકાશમાં ઉપર આપેલ વ્યાખ્યા ધ્યાનમાં રાખી જીવન સમર્પણ કરવું ઘટે.

પ્રથમ ઉપકાર ગુરુનો ગણવામાં આવ્યો છે. કારણ સંસારરૂપી ઘોર અંધારા કૂવામાંથી એ આપણને પ્રકાશ-પૂર્ણ જગતમાં લાવે છે, આપણી ઉપર વાત્સલ્ય વહાવે છે. એનો સ્નેહ અકારણ, નિષ્કામ હોય છે. એ તો કાંઈ માગ્યા વગર આપણને સદુપદેશ આપી અને ચાલ્યા જાય છે. એને બદલાની ઇચ્છા નથી રહેતી.

ગુરુનું જીવન વૃક્ષ જેવું છે, નદી જેવું છે. વૃક્ષ, એને ત્યાં જે આવે તેને છાંયો આપે છે, ફળ આપે છે. સરિતા કોઈને પૂછતી નથી કે તું ક્યાંનો છે, કેવો છે? એ તો કાંઠે આવેલા સર્વને પાણી આપી તૃષા છિપાવે છે. શ્રીમંત કે ગરીબ, સ્ત્રી કે પુરુષ, બ્રાહ્મણ કે હરિજન — બધાં એને મન સમાન હોય છે.

આત્માને શાન્તિ આપવાનું કામ જ્ઞાનીઓનું — ગુરુ-ઓનું છે. માટે ઉ. યશોવિજયજી મહારાજે કહ્યું છે કે જેણે તને સમ્યક્ત્વ આપ્યું, જેણે તને વિષાદના કૂવામાંથી બહાર કાઢચો, એવા તારા ગુરુના ઊંડા ઉપકારનો બદલો તું શી રીતે વાળી શકવાનો છે? ગુરુનો ઉપકાર એવો છે કે અનેક ભવોમાં એ વાળી ન શકાય.

જગતમાં માણસ એકલો આવ્યો છે અને છેવટે તો એણે એકલા જ જવાનું છે. સાથમાં એનાં સત્કાર્યો અને ભલાઈ સિવાય કોઈ આવવાનું નથી. અભણને આ જ્ઞાન આપનાર ગુરુ છે. એ જ્ઞાનના બદલામાં પ્રેમ સિવાય શું આપી શકાય ?

ઘણા પૂછે છે કે મારાથી ક્રોધ, માન, માયા છૂટતાં નથી અને ઉપકારી ગુરુઓ યાદ આવતા નથી. આનો એક ઉપાય એ છે કે ક્રોધ વગેરે ક્યાંથી, શા માટે આવ્યાં એ શોધો અને સદ્દગુણોનું બળ વધારો. ચડતાનાં દષ્ટાંત જુઓ, પડતાનાં નહીં : તો કદાચ વધુ ઝડપે તમે આગળ વધી શકશો.

ગુરુ પાસે પણ દાક્તરના જેવી અત્યંત સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે. એથી તેઓ આપણી અંદરની વાતોને, સ્થિતિને જોઈ શકે છે. એ પ્રાજ્ઞ પુરુષો એ છુપાયેલ તત્ત્વો પ્રત્યે સંકેત કરે છે. હૃદયમાં ક્રોધના કેવા તણખા પડ્યા છે, માનની કેવી ટેકરીઓ ઊભી છે, માયાની કેવી ઝાડીઓ જામી છે, લોભના કેવા ખાડાઓ ખોદાયા છે: આ બધાંને લીધે જ માણસ સત્ય ધર્મનું દર્શન કરી શકતો નથી, અને સદ્દગુણમય બની શકતો નથી. માણસ જ્યારે આમ પોતાને બરાબર જુએ ત્યારે તેને પોતે કેવો છે તેનો ખ્યાલ આવે છે.

જૈન દર્શન એટલે આંતરિક સંશોધનની સંસ્કૃતિનું દર્શન. પણ આજે તો આપણે છીછરી, નાની વાતોમાં પુરાઈ ગયા છીએ. આધ્યાત્મિક આરોહણને બદલે, સંપ્રદાયો અનેક પ્રસિદ્ધિની ક્રિયામાં પડી ગયા છે. આપણો ખરો

માર્ગ એટલે આત્માનો માર્ગ. માટે ભગવાને કહ્યું કે જીવ! તેં બહારનું બધું કર્યું, પણ અંતરને શોધવાનું કામ તેં નથી કર્યું એટલે હેરાન-પરેશાન થઈ રહ્યો છે. હવે આપણે આની પાછળ લાગવાનું છે.

હવે આપણે વીતરાગ સાથે મંદિરમાં વાત કરીએ. પ્રભુ, તમે આવા શાંત અને હું આવો ક્રોધી! તેઓ જ્ઞાનની જ્યોત ને હું આવો અજ્ઞાનપૂર્ણ, કાળો કોલસો! તેમને જગત પૂજે તોય તેઓ નિરભિમાની અને મને કોઈ ન પૂછે તોય હું આટલો અભિમાની! આમ શા માટે? ભગવાન, તમને જો કેવળજ્ઞાન લાધ્યું, તો મને કેમ નહીં? ભગવાનની અને આપણા આત્માની આમ સરખામણી કરતાં અંદરનું તત્ત્વ જાગે, ગુણ પ્રત્યે આદર પ્રગટે અને આ વિશ્વમાં કોઈએ કંઈ પણ સારું આપણા માટે કર્યું હોય તેના પ્રત્યે કૃતજ્ઞતા વિકસે.

*

[૪૪]

ઉપકાર-ચતુષ્ક

માણસ બીજા બધા ગુણોથી શોભતો હોય છતાં જો એનામાં કૃતજ્ઞતાનો ગુણ ન હોય તો બીજા બધા ગુણ ઉપર પાણી ફરી વળે. જેણે આપણું નાનું એવું પણ કાર્ય કર્યું હોય, વિપત્તિમાં સહાય કરી હોય, એને યાદ ન રાખીએ તો આપણામાં રહેલા ગુણ દટાઈ જ જવાના.

સંસારમાં આજે કૃતજ્ઞતાનો ગુણ ઓછો થઈ રહ્યો છે. માણુસ ધર્મનો દેખાવ કરી રહ્યો છે, પણ પોતાના જીવનમાં ક્યારે, કોણે કોણે સહાય કરી હતી એની યાદ રાખતો બંધ થયો છે. જૂના કાળમાં એક માણુસ બીજાના ઉપર ઉપકાર કરતો, તો બીજો માણુસ પોતાનું એ ઋણ ફેડવા માટે ઝંખ્યા કરતો. આજે આ ભાવ છે ખરો?

આપણી ઉપર સંસ્કૃતિ, ગુરુ, ધર્મ, માતાપિતા, સમાજ વગેરે અનેક જણુના ઉપકાર રહેલા છે. જેને કારણે હવે ખરાબ કાર્ય કરતાં આપણને ક્ષોભ થવા લાગ્યો. આપણુને માનવતાનું દર્શન થયું છે. જીવનમાં ક્યારેક પશુતાનું પ્રાબલ્ય જાગે ત્યારે પ્રકાશને લીધે જ 'હું આ

ઠીક કરતો નથી' એમ મનને અંદરથી લાગે છે, અને એ ખોટું કરતાં અટકી જાય છે.

આમ આ ચેતના પ્રબુદ્ધ થતાં માણસને પાપ કરતાં આંચકો લાગે છે. ભૂલથી પણ ભુલ થતાં તરત જ પશ્ચાત્તાપ જાગે છે; જાગૃતિના શબ્દો એવી વેળાએ કાનમાં ગુંજી ઊઠે છે; આને લીધે જ આપણે ઘણી વાર ખરાબ કૃત્ય કરતાં બચી જઈએ છીએ.

માતપિતા પોતાનાં બાળકો માટે કેવી શુભેચ્છા રાખે છે? પેટે પાટા બાંધીને પણ એને ઉછેરે છે. જેઓ પોતાના દીકરા માટે ટાઢ અને તડકો વેઠે છે, પોતાના કરતાંય એ દીકરા માટે વધુ જીવે છે. એ માતાપિતાનો ઉપકાર કેવો અપૂર્વ છે?

ત્રીજો ઉપકાર તે સમાજનો. એના નિમિત્તે તમે આગળ આવ્યા. તમારી આવડત ખરી, પણ તમને આગળ લાવવામાં સમાજની સહાય રહેલી જ છે. બાકી જો તમે તમારા પૈસા માત્ર તમારા જ મોજશોખમાં વાપરો તો સમાજ તમને શા માટે આપે? મૂડીવાદની સામે, આજનો સામ્યવાદ કાંઈ જાતે આવ્યો નથી; આપણે એને લાવ્યા છીએ. પહેલાંના શ્રીમંતો સમાજ માટે અર્પણ કરતા તો સમાજ એમને સન્માન આપી આગળ બેસાડતો. આજે ધનવાન પોતાના મોજશોખમાં પૈસા ખર્ચે છે, તો પછી સમાજને એવા શ્રીમંતોની શી પડી હોય!

જ્યારે આપણે જગતમાં આવ્યા ત્યારે આપણે રડતા હતા અને સગાંઓ હસતાં હતાં. હવે આપણે કરુણા અને પ્રેમમય જીવવું કે આપણે હસતા હસતા

વિદાય લઈએ અને પાછળ ગામ આખું રડે. સારી વ્યક્તિની ગેરહાજરી સહુને સાલે છે; પણ તે એના દેહને માટે નહીં, પણ તેની ઉદારતા, મહાનુભાવતા વગેરે ગુણોને માટે.

આ કૃતજ્ઞતા આપણને ચાર વાત શીખવે છે: કોઈએ આપણી ઉપર ઉપકાર કર્યો હોય તો તે કદી ભૂલવો નહીં; કોઈને માટે તમે ઉપકાર કર્યો હોય તો એને યાદ કરવો નહીં; કોઈએ આપણી ઉપર અપકાર કર્યો હોય તો એને માફી આપવી; અને આપણાથી કોઈનો અપકાર થઈ જાય તો સામાની માફી માગવી.

ધર્મનું બીજ જાગૃતિમાં છે. ઉપકારોની પ્રેમાળ યાદમાં છે.

એક ડોશી હતી. એ જાત્રાએ જવા નીકળી. રસ્તામાં એક કૂતરો એનું ભાતું ખાઈ ગયો. ડોશી ભૂખી થઈ છે, વિચારે છે. ત્યાં એક વણજારો આવ્યો ને ખાવા બેઠો. એણે માજીને પણ ખાવા બોલાવ્યાં. વણજારામાં માનવતા હતી. એણે માજીને બોલાવ્યાં અને બંનેએ સાથે બેસી પ્રીતથી ભોજન કર્યું. છૂટાં પડતાં માજીએ કહ્યું કે આ અન્નનું ઋણ હું ક્યારે ફેડીશ? કારણ, ખાઈને રાજી થવું એમાં મારું ગૌરવ નથી; ગૌરવ તો ખવરાવવામાં છે. પેલો વણજારો કહે કે તમારી સાથે જમવામાં તો મારું અન્ન સફળ થયું; તમે જમીને મારી ઉપર ઉપકાર કર્યો છે.

'હું ફલાણા ગામમાં રહું છું; મારું નામ ગજરા. કામ પડે ને યાદ કરશો તો ઉપકાર થશે.' એમ કહીને ડોશીએ વિદાય લીધી. એ વાતને દસ વરસ થઈ

ગયાં. પણ ડોશી રોજ વિચાર કરે છે કે પેલા વણજારાનો ઉપકાર હું ક્યારે વાળીશ?

એ આવા વિચાર કરી રહી છે; ઉપકારની વાતોમાં જ એનું મન રોકાયેલું છે. આવે કાળે માણસને જીવનના ઊંડાણમાંથી સરસ ચિંતન મળે છે અને સુંદર ભાવના જાગે છે. એ વિચારોમાં જ માણસે આગળ વધવાનું હોય છે.

પણ માણસમાં આ શક્યતા છતાં આજ એ કેવો બની ગયો છે! પરદેશનો કોઈ માણસ કરોડપતિ થાય તો એને દુઃખ નથી, પણ એનો ભાઈ કરોડપતિ થઈ જાય છે તો એને ઈર્ષા જાગે છે. આજે આ દશા છે. આજે જગતમાં ઘણાને ઈર્ષાનો આ ક્ષય (ટી.બી.) લાગુ પડ્યો છે. ઈર્ષા પ્રસરી રહી છે અને એ માણસના લોહીને બાળી રહી છે.

માણસને કીર્તિ અને પ્રશંસા ગમે છે. પણ એ તો પાણી પર લખેલ અક્ષર છે. આત્મસમાધિ માટે કરેલાં ઉજ્જવળ કાર્યો સિવાય અહીં શું રહેવાનું છે? માણસનું જીવન જ પાણીના પરપોટા જેવું છે. કાળબળના પ્રવાહમાં એનું સ્થાન શું?

ઘણાને એવી ભૂખ લાગી છે કે બીજાનું નામ ભૂંસી, હું ત્યાં મારું નામ લખું; કીર્તિ પામું! પણ એ ભૂલી જાય છે કે જેમ તું બીજાનું નામ ભૂંસવા તૈયાર થાય છે એમ, તારા પછી આવનારો, તારું નામ શા માટે નહીં ભૂંસે? સંસારનું આ દર્શન છે! આજે સૌ આમ અભિમાન, ગર્વ, અહંકારમાં મસ્ત છે. પછી વિચાર કોણ કરે?

પછી તો દસ વરસ ચાલ્યાં ગયાં. એક વાર પેલો વણજારો ભટકાઈ ગયો. એ નિર્દોષ હતો. પણ એને આ ગામમાં કોઈ ઓળખે નહીં. રાજાએ પૂછ્યું : 'તમે નિર્દોષ છો એનો પુરાવો શો? તમને કોઈ ઓળખે છે?' વણજારાને પેલી ડોશી યાદ આવી. એણે પોતાનો સ્મૃતિ-ખજાનો તપાસ્યો. ડોશીનું નામ યાદ કર્યું, અને કહ્યું : 'મહારાજ, મારી પાસે જે માલ છે તે મારો જ છે, તે આપ વિશ્વાસથી માનો. હું પરદેશી છું. મારે કોની ઓળખાણ હોય? પણ આ ગામમાં ગજરા નામે એક વૃદ્ધાને હું જાણું છું. પણ એ ક્યાં રહે તે મને ખબર નથી.' રાજાએ તપાસ કરાવી. ડોશી તો વાટ જોઈને બેઠી હતી. એ દોડીને ગઈ; એની જામીન થઈ. નિર્દોષ વણજારાને એણે છોડાવ્યો અને પછી પોતાને ત્યાં માન-પૂર્વક બોલાવી જમાડ્યો. ડોશીએ કહ્યું : 'આજનો દિવસ ધન્ય છે કે મારા ઉપકારીને સત્કારવાની ધન્ય પળ મને મળી છે.'

અન્ન ખાધેલું તો એને ખાતર ડોશી આટલું બધું જોખમ ખેડવા પણ તૈયાર થઈ ગઈ આનું નામ કૃતજ્ઞતા. આજે પણ લોકો કોઈને મુસીબતમાં પડેલો જુએ છે તો ત્યાંથી મોં ફેરવીને ભાગી જાય છે. જીવનની સુધારણા, પ્રગતિ માટે આપણે આ બધી વાતોની આલોચના કરવાની છે.

*

[૪૫]

કૃતજ્ઞતાનો સંદેશો

માણસમાં જેમ જેમ સદ્‌ગુણો જાગે છે તેમ તેમ એની અંદરની શક્તિ વધતી જાય છે. બાળકને ધક્કો લાગે તો પડી જાય છે, પણ યુવાન એનાથી પડી જતો નથી. આમ જ્યારે માણસને જીવનમાં દુર્ગુણોનો ધક્કો વાગે છે ત્યારે સદ્‌ગુણોથી યૌવનકાળમાં આવેલો માણસ પડી જતો નથી. સદ્‌ગુણોની સાથે માણસમાં અંદરથી શક્તિ જાગે છે.

તેલનું એક ટીપું જો પાણીમાં પડે છે તો પાણીની આખી સપાટીને જેમ તેલમય બનાવી દે છે એમ, સદ્‌ગુણોથી ભરેલા મનમાં એકાદ વધુ સદ્‌ગુણ પડે છે ત્યારે તે માનવીના આખા જીવનમાં પ્રસરી જાય છે; કુદરતનો આ નિયમ છે.

સજ્જન માણસો આવા પાણી જેવા હોય છે, તેઓ સદ્‌ગુણને વ્યાપક બનાવે છે; દુર્જન લોકો તપેલા તેલ જેવા હોય છે; એનામાં સદ્‌ગુણ નાખો તોય એને બાળીને ભડકો કરી દે છે.

એક હજામ હતો. તેણે એવી વિદ્યા મેળવેલી કે જેથી એ કોઈ પણ વસ્તુને હવામાં અધ્ધર રાખી શકતો. એક સાધુએ આ વાત જાણી. એણે વિનવણી કરીને હજામ પાસેથી વિદ્યા સાધ્ય કરી, પણ જ્યારે એ સાધુ બીજા પાસે ગયો ત્યારે એણે કહેવા માંડયું કે મેં જાતે જ અપૂર્વ સાધના કરી, હિમાલયમાં જઈ આ શક્તિ મેળવી છે. હજામને ગુરુ ગણાવતાં એને શરમ લાગી. એ આમ જૂઠું બોલ્યો અને પરિણામે આકાશમાં અધ્ધર રહેલી એની તુંબડી એના માથા ઉપર જ પડી અને એનું માથું ફૂટી ગયું.

સદ્ગુણ મેળવ્યા વગરનું મનુષ્યનું જીવન ખાલી છે. કાળચક્રના માપથી જુઓ તો મનુષ્યનું સો વર્ષનું આયુષ્ય, એક પૂરા બિન્દુ સમાન પણ નથી, આવું આપણું કીમતી જીવન, એને દુર્ગુણોની પંચાતમાં કાઢી નાખીએ, એ કેવું દુખદ ગણાય!

સદ્ગુણને અપનાવતાં શીખીએ તો આપણી દૃષ્ટિ પણ સદ્ગુણી બનશે. આટલો કાળ તો આપણે ખરાબ શોધ્યું એટલે મન ખરાબ થયું, હવે બાકી રહેલા થોડા કાળમાં તો સારું શોધીએ. જીવનમાં સંચય કરવા જેવું બીજું કંઈ નથી, માત્ર સદ્ગુણ જ છે. કોઈનો નાનો પણ ઉપકાર ન ભૂલવો એનું નામ કૃતજ્ઞતા.

કૃતજ્ઞી બનવા માટે બીજું કાર્ય તે કે કોઈની ઉપર આપણે કરેલા આપણા ઉપકારને યાદ જ ન કરાવવો. ઉપકારને યાદ કરાવવાથી, કરેલા કાર્યનું મહત્ત્વ મરી જાય છે. એથી તો સામાને હીનતાનો અનુભવ થાય અને આપણા

મનમાં અભિમાન જન્મે છે. ક્રોધ જીતવો સહેલ છે પણ માન પચાવવું મુશ્કેલ છે.

આ જીવનમાં માણુસે કૃતજ્ઞી અને વિશ્વઋણી બનવાનું છે. ચંદન ઘસાઈને સુવાસ આપે છે. પાણી બીજાની તૃષા છિપાવે છે. ઝાડ સર્વને શીતળ છાયા આપે છે. માણુસે પણ કોઈને કંઈ કહ્યા વિના, આવો ઉપકાર કરતાં શીખવાનું છે.

જમણો હાથ દે અને ડાબો હાથ ન જાણે, એનું નામ સાચું દાન. જેમ જમીનની અંદર રહેલું બી, છૂપી રીતે ઊગી નીકળે છે એમ ગુપ્ત રીતે આપેલું દાન જ સાચું ફળદાયી બને છે.

દાન દઈને માણુસે હળવા થવાની જરૂર છે. પૈસો સારા કામમાં ખરચાય ત્યારે હળવાપણું લાગવું જોઈએ. દાનની રકમ દીધા પછી તમારી તિજોરીમાં પડેલા ખાડાને ફરી પૂરવા પાછળ ન પડો. દાનનો જે ખાડો પડે છે તે માનવીની ઉપરનો ભાર ઓછો કરાવવા. એ ભાર ફરી ઊભો ન કરો.

કોઈને કરેલી સહાય એને યાદ કરાવી દીન ન બનાવીએ. માત્ર એટલી જ શ્રદ્ધા કે વાવેલું ક્યારેક જરૂર ઊગી નીકળવાનું છે અને તે પણ જેવી ભાવનાથી વાવ્યું હશે એવી જ ભાવના સાથે.

પારકાનો અપકાર યાદ ન રાખવો તેમ કરેલો ઉપકાર પણ યાદ ન રાખવો. બેઉ વસ્તુ ભૂલવા જેવી છે. ખરો ધર્મ તો એ છે કે અપકારીના અપકારને યાદ કર્યા વગર એની ઉપર ઉપકાર કરવો. આપણે તો ચંદન જેવા

બનવાનું છે. કુહાડી ચંદનના ઝાડને કાપી નાખે છે, છતાં ચંદન તો કપાતાં કપાતાંય એને કાપનાર, કુહાડીના ફળાને – મુખને સુવાસિત કરતું જાય છે.

કૃતજ્ઞી બનવા માટે આ ચારે વાત પુનઃ પુનઃ વિચારવી જરૂરી છે. આપણા પર કોઈએ કરેલા ઉપકારને ભૂલવો નહી, કોઈએ પણ કરેલા અપકારને સંભારવો નહીં. આપણે કરેલો ઉપકાર સંભારી આપવો નહીં અને આપણાથી ભૂલથી પણ થઈ ગયેલા અપકારની સાચા દિલથી ક્ષમા માગવી.

માણસ અને પશુમાં ફેર છે. પશુ પોતાની આસપાસ ગમે એટલાં ભૂખ્યાં પશુઓ બેઠાં હોય પણ એ બધાંનો વિચાર કર્યા વિના એકલું એકલું ઘાસ કે ખોળ ખાઈ શકે. પણ માણુસ એમ નહીં કરી શકે. આસપાસની ભૂખી નજર એને એકલાને ખાવા દેતી નથી. એને વિચાર કરતો તો કરે જ છે. એની માનવતા એના ગળામાં ડૂમો લાવે છે. પોતામાંથી કંઈક આપવું આ વિચાર જન્મે છે પરહિતનિરતામાંથી.

ધર્મીને પ્રકાશ મળ્યો છે. એ જુએ છે: એના એક દિવસના સુખ પાછળ કેટલી અજ્ઞાન વ્યક્તિઓના હાથ અને હૈયાંનો શ્રમ અને પરસેવો પડયો છે. કોઈકે એનાં વસ્ત્રો વણ્યાં છે, તો કોઈકે મકાન બાંધ્યું છે. કોઈકે અનાજ ઉગાડયું છે તો કોઈકે વિદ્યા અને વિજ્ઞાન દ્વારા શોધ કરી અનેક સગવડો એને પૂરી પાડી છે. If I have seen further it is by standing upon the shoulders of giants. આપણે જે કંઈ જાણીએ

છીએ અને જોઈએ છીએ તે અનેક માનવોની સાધનાના પરિણામે છે. માનવહિતના ચિન્તકોએ વિશ્વને ઊંડાણથી જોઈ માણસને શિક્ષણ દ્વારા વિકાસગામી બનાવ્યો છે. અનેક આશીર્વાદથી માણસને સમૃદ્ધ બનાવ્યો છે. પણ અજ્ઞાન અને સ્વાર્થના કારણે આ સિદ્ધિઓ વચ્ચે પણ માણસ દુઃખી અને દ્વેષી છે. પરહિતની ભાવના જાગતાં એને સમજાય છે કે પરોપકારમાં જ સ્વોપકાર છે. બીજાને સુગન્ધ આપવા જતાં એને પણ ખુશબુ મળી જ જાય છે. બીજાને દીવો ધરતાં એને પણ પ્રકાશ મળી જ રહે છે.

પણ જેને આ ગુણોનો કે જ્ઞાનીનો સમાગમ નથી એ તો કામચોર બની જાય છે. બીજાનો કસ વધારેમાં વધારે કેમ કાઢી લેવો, નિચોવી લેવો એ એનું લક્ષ્ય બની જાય છે. એ ભગવાનની પૂજા કરવા જાય તોય કોઈ એના માટે ચંદન ઘસે, કોઈ સળગાવીને અગરબત્તી આપે, ભાડૂતી પૂજારી મંદિરની સ્વચ્છતા કરી રાખે. પૂજાનો લાભ પોતાને જોઈએ અને સેવા અને પૂજા કરવાનો ઘસારો પૂજારીને આપવો. આવા સમાજને કે માણસને પૂજાનો સાચો લાભ ક્યાંથી મળે ? આવો માણસ રાતદિવસ એની સેવા કરનાર નોકરને સૂવા માટે સારી ગોદડી પણ ન આપે અને પોતે ઍરકન્ડિશનમાં સુંવાળા ગાદલા પર સૂએ. આવી સ્વાર્થતા સામે પરહિતનિરતા હોવી જોઈએ. એક વિદ્યાસાગર હતા જેણે ઉનાળામાં મહત્ત્વના કામે નોકરને ન મોકલતાં પોતે જ સાઇકલ પર જઈ કામ કરી આવ્યા. પત્નીએ કહ્યું : 'આવા તડકામાં તમે બહાર ગયા તો આ નોકર શા કામના ?' 'ઘેલી ! એને તો

પગપાળા જવું પડત. હું તો સાઇકલ પર દસ મિનિટમાં જઈ આવ્યો.' નોકરમાંય આત્મા તો આપણા જેવો જ છે ને. પરહિત-ચિન્તન જાગે છે સૌમાં આત્મદર્શન કરવાથી.

*

[૪૬]

પરહિતનિરતઃ

'પરહિતનિરત' એ વીસમો સદ્‌ગુણ છે અને તે અત્યંત ઉપયોગી છે.

પરોપકાર્ કરવામાં જ સ્વઉપકાર માની આનંદ માનો. આત્મભોગ આપી, એનો બદલો મેળવવા ઝંખતા લોકોને સમાજ જ્યારે સત્કારતો નથી ત્યારે એમને સમાજ બેકદર લાગે છે, પણ મા જેમ દીકરાની સેવા કરે છે તેમ માણસે સમાજની માત્ર સેવા જ કરવાની છે.

ધર્મને અને તેના વિજ્ઞાનને જે સમજ્યો છે તે, બને ત્યાં સુધી બીજાની સેવા લેવા ઇચ્છા રાખતો નથી; એ પોતાનું કષ્ટ બીજા ઉપર નાખવા ઇચ્છતો નથી.

માણસ પોતાની જવાબદારી બીજા ઉપર લાદી મુક્ત થવા ઇચ્છે છે. પોતાનું કામ બીજા ઉપર નાખી નીકળી જવું, એ આજના સમાજમાં એક વ્યાપક બનતો માનસિક રોગ છે.

પણ જ્યાં સુધી માણસ પોતે વિશ્લેષણ કરતો નથી ત્યાં સુધી વિજ્ઞાન એને હાથ આવતું નથી. આણુનું

વિશ્લેષણ થાય તો નવી શક્તિ મળે. આજે હવે એ જ પ્રમાણે આપણાં ધર્મ અને કર્મનું વિશ્લેષણ કરવાની જરૂર છે.

આ જગતમાં બીજાનું ઋણ ઓછું લેવું. બધાં વ્યાજ કરતાં કર્મરાજનું વ્યાજ બહુ જબરું છે. આથી ડાહ્યા માણસો, વહેલામાં વહેલી તકે ઋણમુક્ત થવાનો પ્રયાસ કરે છે. એનાથી નવી દૃષ્ટિ મળે છે. મફત કોઈનું નથી લેવું, એ દૃષ્ટિ આપણે રાખવી જોઈએ. કોઈ પાસેથી પડાવીને લીધું હશે તો એ ક્યારેક પણ આપણા હાથમાંથી પડી જ જવાનું છે.

આંકડા ગણવાનું યંત્ર તો આમ જડ છે, પણ આંકડા ગણવામાં એ ભૂલ નથી કરતું; જ્યારે માણસ ભૂલ કરી નાખે છે. કર્મ પણ આવું જડ છે. એ ભૂલ નથી કરતું; યોગ્ય પરિણામ એ આપે જ છે. જડની પદ્ધતિમાં આવી વ્યવસ્થા પણ છે.

સોનું વધતું જાય છે તેમ તેમ એને વધારવાની ભાવના વધે છે; કાયાની તેવડમાં માણસ એનો સમય વેડફી નાખે છે; પોતે સો સગાંનો, વિશાળ સમુદાયનો સગો થાય એ એને ગમે છે; પણ પોતે જન્મકાળે એકલો આવ્યો છે ને મૃત્યુકાળે એકલો જવાનો છે એ વાત જ ભૂલી જાય છે.

માણસને જીવનમાં સૂવા માટે એક ખૂણો, ખાવા માટે મૂઠી અન્ન અને પહેરવા માટે બે જોડી કપડાંની જરૂર છે. આમ છતાં માણસ આજે કપડાં અને અલંકારોનો અને વસ્તુઓનો કેવો સંગ્રહ કરે છે?

સદ્ગુણી માણુસના મનની અંદર આવાં પ્રલોભનો અને માનવતા વચ્ચે યુદ્ધ ચાલે છે; પણુ ત્યારે એ પ્રલો-ભનો ઉપર વિજય મેળવી જીવનને આગળ ધપાવે છે. એટલે આવો પરહિતનિરતઃ માણુસ, આસપાસનાં બધાંનો વિચાર કરે, તેને સુધારે અને સમાજને આગળ લાવવામાં સહાયક થાય.

*

સમષ્ટિની ભક્તિમાં મુક્તિ

જ્યારે માણુસ કૃતજ્ઞી બને છે ત્યારે તે પરહિતમાં મગ્ન બની જાય છે. પછી તો પરહિતનિરતઃનો ગુણ એની પ્રકૃતિરૂપ બની જાય છે. ખાવું, પીવું, સૂવું એ જેમ પ્રકૃતિ ગણાય છે તેમ સદ્ગુણો આપણી પ્રકૃતિ બની જવા જોઈએ. પરહિતમાં નિરત માણુસથી ભલું કર્યાં વગર રહી શકાય નહીં. જો કોઈનું ભલું તેનાથી ન થઈ શકે તો એના મોં પર શૂન્યતા છવાઈ જાય અને એ દિવસ એને નિષ્ફળ લાગે.

જે કાર્ય કરવાથી માણુસને નીચું જોવું પડે એ એણે શા માટે કરવું જોઈએ ?

જીવનમાં જરૂરિયાત ઓછામાં ઓછી રાખીએ તો આવી સ્થિતિ નહીં આવે. જરૂરિયાતો જ માણુસને મુશ્કેલીમાં મૂકી દે છે ને છેવટે માણુસને વસ્તુઓનો ગુલામ બનાવે છે. જરૂરિયાતો ઓછી તો દુઃખ પણ ઓછું આવશે. સ્વતંત્ર માનવી તરીકે જીવીએ. કોઈ માટે

તિરસ્કાર ન રાખીએ અને કોઈની ગુલામી ન સ્વીકારીએ તો મૃત્યુની શય્યા ઉપર પણ પૂરી શાંતિ અનુભવી શકીશું.

મુક્તિ તો ભક્તિની દાસી છે. ભક્તિ કેળવો તો મુક્તિ પાછળ દોડતી આવશે. વ્યક્તિ કરતાં સમષ્ટિના હિત માટે જીવવું એમાં જ જીવનની કૃતજ્ઞતા, સાર્થકતા રહેલી છે.

[૪૮]

લુબ્ધલક્ષ

અંતરનાં તિમિરના થર તોડવા માટે મહાતેજની જરૂર પડે છે. આ તેજની ઝાંખી કરવી એ જ માનવ-જીવનનો મુખ્ય હેતુ છે. આનું નામ લબ્ધલક્ષ. માણસને જીવનમાં અનેક વસ્તુ મેળવવાની અભિલાષા જાગે છે, પણ જીવનનું પૂર્ણ ધ્યેય શું છે તેની એને ખબર નથી હોતી.

જે મહાતેજથી આપણે દૂર આવી પડ્યા છીએ એ વિયોગનું પણ આજ આપણને દુઃખ થતું નથી. આજે સ્થિતિ એવી છે કે જે છોડીને ચાલ્યા જવાનું છે એની પાછળ માણસ મગ્ન બન્યો છે, અને જે સાથે આવવાનું છે એનું લક્ષ એને રહ્યું નથી.

દુનિયા આખીમાં આજે એવું ગાંડપણ ચાલ્યું છે કે માનવી સાધનોને જ સાધ્ય માની બેઠો છે. પરિણામે સાધનો સાધનો નથી રહ્યાં પણ સાધ્ય બની બેઠાં છે. માણસ સવારથી સાંજ સુધી સંગ્રહની પાછળ પડ્યો છે, પણ એ ભૂલી જાય છે કે એ એનું જીવનલક્ષ્ય નથી.

નિરર્થક વાતો પાછળ સમય ખર્ચવાનું એને પોસાય છે પણ જીવનના ઊંડાણુમાં જતાં એને આળસ આવે છે. માણુસનું જીવન આમ અર્થહીન બન્યું છે. જીવવા ખાતર એ જીવી લે છે અને આયુષ્ય પૂરું થવા આવે ત્યારે દાક્તર પાસે દોડે છે. જો આપણું જીવન આવું યંત્રમય ને જડ હોય તો આવું યાંત્રિક જીવન વધારે જીવીને પણ શું લાભ?

લોકો બીજાની નકામી વાતો સાંભળવા પાછળ જિંદગી વિતાવી નાખે છે. એક એક માણુસની એક એક વાત, એક એક મિનિટ પણ સાંભળવામાં સમય ખરચો તો જીવન એમાં જ ખતમ થઈ જવાનું. દુનિયામાં કેટલા અબજ માણુસ છે તે જાણો છો? સૌની વાતો સાંભળશું તો ક્યારે એનો પાર આવશે? તમારું ધર્મી જીવન ક્યારે ગાળશો?

માટે ભગવાન મહાવીરે કહ્યું છે કે બીજાને જાણુવા પહેલાં તું તારા આત્માને ઓળખવા મથ. જો તું તને જાણીશ તો જ તું બીજાને પણ જાણી શકીશ. જે માણુસ માટીને જાણે છે, તે માટીનાં દરેક જાતનાં વાસણોને જાણી શકે છે; જે લોટને જાણે છે તે રોટલીને અને લોટની બીજી વાનગીઓને જાણી શકે છે. દ્રવ્યનાં રૂપ બદલાય છે, નામ બદલાય છે, પણ વસ્તુ તો એની એ જ રહે છે.

જે આજે એકને સમજે છે, એ કાલે વિશ્વને સમજી શકશે; જે પોતાના આત્માને ઓળખે છે તે સર્વના આત્માને ઓળખી શકશે. વિચારશ્રેણી બદલાય છે પણ

સત્ય બદલાતું નથી. આપણે તો માત્ર જૂના અને નવાનો સમન્વય કરવાનો છે. તો જણાશે કે કાળનો પ્રવાહ વહેવા છતાં, મૂળ સત્ય ઝાંખું પડતું નથી, એને કાળનો કાટ ચડી શકતો નથી; કોઈ દિવસ ચડી શક્યો નથી.

જગતની સર્વ ચીજો પરિવર્તનશીલ છે. બહારનાં પડ જુદાં લાગે છે, પણ એની અંદર રહેલો આત્મા તો એનો એ જ છે. આપણે એનું દર્શન કરવું એ આપણું લક્ષ છે.

[૪૯]

ધ્યેયદષ્ટિ

આ ધર્મરૂપી રત્નને મેળવવા માટે આ એકવીસ ગુણ કેળવવાના છે. ધર્મરત્નને પામનાર ધર્મી, ગુણશીલ હોવો જરૂરી છે. યોગ્યતા વગરનો માણુસ પોતાને ધર્મી કહેવડાવે તો એ ધર્મ શબ્દને લજવે છે.

લબ્ધલક્ષ-યોગ્યતાની પરાકાષ્ઠા એટલે ધર્મી આત્મા. લાયકાત હોય તો ધર્મી બની શકાય; પ્રથમ ધર્મી કહેવડાવી, પછી લાયકાત કેળવવી મુશ્કેલ છે. પ્રથમ તો માણુસ આવશ્યક ગુણોથી સંપન્ન હોવો જોઈએ. જે માનવી આગળના વીસ ગુણો સમજી ગયો છે અને એને જીવનમાં આચરે છે એ લબ્ધલક્ષ છે.

માનવજીવનનો હેતુ શો? હેય, જ્ઞેય અને ઉપાદેય; અનુભવ છોડવા લાયક, વિચારવા લાયક અને આચરવા લાયક હોય તેને જાણુવા. ગમતું હોય છતાં જે છોડવા લાયક હોય તે છોડતાં શીખવું જોઈએ. મા સમજે છે કે દીકરીનું સ્થાન એને સાસરે છે એટલે ચાહવા છતાં એને વિદાય આપે છે.

કુટુંબને પોષવા અર્થદંડ કરવો પડે પણ અનર્થનો તો ત્યાગ થાય ને! અર્થદંડ એટલે નીતિની મર્યાદામાં રહી, કુટુંબના પોષણ માટે અર્થપ્રાપ્તિ કરવી તે; જ્યારે અનર્થદંડ એટલે ન્યાયનીતિને બાજુ પર મૂકી, ગમે તેમ કરી પૈસા ભેગા કરવા અને કેવળ અર્થ પાછળ જ જીવનને વિતાવવું તે. આત્માથી ધર્મ અને નીતિનો નાશ થાય એવો વ્યવસાય ન કરાય. એ વાત જ માનવી આજે ભૂલી ગયો છે.

લોકો આજે પૈસા આગળ ભગવાનને પણ નાનો ગણે છે, કારણ એને જીવનનું સાચું લક્ષ્ય નથી. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ – આમાંથી માણસ આજે અર્થ અને કામ પાછળ પડ્યો છે. એમાં એટલો બધો એ રંગાયેલો છે કે ભેગું કરેલું ભોગવવાનોય એને સમય રહેતો નથી; મનુષ્ય ભોગ નથી ભોગવતો, પણ ભોગ મનુષ્યને ભોગવી રહ્યો છે.

દિવસ પછી દિવસ કરતાં, આખું આયુષ્ય ચાલ્યું જાય છે અને છતાં માણુસ એની વર્ષગાંઠ ઉજવવા બેસે છે. એ શું આનંદનો દિવસ છે કે માણુસ મહેફિલ માણે છે! મળેલાં વરસો ચાલ્યાં જાય અને અંતરમાં જેમ ફાળ પડે, એમ આ ખર્ચાઈ જતા આયુષ્ય માટે માણુસને દુઃખ લાગવું જોઈએ.

રૂપિયાનું પડેલું ગાબડું પૂરી શકાય છે, પણ આયુષ્યનું ગાબડું ફરી પૂરી શકાતું નથી. તેલ ખૂટશે એટલે દીવો બુઝાઈ જ જવાનો. અંતિમ પળે દીપ નિર્વાણ પામે છે તેમ, આયુષ્ય પૂરું થતાં માનવીએ ચાલ્યા જવાનું છે.

આયુષ્યનાં ગાબડાં તો પડવાનાં જ, પણ સત્કાર્ય કરતાં પડે તો ગાબડાંય સફળ થઈ જાય છે. જતી જિંદગીને કોઈ અટકાવી શકતું નથી. પણ જે પાણી રણભૂમિમાં ભસ્મ થાય છે એ જ પાણીને ફળદ્રૂપ જમીન ઉપર વાળવામાં આવે તો એ મોલને લીલોછમ કરી દઈ શકે છે. આપણા આયુષ્યનું પણ આવું છે. આપણા મૃત્યુએ લોકો એમ કહેતા થવા જોઈએ કે કામ કરતાં કરતાં એ મર્યો અને એણે મોતને સફળ બનાવ્યું. એ જ માનવજીવનનો ખરો અર્થ છે.

લબ્ધલક્ષ એટલે ધ્યેય તરફ જ દૃષ્ટિ. જીવનમાં આવું લક્ષ જો મજબૂત, નિશ્ચિત ન હોય તો બીજા બધા ગુણો નકામા બને છે, જીવનમાં લબ્ધલક્ષનું આવું ઉત્તમ સ્થાન છે.

*

[૫૦]

ધ્યેયયાત્રા

પચ્ચીસસો વર્ષ પહેલાં શ્રમણ ભગવાન મહાવીર આપણને આ બધું શા માટે આપી ગયા હશે, એનો વિચાર કરો. એમને અંતરે તો એક જ હિત હતું કે માનવજાતનું કલ્યાણ કરવું. આ નિર્મળ ભાવનાથી એમણે આ સર્જન કર્યું. એટલે તમે જોશો કે આપણા સાચા સ્નેહીઓ તો આવા સત્પુરુષો જ છે, જેઓ આપણને સંસારના કીચડમાંથી બહાર કાઢવા મથે છે.

બાળક નાનું હોય અને એ સાચા સર્પને રમકડું માની ઝાલવા માટે હાથ લંબાવે, તો મા એના બાળકનો હાથ પાછો ખેંચી લે છે અને તેમ કરતાં કદાચ અણસમજુ બાળક માને હાથે બચકું ભરી લે તોય મા એને છોડતી નથી. બાળકને ત્યારે તો આકરું લાગે છે પણ એમાં જ એનું હિત છે એ મા જાણે છે.

આ પ્રમાણે, આપણા ગુરુઓ પણ મા જેવા હોય છે. વિષયો રૂપી સર્પ સાથે આપણે જ્યારે રમવા માટે લલચાઈએ છીએ ત્યારે ગુરુઓ આપણને અટકાવે છે.

એ ત્યારે તો આકરા લાગે છે પણ છતાં એ જ આપણા જીવનનું હિત કરનારા છે.

શ્રોતાઓમાં જુદા જુદા વર્ગો હોય છે. કેટલાક કાન્તાસમિત હોય છે. એમને, નાની નાની વાતો કહીને બાળક અને સ્ત્રીની જેમ સમજણ આપવાની હોય છે. બીજા મિત્રસમિત. એમની સાથે દલીલો, તર્ક વગેરેથી ચર્ચા થાય; અને ત્રીજો વર્ગ તે પ્રભુસમિત. આવો માણસ પ્રથમની બે ભૂમિકા ઓળંગી ગયો હોય છે અને તેથી એના દિલમાં પ્રભુઆજ્ઞા માટે શંકા જ જન્મતી નથી; એ તો એ જીવનનો અનુભવ જ કરતો હોય છે.

આ જ્ઞાન એ માત્ર ચર્ચાનો વિષય નથી; એ તો આચરણની વાત છે. એટલા માટે જ્ઞાનીઓએ કહ્યું કે ગળપણ વિશે સો ગ્રંથો વાંચવા કરતાં, સાકરનો એક ગાંગડો મોંમાં નાખી અનુભવ કરશો તો એમાં વધુ જ્ઞાન અને આનંદ મળશે.

આપણે એ સમજવાનું છે કે કાયા કૃશ હશે તો ચાલી શકશે પણ આત્માને કૃશ કરીશું તો નહીં ચાલે. તેજસ્વી પુરુષોની કાયા કેટલીક વાર કૃશ હોય છે પણ અંદરનો એમનો આત્મા ઝગમગતો હોય છે.

આજ સુધી આપણે કાયાને પુષ્ટ કરવામાં જીવતર વિતાવ્યું છે; હવે આત્માને પુષ્ટ કરવામાં વિતાવીએ.

એક વખત એક માણસને બે કુંભ આપવામાં આવ્યા. ડાબા હાથમાં સંપત્તિનો કુંભ અને જમણા હાથમાં શાંતિનો કુંભ મૂક્યો. એને આજ્ઞા આપવામાં આવેલી કે જગતમાં

તું સંપત્તિ વહેંચજે અને શાન્તિને જાળવજે; તો તું પૂર્ણ સુખી થઈશ.

કુંભ લઈને એ માણસ રસ્તે ચાલ્યો જાય છે ત્યાં એને પગમાં કાંટો વાગ્યો. કાંટો કાઢવા માટે એણે હાથમાંના બંને કુંભ નીચે મૂક્યા. પણ ડાબા-જમણી બદલાઈ ગયા. એ લક્ષ્ય ચૂક્યો. હવે એ બે કુંભ લઈને સંસારમાં ગયો અને સમજણ વગર શાંતિ વેચવા માંડી અને સંપત્તિ જાળવવા માંડી. બસ ત્યારથી આખો માનવસમાજ ભુલ-ભુલામણીમાં પડ્યો છે. શાન્તિ વેચીને એ આજે સંપત્તિ મેળવવા ફાંફાં મારી રહ્યો છે.

આ ભુલભુલામણીમાંથી બહાર નીકળવા માટે આપણા જીવનમાં લક્ષ્યબિંદુ છે. સંપત્તિ વહેંચવી અને શાન્તિ ખરીદીને જીવનને સમૃદ્ધ બનાવવું.

[૫૧]

લક્ષ્યબિંદુ

જીવનનાં દરેક કાર્ય લબ્ધલક્ષવાળો માણસ લક્ષ રાખીને જ કરે, વ્યવસ્થિત ને વિચારણાપૂર્વક જ કરે. વહાણ જ્યારે એનું લંગર ઉઠાવે છે ત્યાર પહેલાં એનું પહોંચવાનું બંદર નક્કી થઈ ગયું હોય છે.

જીવનના કોઈ પણ ક્ષેત્ર માટે લક્ષ્ય નક્કી કરવું જરૂરી છે. આ પ્રમાણે, આપણે શા માટે જન્મ્યા છીએ, શા માટે જીવવું છે, એનો વિચાર કરવો જોઈએ. જેના જીવનમાં લક્ષ્ય નથી તેની દશા, લક્ષ્ય વગરના નાવિક જેવી થાય છે. એવાને કોઈ કિનારો, કોઈ બંદર હાથ આવવાનું નથી.

મુંબઈમાં બહારગામથી કોઈ આવી ચડે અને રસ્તે ચાલ્યો જતો હોય, એને તમે પૂછો કે ક્યાં ચાલ્યા? તો કહેશે: 'ખબર નથી.' 'ક્યાંથી આવ્યા?' તો કહેશે: 'ખબર નથી.' 'ક્યાં જવું છે?' તો કહેશે: 'ખબર નથી.' આવાને તમે ડાહ્યો કહો ખરા?

આપણી બધાની દશા પણ આવી જ નથી? બધા ઉતાવળમાં જીવે છે; કોઈને સમય નથી, બધા ધમાલમાં

પ્રવૃત્ત છે; કામના ભારથી લદાયેલા છે. એ બધાને પૂછીએ કે આ બધું શા માટે કરો છો? જીવનનો હેતુ શો? શા માટે જીવવા માગો છો? ક્યાં પહોંચવું છે? ક્યાંથી આવ્યા છો? તેની કોઈને કલ્પના નથી. આજે માનવીની આ દશા છે.

માટે જ્ઞાનીઓ આપણને જણાવે છે કે શાંત પળોમાં આનો વિચાર કરો. આપણે મકાન ચણવા, ઘર લેવા, વસ્તુ કરાવવા બધો વિચાર કરીએ છીએ પણ જીવન શા માટે છે, એક એનો જ વિચાર કરતા નથી. જગત છોડીને જવાની વાત કોઈને ગમતી નથી. એવી વાત અપશુકનિયાળ લાગે છે.

પણ આપણે ભૂલી જઈએ છીએ કે એ બન્યા વગર રહેવાનું નથી; એક દિવસ ગયા વગર છૂટકો નથી. આપણને એ ન ગમે તોય, ક્યાં સુધી મૃત્યુને આપણે ઠેલી શકવાના છીએ? દૂર રાખી શકવાના છીએ? અંતે એક વાર એ સામેસામ આવીને ઊભું રહેવાનું જ છે. માટે કાં તૈયાર ન રહેવું?

શિકારી પાછળ હોય ત્યારે સસલું જોરથી નાસી જવા દોડે છે, પણ પછી થાકી જાય છે ત્યારે આંખ બંધ કરીને રસ્તામાં બેસી જાય છે. એ એમ માને છે કે મારી આંખો બંધ છે તેથી હું કાંઈ જોઈ નથી શકતું. એમ શિકારીનેય કાંઈ નહીં દેખાતું હોય. પણ આ એની મૂર્ખતા છે.

માણસજાતની પાછળ પણ આવો કાળનો શિકારી આવી રહ્યો છે અને છતાં મરણનો વિચાર જ આપણે

નથી કરતા; નથી કરવા માગતા. ઘણા મર્યાં અને ઘણાને વળાવ્યા છતાં આપણને હજી અમર જીવનનું જ્ઞાન થતું નથી.

માટે ઉપા. વિનયવિજયજી મહારાજે કહ્યું કે જેની સાથે આપણે બાળગોઠિયા થઈને રમેલા, એ ગયા; જેને મુરબ્બી ગણી માથું નમાવતા, તે ગયા; જેની સંગે પ્રીત લાગેલી, જેની પાસે બેસી પ્રેમભીની વાતો કરતા, જે પ્રેમ અનંત યુગ સુધી ચાલશે એમ માની પ્રેમગોષ્ઠિમાં મગ્ન હતા, એ સ્વજનોય ભસ્મીભૂત થઈ રાખની ઢગલી બની ગયા અને છતાં, આપણને આપણા માટેનો વિચાર નથી આવતો. આ કેવો પ્રમાદ!

એટલી જાગૃતિ રહે કે એક દિવસ જવાનું છે. દડામાં ભરેલો પવન નીકળી જતાં જેમ સંકોચાઈ જાય છે તેમ, આત્મા નીકળી જતાં આ દેહ એમ જ ખાલી થઈને પડી રહેવાનો છે. ચેતન જશે, એટલે ચોવીસ કલાકમાં એ દેહ દુર્ગંધ મારતો થઈ જશે. જે દેહને આખી જિંદગી પંપાળ્યો છે એને પળવારમાં બાળી દેવામાં આવશે. બધી જ અનિશ્ચિતતામાં મૃત્યુ જ એક નિશ્ચિત છે માટે, લક્ષ્યબિંદુ આવશ્યક બને છે.

પર્વતમાંથી નીકળતી નદીને પોતાનું લક્ષ્ય નક્કી છે. આથી વચ્ચેના ખડકો, પથ્થરો, જંગલ-ઝાડીમાંથી રસ્તો કરીને એ સાગર તરફ ધસતી જાય છે; ક્યાંય અટકતી નથી. ગમે ત્યાંથી એ એનો માર્ગ કરી લે છે ને આગળ વધે છે. આમ, જે માણસ શરૂઆતથી જીવનનું લક્ષ્ય નક્કી કરે છે એ જીવનમાં પ્રવૃત્તિ કરે છે છતાં, વચ્ચે ક્યાંય બંધાતો નથી, અટકતો નથી, પ્રગતિ કર્યે જાય છે.

બિલાડી એક વાર એના બચ્ચાને મોંમાં લે છે અને બીજી વાર ઉંદરને મોંમાં લે છે. બિલાડી તો એકની એક હોય છે, છતાં બેઉને પકડવામાં ફેર છે. આનું કારણ એ છે કે બેઉની પાછળ દૃષ્ટિબિન્દુ જુદું જુદું છે. પક્કડ જુદી છે. એકમાં રક્ષણનો ભાવ છે, બીજામાં ભક્ષણનો ભાવ છે.

આ પ્રમાણે માણસ જ્યારે સંસારમાં પોતાનું લક્ષ્ય નક્કી કરે છે ત્યારે એ બધાં કર્મ કરતો રહે છે છતાં એમાં એના દાંત ક્યાંય બેસતા નથી, ખૂંચતા નથી. માટે દરેક પ્રવૃત્તિ કરતાં વિચારવું કે લક્ષ્ય તો બરાબર છે ને? આમ વિચારનારો માણસ, પાપ કરતાં અટકી જાય છે. એ અસત્ય કરતો નથી, અનાચાર કરતો નથી.

માણસે આ દૃષ્ટિ કેળવવાની છે અને સમય આવ્યે, અવસર આવ્યે સર્વ છોડવા માટેની તૈયારી રાખવાની છે. જ્ઞાનીઓ જીવનમાં આ લક્ષ્યબિંદુ કદી ભૂલતા નથી અને તેથી અલિપ્ત રહી શકે છે.

સાકર અને મધ બેઉમાં ગળપણ છે, પણ સાકર ઉપર બેઠેલી માખી, ગળપણ ચૂસીને ઇચ્છા હોય ત્યારે ઊડી જઈ શકે છે, જ્યારે મધની માખી મધની અંદર જ એની પાંખો ખૂંપી જતાં ચોંટી જાય છે. માણસનું જીવન મધમાખી જેવું થઈ રહ્યું છે. વસ્તુમાત્રમાં એ ખૂંપતો જાય છે.

એટલે જીવનમાં લક્ષ્ય અત્યંત જરૂરી છે. એ નક્કી થશે ત્યારે સંસારમાં રહેવા છતાં, સંસારની વસ્તુઓ એને બાંધી શકશે નહીં.

આ માટે અરૂપી આત્માનું અરૂપી સ્વરૂપ સમજવાની જરૂર છે. આ સ્વરૂપજ્ઞાનથી એનો સંસ્કાર પણ જલદી

કપાઈ જાય. આ બહુ જ આવશ્યક છે. અંગ્રેજીમાં કહેવત છે કે No man can hit the mark, if his eye moves from it. જે નિશાનબાજની આંખ નિશાન ઉપર ન હોય, ત્યાંથી એ સરકી જાય તો એ કદી નિશાનને વીંધી શકે નહીં. આપણે જીવનમાં આ નિશાન પર નજર સ્થિર કરવાની છે. તો પ્રવૃત્તિમાં રહેવા છતાં આપણે આગળ વધી શકીશું. ક્રોધ, માન, લોભ બધાંને પલટતા જઈશું, એમાંથી મુક્ત થઈ શકીશું.

સાધુ પણ જો લક્ષ્ય ચૂકે તો સાધુ જેવો સાધુ પણ નીચે ઊતરી જાય. ઘણી વાર તો સંસારી લોકો કરતાં સાધુની સામે વધારે પ્રલોભનો આવે છે. મુંબઈમાં લોકોને નાની ઓલીય મળતી નથી; સાધુને ત્રણ માળ મળે છે! તમે સાદી રસોઈ જમો છો; સાધુને મિષ્ટાન્ન મળે છે! તમે કદાચ ફાટેલાં કપડાંથી ચલાવતા હશો; સાધુને કદી ફાટેલું પહેરવા મળતું નથી! આમ સાધુ પણ જો લક્ષ્ય ભૂલે તો એ પણ અહીં બેઠો કાપડ, વસ્તુ, મકાન અને બીજા સંગ્રહમાં ચોંટી જાય.

એટલે સાધુ કે સંસારી બેઉને આવશ્યક છે તે જીવનનું લક્ષ્યબિંદુ. એક વાર આ નક્કી થશે એટલે લાગશે કે કરવાનું ઘણું છે અને સમય ઓછો છે. પછી જીવનની એક પળ પણ પ્રમાદમાં નહીં જાય.

ઘણા લોકો કહે છે કે પ્રયત્ન છતાંય ક્રોધ આવી જાય છે; જતો નથી, શું કરવું? હું એમને પૂછું છું કે તમારી દુકાને બેઠા હો, કોઈ ઘરાક આવે અને હજાર બે હજારનો નફો કરાવે તેમ હોય, તો તમે એની સાથે કેમ

વર્તો છો ? એ કદાચ તમને 'તમે જુઠું બોલો છો' કહે તોય, તમે કેવા ગળી જાઓ છો ? કારણ ત્યાં તમારે સ્વાર્થનું લક્ષ્ય છે કે એનું ખીસું ખાલી કરાવી, તમારો લાભ તમારે લેવો છે.

પણ આવું લક્ષ આપણને આત્મા માટે રહે છે ખરું ? જો આત્મા વિશે આમ વિચારીએ તો સંયમ સ્વાભાવિક બની જાય. પછી જીવનમાં નવો વેગ આવે. લક્ષ્યબિંદુ વગર ગુણો દંભ બની જાય છે. લક્ષ્યબિંદુ હોય તો જ માણસ શિખર પર ચડી શકે છે, પછી નીતિ વગેરે જીવન-માં એવાં વણાઈ જાય છે કે એના વગર આપણે જીવી શકીએ જ નહીં.

લક્ષ્ય નક્કી થતાં, ગુણો માણસને આગળ લઈ જાય છે. પછી ક્યાં જવાનું છે એનો જવાબ તમારો આત્મા જ એને આપે છે.

શું બનવું છે, એનો પ્રથમ વિચાર કરો. આ મનુષ્ય-જન્મ બહુ કીમતી છે પણ એનાથી તમે પશુય બની શકો; સ્વર્ગમાંય જઈ શકો અને નરકમાં પણ જઈ શકો. બેઉ દ્વાર માણસ માટે ખુલ્લાં છે. તમારે શું કરવું છે ?

આપણી પાસે મૂળ પ્રશ્ન છે : 'હે આત્મા—વણજારા ! તું કયું નગર શોધીશ ?' નરભવનગર સોહામણું છે; મુંબઈ નગરી જેવું, એમાં પડવાનીય તક છે; રળવાનીય તક છે. માટે જ્ઞાનીઓ કહે છે કે આત્માને લાયક કામ કર.

આપણી સામે ત્રણ પ્રશ્નો છે : 'તું ક્યાંથી આવ્યો છે ?' 'શું સાથે લાવ્યો છે ?' 'તું ક્યાં જવાનો છે ?' આ

પ્રશ્નો આપણા આત્માને, અંતરને પૂછીએ. એના પર વિચાર કરીએ તો ધીરે ધીરે આપણું ધ્યેય સ્પષ્ટ થાય. મોક્ષ એ આપણું લક્ષ્ય છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર્ય એ એનાં સાધનો છે. એ સાધનો મેળવવા માટે આપણે લાયક બનવાનું છે. એ લાયકાત આ એકવીસ ગુણથી પ્રાપ્ત થાય છે. માટે આપણે આપણા જીવનમાં આ ગુણોને કેળવી, પ્રકાશ પ્રગટ કરી સ્વમાં મુક્તિ માણીએ, એ જ મંગલ ભાવના.